પ્રેમોપહાર.

શ્રીમાન્ ____________________

____

____

ભાવનગર—ધી આનંદ પ્રી. પ્રેસમાં શાહ ગુલાબચંદ
લલ્લુભાઇએ છાપ્યું.

આભાર.

પાટણ નિવાસી શ્રીમાન્ શેઠ શ્રીપુનમચંદ કરમચંદ કોટાવાળા કે જેઓએ આ વખતે શ્રી શત્રુંજય તિર્થની 'નવાણું યાત્રા' કરી અપૂર્વ લાભ લીધો છે, તેની યાદગિરિ નિમિત્તે આ પુસ્તકની પ્રથમથી ૨૫૦) નકલ લઈને મારા કાર્યને સહાનુભુતિ આપી છે તે માટે તેઓશ્રીનો આભારી છું. એજ—

લી૦

પ્રકાશક.

શ્રી

પાટણ નિવાસી—

શ્રીમાન શેઠ પુનમચંદ કરમચંદ કોટાવાળાનું

જીવન ચરિત્ર.

—:⊙:—

વિક્રમ સંવત ૧૯ [illegible] સુદિ ૧૧ ના દિવસે [illegible]
[illegible] જન્મ થયો. જન્મ સ્થલ પાટણ કે જે દિવસે આપના
[illegible] ચંદનબાળાનો [illegible] સ્થાન છે. આપની અપરમાતા [illegible]
[illegible] તેમથી ઉછરી મોટા થયા
[illegible] આગળથી ધાર્મિક તે
[illegible] માં પણ પંચપ્રતિક્રમણ,
[illegible] ઉપરાંત નવતત્ત્વ, આગમસાર,
[illegible] સ્તોત્રોનો અભ્યાસ કરતા ઉપ-
[illegible] આત્માનું સારૂં જ્ઞાન મેળવ્યું
[illegible] જ્ઞાન હોવાથી પોતાના ધર્મગો-
[illegible] અપૂર્વ આનંદ લેતા હતા.
[illegible] લાભ આપશ્રી લેતા હતા.

સંવત ૧૯૩૯ ના વૈશાખ માસમાં શેઠ નાગરદાસ ગુલાબચંદ-નાં પુત્ર ઉજમલાલની પુત્રી સૌ૦ સમરતબાઈ સાથે

લગ્ન

નાનીવયમાં આપનું લગ્ન થયું હતું. સંવત ૧૯૪૬ માં આપને ત્યાં મોતીબાઈ નામે પુત્રીનો જન્મ થયો. જેમનાં લગ્ન બાબુ સાહેબ પનાલાલજી પુનમચંદજીના પુત્ર મોહનલાલજી સાથે ઘણી ધામધુમથી થયાં હતાં. જેમાં ધાર્મીક ક્રિયા તરીકે, શાંતીસ્નાત્ર, જળયાત્રાનો વરઘોડો, નવકારશી અને કેળવણી સંબંધી મેલાવડાઓ વિગેરે કરી મોટાં ઇનામો વહેંચવામાં આવ્યાં હતાં. આવી ધાર્મીક સાર્વજનીક પ્રવૃત્તિઓ લગ્ન પ્રસંગે ખરેખર આદરણીય ગણી શકાય જે આપે આદરી હતી. શ્રીમતી મોતીબાઇ સ્વભાવે શાંત, સુશીલ અને ગંભીર છે.

શેઠજીની વય ૩૦ વર્ષની થતાં પુત્ર પ્રાપ્તિ ન થવાથી શેઠજીના માતુશ્રીએ બીજું લગ્ન કરવાનો આગ્રહ કરવાથી સં. ૧૯૬૧ માં શેઠ ભીખાભાઇ મહોકમચંદને ત્યાં તેમની પુત્રી **મોતીબાઈ** સાથે લગ્ન થયાં. સં૦ ૧૯૬૪ ના અરસામાં બે પુત્રની પ્રાપ્તી થઇ; પરંતુ કર્મ વશાત્ બંને બાળકો થોડાજ માસમાં સ્વર્ગસ્થ થયાં. મોતીબાઇ પણ સં. ૧૯૬૫માં સ્વર્ગસ્થ થયાં.

સં. ૧૯૬૫ના વૈશાખ શુદી ૫ પાટણમાં શેઠ લહેરચંદ દેવ-ચંદના પુત્રી શ્રીમતી **હીરાલક્ષ્મી** સાથે ત્રાજવારનું લગ્ન થયું. જેઓ સરળસ્વભાવી, શાંત, સુશીલ, વિનયી અને કાર્યકુશળ હોઇને ધાર્મીક અને નૈતિક અભ્યાસમાં સમયનો સદુપયોગ કરે છે. જેઓ એક આદર્શ સન્નારી છે.

શેઠશ્રી નાનપણથી જ વ્યાપારમાં તીવ્રબુદ્ધિવાળા હોવાથી અનેક

વ્યાપાર

પ્રકારના વ્યાપારોની ખીલવણી કરતા હતા. હાલમાં અફીમનો, શેરોનો મોટો વેપાર બેંકીંગ, અનાજ કાપડ વીગેરે ઘણી જાતના વ્યાપારોથી દ્રવ્યસંપાદન કરી તેનો સદ્વ્યય કરવા ઉપરાંત, અનેક મનુષ્યોને નિભાવે છે.

શેઠ કરમચંદજી ના હાથે થયેલાં ધાર્મિક કાર્યો

તેમનાં માતુશ્રી બાઇ સૌભાગ્ય તેમજ શેઠશ્રી કરમચંદજીના હાથે શ્રી શત્રુંજય ગરિરાજ ઉપર શ્રી આદીશ્વર ભગવાનની ટુંકમાં જગતશેઠના દેરાસરની જોડે એક ભવ્ય શીખરબંધી મંદિર બંધાવી શ્રીપાર્શ્વનાથ સ્વામીની સ્થાપના કરી હતી. જેમાં લગભગ ૪૦૦૦૦ હજારનો ખર્ચ કર્યો હતો, વળી તેઓશ્રીના હાથે સાત સંઘો નીકળ્યા હતા. તેમાં શ્રી સિદ્ધાચળ તિર્થનો છરી પાળનો સંઘ, શ્રીતારંગાજી, કુંભારીયાજી, અમદાવાદ, ગિરનાર, સોરઠ, પંચતિર્થી વિગેરે, છેવટ સં. ૧૯૪૫ માં શ્રીકેશરીયાજી મારવાડ પંચતિર્થીનો મોટો સંઘ કાઢયો હતો જેમાં લગભગ ૧૫૦૦ માણસ ૧૫૦ ગાડાં અને ૧૫૦ સાધુ સાધ્વીનાં ઠાણાં હતાં ચાર મહીને આ યાત્રા પુરી થઇ હતી. આ સંઘોમાં રૂ. ૧૦૦૦૦૦ એકલાખ લગભગ નાદર રકમ ખરચાઇ હતી. તે ઉપરાંત તેમના હાથે ઉજમણાં નવકારશી, અઠાઇમહોત્સવ અને કેટલામાં અંજનશલાકા વીગેરે ધાર્મીક કાર્યો ઘણાં થયાં હતાં. લગભગ ૮૦ નવકારશી ૪ ઉજમણાં વીગેરેમા આશરે રૂ. ૧૦૦૦૦૦ એક લાખ ખરચાયા હતા.

શેઠજી હસ્તક થયેલા ધાર્મિક કાર્યો

પૂજ્ય પિતાશ્રીની સાથે નાની ઉમરથી જ ધાર્મીક કાર્યોમાં જેઓએ અનેક કાર્યો કર્યા, જે અત્યારે જગતના ચોકમા કીર્તિ-સ્તંભરૂપે ઝળહળી રહ્યા છે. જેનો લાભ દરેક જૈન બંધુઓ લઇ રહ્યા છે.

સંવત ૧૯૩૯ ના વૈશાખ માસમાં શેઠ નાગરદાસ ગુલાબચંદ
નાં પુત્ર ઉજમલાલની પુત્રી સૌ૦ સમરતબાઈ સાથે
લગ્ન
નાનીવયમાં આપનું લગ્ન થયું હતું. સંવત ૧૯૪
માં આપને ત્યાં મોતીબાઈ નામે પુત્રીનો જન્મ
થયો. જેમનાં લગ્ન બાબુ સાહેબ પનાલાલજી પુનમચંદજીના પુત્ર
મોહનલાલજી સાથે ઘણી ધામધુમથી થયાં હતાં. જેમાં ધાર્મિક ક્રિયા
તરીકે, શાંતીસ્નાત્ર, જળયાત્રાનો વરઘોડો, નવકારશી અને કેળવણી
સંબંધી મેલાવડાઓ વિગેરે કરી મોટાં ઇનામો વહેંચવામાં આવ્યાં
હતાં. આવી ધાર્મિક સાર્વજનીક પ્રવૃત્તિઓ લગ્ન પ્રસંગે ખરેખર
આદરણીય ગણી શકાય જે આપે આદરી હતી. શ્રીમતી મોતીબાઇ
સ્વભાવે શાંત, સુશીલ અને ગંભીર છે.

શેઠજીની વય ૩૦ વર્ષની થતાં પુત્ર પ્રાપ્તિ ન થવાથી શેઠજીના
માતુશ્રીએ બીજું લગ્ન કરવાનો આગ્રહ કરવાથી સં. ૧૯૬૧ માં
શેઠ ભીખાભાઇ મહોકમચંદને ત્યાં તેમની પુત્રી **મોતીબાઈ** સાથે લગ્ન
થયાં. સં૦ ૧૯૬૪ ના અરસામાં બે પુત્રની પ્રાપ્તી થઇ; પરંતુ કર્મ
વશાત્ બંને બાળકો થોડાજ માસમાં સ્વર્ગસ્થ થયાં. મોતીબાઇ પણ
સં. ૧૯૬૫માં સ્વર્ગસ્થ થયાં.

સં. ૧૯૬૫ના વૈશાખ શુદી ૫ પાટણમાં શેઠ લહેરચંદ દેવ-
ચંદના પુત્રી શ્રીમતી **હીરાલક્ષ્મી** સાથે ત્રીજીવારનું લગ્ન થયું. જેઓ
સરળસ્વભાવી, શાંત, સુશીલ, વિનયી અને કાર્યકુશળ હોઇને ધાર્મિક
અને નૈતિક અભ્યાસમાં સમયનો સદુપયોગ કરે છે. જેઓ એક
આદર્શ સન્નારી છે.

શેઠશ્રી નાનપણથી જ વ્યાપારમાં તીવ્રબુદ્ધિવાળા હોવાથી અનેક

પ્રકારના વ્યાપારોની ખીલવણી કરતા હતા; કાશ-
માં ખરીમનો, શેરોનો મોટો વેપાર બેકીંગ, અનાજ
વ્યાપાર — કાપડ વીગેરે ઘણી જાતના વ્યાપારોથી દ્રવ્યસંપા-
દન કરી તેનો સદ્વ્યય કરવા ઉપરાંત, અનેક મનુષ્યોને નિભાવે છે.

તેમનાં માતુશ્રી બાઇ સૌભાગ્ય તેમજ શેઠશ્રી કરમચંદજીના
હાથે શ્રી શત્રુંજય ગિરિરાજ ઉપર શ્રી આદીશ્વર
શેઠ કરમચંદજી — ભગવાનની ટુંકમાં જગતશેઠના દેરાસરની જોડે
ના હાથે થયેલાં — એક ભવ્ય આરસપી મંદિર બંધાવી શ્રીપાર્શ્વ-
ધાર્મિક કાર્યો — નાથ સ્વામીની સ્થાપના કરી હતી. જેમાં લગભગ
૪૦૦૦૦ હજારનો ખર્ચ કર્યો હતો, વળી તેઓ-
શ્રીના હાથે સાત સંઘો નીકળ્યા હતા. તેમાં શ્રી સિદ્ધાચળ તિર્થનો
છરી પાળતો સંઘ, શ્રીતારંગાજી, કુંભારીયાજી, અમદાવાદ, ગિરનાર,
શ્રીકેશરીયાજી મારવાડ
સોરઠ, પંચતિર્થી વિગેરે, છેવટ સં. ૧૯૪૫ માં શ્રીકેશરીયાજી મારવાડ
પંચતિર્થીનો મોટો સંઘ કાઢ્યો હતો જેમાં લગભગ ૧૫૦૦ માણસ
૧૫૦ ગાડાં અને ૧૫૦ સાધુ સાધ્વીનાં ઠાણાં હતાં ચાર મહીને આ
યાત્રા પુરી થઇ હતી. આ સંઘોમાં રૂા. ૧૦૦૦૦૦ એકલાખ લગભગ
નાદર રકમ ખરચાઇ હતી. તે ઉપરાંત તેમના હાથે ઉજમણાં નવકા-
રશી, અઠ્ઠાઇમહોત્સવ અને કોરામાં અંજનશલાકા વીગેરે ધાર્મિક
કાર્યો થયાં હતાં. લગભગ ૮૦ નવકારશી ૪ ઉજમણાં વીગેરે
આ બાબતમાં રૂા. ૧૦૦૦૦૦ એક લાખ ખરચાયા હતા.

પૂજ્ય પિતાશ્રીની સાથે નાની ઉમરથી જ ધાર્મિક
શેઠજી હસ્તક — કાર્યોમાં કેટલાક એક કાર્યો કર્યાં, જે અત્ય
થયેલાં ધાર્મિક — જીવનના આ કામાં કીર્તિ-સ્તંભો જાગતા રહ્યાં
કાર્યો — તેના લાભ દરેક જૈન બંધુઓ લઇ રહ્યા

પાટણ અને પાલીતાણાની ધર્મશાળાઓ તથા સં. ૧૯૫૬ માં અન્નગૃહ

૧ પાટણમાં શ્રી સ્થંભનપાર્શ્વનાથ સ્વામીની ધર્મશાળામાં લગ
ભગ રૂ. ૪૦૦૦૦ હજાર આપના પિતાશ્રીન
વખતમાં ખરચાયા હતા, જેનું ખાત મુહૂ
પિતાશ્રીએ આપના જ હાથે કરાવેલું, તેનું સમા
કામ આપે હાલમાં કરાવી રૂ. ૧૦૦૦૦ ખરચ્ય
છે. સાથે લાઇબ્રેરી તરીકે પુસ્તકોનો સારો સંગ્ર
કરી યાત્રીકોને તેમજ સમાજને એક ઉપયોગ
સાધન કરી આપ્યું છે.

૨ પાલીતાણામાંની આપના ધમ શાલામાં રૂ. ૪૦૦૦૦ આપન
પિતાશ્રીના વખતમાં ખરચાયા હતા; તેનું ખાત મુહૂર્ત પણ
આપને જ હાથે થયું હતું. તેનું સમારકામ હાલમાં જ આપે
કરાવી રૂ. ૫૦૦૦ લગભગ ખરચ્યા છે.

૩ સં. ૧૯૫૬ ના ભયંકર દુષ્કાળમાં મીલની જગ્યામાં (જ્યાં
હાલ આપનો રહેવાનો બંગલો છે) ત્યાં અન્નગૃહ ખોલી
અપંગ માણસોને અન્ન વસ્ત્ર આપી લગભગ રૂ. ૨૫૦૦૦
પિતાશ્રીના વખતમાં ખરચાયા હતા.

કોંગ્રેસ તથા જૈન શ્વે. કોન્ફરન્સને ઇવનીંગ પાર્ટી

સં. ૧૯૫૯–૬૦ માં અમદાવાદમાં ભરાયેલી નેશનલ કોંગ્રેસના ડેલીગેટો, વીઝીટર્સ અને શહેર સંભાવિત ગ્રહસ્થો-ને ભારે ધામધુમથી ઇવનીંગ પાર્ટી આપી હતી. તેમજ મુંબઇની જૈન શ્વે૦ કોન્ફરન્સને પણ ઇવનીંગ પાર્ટી આપી હતી. આવી રીતે ધર્મસેવા અને રાષ્ટ્ર સેવાના સંજોગો પણ આપે સાચવીને લગ-ભગ રૂ. ૫૦૦૦ નો ખર્ચ કર્યો હતો.

પિતાશ્રીની પાછળ અઠ્ઠાઇમહોત્સવો અને સ્વામીવાત્સલ્ય

સં. ૧૯૬૧માં પૂજ્ય પિતાશ્રીને પગલે અનુસરી પૂજ્ય પિતાશ્રીની પાછળ ગામ-કોઠા, પાલીતાણા અને પાટણમાં અઠ્ઠાઇ મહોત્સવો, ઝવેરાતની આંગી-ઓ સાથે કરાવી સ્વામીવાત્સલ્ય (નવકારશી) ઘણી ધામધુમથી કરવામાં આવ્યાં હતાં જેમાં લગભગ રૂ. ૧૦૦૦૦ નો ખર્ચ કર્યો હતો.

પાટણની કો૦ માં સં. ૧૯૬૨ માં પાટણની જૈ૦ શ્વે૦ કોન્ફરન્સ રીસેપ્શન કમી૦ નિમેલી રીસેપ્શન કમીટીનું પ્રમુખસ્થાન આપેલ તેનું પ્રમુખસ્થાન સ્વીકારી લગભગ રૂા. ૨૦૦૦૦ નો ખર્ચ કર્યો હતો.

શહેર જમણ.

સં. ૧૯૬૫-૬૬ પાટણમાં પૂજ્ય પિતાશ્રી પાછળ મોટો અઠ્ઠાઇ-મહોત્સવ સાથે નંદીસરદ્વીપ તથા શીખરજી, ગીરનારજીની રચના, દેવલોકીકુમાર, મધુબીંદુ, પંચવર્ણી વિગેરેના દશ્યો ઘણી ધામધુમથી કરીને તે પ્રસંગે પ્રીતિભોજન (શહેર જમણ) આપ્યું હતું. તેમાં ગામના તથા આસ-પાસના ઘણા ગામોનું લગભગ એક લાખ માણસ એકત્ર થયું હતું જેમાં રૂા. ૫૦૦૦૦) ખર્ચ કરવા ઉપરાંત સં. ૧૯૬૬ માં શ્રી વીશા શ્રીમાળીના ન્યાતમાં તેમજ સ્નેહી સંબંધીઓમાં પીત્ત-ળની કોઠીઓની લહાણી કરી હતી: તેમજ ગામના દરેક દેરાસર-જીમાં પૂજા-પ્રભાવના, આંગીઓ રાત્રી જાગરણ વગેરેમાં રૂા. ૨૦૦૦૦) ખર્ચી આ પ્રસંગમાં એકંદર રૂા. ૭૦૦૦૦) નો જંગી ખર્ચ કર્યો હતો. ઘણાં વર્ષમાં આવું ગામજમણ નહિ થયેલ હોવાથી આખા શહેર તરફથી આ માંગલીક દિવસની યાદગીરી કાયમ રાખવા હમેશ માટે તે દીવસે પાખી પાળવાનો ઠરાવ કરવામાં આવ્યો હતો. જેનો લાભ પણ ઉત્સાહ અને પ્રેમથી આપશ્રીને આપવામાં આવ્યો છે.

આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે આપની ધર્મશાળામાં મોટી રકમ આપી તેમજ આ પ્રસંગે ખર્ચ કર્યું હતું. રૂ. ૨,૦૦૦) તેમજ આ ચુકાદાને અંગે રૂ. ૨૦૦૦) ખરચ કરી આવી રીતે તન-મન અને ધનનો ભોગ આપ્યો હતો.

યાત્રાઓ.

સં. ૧૯૭૬ માં પાટણથી તારંગાજી, ભોયણીજી, કેશરીયાજી, રાણકપુરજી, મક્ષીજી, માંડવગઢ, ઉજ્જૈન, આબુજી, ગીરનારજી, વેરાવળ, પ્રભાસપાટણ, અંતરીક્ષજી અને શ્રી સિદ્ધાચળજી વીગેરેની યાત્રાઓમાં લગભગ ત્રણ મહીના ફરી રૂ. ૫૦૦૦) નો વ્યય કર્યો હતો.

શ્રી કોટામાં પર્યુષણ પર્વ.

સંવત ૧૯૭૮ નું પર્યુષણપર્વ શ્રી કોટા મુકામે થયું હતું ને પ્રસંગે અઠ્ઠમની તપસ્યા કરીને શ્રી મહાવીરસ્વામીના પારણા નીમીત્તે જલયાત્રાનો વરઘોડો ચડાવ્યો હતો. જે કોટામાં અત્યારસુધીમાં પહેલો હતો. રાજ્યના તમામ હાથી, ઘોડા, પાયદલ વીગેરેની ઘણીજ સામગ્રી સાથે આ વરઘોડો એક માઇલ સુધી લંબાવ્યો હતો. વળી ઓસવાળ કોમમાં ઘણા વખતથી બે તડ હતાં તે આપે એકત્રિત કરીને આ બને શુભ પ્રસંગોની ખુશાલીમાં કોટાના સંભાવીત ગૃહસ્થો સાથે મોટું જમણ (સ્વામીવાત્સલ્ય) કર્યું હતું જેમાં રૂ. ૫૦૦૦) લગભગ ખર્ચ કર્યા હતા.

મહાલક્ષ્મી પાડાના દેરાસરજીની પ્રતિષ્ઠા.

સંવત ૧૯૭૯ માં મહાલક્ષ્મી પાડામાં શ્રી મુનિસુવ્રતસ્વામીના દેરાસરજીના જીર્ણોદ્ધારની ટીપમાં પ્રથમ આપે રૂ. ૨૫૦૦) ભરેલા હતા. તે દેરાસરજીમાં મહા શુદી ૫ ને દિવસે શ્રી મુનીસુવ્રતસ્વામીજી ગાદી ઉપર બીરાજમાન થયા તે સમયે આપની દેખરેખ નીચે પ્રતિષ્ઠાના દરેક કાર્ય થયાં હતાં જેમાં જળ-

યાત્રાના બે વરઘોડા ઘણી ધામધુમથી નીકળ્યા હતા તેમાં બે નામણદીરા–રથ હાંકવાનું–રથમાં બેસવાનું તથા છડી ચોપદાર સાંબેલા વીગેરેની ઉછામણીમાં રૂ. ૬૦૦૦) અને શાંતિસ્નાત્ર ભણાવવામાં ચોખા રૂ. ૧૦૦૦) તેમજ નવકારશી વીગેરેનું જમણ આપવામાં રૂ. ૨૫૦૦) મળી કુલ રૂ. ૧૨૦૦૦) નો ખર્ચ કર્યો હતો.

૧ શ્રી પાટણની પાંજરાપોળના સ્થાયીફંડમાં રૂ. ૧૨૧૦૧)

૨ શ્રી પાટણ જૈન મંડળ બોર્ડીંગના સ્થાઇ ફંડમાં રૂ. ૩૫૦૧)

૩ શ્રી પાટણ જૈન બાળાશ્રમના સ્થાઇ ફંડમાં રૂ. ૨૫૦૧)

૪ શ્રી પાટણ જૈન મંડળમાં રૂ. ૧૦૦૧) આપી આપ પેટ્રન થયા છો તેમજ જાહેર સખાવતો. ણીતી જૈન સંસ્થાઓ શ્રી જૈન ધર્મ પ્રસારક સભા. શ્રી જૈન આતનંદ સભા ભાવનગર શ્રી પાટણ હેમાચાર્ય જૈન સભા શ્રી પાલીતાણા ય જૈ ગુરૂકુળ, શ્રી મહાવીર વિદ્યાલય મુંબઇ વીગેરે સંસ્થાઓમાં આપે લાઇફ મેમ્બર થઇ સાહિત્યને પણ સારૂં ઉત્તેજન આપેલું છે. તથા પાટણ બાલાભાઇ કલબમાં લાઇફ મેમ્બર થવા ઉપરાંત ક્રીકટ માટે રૂ. ૧૦૦૦) આપી મેમ્બરોને રમત–ગમત તથા વ્યાયામનું સાધન કરી આપ્યું હતું.

૫ બનારસ હિંદ વિદ્યાલયને શ્રીયુત મદનમોહન માલવીયા હસ્તક રૂા. ૧૫૦૦૧) આપેલા હતા. જેમાં રૂા. ૫૦૦૦) શ્રી જૈન શ્વે૦ બોર્ડીંગ રૂા ૫૦૦૦) શ્રી જૈ૦ શ્વે૦ લેક્ચર અને રૂા. ૫૦૦૦) જનરલ ફંડમાં એ પ્રમાણેની વ્યવસ્થા કરવા આપેલા હતા.

૬ હાલમાં શ્રીસ્થંભનપાર્શ્વનાથજીના દેરાસરજીના જીર્ણોદ્ધારનું કામ ચાલુ છે જેમાં રૂા. ૧૦૦૦૦) લગભગ ખર્ચ થવા સંભવ છે.

૭ શ્રી કોટામાં ધર્મશાળા તથા ઉપાશ્રયનું એક વિશાળ મકાન તૈયાર થાય છે કે જે ધર્મશાળા તરીકે જૈનોને ઉતરવામાં, સાધુ સાધ્વીના ઉપયોગ માટે, સ્વામીવત્સલ કરવા માટે તેમજ જૈનના બાળકો ધાર્મિક અને નીતિનું શિક્ષણ લઇ શકે તેવી પાઠશાળા- અને લાયબ્રેરી વીગેરે કરવાના હેતુથી બાંધવામાં આવેલ છે. જેમાં રૂા. ૧૦૦૦૦) લગભગ ખર્ચ થવા સંભવ છે. આ ઉપરાંતપર ટીપો જેવી કે દેરાસરજી, ઉપાશ્રય, પાંજરાપોળ, સાત ક્ષેત્રો સાર્વજનીક સંસ્થાઓ, મંડળો વીગેરેની ટીપોમાં ગુપ્ત દાનોમાં, તિર્થસ્થાનોમાં અને તેવાજ સાર્વજનીક કાર્યમાં દરવરસે રૂા ૧૦૦૦૦) લગભગ મળતાં વીશ વરસમાં રૂા. ૨૦૦૦૦૦) બે લાખ લગભગની નાદર રકમનો

સદ્વ્યય કર્યો ગણાય. આવી રીતે **એકંદર લગભગ રૂ. ૫૦૦:૦૦) પાંચ લાખની ગંજાવર રકમનો સદ્વ્યય થયો છે.**

શ્રી પાલીતાણાની નવાણું યાત્રા. તથા પાટણ પંચાયતી ફંડ.


સંવત ૧૯૮૨ ના કારતક માસમાં સહકુટુંબ પાલીતાણે આવી વ્યાપારી વ્યવસાય છોડી શાંતિ લઇ, નવાણું યાત્રા કરી ભક્તિનો અપૂર્વ લાભ લીધો અને તે પ્રસંગે નવકારશી કરી મોહનથાળનું જમણ આપ્યું હતું. તેમજ પાલીતાણાની જુદી જુદી સંસ્થાઓને યથાયોગ્ય મદદ આપી હતી. વળી નાની મોટી પંચતિર્થી તથા અજારા પાર્શ્વનાથ પંચતિર્થીની યાત્રા પણ વચલે ગાળે કરી ભક્તિનો સંપૂર્ણ લાભ લીધો છે.

શ્રી શત્રુંજય ઉપરના પોતાના દેરાસરમાં રંગરીપેર કામ કરાવ્યું [illegible] આવી રીતે ચાર માસ સુધી તદ્દન નિવૃત્તિ લઇ શેઠ સાહેબે તેમજ [illegible] સાહેબે ક્રિયા સાથે ભક્તિપૂર્વક યાત્રા[illegible] જીવન સાર્થક કર્યું છે. આ યાત્રામાં લગભગ રૂ. [illegible]) નો સદ્વ્યય કર્યો છે. ઉપરાંત **પાટણમાં જૈન પંચ પંચાયતી ફંડ** (જૈન ભાઇઓ અને બાઇઓને આર્થીક સહાય અને જરૂરીયાત મદદ તરીકે આપવાનું ફંડ) કરવામાં આવ્યું તેમાં આપે રૂ. [illegible]) આપીને એક જરૂરીયાતવાળી સંસ્થાને સહાનુભૂતિ આપી છે જે સંસ્થામાં આપની પ્રમુખ તરીકે નીમણુક થયેલી છે. આવા વખતમાં વ્યાપારી વ્યવસાય છોડી ધાર્મિક જીવન ગુજારી લક્ષ્મીનો સદ્વ્યય કરવાનું આપના જેવા પુણ્યશાળીનેજ સુઝે છે.

[illegible] શ્રી આનંદ [illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible] વિચાર [illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

જૈન સસ્તી વાંચનમાળા [illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

જૈન સસ્તી વાંચનમાળા.
[illegible] ભાવનગર.



પ્રસ્તાવના.

જૈનધર્મ એ ક્ષત્રીયનો ધર્મ છે—રાજધર્મ છે, એ કાંઇ હવે છુ રહી શક્યું નથી. પૂર્વે જગત ઉપર અનેક જૈન રાજાઓ પોતાની સત્ ચલાવી ગયા છે. છતાં જૈન ધર્મને આરાધી આત્મકલ્યાણ પણ સાધી ગયા છે. એ જૈન રાજાઓની શૂરવીરતા એમનાં તેજ અને ગૌરવ, ધર્મ-પ્રિયતા હવે ધીરે ધીરે જગતની દૃષ્ટિ આગળ ખશ થતાં જાય છે ને કે એ પ્રાચિન જાહોજલાલી પર અંધકાર છવાઇ ગયો છે છતાં એ બેહી ઐતિહાસિક સત્યો જગતના ચોકમાં રજુ કરવાનો અમારો પ્રયાસ છે. જૈન ઐતિહાસિક પ્રસંગો ગુજરાતના ઇતિહાસમાં જોકે અગ્રસ્થાન ભોગવે છે. છતાં અનેક ઐતિહાસિક પ્રસંગો તારવી એની આખી સંકલના—સાંકળ ઉભી કરીને જગતની આગળ એ પ્રાચિન યથાર્થ દશ્ય રજુ કરીએ છીએ.

આપણો આ ઇતિહાસ વિક્રમ સંવતની બીજી સદીથી લગભગ પૂર્વનો છે. એટલે એના પ્રાચિનતા તો ઘણી જુની કહેવાય. એ સમયની દુનીયા તો જૈનતત્વથી ઝળહળી રહી હતી. જોકે ન્યાતો કે પેટા જ્ઞાતિઓ તો તે સમયે પણ હતી છતાં એ સર્વે જ્ઞાતિઓ બહુધા જૈનધર્મ પાળતી હતી. રાજાઓ પણ બધા જૈનધર્મનાજ રાગી હતા. એટલે પ્રજા પણ એ ધર્મની અનુયાયી બને તે સર્વથા શક્ય હતું.

આપણી વાર્તાના સમયના ઇતિહાસમાં મહાન પ્રભાવિક પુરૂષ સંપ્રતિ હતા. જેમના ધર્મગુરૂ આર્યસુહસ્તિ શાસનમાં નાયક

સમા મહાવીર સ્વામીના આઠમા પટ્ટધર ગચ્છનાયક હતા. તેમના પ્રતિબોધથી બોધ પામેલા મહાન્ સંપ્રતિએ જૈન ધર્મ માટે શું નથી કર્યું ?

ઇતિહાસનો બારીક અભ્યાસ કરનાર કોઇપણ જૈન નામધારી વ્યક્તિ મહાન્ સંપ્રતિથી અજાણ્યુ તો નજ હોય, આજે પણ જૈનોમાં એ મહાન્ સંપ્રતિનું પુણ્યવંત પ્રાતઃસ્મરણીય નામ ઘેરઘેર ગવાય છે. એનું કારણ શું ? આપણા ઉપર—જૈનો ઉપર એમના ઉપકારો અગણીત છે. જૈન મંદિરો, જીર્ણોદ્ધારો, જિન પ્રતિમાઓ તેમજ ચતુર્વિધ સંઘના ભક્તિ કરીને એમણે આપણી ઉપર કાંઇ થોડો ઉપકાર કર્યો નથી. જૈનધર્મના સંપૂર્ણ ગૌરવને વધારનારૂં એ પવિત્ર પુરૂષનું કથાનક આ નવલકથામાં તમે જોશો !

પોતે અહિંસાના ઉપાસક છતાં એમણે ત્રણ ખંડ પૃથ્વીને તાબે કરી સોળહજાર રાજાઓને પોતાના સામંત બનાવ્યા હતા. વાસુદેવ નહી પણ વાસુદેવ સમાન ત્રણ ખંડના ધણી મહાન્ સંપ્રતિનાં અમે વિશેષ શું વર્ણન કરીયે ! આ નવલકથા વાંચશો ત્યારેજ એમના પરાક્રમ તેજનું વાંચકને ભાન થશે. કે બાલ્યાવસ્થામાંથીજ એમનાં બળ, પરાક્રમ, ચાતુર્ય અદ્ભુત હતાં. તેમ હજાર વર્ષના વયમાં થર ચડી ગયા છતાં હજી જાણે ગઇ કાલેજ થઇ ગયા હોય એમ આખી જૈન કોમ એમના ગુણગ્રામ કરે એ પુરૂષપુંગવ સાધારણતો ન હોય. !

એમના અનેક ઉપકાર તળે દબાયેલી જૈનપ્રજા—આપણે એમને માટે જેટલું કરીયે એટલું થોડુંજ કહેવાય. છતાં ફુલ નહીતો ફુલની પાંખડી અર્પણ કરીને પણ આપણે એમની તરફ આપણી ભક્તિ પ્રગટ કરવી જોઇએ એ ઉપકારક પુરૂષનું નામ સ્મરણ, ઐતિહાસિક જીવન જગતના ચોકમ. હમેશા કાયમ--અવિચળ રહે એ માટે આપણે કાંઇક કરવું જોઇએ. તમારી અમારી સવ કોઇના એ પવિત્ર ફરજ કહેવાય.

મહાન્ સંપ્રતિ એ મહાન્ પુરૂષ મૌર્ય વંશમાં થયેલા હોવાથી ઇતિ-
હાસને અનુસરીને મૌર્ય વંશીય પ્રથમ પુરૂષ ચંદ્રગુપ્તથી માંડીને બિંદુસાર,
અશોક, કુણાલ ને સંપ્રતિ સુધીનો ઇતિહાસ આ નવલ કથામાં રસભરી
શૈલીથી તમારી આગળ પ્રગટ થશે ચંદ્રગુપ્તને વિષમ સંજોગોમાં રાજ્ય
મળવું. તેનો પ્રધાન ચાણાક્ય બ્રાહ્મણ હોવા છતાં જૈન ધર્મ ઉપર તેની
અચળશ્રદ્ધા, એની ચતુરાઇ, રાજ્ય ચલાવવાની કુનેહ, એનાં અદ્ભુતકાર્ય
એ બધું સવિસ્તર આ ઇતિહાસમાં રજુ થશે. તેમજ બિંદુસાર એના
સમયમાં ખટપટને અંગે ચાણાક્યે કરેલું અનશન, બિંદુસારનો પશ્ચાત્તાપ
તેમજ અશોકનાં અદ્ભુત પરાક્રમો કાર્યોની સંકલના પણ અમે જાળવી
રાખી છે. કે જેથી વાચક આ નવલકથામાં રસપૂર્વક ભાગ લઈ શકે.
અશોકનો પુત્ર કુણાલ, બાળપણમાં એને મળેલી યુવરાજપદ સહિત અવં-
તિની સમૃદ્ધિ, સાવકી માતાનું જોર, એ ઇર્ષ્યાને પરિણામે બાળકુણાલને
અંધત્વ, સમ્રાટ અશોકને સંતાપ, કુણાલના સહનશક્તિ એની પ્રભુભક્તિ
અને છેવટે કુણાલના પત્નિ શરદકુમારીથી થયેલો મહાન સંપ્રતિ
નો જન્મ, કુણાલનું ગવૈયાના વેશમાં પિતાના દરબારમાં આવવું, સમ્રા
ટના વરદાનમાં રાજ્યની માગણી, એ બાલ સંપ્રતિનો પિતામહે કરેલો
રાજ્યાભિષેક, અપરમાતાની નિરાશા, ખટપટ, પ્રપંચ અને એનું પરિ-
ણામ, આખરે દુઃખમાંથી સુખ થતાં થએલો ધર્મનો જય અને અન્યાયને
માર્ગે ચાલનારાઓને શિરપાવમાં મલેલી નિરાશા એ સર્વે તમને આ
નવલકથામાંથી પ્રાપ્ત થશે.

સંપ્રતિ ચરિત્ર, પરિશિષ્ટ પર્વ, ઉપદેશપ્રાસાદ, જૈન પ્રાચિન અર્વા-
ચિન ઇતિહાસ, જૈન ધર્મનો પ્રાચિન ઇતિહાસ, વગેરે અનેક ઐતિહાસિક
પુસ્તકોના આધારે આ કથા લખાયેલી છે.

જે મહાન સંપ્રતિને ઘેર ત્રણ ખંડનું સામ્રાજ્ય છતાં જૈનેતર ઐતિ
હાસોમાં તો એમનું નામ પણ જોવાતું નથી. મહાન્ અશોક, ચંદ્રગુપ્ત,

મહાન સિકંદર, મહાન નેપોલિયન આદિ પુરૂષો કરતાં પણ જેમણે પોતાના પરાક્રમથી ત્રણ ખંડ પૃથ્વી જીતી હતી, તેની કાંઈ પણ રૂપરેખા ઇતિહાસના પાને સુવર્ણ અક્ષરે ન કોતરાય એતો શોચનાય કહેવાય. માટે એ નરશ્રેષ્ટનું જીવન ઇતિહાસ રૂપે હમેશાં જળવાઇ રહે, સમાજ એના કર્તવ્યથી સત્તાથી અને વૈભવથી માહિતગાર થાય એટલા માટેજ આ પ્રયાસ છે. તે સિવાય પ્રસંગને લગતો બીજો પણ ઇતિહાસ તમને આ નવલકથામાં દ્રષ્ટિએ પડશે.

અંતરમાતાઓ પોતાના સ્વાર્થને માટે કેવી ખટપટો કરે છે; છતાં અનીતિનું પરિણામ પણ તેવુંજ ભોગવવું પડે છે. અને સત્યનો આખરે વિજય થાય છે. જૈનેતરો અહિંસાને ભારતની પરાધિનતાનું કારણમાનીને આજે એને કવખોડી રહ્યા છે પણ ચુસ્ત અહિંસાવાદીયો દયાના સાગર છતાં પોતાની સમશેર શત્રુઓને માટે હમેશાં ખુલ્લીજ રાખે છે. શત્રુઓની મધ્યમાં નિડર પણે ઘુમીને શત્રુ સૈન્યનો નાશ કરે છે. અહિંસાવાદી યુદ્ધમાં પાછી પાની કરતા નથી એ બધું આ ઇતિહાસથી સ્પષ્ટ થશે.

અહિંસામાં ચુસ્ત છતાં પણ જૈનોનાં પ્રાચિન તેજ-ગૌરવ-પ્રભાવ આજે લગભગ નષ્ટ થયાં છે. જેથી આવાં ઇતિહાસમય કથાનકોથી નષ્ટ પ્રાય થયેલાં જીવન નવપલ્લવિત થાય, પ્રાચિન કાલની એ પ્રતાપમય ભાવના દરેક જૈન બંધુઓમાં સતેજ થાય અને એમની દષ્ટિ વિશાળ બની ફરીને જીવનમાં નવ જીવન પ્રગટે ! એજ હૃદયગત ભાવના સાથે વિરમું છું.

લેખક—



વિષયાનુક્રમણિકા.

મહાન સિકંદર, મહાન્ નેપોલિયન આદિ પુરૂષો કરતાં પણ જેમણે પોતાના પરાક્રમથી ત્રણ ખંડ પૃથ્વી જીતી હતી, તેની કાંઈ પણ રૂપરેખા ઇતિહાસના પાને સુવર્ણ અક્ષરે ન કોતરાય એતો શોચનાય કહેવાય. માટે એ નરશ્રેષ્ટનું જીવન ઇતિહાસ રૂપે હમેશાં જળવાઇ રહે, સમાજ એના કર્તવ્યથી સત્તાથી અને વૈભવથી માહિતગાર થાય એટલા માટેજ આ પ્રયાસ છે. તે સિવાય પ્રસંગને લગતો બીજો પણ ઇતિહાસ તમને આ નવલકથામાં દ્રષ્ટિએ પડશે.

અંતરમાતાઓ પોતાના સ્વાર્થને માટે કેવી ખટપટો કરે છે; છતાં અનીતિનું પરિણામ પણ તેવુંજ ભોગવવું પડે છે. અને સત્યનો આખરે વિજય થાય છે. જૈનેતરો અહિંસાને ભારતની પરાધિનતાનું કારણમાનીને આજે એને કવખોડી રહ્યા છે પણ ચુસ્ત અહિંસાવાદીયો દયાના સાગર છતાં પોતાની સમશેર શત્રુઓને માટે હમેશાં ખુલ્લીજ રાખે છે. શત્રુઓની મધ્યમાં નિડર પણે ઘુમીને શત્રુ સૈન્યનો નાશ કરે છે. અહિંસાવાદી યુદ્ધમાં પાછી પાની કરતા નથી એ બધું આ ઇતિહાસથી સ્પષ્ટ થશે.

અહિંસામાં ચુસ્ત છતાં પણ જૈનોનાં પ્રાચિન તેજ—ગૌરવ—પ્રભાવ આજે લગભગ નષ્ટ થયાં છે. જેથી આવાં ઇતિહાસમય કથાનકોથી નષ્ટ પ્રાય થયેલાં જીવન નવપલ્લવિત થાય, પ્રાચિન કાલની એ પ્રતાપમય ભાવના દરેક જૈન બંધુઓમાં સતેજ થાય અને એમની દૃષ્ટિ વિશાળ બની ફરીને જીવનમાં નવ જીવન પ્રગટે ! એજ હૃદયગત ભાવના સાથે વિરમું છું.

લેખક—



વિષયાનુક્રમણિકા.

જૈન સસ્તી વાંચનમાળાનું નામ—

દરેક જૈન બંધુઓની જાણમાં છે કે, અમોએ સં. ૧૯૭૯-૮૦-૮૧ ત્રણ વર્ષનાં પુસ્તકો વાર્ષિક રૂ. ૨. એમાં પાંચસો પાનાના હીસાબે ગ્રાહકોને આપ્યાં છે. દીવસે દીવસે ગ્રાહકોનો વધતો જતો સંતોષ અને ઉત્તરોત્તર પ્રગટ થતાં ઐતિહાસિક ઉત્તમ પુસ્તકો હવે દરેકના જાણવામાં આવ્યાં છે. (સં. ૧૯૮૨) થી અમોએ રૂ. ૩) માં ૮૫૦ પાનાનાં પુસ્તકો આપવાનું નક્કી કર્યું છે અને તેથી હવે દરેક જૈન બંધુ આ લાભ લેવા નહિ ચૂકે એવી આશા છે.

સં. ૧૯૮૦-૮૧ નાં આઠ પુસ્તકો નવા થનાર ગ્રાહકોને શીલકમાં રહી ત્યાં સુધી તેજ લવાજમમાં મળશે.

સં. ૧૯૮૧ નાં પુસ્તકો—

	પૃષ્ઠ	કિંમત.
૧ શ્રી સિદ્ધસેન દિવાકર યાને વિક્રમના સમયનું હિંદ.	૨૦૪	૧-૮-૦
૨ શ્રી સંખેશ્વરા પાર્શ્વનાથ ચરિત્ર. ...	... ૧૫૬	૧-૮-૦
૩ શ્રી કેશીમુનિ અને પ્રદેશી રાજા. ...	... ૧૦૦	૦-૬-૦
	૬૬૦	૩-૬-૦

સં. ૧૯૮૨ નાં પુસ્તકો—

ગઈ સાલમાં વધુ અપાયેલાં પૃષ્ટ—

૧ જૈનોના મહાન્ રત્નો.	૧૫૦	૦-૮-૦
૨ શ્રી બપ્પભટ્ટસૂરિ અને આમરાજા ભાગ ૧ લો. ...	૨૬૦	૧-૦-૦
૩ મહાન્ સંપ્રતિ અને જૈન ધર્મનો દિગ્વિજય.	૨૬૦	૧-૮-૦
	૨૮૦	૧-૮-૦
	૮૫૦	૪-૮-૦

લખો:—જૈન સસ્તી વાંચનમાળા

રાધનપુરી બજાર—ભાવનગર.

નિત્યનાં ઉપયોગી પુસ્તકો તેમજ
રતા કરવા લાયક પુસ્તકો.

... ... પૃષ્ઠ ૨૦૦ કિંમત સો નકલના પાકું
... ત ભાગ સ્તોત્રો
... ... ૦-૧૦-૦ ૫૦-૦-૦
... ... વતાં જ હૃદયમાં
... ... રમાલી
... ... ૦-૫-૦ ૨૦-૦-૦
... ... સ્મરણ ઉપરાંત
... સાથે. ... ૦-૩-૦ ૧૨-૮-૦
... ... વાણી. ... ૦-૪-૦ ૧૫-૦-૦
... ... ૦-૩-૦ ૧૦-૦-૦
... ... ૦-૩-૦ ૧૦-૦-૦
... ... કૃત તથા અષ્ટ
... ... ૦-૨-૦ ૧૦-૦-૦
... ... ૦-૨-૬ ૭-૦-૦
... ... ૦-૧-૦ ૫-૦-૦
જૈન નિત્ય સ્મરણમાળા. ૦-૮-૦
રત્નાકરપચ્ચીશી. ... ...
૧૨ પર્વતિથિ વીગેરેના ચૈત્યવંદનાદિનો સંગ્રહ
(સાધ્વીજી લાભશ્રીજીવાળું) ... ...
૧૩ શ્રી આદિનાથ ચરિત્ર ભાષાંતર પા... રેશ
પુઠું. (વાંચન માળાના ગ્રાહકો
માં અપાયેલું.) ...

લખો:—જૈ

રાધનપુર

રોથી રમણીય થયેલો આ રમણીય પ્રદેશ ઘોડેસ્વારોને આનંદ જનક હતો. અશ્વો પણ જાણે સુખશીલીયા થયા હોય એમ શીતલ વાયુની લહેરો અનુભવતા મંદમંદ ગતિએ ચાલતા હતા. બન્ને અશ્વો એક સરખા દેખાતા હતા. એક અશ્વ ઉપર પ્રૌઢ વયનો પુરૂષ બેઠેલો હતો, જ્યારે બીજા અશ્વ ઉપર સાત વર્ષનો બાલક હતો. સાત વર્ષની નાની ઉમર છતાં એની ચાલાકી અદ્‌ભૂત હતી. એ બાલ્ય તેજનો પ્રભાવ અપૂર્વ હતો, એનામાં બાલ્યોચિત તોફાન, મસ્તી, હુકમ કરવાની ટેવ આદિ અંકુરાઓ અત્યારથી પ્રગટ થયેલા પ્રત્યક્ષ દેખાતા હતા. એ પ્રૌઢ માણસ સાથે બાળક અનેક પ્રકારની વાતો કરતાં નવું નવું પૂછતો હતો.

" આ અવંતી પણ અમારા નગર જેવું છે. કેવું સુંદર શહેર છે ? " એ બાળકે આનંદ ભર્યા ઉદ્‌ગાર કાઢ્યા.

" હા ? યુવરાજ ! શા માટે આ શહેર સુંદર ન હોય ! આ શહેર માળવ દેશનું તિલક ગણાય છે. ને એની રાજ્યધાની પણ આ અવંતીજ ! લક્ષ્મી અને માળવાની સુંદરતાનું આ શહેર મુખ્ય સ્થળ છે. " એ પ્રૌઢ પુરૂષે કહ્યું.

"બાપાજીએ મને અહીંયા મોકલ્યો એ ઠીકજ કર્યું છે. આવો આનંદ મને ત્યાં કે બીજે ક્યાંય પડત નહીં, મને રોજ અહીંયા ફરવા આવવાનું બહુ ગમે છે. અશ્વ દોડાવવો, તલવાર ફેરવવી, તીર ફેંકવાં, દોડવું, કુસ્તી કરવી વગેરે રમતોમાં મને રસ પડે છે." બાળકે કહ્યું.

"યુદ્ધ કરવાની રમતો તમારે ધ્યાન આપીને શીખ
જોઈયે, યુવરાજ ? તે સાથે થોડુંક ભણતાં ગણતાં પણ
તમારે શીખવું જોઈએ. પુરૂષે તો કલમ, કડછી ને બરછી
ત્રણે કળામાં પ્રવીણ થવું જોઈએ."

"એટલે એ કઈ ત્રણ કળા ! કાકાજી ?"

"કલમ એટલે ભણવા ગણવાની કળા, પુરૂષે લખતાં
વાંચતાં અવશ્ય શીખવું. તેમાં વળી તમારે તો ખાસ શાસ્ત્રનો
અભ્યાસ હવે કરવો જોઈએ. જેને રાજા થવું હોય છે તે જો કેળ-
વાયેલ ન હોય તો એના રાજવહીવટમાં ઘણી ખામીઓ આવે
છે. ભણવાથી બુદ્ધિ ખીલે છે. રાજા પ્રજા ઉભયનું હીત સમજી
શકાય છે. ખામીઓ સુધારી શકાય છે. રાજ્ય અને પ્રજાની
ઉન્નતિ કરવામાં શાસ્ત્ર ઘણુંજ સહાયકારક બને છે. કડછી એટલે
પુરૂષે રાધણ કળામાં પણ હોંશીયાર થવું આવશ્યક છે."

"પુરૂષે રાંધવું ? રાંધવું એ તો સ્ત્રીઓનું કામ છે."
બાલકે એમ કહીને મોં મચકોડયું અને હસ્યો. "તમે આવી
નિર્માલ્ય વાત શું કરો છો ? કાંઈ શૂરવીરતાની વાત કરો તો
ગમ્મત પડે ?"

"એ પણ ખરૂં ! બરછી એટલે તલવાર, ભાલો, તીર,
વગેરે કેના પણ આવડવું જોઈએ. એ યુદ્ધ કળા તમને શી-
ખવવામાં આવે છે, જેમ જેમ મોટા થશો એમ તમે એ યુદ્ધમાં
પારંગત થશો. તમે નિર્ભય થઈ જશો. તમે બાળક છો તેથીજ

કટારીનું મહત્વ તમને સમજાતું નથી. પણ પ્રસંગ આવતાં એની પણ કેટલી જરૂરીઆત છે, તે કોઈક જ સમજી શકે ?"

"હા. લડવું, મારામારી કરવી, બીજાને દબાવી દેવો એવું એવું તો મને અવશ્ય ગમે. એ શસ્ત્રોની કળા શીખતાં તો મને કેવો આનંદ આવે છેઃ એની તમને શી ખબર પડે ?"

"ત્યારે શાસ્ત્રનો અભ્યાસ પણ તમને ગમતો નથી શું ?"

"હું ભણીશ પણ......."

"તો સારૂં ! મહારાજની રજા મંગાવી તમને ભણાવવાની શરૂઆત કરશું ?"

"તે તો ઠીક....પણ આ નદીમાં આપણે ન્હાશું. રમવાની પાણીમા ભારે મઝા પડશે."

"આ યારમાં શું નહાવું ? વળી હજી તમને તરતાં બરોબર આવડતું નથી ને આ નદીનાં પાણી તો ઉંડા રહ્યાં."

"[illegible] ન્હાવાનો ! મને તરતાં આવડે છે, આપણું [illegible] ન્હાઈને પાછા ફરશું, અત્યારમાં ન્હાવાની કેવી [illegible] પડશે ? બાલકે પોતાનો અશ્વ થોભાવ્યો.

"[illegible] હોય તો ભલે પણ અહીંયા જળ [illegible] ઠીક નથી. તમાંય આ પાણી અ[illegible] [illegible] આપણે આરે જઈએ ત્યાં તમને ન્હાવાની ખૂબ [illegible] પડે."

"[illegible] ?" યુવરાજે પોતાનો ઘોડો

પાછો ફેરવ્યો. એની પછવાડે એ પ્રૌઢ સ્વાર, પણ પાછો ફર્યો. કોઇ પણ રીતે યુવરાજનું ચિત્ત પ્રસન્ન રાખવું એ એનું કર્તવ્ય હતું. કુંવરની ગમે તેવી ઉદ્ધતાઇ હોય, મરજી હોય, પણ સમજાવીને કે બીજી દિશામાં એનું મન વાળીને એને હમેશાં પ્રસન્ન રાખી એનું મન કેળવવું એ એનું તેમજ બીજા અનેક પુરૂષોનું કર્તવ્ય-કર્મ હતું, છતાં એ બાળયુવરાજના સંસ્કારોજ એવા હતા કે " હું રાજા છું ? આ બધા મારા સેવકો છે ? " જેથી એ કોઇને પણ ગણતા નહીં. અનેક સ્ત્રીઓ, અનેક દાસદાસીઓ, અનેક પુરૂષો એને પ્રસન્ન રાખવાને અહર્નિશ આતુર હતાં, સુંદર શરીર અને બાલ્યોચિત આનંદી સ્વભાવને લીધે સ્ત્રીઓ તેમજ પુરૂષોને તે એક સરખો પ્રિય થઇ પડયો હતો. બીજી તરફ એના જીવનને કાંઇપણ ઉની આંચ આવે તો એના એકના જીવન પાછળ હજારો જીવોનો ભોગ હતો, એમ તેઓ સમજતા હતા. કાંઇક રાજ-ભયથી, કંઇક સ્નેહથી, યુવરાજના જીવનની સલામતી માટે સર્વ કોઇ એક સરખાં આતુર હતાં.

પાછા ફરેલા એ ઘોડેસ્વારો મંદમંદ ગતિએ આરા તરફ ચાલ્યા. એ બાળક વચમાં અનેક પ્રકારના પ્રશ્નો પૂછતો. બાલ્યક્રીડાથી અનેક કુતુહલ કરતો કોઇ વખત એ પ્રૌઢ પુરૂષનું માથું પણ પકવતો. આરે આવ્યા એટલામાં કુમારનો વિચાર ફર્યો. અત્યારમાં અસંખ્ય માણસો આવ-જાવ કરી રહ્યાં હતાં. અનેક તરૂણ યુવનાઓ પાણીનાં બેડાં લઇને સખીઓ સાથે વાતો કરતી ગમના ગમન કરતી જોવાની.

શાંતિનું સામ્રાજ્ય હોવાથી શહેર આનંદમાં મસ્ત હતું. શહેરનાં તેજ, ગૌરવ, રૂપ એનું સૌંદર્ય આકર્ષણ કરી રહ્યું હતું. એ બધું આ ઘોડેસ્વારો જોતા પસાર થતા હતા. એ કુદરતના સૌંદર્યે એમનાં દિલ પ્રસન્ન કર્યાં હતાં.

" કાકાજી ? ચાલો પાછા ફરીયે ? " કુમારે કહ્યું.

" કેમ ? ન્હાવાનો વિચાર નથી કે શું ? " એ પ્રૌઢ પુરૂષ જણાવ્યું.

" નહીં ! નહીં ? દિવસ બહુ ચડી ગયો છે. આપણે કીલ્લામાં જવું જોઇએ. "

" જેવી તમારી મરજી ? "

નગરના નાના મોટા દરેક માણસો એ ઘોડેસ્વારોને નમન કરી વિનય પૂર્વક માર્ગમાંથી ખસી જતા. સીપાઇઓ, તથા અધિકારી વર્ગ લશ્કરી ઢબે સલામતી આપી એમની પ્રસન્નતા મેળવવાને ઉત્સુક રહેતા. બન્નેના પોશાક રાજવંશી છતાં ફરવા જવાના જેવા શીકારી હતા. નગરના મુખ્ય દરવાજામાં પ્રવેશ કરી તેઓ સાથે સાથે પોતાના કીલ્લામાં ચાલ્યા ગયા.

એ પ્રૌઢ પુરૂષ તે અવંતીનો હાકેમ માધવસિંહ હતો. હાલમાં કેટલાક વખતથી તે મગધેશ્વર અશોક સમ્રાટ્‌નો માધવસિંહ સામંત ગણાતો હતો, નિયમીત રીતે મહારાજ અશોક તરફથી અવાર નવાર કારભારીઓ–હાકેમો બદલાતા હતા.

બાલકુમાર તે મગધાધિપ મહારાજ અશોકનો પુત્ર

કુણાલ હતો. કુણાલને જન્મ આપતાંજ એની માતા મરણ પામી હતી. જેથી કુણાલપુત્ર ઉપર મહારાજની અતિ કૃપા વરસતી હતી. રાજ્યનો વારસ કુણાલ હોવાથી બાલ્યાવસ્થામાંજ મહારાજે કુણાલને યુવરાજ પદવી આપી દીધી. એ દીર્ઘ દર્શી મગધેશ્વરે વિચાર્યું કે, "હું રાજ્યવ્યવસાયમાં પડેલો હોવાથી આ નમાયા કુંવરની સંભાળ રાખી શકીશ નહી. આ બાળક રાજ્યનો વારસ હોવાથી સાવકી માતાઓને આંખમાં કણાની માફક ખુંચતો હશે. અને કદાચ એ સમયનીજ રાહ જોતી હશે તો મારી ગફલતીનો લાભ લઇ રખેને બાળકના જીવનને વિનશ્વર કરે ! માટે એ સાવકી માતાઓથી પુત્રને દૂર રાખવો જોઈએ." ઈત્યાદિક વિચાર કરીને અશોક રાજાએ કુણાલને ચતુરંગી સેના સહીત અને વિશ્વાસુ પ્રધાનો સાથે ઉજ્જયિની મોકલી આપ્યો. દેવતાની માફક ક્રીડા કરતાં યુવરાજ કુણાલ અવંતીમાં રહીને સુખપૂર્વક પોતાનો કાલ નિર્ગમન કરતો હતો. એ યુવરાજ ઉપર નિયમિત રીતે સમ્રાટ પોતાના હાથથી કાગળ લખીને એની તરફનું પોતાનું વ્હાલ બતાવતો. આજ કેટલાય વર્ષોથી કુણાલ અવંતિમાં કાલ નિર્ગમન કરતો હતો, અનુક્રમે એની ઉમર આઠ વર્ષની થઈ.

કુમારની ભણવા યોગ્ય ઉમર થવાથી પ્રધાનોએ મગધેશ્વરને કુંવરની હકીકત લખી જણાવી ખુશી ખબરના સમાચાર આપ્યા.

—❋—

પ્રકરણ ૨ જું.

તિષ્યરક્ષિતા.

" બાઇ સાહેબ ! આપ ગુસ્સે ન થાવ તો એક વાત ... ! " એક દિવસે એકાંતનો અવસર મેળવીને એક દાસીએ ...તાની બાઇને કહ્યું.

" શી છે તારી વાત !" બેદરકારીથી એ શેઠાણી બોલી.

" આપ આજ કેટલાક દિવસથી આમ ઉદાસ જણાઓ ...। મનમાં જાણે કંઇ શલ્ય ભરાયું હોય એમ આપના હૃદ-...ની કંઇ ખબર પડતી નથી. એ શું ? " દાસીએ કહ્યું.

" તારે તેનું શું કામ છે ! તારે દાસી માણસને વળી મોટાઓના કામમાં માથું મારવાની પંચાત શી ! "

" બાઇ ! તમારૂં કોઇ કાર્ય બજાવી તમારૂં નિમક હું ...હલાલ કરી શકું. તમને મારાથી બની શકે તો હું મદદ આપી શકું. "

" તું મને મદદ આપી શકે ! તારો વિશ્વાસ શો શ્યાના ? "

" વિશ્વાસ તો અમારામાં રાખવોજ જોઇએ. આજ સુધી તમારી સેવા કરી છતાં તમે અમારૂં હૃદય ન પારખી શક્યાં એ પણ અમારી કમનશીબીજને ! " કંઇક નારાજ થતાં શ્યાના બોલી.

" શ્યામા ! શ્યામા ! તું એટલુંય નથી સમજતી, પેલી રાંડ છોકરો મુકીને મરી ગઈ. હમેશની મને મારતી ગઈ. ગરીબ બિચારો મારો મહેંદ્ર ? " એ બાઈએ નિશ્વાસભર્યા ઉદ્ગાર કાઢયા.

" મેં પણ એજ અટકળ કરી હતી. કે એ શોકયે મરતાં મરતાં પણ વેર વાળ્યું. બાઈજી એ નમાયા છોકરા ઉપર મહારાજના ચારે હાથ છેની ? "

" અરે ! શું કરીએ આપણે, કે મહારાજે એને અવંતી મોકલાવી દીધો, નહીતર ક્યારનોય એની મા પાસે મોકલાવી દીધો હોત ! મારા મહેંદ્રનો માર્ગ નિષ્કંટક કર્યો હોત ? "

અને એ તમારા પુણ્ય કામમાં હું પણ નિમક હલાલીથી તમને મદદ કરત, બાઈજી ! " શ્યામ આચરણવાળી શ્યામાએ બળતામાં ઘી હોમી ઉત્તેજન આપ્યું.

" છતાં જો મને તક મળશે તો ભલેને ઉજ્જયિનીમાં રહ્યો; અહીં બેઠાં બેઠાં જ્યારે હું એને રાજ્યભ્રષ્ટ કરીશ ત્યારેજ મને જંપ વળશે. "

" આપનું કથન સર્વથા સત્ય છે બાઈ સાહેબ ! જેથુંને રાજાએ બચપણથી એને યુવરાજ પદવી આપીને રાજ્યનો વારસ બનાવ્યો છે તે ? આપ મહારાજને સમજાવી શકતાં નથી શું ? "

અરે હું તો વાત વાતમાં ઘણીય વખત મહારાજાને મોરબાણુંમાં મુંઝવી કામ કાઢી લેવા સમયની રાહ જોઉં છું.

પણ મહારાજ સમજે ત્યારે ને? બીજી બધી વાત સાંભળે, પણ એ કુણાલની વાત આવે ત્યાં બસ ધ્યાનજ ન આપે?"

"એક દિવસ ખબ પ્રેમ બતાવી ઘાયલ કરી કામ કાઢી લેવાને બાઈ? પ્રેમમાંને પ્રેમમાં એક વખત કબૂલ કરી જાય પછી તો જગ જીત્યા? પ્રયત્ન છોડવો નહીં. જેવા તમે અત્યારે મહારાજનાં માનિતાં છો એવીજ રીતે રાજમાતા થવાનું શું તમને નથી ગમતું? અત્યારથી જો નહીં ચેતો તો એ શોક્યના પુત્રના તિરસ્કારથી કે કોઈ રોટલાના ટુકડા પર એક દિવસ તમારે પરાધિનપણે જીવન ગુજારવું પડશે ને [illegible] કોણ જાણે શું હાલત થશે?"

એ બધુંય હું જાણું છું તેથીજ હમેશાં જાગૃત-સાવધ છું. મહેંદ્રને રાજ્યનો વારસ કરાવવાના હું અનેક [illegible] સમયનીજ રાહ જોઉં છું."

"[illegible] એ મુબારક કામમાં સહાય થાવ! [illegible]"

"હું રાત દિવસ એજ ચિંતનમાં છું કે રાજાને કેવી રીતે સપડાવી [illegible] કામ કાઢી લઉં? આહા! [illegible] એની પાછળ દિવાનો બન્યો છે. [illegible] કેટલી બધી લાગણી રાખે છે. [illegible] મારા દિકરા ઉપર કોઈ [illegible] સમજું? [illegible] તિરસ્કાર પૂર્વક રાણી બોલી.

સંબંધમાં એણી જે વાત કરતી તે બધી સાંભળી એનો સ્વાર્થ કળી જતા જેથી એ નમાયા બાલકના સ્વાર્થને કંઈ ઉની આંચ ન આવે એ માટે મહારાજ ખૂબ ધ્યાન રાખતા હતા.

મહારાજ અશોકને કુમારોમાં કુણાલ જેમ અવંતીમાં પિતાના પસાયથી અમનચમન કરતો હતો, બીજો પુત્ર મહેંદ્ર પણ એનાજ સરખી ઉમરનો તિષ્યરક્ષિતાનો પુત્ર હતો. તે સિવાય બીજા પણ પુત્રો હતા. તેમજ સંઘમિત્રા નામે પુત્રી પણ હતી. રાજકુમાર મહેંદ્ર માતાપિતાની છાયામાં ઉછરીને મોટો થતો હતો. માતાપિતાનો એ લાડકો બાલક, બાલક છતાં તોફાન-મસ્તીમાં અગ્રેસર હતો.

એ તિષ્યરક્ષિતાનો સ્વભાવ પ્રથમથી જ ઉગ્ર હતો, રાજકાજમાં પણ નાકું મારીને પોતાનું ધાર્યું કરાવતી. આજે [illegible] પાલણ કરનારૂં એક મહાન કાર્ય એની નજર [illegible] હૃદયમાં રહેલું શલ્ય તે કાઢી શકી [illegible] ની સાથે જ નાકી દેવામાં ખટ- [illegible] ની [illegible] મી નહોતી. પણ મનુષ્ય [illegible] હોવાથી બાળકુમાર કુણાલ તિષ્યરક્ષિતાના [illegible] થી અકસ્માત બચી ગયો ને [illegible] પણ ચેતી ગયો કે આ નમાયો કુણાલ એની [illegible] થી [illegible] નો નાશ થઇ પડશે. આજે [illegible] નાકે તે એ ક્યારે [illegible] જેથી [illegible] યુવરાજ [illegible] નાકી [illegible] મહારાજને [illegible] ની

આ અધમ સ્ત્રીએ ઘણી કોશિષ કરી જોઇ પણ વ્યર્થ ? મહારાજ સમજી ગયા હતા કે આ સ્વાર્થાંધ સ્ત્રી ક્યારે શું કરશે એ કહી શકાય એમ નહોતું. જેથી એના કહેવા ઉપર પુરતુ ધ્યાન નહીં આપતાં. પોતાનાં આપ્ત માણસો સાથે એને રવાને કર્યો. તે અંતરમાં ગુસ્સાથી ફફડતી અને નાશીપાસ થયેલી કુટિલ તિષ્યરક્ષિતા હાથ ઘસતી રહી ગઇ, નજીવી ભૂલથી એ બચી ગયો એ માટે એના નિર્દય હૈયામાં પસ્તાવો થયો, છતાં એ નાહિંમત થઇ નહીં કોઇ વખતે જો તક મળશે તો એનો બરાબર ઉપયોગ કરી આ વૃદ્ધિ પામતો કાંટો જડમૂળથી ઉખેડી નાંખી પોતાના મહેંદ્ર માટે આ વિશાળ રાજ્યમાર્ગ ભવિષ્યને માટે સાફ કરવો એ તેનો નિશ્ચય હતો. જ્યારે જ્યારે એ મહેંદ્રને જોતી ત્યારે એ જુસ્સો ઉભરાઇ જતો તે મરનાર શોકને મનમાં અનેક કડવાશો આપતી.

આવા પરિવર્તનથી એનો સ્વભાવ ચીડીયો થઇ ગયો હતો. એ ચિંતાના આવેશથી કોઇ કાર્ય ઉપર શાળીતું ચિત્ત લાગતું નહીં. મહારાજ અશોકની પટરાણી છતાં એની આશાઓ-વાસનાઓ એને અધમ માર્ગ તરફ ઘસડી જઇ નીચ કાર્ય કરવાને પ્રેરી રહી હતી. અનેક દાસ, દાસી, અખુટ વૈભવ છત. એના હૈયામાં આગ સળગતી હતી એ આશકી એનું [illegible] ધનધની [illegible] હતું. એટલું જ નહીં પણ એ આગમાં બિચારા નિરપરાધી દાસ દાસી લોકોમાં [illegible] જનરમાં સામાન્ય [illegible] એના નિયમ હોય છે કે એવા [illegible] ગરીબ આ

[illegible] કંઈ કુણાલની [illegible]
[illegible] નથી. [illegible]
કરવા છતાં તિષ્યરક્ષિતાના હૈયામાં શાંતિ નહોતી.

પોતાનું કાર્ય પાર પાડવાને એ મનમાં અનેક સંકલ્પ વિકલ્પ કરતી. વારંવાર એ બાળ કુણાલ એની સામે [illegible] શરીરે ઉકળતા [illegible] તે સમયે એનો જાન લેવાને ખંજર લઈ ધસી જતી હતી. પણ એ કાંઈ અન્ય કુણાલ નહોતો કે આ એને [illegible] મારી શકે. વળી એ એવા અતિ ગુસ્સાની આગને મહારાજના ભયથી છુપાવવાને કોશીષ કરતી કેમકે મહારાજને વિશ્વાસમાં લઈ વિશ્વાસઘાત કરી કાર્ય સાધવાની એને હજી હોંશ હતી. કેમકે પોતાની આવી ચેષ્ટા જો મહારાજ જાણી જાય તો એક વખતની બાકી રહેલી ઇચ્છા પણ ધુળમાં મળી જાય. એ હેતુથી પોતાના અંતરનો મર્મ મહારાજ કે અન્ય કોઇના સમજવામાં ન આવે તે માટે તિષ્યરક્ષિતા ઘણી સંભાળ રાખતી. જાણે કુણાલ સાથે પોતાને કાંઈ લાગતું વળગતું ન હોય એવી રીતે મહારાજની આગળ વર્તી મહારાજનું મન મેળવવાના વિશ્વાસ ઉત્પન્ન કરવાના અનેક પ્રયત્નો કરવા લાગી. આ ઝેરી નાગણ હાલમાં તો ઝેરનો ઘુંટડો હૈયામાંજ રાખી સમય વ્યતિત કરવા લાગી.

આંભાજાનાર તે સમયના પ્રખ્યાત બૌદ્ધાચાર્ય નંદનાચાર્ય હતા. ઉપગુપ્તના ઉપદેશથી–એના અહિંસાના તત્વથી મહાન અશોકે બૌદ્ધ ધર્મ સ્વીકાર્યો પછી એની રાણીઓ પણ બૌદ્ધ ગુરુની અનન્ય ભક્તા બની હતી. ઉપગુપ્તની જગા અત્યારે નંદન નામના ભિક્ષુના હાથમાં હતી.

કંઈક વિચાર સ્ફુરતાં પટ્ટરાણી તિષ્યરક્ષિતા પોતાના ગુરૂ નંદનાચાર્ય સાથે ખાનગી મસલત કરવાને બૌધ મઠમાં આવી હતી. એની સાથે એની પાંચ સાત દાસીઓ હતી, ગુરૂને વંદન કરી બેઠા પછી છેવટે એણે ગુરૂ પાસેથી રાજમાતા થવાનો આશિર્વાદ ઈચ્છયો.

અત્યારે બૌદ્ધાચાર્ય એકાંતમાં બેઠેલા હતા. એમના શિષ્યો બહાર અભ્યાસ કરતા હતા. તેથી અવસર સાધીને રાણીનું વચન સાંભળીને નંદનનું હૃદય ચમક્યું છતાં એણે ગંભિરતાથી રાણીજીને કહ્યું. " રાણીજી ! એમાં શું નવાઇ છે જેવાં અત્યારે તમે મહારાજનાં માનિતાં છો તેવીજ રીતે એક દિવસ રાજમાતા પણ અવશ્ય થઈ શકશો ! "

" આપ શા ઉપરથી એમ કહો છો ? આપને ખબર છે મહારાજે યુવરાજ પદવી તો પેલા કુણાલને આપી રાજ્યનો વારસ તો એને ઠરાવ્યો છે. "

" તેથી શું ? એ તો કાળ કાળનું કામ કરીજ રહ્યો છે. ભવિષ્યની વાતો આપણે અલ્પ બુદ્ધિવાળા મનુષ્યો શું સમજી શકીયે ? "

" પ્રભુ ! આપ કાંઇ ભવિષ્ય વર્તી શકો છો અગર તો આપ........" રાણી તિષ્યરક્ષિતા બોલતાં બોલતાં અટકી ગઇ.

રાણીના બોલવાનો ભાવ બૌદ્ધાચાર્ય સમજી ગયો છતાં અજાણ થઇને પૂછ્યું. " કહો તમે શું કહેવા માગો છો ? "

" જી ! જરા એ તો ખાનગી વાત છે ? આપ કામ કરી શકો તો એક ખાનગી વાત કહું. " રાણીએ કહ્યું.

" કહો ? તમારી શું ઇચ્છા છે ? તમારૂં ગમે તેવું દુષ્કર કાર્ય પણ હું કરી દઇશ. "

રાણીએ શ્યામા સિવાય બધી દાસીઓને બહાર ખબર રાખવા સમજાવ્યું ને દ્વાર આગળ શ્યામાને ઉભી રાખી આતુરતાથી બોલી. " મહારાજ ! એવું કંઇ આપ કરી શકો કે એ કુણાલનું કામ ખલાસ થાય ? મારો પુત્ર રાજા થાય ? "

" પણ, જુઓને રાણીજી એ તમારૂ કથન સત્ય છે, તમારૂં કામ તો થશે પણ એ એકદમ કાંઇ સિદ્ધ થાય ? એવાં મોટાં કામ તો ધીરે ધીરે થાય ? "

" ભલે ? ધીરે ધીરે પણ એ ઝેરી કાંટો મૂળમાંથી ઉખેડી નાખવો જોઇએ. કોઈ એવો કામણટુમણનો મંત્રપ્રયોગ કરો કે એ ફરીને પાટલીપુત્ર જોવાજ ન પામે ? "

" રાણીજી ? આની સરળ ચાવી તો તમારી પાસે છે તમે મોહથી રાજાને વશ કરી તમારૂં કામ કેમ કાઢી લેતાં નથી ? આવું સુંદર સ્વરૂપ અને વાણીનું ચાતુર્ય તમને બક્ષીસ છે તો એનો ઉપયોગ તમે કાં કરતાં નથી. "

"ભગવન્ ? મારૂં આ રૂપ અને કળા મહારાજાને રીઝવી શકે ખરાં પણ કાર્ય કરાવી શકે તેમ નથી. તેથીજ આપની પાસે આવી છું.–તમારે શરણે આવી છું. હું તો રાજાને સમજાવતાં થાકી ગઇ છું. હવે તો આપ સમજાવો ? મને તો લાગે છે કે એમને સમજાવવા એજ મુશ્કેલ છે."

"તમારા મોહમાં અંજાઇ રાજા ઘેલો ન થયો તો મારાથી સમજવો મુશ્કેલ છે છતાં તમારા મહેંદ્ર માટે હું અવશ્ય પ્રયત્ન તો કરીશ. એના વિચારો ફેરવવા હું કોશીષ કરીશ."

"મહેંદ્ર આપનોજ છે, એમ સમજીને આપ કાર્ય કરશો. આટલું મારૂં કાર્ય આપને અવશ્ય કરવું તો પડશે." મહારાણીએ દ્રઢતાથી કહ્યું.

"બનતા લગી તો અવશ્ય ? પણ તમારે અવારનવાર આવવું–જવું."

"ને આપને પણ અવશ્ય અમને દર્શન દેવા પધારવું ? આપ રાજસભામાં તો આવો છો. ઉપદેશ દેવાને બ્હાને અંતઃપુરમાં આવતા હો તો કેવું સારૂં ? આપના દર્શનનો ને વાણીનો લાભ તો અમને મળે ?"

"બેશક; તમારૂં કથન સત્ય છે. મહારાણી સાહેબા ? પરમ કૃપાળુ અમારા બુદ્ધ ભગવાન ઉપર ભરૂસો રાખો, એમની કૃપાથી આપનું કામ સત્વર સિદ્ધ થશે."

"તો આપને પણ અવશ્ય લાભ થશે. અત્યારના સમય

કરતાં મારો મહેંદ્ર રાજા થતાં આપણા ધર્મની અધિક ઉન્નતિ કરશે. બૌદ્ધધર્મનો દિગ્‌વિજય કરશે.”

મહારાણીનાં વચન સાંભળી એ ધર્માભિમાની બૌદ્ધાચાર્યના મુખમાંથી પાણી છૂટયું. “જરૂર ધર્મના વિજય માટે અમે ગમે તે કરવા આતુર છીએ. બૌદ્ધધર્મનો વિજય ધ્વજ જગતમાં ચારે દિશાએ ફરકેલો જોવાને અમે તો ઉત્સુક છીએ.”

“આપના પસાયથી મારો મહેંદ્ર રાજ્ય ઉપર આવશે તો હું તો આપની એક અનન્યા ભક્તા થઈશ. રાત દિવસ આપની ચરણ સેવા કરી મારી જીંદગી સફળ કરીશ. અહા ! એ આપના ઉપકારનો બદલો હું શી રીતે વાળીશ ?” રાણીએ બૌદ્ધગુરૂનો આભાર માન્યો.

“તમારૂં કાર્ય સિદ્ધ થાય તો તમે ગમે તે રીતે બદલો આપી શકો છો. તમે બૌદ્ધ ધર્મનાં અનન્ય ભક્ત થઇ સેવા કરો એ બદલો કાંઇ જેવો તેવો નથી.”

નંદન અને તિષ્યરક્ષિતાને વાતો કરતાં કેટલોક સમય પસાર થઈ ગયો પણ એમને સમયનું ભાન રહ્યું નહી જેથી દ્વાર ઉપર ઉભેલી શ્યામાએ જણાવ્યું. “બાઇસાહેબ ? સમય બહુ થઈ ગયો છે તો આપણે હવે જવું જોઈએ ?”

“હા, શ્યામા ? આપણે હવે ઝટ જવું ઠીક છે. તારી સલાહ વ્યાજબી છે.” એ ખાનગી વાતમાંથી નિવૃત્ત થતાં મહારાણીએ શ્યામાને કહ્યું. “શ્યામા ? જા આપણો રથ તૈયાર કરાવ એટલામાં હું આવું છું ?”

"ભાઇ સાહેબ ઝટ આવજો ?" એમ બોલતાં રથમાંથી આગળથી પસાર થઇ ગઇ.

રાણીએ વારંવાર ફરી ફરીને પોતાની વાતની ફક્ત સલામણ કરી. નંદને પણ મીઠી નજરે નિહાળતો એ સુંદર વદન નિહાળી રહ્યો હતો. બન્ને એક બીજાના સ્વાર્થમાં રમતાં હતાં. બન્નેના વિચારો જુદાજ હતા. સંસાર રૂપ શેત્રંજ ઉપર કોણ જીતે બન્ને શો દાવ ખેલી રહ્યાં હતાં ?

થોડીવારે મહારાણીજી વાતો કરતાં બહાર નીકળી રથમાં બેઠાં. રથમાં બેઠે બેઠે પણ ગુરૂને વંદન કરવાનું ન ભૂલ્યાં. જોત જોતામાં રથ ત્યાંથી પસાર થઇ ગયો. રથ દેખાયો ત્યાં લગી એ બૌદ્ધ ગુરૂએ એ દિશા તરફ નિરિક્ષણ કર્યું. "આહા ? કેવી આ જમાનાની સુંદર સ્ત્રી ?" કંઇક વિચારો એ સાધુના હૃદયમાં આવ્યા.



પ્રકરણ ૪ થું.

રાજસભામાં.

જે સમયમાં આપણી નવલકથા શરૂ થાય છે તે સમય આજથી લગભગ ૨૨૦૦ વર્ષ પૂર્વનો હતો. તે સમયે મહાન્ સમ્રાટ્ અશોકનો ભાગ્યરવિ સમસ્ત ભારત ઉપર પ્રકાશ આપી રહ્યો હતો. ભારતભૂમિના સર્વ રાજાઓ એના તેજમાં દબાઇ એને



ખંડણી આપી રહ્યા હતા. એણે પોતાની તલવારનું પાણી કલિંગની લડાઈમાં બતાવી આપી જગતને પોતાના પરાક્રમનો પરિચય કરાવ્યો હતો. એ ભયંકર યુદ્ધમાં કલિંગવાસી વીરો ત્રણ વર્ષ પર્યંત અશોકવર્ધનની સામે ઉભા હતા. અને એ સ્વદેશાભિમાનની વેદિકા ઉપર ૧૦૦૦૦૦ કલિંગવાસીઓનાં બલિદાન દેવાયાં, ૧૫૦૦૦૦ લડતાં પકડાયા અને અનાજની મોંઘવારીથી લાખો ભૂખે તરસે ટળવળી મુવા એતો જુદા ?"

મહારાજ અશોકના રાજ્યનો વિસ્તાર દૂર અફઘાનિસ્તાન, સિંધ, ઉત્તરે નેપાલ પૂર્વમાં બંગાલા, કલિંગ, પશ્ચિમે સૌરાષ્ટ્ર ને કચ્છ અને વિંધ્યાચળની દક્ષિણે મ્હૈસુરની ઉત્તર હદ પર્યંત અશોકવર્ધનની આણ ફરતી હતી. રાજ્યની વ્યવસ્થા સાચવવા માટે સમ્રાટે મુખ્ય ચાર મથકો રાખ્યાં હતાં. ઉત્તરમાં તક્ષશિલા, પૂર્વમાં કલિંગ, દક્ષિણમાં સુવર્ણગિરિ ને પશ્ચિમમાં ઉજ્જયિની. આ દરેક સ્થળે જુદા જુદા હાકેમ–દંડનાયકોની ગોઠવણ કરવામાં આવી હતી. સિંહલદ્વીપ–લંકાનો રાજા એને પ્રસન્ન કરવાને અવનવાં ભેટણા મોકલતો હતો. મહારાજ અશોકે બૌદ્ધ ધર્મ સ્વીકારેલો હોવાથી અત્યારે એણે બૌદ્ધ ધર્મને ઉત્તેજન ઠીક ઠીક આપ્યું હતું..

બૌદ્ધાચાર્ય ઉપગુપ્તના સમાગમમાં આવ્યા પછી સમ્રાટને જીવદયાનું તત્વ સમજાતાં એને બૌદ્ધ ધર્મનો પાશ લાગ્યો હતો. કલિંગના યુદ્ધમાં લાખો જીવોની આહૂતિએ એનું હૃદય હચમચાવ્યું હતું. મનુષ્યના અમૂલ્ય જીવનની કિંમત એના હૈયામાં ઉતરી હતી. જેથી એણે પોતાની તેજ તલવાર મ્યાન

કરી અહિંસા તરફ પોતાનું લક્ષ્ય કેળવ્યું. આ અમુલ્ય તકનો બૌદ્ધાચાર્યે એને અનુકુળ ઉપદેશ આપીને સદ્‌ઉપયોગ કર્યો. રાજા બૌદ્ધ થયો. ઉપગુપ્તાચાર્યનો અનન્ય ભક્ત થયો.

બૌદ્ધાચાર્ય ઉપગુપ્ત પ્રતિદિવસ સમ્રાટ્‌ની રાજ્યસભામાં આવીને ધર્મોપદેશ કરતો. મહારાજાને અનુકુળ ઉપદેશ આપીને રાજાને બૌદ્ધધર્મમાં એવો તો ચુસ્ત બનાવ્યો કે એને દેશપરદેશ ધર્મોપદેશ કરવાને ધર્મોપદેશકો મોકલવાનો વિચાર થયો. એજ ઉપગુપ્તની જગાએ આજે નંદન હતો.

એક દિવસ રાજ્યસભામાં સમ્રાટ્‌ની નજીક સિંહાસન ઉપર પોતાના શિષ્યોથી પરવરેલા નંદનાચાર્ય ધર્મસંબંધી ચર્ચા કરતો બેઠો હતો. ધર્મને લગતા અનેક પ્રશ્નો ઉપસ્થિત થતા એનું બૌદ્ધગુરૂ પોતાની બુદ્ધિ અનુસાર સમાધાન કરતો પોતાના ધર્મની રાજ્યસભા ઉપર છાપ પાડી રહ્યો હતો. સર્વજ્ઞ બુદ્ધદેવનાં વખાણ કરી એના તરફ સકલ સભાનાં ચિત્ત આકર્ષવા પ્રયત્ન કરી રહ્યો હતો.

' મહારાજ ? ભગવન્ બુદ્ધની જન્મ નગરી કપિલ વસ્તુ હિમાલયની તળેટી પાસે આવેલી એની આપે અવશ્ય યાત્રા કરવી જોઇએ " નંદનાચાર્યે વાતવાતમાં જણાવ્યું.

" એ કપિલ વસ્તુનો તો પ્રાયઃ નાશ થયો છે ને વારૂ ?" રાજાએ પૂછ્યું.

" હા ? આપનું કથન સત્ય છે. છતાં ભગવનનાં જ્યાં ચરણ સ્પર્શ થયાં હોય એવી ભૂમિ પણ વંદન કરવા યોગ્ય

ખંડણી આપી રહ્યા હતા. એણે પોતાની તલવારનું પાણ કલિંગની લડાઈમાં બતાવી આપી જગતને પોતાના પરાક્રમનો પરિચય કરાવ્યો હતો. એ ભયંકર યુદ્ધમાં કલિંગવાસી વીરો ત્રણ વર્ષ પર્યંત અશોકવર્ધનની સામે ઉભા હતા. અને એ સ્વદેશાભિમાનની વેદિકા ઉપર ૧૦૦૦૦૦ કલિંગવાસીઓના બલિદાન દેવાયાં, ૧૫૦૦૦૦ લડતાં પકડાયા અને અનાજની મોંઘવારીથી લાખો ભૂખે તરસે ટળવળી મુવા એતો જુદા ?

મહારાજ અશોકના રાજ્યનો વિસ્તાર દૂર અફઘાનિસ્તાન, સિંધ, ઊત્તરે નેપાલ પૂર્વમાં બંગાલા, કલિંગ, પશ્ચિમે સૌરાષ્ટ્ર ને કચ્છ અને વિંધ્યાચળની દક્ષિણે મ્હૈસુરની ઉત્તર હદ પર્યંત અશોકવર્ધનની આણ ફરતી હતી. રાજ્યની વ્યવસ્થા સાચવવા માટે સમ્રાટે મુખ્ય ચાર મથકો રાખ્યાં હતાં ઉત્તરમાં તક્ષશિલા, પૂર્વમાં કલિંગ, દક્ષિણમાં સુવર્ણગિરિ ને પશ્ચિમમાં ઉજ્જયિની. આ દરેક સ્થળે જુદા જુદા હાકેમ-દંડનાયકોની ગોઠવણ કરવામાં આવી હતી. સિંહલદ્વીપ–લંકાનો રાજા એને પ્રસન્ન કરવાને અવનવાં ભેટણાં મોકલતો હતો. મહારાજ અશોકે બૌદ્ધ ધર્મ સ્વીકારેલો હોવાથી અત્યારે એણે બૌદ્ધ ધર્મને ઉત્તેજન ઠીક ઠીક આપ્યું હતું..

બૌદ્ધાચાર્ય ઉપગુપ્તના સમાગમમાં આવ્યા પછી સમ્રાટને જીવદયાનું તત્વ સમજાતાં એને બૌદ્ધ ધર્મનો પાશ લાગ્યો હતો. કલિંગના યુદ્ધમાં લાખો જીવોની આહૂતિએ એનું હૃદય હચમચાવ્યું હતું. મનુષ્યના અમૂલ્ય જીવનની કિંમત એના હૈયામાં ઉતરી હતી. જેથી એણે પોતાની તેજ તલવાર મ્યાન

ફરી અહિંસા તરફ પોતાનું લક્ષ્ય ફેરવ્યું. આ અસુસ્થ લોકનો બૌદ્ધાચાર્યે એને અનુકૂળ ઉપદેશ આપીને ગ્રાઉપયોગ કર્યો. રાજા બૌદ્ધ થયો. ઉપગુપ્તાચાર્યનો અનન્ય ભક્ત થયો.

બૌદ્ધાચાર્ય ઉપગુપ્ત પ્રતિદિવસ સમ્રાટની રાજ્યસભામાં આવીને ધર્મોપદેશ કરતો. મહારાજને અનુકૂળ ઉપદેશ આપીને રાજાને બૌદ્ધધર્મ માં એવો તો ચુસ્ત બનાવ્યો કે એને દેશપરદેશ ધર્મોપદેશ કરવાને ધર્મોપદેશકો મોકલવાનો વિચાર થયો. એજ ઉપગુપ્તની જગાએ આજે નંદન હતો.

એક દિવસ રાજ્યસભામાં સમ્રાટની નજીક સિંહાસન ઉપર પોતાના શિષ્યોથી પરવરેલા નંદનાચાર્ય ધર્મસંબંધી ચર્ચા કરતો બેઠો હતો. ધર્મને લગતા અનેક પ્રશ્નો ઉપસ્થિત થતા એનું બૌદ્ધગુરૂ પોતાની બુદ્ધિ અનુસાર સમાધાન કરતો પોતાના ધર્મની રાજ્યસભા ઉપર છાપ પાડી રહ્યો હતો. સર્વજ્ઞ બુદ્ધદેવનાં વખાણ કરી એના તરફ સકલ સભાનાં ચિત્ત આકર્ષવા પ્રયત્ન કરી રહ્યો હતો.

' મહારાજ ? ભગવન્ બુદ્ધની જન્મ નગરી કપિલ વસ્તુ હિમાલયની તળેટી પાસે આવેલી એની આપે અવશ્ય યાત્રા કરવી જોઇએ " નંદનાચાર્યે વાતવાતમાં જણાવ્યું.

" એ કપિલ વસ્તુનો તો પ્રાયઃ નાશ થયો છે ને વારૂ ? " રાજાએ પૂછ્યું.

" હા ? આપનું કથન સત્ય છે. છતાં ભગવનનાં જ્યાં ચરણ સ્પર્શ થયાં હોય એવી ભૂમિ પણ વંદન કરવા યોગ્ય

છે તો આતો બુદ્ધ ભગવાનની જન્મભૂમિ કહેવાય ! રાજન્ ? એના માહાત્મ્યમાં તે શું ખામી હોય ? ”

“ અવશ્ય એ ભૂમિનાં દર્શન કરી આપણે પાપમલ ધોવાં જોઇએ. હજી બુદ્ધ ભગવાનને થયાં બહુ વર્ષો થયાં તો નથી એટલામાં એ નગરીનો કેવી રીતે નાશ થયો વારૂ ? ” સમ્રાટે પૃછ્યું.

“ આજથી લગભગ ૨૫૦ વર્ષ પહેલાં બુદ્ધ ભગવાન્ સર્વજ્ઞ થયા તે પછી એમણે કાશીની પાસે સારનાથમાં આવીને ઉપદેશની શરૂઆત કરી. અનુક્રમે મગધદેશમાં જ્યારે વિહાર કરતા કરતા બુદ્ધ ભગવન્ આવ્યા તે સમય મગધરાજા શ્રેણિક (બિંબિસાર) રાજા બુદ્ધનો ભક્ત થયો. ” નંદનાચાર્યે પૂર્વની જુની વાતનાં પડલ ઉખેડયાં.

“ બિંબસાર તો જૈન હતા ! ” વચમાં રાજાએ પૃછ્યું.

“ હા ? એ પાછળથી જ્ઞાતપુત્ર મહાવીરના ઉપદેશથી જૈન થયો હતો પણ પ્રથમ તો બૌદ્ધ હતો. તેની પછી તેનો પુત્ર અજાતશત્રુ—કોણિક મગધ સમ્રાટ્ થયો એ પણ પ્રથમ તો બૌદ્ધ હતો. પણ પાછળથી એ રાજા બૌદ્ધનો દુશ્મન થયો, એણે બુદ્ધના દ્વેષને લીધે કપિલ વસ્તુનો નાશ કર્યો. ” બૌદ્ધાચાર્યે જુના દુઃખનું સ્મરણ કરતા એક મોટો નિઃશ્વાસ મુકયો.

“ એ કપિલ વસ્તુ સિવાય બીજાં કોઇ તીર્થ સ્થળો છે કે ? ” અશોકે પૃછ્યું.

મોટામાં મોટું તે સારનાથ. તેમજ ગયાજી, એ પ્રયા-

ગની નજીક સરયુનદીનાં કાંઠે પલાસના વનમાં બુદ્ધ ભગવંતે તપ કર્યું હતું. ત્યાં એમને બોધિસત્વ પ્રાપ્ત થયું હતું. રાજગૃહ નગરમાં એમનો-અમારો ગઢ બુદ્ધ ભગવંતે પોતાના સ્વહસ્તે સ્થાપન કર્યો છે. જ્યાં આજે ૫૧ સાધુઓ નિવાસ કરી રહ્યા છે. ને કુશીનગરમાં એ દેહમુક્ત થયા છે. શ્રાવસ્તી વગેરે પ્રસિદ્ધ સ્થળો પણ એ પ્રભુના ચરણ રજેજ પાવન થયાં છે. એવા પવિત્ર તીર્થ સ્થળોનાં દર્શન કરવાથી અનેક ભવનાં સંચિત પાપનો નાશ થાય છે. આત્મા પવિત્ર થાય છે." બૌદ્ધ ગુરૂએ કહ્યું.

"ભગવન્! આત્મા તો ક્ષણીક છે. આપ તો આત્માને ક્ષણીક માનો છો! સમયે સમયે આત્મા નાશ પામે છે ને નવો ઉત્પન્ન થાય છે તો પછી આપણે પુન્ય-પાપનો હિસાબ કેવીરીતે આંકી શકીયે?" રાજાએ પૃછયું.

"એ તમારૂં કથન વાસ્તિવિક છે. આત્મા ક્ષણે ક્ષણે બદલાતો હોવાથી કર્મ કરનાર પણ અન્ય છે એનો ભોગવનાર પણ કોઇ અન્યજ છે. એ સિદ્ધાંતનાં ઉંડા-ગંભિર રહસ્ય રાજન્? તમારાથી ન સમજાય? માટે બુદ્ધ ભગવાન્ ઉપર શ્રદ્ધા રાખવી જોઇએ એવાં પવિત્ર સ્થળોનાં દર્શન તો અવશ્ય કરવાં જોઇએ." ગુરૂએ શ્રદ્ધા રાખવાનો મહામંત્ર રાજાને બતાવ્યો.

"આપનું કથન સત્ય છે. ગુરૂ મહારાજ? આપના ધર્મોપદેશથી મારી કુબુદ્ધિ આજે નષ્ટ થઇ ધર્મની મતિ સાફ સાફ અંકાઇ ગઇ."

"એ તમારી સરલતા, સુજનતાનું લક્ષણ છે. કેટલાક

એવા ભારે કર્મી જનોને તો અખુટ ઉપદેશની ધારા વરસાવવા
છતાં પણ એનું કઠોર હૈયું પીગળતું નથી. તો ધર્મની તે
વાતજ શી ? ”

“ એ બધું આપની કૃપાનું ફળ ! ”

“ રાજન્ ! જેવી રીતે તમે ધર્મ ચુસ્ત થયા એવી રીતે
પ્રજામાં બૌદ્ધધર્મનું તત્વ ફેલાય એ માટે આપે પ્રયાસ
કરવો જોઈએ ? ”

“ એ માટે તો આપના બૌદ્ધ ભિક્ષુઓ દેશ પરદેશ
ઉપદેશ આપી રહ્યા છે. આપ કહો તે મારાથી બનતી મદદ
હું પણ આપી કંઇક ધર્મ સેવા બજાવી શકું ? ”

“ સત્ય છે તમે બુદ્ધના સાચા અનન્ય ભક્ત છો, તમને
એ યોગ્યજ છે. આપે મોટી પાઠશાલાઓ સ્થાપન કરી એમાં
બૌદ્ધધર્મનું શિક્ષણ અપાવી બૌદ્ધપંડિતો તૈયાર કરવા. એ
પંડિતો ઉપદેશકો આપની તરફથી આપના રાજ્યમાં ફરીને
બૌદ્ધધર્મનો ફેલાવો કરે તો પ્રજા ઉપર સારી અસર થાય ? ”

“ આપની વાત મારા ધ્યાનમાં ઉતરે છે. આપ શુભ
મુહૂર્તે પાઠશાળા સ્થાપન કરો. જે કંઇ ખર્ચ થાય તે રાજ્ય-
તિજોરીમાંથી ખર્ચ કરવામાં આવશે. દેશ પરદેશના પંડિતો
વિદ્યાર્થીઓને જ્ઞાન આપી ઉપદેશકો તૈયાર કરાવો ? ” બૌદ્ધ
ધર્મ હિંદ પર્યંત ફેલાવો ? ”

અત્યારના સમયને તો વસ્તુ અનુકૂળ છે. આજે આખા
ઉપર જ્યાં જુઓ ત્યાં બૌદ્ધ છવાઈ રહ્યું છે. ત્યારે વસ્તીમાં

આજે જેમ જૈનપણું જોવાય છે. એવી રીતે બૌદ્ધત્વ પ્રસરવું જોઈએ. એ મનોરથ આપનો જો સફળ થાય તો બુદ્ધભગવાનની સેવા આપણે યથાર્થ બજાવી કહેવાય. ”

“ ભગવન્ ! બુદ્ધ અને મહાવીર તો લગભગ સમકાલીન થયા છે. છતાં જ્યાં ત્યાં આટલો બધો જૈન ધર્મનો પ્રચાર થયેલો કેમ જોવાય છે ? અમારા વડીલો પણ જૈન ધર્મના અનુયાયી હતા. એમની પૂર્વેના મગધસમ્રાટો પણ શ્રીમહાવીરનાજ ભક્ત હતા. ” રાજાએ પૂછ્યું.

“ માટેજ રાજન્ આપણે ઉપદેશકોદ્વારા બૌદ્ધત્વ ફેલાવવા કટીબદ્ધ થવું જોઇએ. એટલી અમારામાં ખામી છે કે બુદ્ધ ભગવન્ જેવી અમારામાં શક્તિ નથી, એમાં અમને રાજાની મદદની પણ જરૂર છે. ” નંદને નિરાશ થતાં જણાવ્યું.

“ વળી એ પણ કારણ હશે કે જૈન ધર્મ તો પૂર્વ પરંપરાથી ચાલ્યો આવે છે. ને બુદ્ધભગવાન તો હાલમાંજ થઇને એમણે નવા ધર્મની શરૂઆત કરી. ” રાજાએ કહ્યું.

તે પણ ઠીક છે. જ્ઞાતપુત્ર મહાવીર એ ચોવીશમા તીર્થંકર છે એમની પૂર્વે પહેલાં ત્રેવીશ તીર્થંકરો થઇ ગયા એમાં પ્રથમ તીર્થંકરે શરૂઆત કરી પરંપરાએ દરેક તીર્થંકરોએ એમાં વૃદ્ધિ કરી. તેમ આપણે તેવી રીતે જૈનત્વનું જોર હઠાવી બૌદ્ધત્વ સ્થાપન કરવા તૈયાર થવું જોઇએ. ”

વાતોમાં સમય પૂર્ણ થતાં રાજ્યસભા બરખાસ્ત કરી.

રાજા ગુરૂને લઇને અંતઃપુરમાં ગયો ત્યાં અંતઃપુરમાં પણ રાણી-ઓને ધર્મોપદેશ આપી નંદન પોતાના સ્થાનકે રવાને થયો.

અનેક પ્રકારના પોતાનો ધર્મ દિગંત બનાવવાની યોજના એ નંદનાચાર્યના મગજમાં રમી રહી હતી. એની સ્પર્ધા કરતો જૈન ધર્મ આજ જગતમાં જયવંત હતો. એના જેવું પોતાના ધર્મનું મહત્વ જગતમાં ફેલાય તો બુદ્ધ ભગવાનની કેવી અપૂર્વ સેવા બજાવી કહી શકાય ? તે પછી એણે પાકશાળામાં પંડિતો તૈયાર કરવાની યોજના તરતજ મહારાજની મદદથી અમલમાં મૂકી.

પ્રકરણ ૫ મું.

માવડી માનો સ્નેહ.

એક દિવસ રાજા પોતાના એકાંત વિચાર [illegible]

અંકુરો પ્રગટ થાય છે. એનાથી અન્યસ્વરૂપ પારસ્પરની શક્તિ આવે છે. વિચાર નગરનો માર્ગ જે કોઈ માલુમ નથી. મંદિરોની સભામાં જરાય શોભતો નથી. ઉલટો તેમને શાંતિ રૂપ થાય છે. માટે હવે તો કુમારને બોલાવવો એજ મને માટે હીતકારી છે." ઇત્યાદિ વિચાર કરતાં મહારાજે પોતાને દાખલ કાગળ લખીને તૈયાર કરવા માંડ્યો.

મહારાજનું ધ્યાન કાગળ લખવામાં એકાગ્ર હતું એવામાં એ વિચાર ભુવનમાં એક વ્યક્તિએ પ્રવેશ કર્યો. એણે જોયું કે મહારાજ કાગળ લખવામાં એક ચિત્તવાળા છે. ઓહો ! આવા આદરપૂર્વક કોને કાગળ લખતા હશે. ધીમે પગલે ચાલતી રાજાની પાછવાડે આવીને તે વ્યક્તિ ઉભી રહી. પોતે કાગળ ન વાંચી શકે એવી રીતે દૂર ઉભી રહી.

એ વ્યક્તિ તે મહારાજની પટ્ટરાણી તિષ્યરક્ષિતા હતી. ગમે ત્યારે ને ગમે તે સમયે અન્તઃપુરમાં મહારાજની પાસે આવી શકતી. એવી મહારાજની એની ઉપર અથાગ પ્રીતિ હતી. પ્રસંગે રાજકાજમાં પણ રાજા સાથે ચર્ચા કરી શકતી હતી. કેટલીક વાર સુધી રાજાની એકાગ્રતાનો જ્યારે ભંગ ન થયો ત્યારે પોતાનું આગમન રાજાને જણાવવા એ રાજાની સન્મુખ આવીને ઉભી અને ખુંખારો કર્યો. એ એના મધુરભાવ ભર્યા ખુંખારાથી મહારાજનું એકાગ્ર ધ્યાન ભંગ થયું. "ઓહો ! મહારાજ ! આપ એવા તે શું કાર્યમાં ગુંથાયા છો કે હું ક્યારનીય ઉભી ઉભીને થાકી ગઇ છતાં આપનું ધ્યાન વિચલિત ન થયું ? "

" કાંઈ નહી એ તો સહેજ ? મહારાજ ? "

" નહીં એ તો તમારે અવશ્ય કહેવું પડશે. "

" પણ એવી નજીવી વાતમાં હું આપને શું કહું. ? "

" જે તમારા મનમાં હોય તે ? "

" મારા મહેંદ્રને આપ યુવરાજપદ ન આપી શકો ? "

" રાણી ? યુવરાજ તો જે મોટો હોય તેજ થઇ શકે ? "

" તેથીજ આપે કુણાલને યુવરાજપદ આપ્યું છે ? "

" બરાબર છે. છતાં મહેંદ્ર પણ રાજ કરી શકશે. કેમકે જે હોંશીયાર અને રાજ્યને યોગ્ય હોય તે રાજા તો થઈ શકે છે. આપણું ધાર્યું કાંઈ ઓછુંજ બની શકે છે. "

" એ તો વિધિના લેખની વાત છે. પણ એમાં આપની મહેરબાની તો નહીજ ને ? "

" એમાં મહેરબાની શી ? એક સાથે કાંઇ બે ત્રણ જણને સાથે યુવરાજપદ આપી રાજ્યના વારસ ઠેરવી શકાય ? "

" ઠેરવી શકાય ? અલબત; એમાં આપનો વિચાર દૃઢ હોય તો એ પ્રમાણે પણ કરી શકાય ? "

" એટલે તેમાં તું શું કહેવા માગે છે ? "

એટલું જ ફક્ત કે આપને એ છોકરામાં એટલો બધો શો મોહ લાગ્યો છે કે એની આટલી બધી કાળજી રાખો છો ? આપને તો બધા પુત્રો તરફ સમાન વૃત્તિ રાખવી જોઇએ. "

" તને ખબર નથી; રાણી ? એ છોકરો મા વિનાનો છે.

એ નમાયા છોકરાનું ધ્યાન જો હું ન રાખું, તો એની જીંદગીનો અંત આવી જાય ? ”

“ એનું કારણ વારૂ ? ” તિષ્યરક્ષિતાએ અજાણપણે પૂછયું.

“ કારણ ખુલ્લું જ છે. એ રાજ્યવારસ યુવરાજ હોવાથી દરેકની નજરમાં આંખમાં કણાની મોફક ખુંચતો હશે. એની જીંદગીની તરસી કંઇક રાણીઓ સમયની રાહ જોતી હશે. ”

“ તેથી જ આપે એને અવંતીમાં રાખ્યો છે. ”

“ હા ? એમ જ છે. ”

રાણીએ મનમાં ગાંઠ વાળી કે રાજા એમ સમજાવ્યો સમજે એમ નથી. પણ કોઇ એવો સંજોગ ઉભો થાય તો જ કાર્ય સાધી શકાય. એટલામાં રાજા અને રાણીની વાતોમાં ભંગાણ પડયું. દાસીએ આવી હાથ જોડી વિનતિ કરી કે—“મહારાજ ? ભોજન તૈયાર છે. ”

રાજા રાણી જમવાને ઉઠયાં રાજાની અંગુલી મહેંદ્રે પકડેલી અને રાણી પાસે સંઘમિત્રા હતી. બન્ને જણાં ત્યાંથી જમવાના ઓરડામાં ચાલ્યાં ગયાં.

દૈવયોગે કાગળની વાત વિષયાંતર થવાથી રાજાના મગજમાંથી તો નિકળી ગઇ હતી પણ રાણીના મગજમાં એ વાત રમ્યા કરતી હતી. આ અમૂલ્ય સમય જતો કરે એવી એ મુર્ખ નહોતી. એ કાગલ વાંચવાને આતુર થઇ ગઇ હતી,

રાજાની પાસેથી કયા નિમિત્તે છુટાં પડવું એનાએ વિચારમાં હતી. રાજા જમવા બેઠા, રાણી પણ પાસે બેઠેલી હોવાથી એ બ્હાનાની તપાસમાં હતી, એક તરફ મહેંદ્ર અને સંઘમિત્રા પણ જમતા હતાં. તરતજ રાણી દિશાએ જવાનું બ્હાનું કાઢી જમવાના ઓરડામાંથી બહાર નીકળી. તે જ્યાં રાજા પ્રથમ બેઠા હતા ત્યાં આવી પહોંચી ત્યાં પડેલો કાગળ રાણીએ ઝટપટ વાંચી લીધો. એના વદન ઉપરથી અનેક પ્રકારના છાયા પસાર થઇ ગઇ. એણે ક્રૂર અટ્ટહાસ્ય કર્યું. હૃદયમાં અનેક તર્કવિતર્ક કર્યા. જલદી નેત્રાંજનની શળી લઇને થુંકથી ભીંજવી અંજન સહિત કરી એક ઠેકાણે જરાક માત્ર સુધાર્યું અકાર ઉપર બિંદુ માત્ર કર્યું. ને કાગલ હતો એમ જ મુકી દીધો ને ઝટપટ બહાર નીકળી ત્યાં શ્યામ મુખવાળી શ્યામા સામે મળી. એની કાર્યકુશળતાથી શ્યામા ચેતી ગઇ હતી કે આજે કંઇક છે ખરૂં ? શ્યામાને જોઇ રાણી હસી. રાણીના એ ક્રૂર હાસ્ય ઉપરથી શ્યામાએ કહ્યું. “ કાં બાઇ સાહેબ ? કંઇ કાર્યની ચાવી હાથ લાગી ? ”

“ અત્યારે તો એમ જણાય છે. કાર્યની શરૂઆત કરી છે. પૂર્ણ થાય ત્યારે એના ફલની તો માલૂમ પડે. ” આસ્તેથી રાણીએ કહ્યું.

“ બસ હવે આપણી ફત્તેહ છે. બાઇસાહેબ ? ”

“ તો તારા મોંમાં સાકર ? ”

શ્યામાને જણાવી રાણી એકદમ મહારાજ જમતા હતા

તેમની પાસે આવી. નિરાંતે મહારાજને જમાડયા. અત્યારે એના દિલમાં શાંતિ હતી, પ્રસન્નતા હતી. મહારાજ જમીને પાછા દિવાનખાનામાં આવ્યાં અને જ્યાં પાનસોપારી ખાય છે એટલામાં તો અવંતી જવાનો દૂત તૈયાર થઈને મહારાજ પાસે આવીને નમ્યો. રાજાએ કુશલને લખેલો કાગળ પેરબીડીયામાં પેક કરી એની ઉપર મહોરછાપ કરી દૂતને આપ્યો: કેટલાક મુખથી આપવા યોગ્ય સમાચાર આપ્યા. દૂતે કાગલને નમીને ઉંચકી લીધો, પછી મહારાજને નમીને તે અશ્વારૂઢ થઇ અવંતી તરફ ચાલ્યો ગયો.

—※(◎)※—

પ્રકરણ ૬ ઠું.

પૂર્વ પરિચય.

આ અવસરપિણી કાલનો આજે પાંચમો આરો ચાલે છે પહેલો સુષમ સુષમ નામનો આરો ચાર કોડાકોડી સાગરોપમ પ્રમાણ હોય છે એ આરાની શરૂઆતમાં પુરૂષનું આયુષ્ય ત્રણ પલ્યોપમ ને શરીર ત્રણ ગાઉનું હોય, અનુક્રમે હીન થતા બીજા સુષમ નામના આરામાં બે પલ્યોપમનું આયુષ્ય અને બે ગાઉનું દેહમાન હોય, એ બીજા આરાનું પ્રમાણ ત્રણ કોડાકોડીનું જાણવું. એ બીજો આરો પુરો થઇને ત્રીજો આરો બેસે છે ત્યારે મનુષ્યના શરીરનું પ્રમાણ એક ગાઉ અને આયુષ્ય એક પલ્યો-

પમનું હોય છે. ત્રીજા આરાનું પ્રમાણ બે કોડાકોડી સાગરોપમનું હોય છે. એનું નામ સુષમ દુષમ છે. આ ત્રણે આરામાં યુગલિક મનુષ્યો હોય છે તેઓ સ્ત્રી અને પુરૂષ સાથેજ જન્મે છે. કલ્પવૃક્ષ પાસેથી ઇચ્છિત વસ્તુ મેળવીને કષાય રહિતપણે સંસાર સુખ ભોગવતાં પોતાનું જીવન વ્યતીત કરે છે. અલ્પ કષાયવંત હોવાથી મરણ પામીને પણ દેવલોકમાં જાય છે. એ ત્રીજા આરાના અંતમાં શ્રી ઋષભદેવનો જન્મ થયો.

ઋષભદેવે યુગલિક ધર્મ નિવારીને વ્યવહાર માર્ગ પ્રવર્તાવ્યો. પહેલા રાજા થયા પ્રથમ ધર્મ પ્રવર્તક થયા પ્રથમ તીર્થંકર થયા. તેમનાજ પુત્ર ભરત આ અવસર્પિણીમાં પહેલા ચક્રવર્તિ થયા. પ્રથમ તીર્થંકર મોક્ષે ગયા પછી ત્રણ વર્ષ અને સાડા આઠ માસે ચોથો આરો બેઠો. એ ચોથા આરાનું પ્રમાણ ૪૨ હજાર વર્ષ ન્યૂન એક કોડાકોડી સાગરોપમનું છે. ચોથા આરાની શરૂઆતમાં પાંચસે ધનુષ્ય પ્રમાણ શરીર અને કોડી પૂર્વનું આયુષ્ય પ્રમાણ હતું. એ યુગની શરૂઆતમાં [illegible] ચક્રવર્તી હતા.

[illegible]

પમનું હોય છે. ત્રીજા આરાનું પ્રમાણ બે કોડાકોડી સાગ-
રોપમનું હોય છે. એનું નામ સુષમ દુષમ છે. આ ત્રણે
આરામાં યુગલિક મનુષ્યો હોય છે તેઓ સ્ત્રી અને પુરૂષ
સાથેજ જન્મે છે. કલ્પવૃક્ષ પાસેથી ઇચ્છિત વસ્તુ મેળવીને
કષાય રહિતપણે સંસાર સુખ ભોગવતાં પોતાનું જીવન વ્ય-
તીત કરે છે. અલ્પ કષાયવંત હોવાથી મરણ પામીને પાછા
દેવલોકમાં જાય છે. એ ત્રીજા આરાના અંતમાં શ્રી ઋષભ-
દેવનો જન્મ થયો.

ઋષભદેવે યુગલિક ધર્મ નિવારીને વ્યવહાર માર્ગ
પ્રવર્તાવ્યો. પહેલા રાજા થયા પ્રથમ ધર્મ પ્રવર્તક થયા
પ્રથમ તીર્થંકર થયા. તેમનાજ પુત્ર ભરત આ અવ-
સર્પિણીમાં પહેલા ચક્રવર્તી થયા. પ્રથમ તીર્થંકર મોક્ષે
ગયા પછી ત્રણ વર્ષ અને સાડા આઠ માસે ચોથો આરો બેઠો. ચોથા આરાનું પ્રમાણ ૪૨ હજાર વર્ષ ન્યૂન એક કોડા-
કોડી સાગરોપમનું છે. [illegible]

[illegible]

વિષ્ણુકુમારે લાખ યોજનપ્રમાણ શરીર કરવાથી પૃથ્વી ખળભળવા લાગી. પર્વતોનાં શિખરો પડવા લાગ્યાં, જ્યોતિષી દેવો પણ ભય પામ્યા. અને 'આ શું' એમ બધા સ્થળોમાં ગભરાટ થઈ રહ્યો. ચક્રવર્તી અન્તઃપુરમાંથી દોડતો આવી વડીલ બંધુના ક્રોધને એમના ચરણમાં પડી શાંત કરવા લાગ્યો, વિદ્યાધરો અને ગંધર્વો આ મહા મુનિનો ક્રોધ શાંત કરવા માટે મધુરનાદે આકાશમાં ગાન કરવા લાગ્યા. એવા અનેક મધુર કોલાહલથી જેમ જેમ આ મનસ્વી મુનિનો ક્રોધ શાંત થતો ગયો એમ એમણે પોતાનું શરીર સંકોચવા માંડ્યું. અનુક્રમે વિષ્ણુકુમાર મુનિ પોતાના મૂળ સ્વરૂપમાં સ્થિત થયા. ચક્રવર્તીએ એમને ખમાવ્યા. એવી રીતે નમુચીનો ઉપસર્ગ નિવારી વિષ્ણુકુમાર મુનિ ઉપાશ્રયે આવ્યા. આચાર્ય પાસે આવી એનું પ્રાયશ્ચિત કર્યું. સંઘનું કાર્ય હોવાથી તેમને કાંઈ દોષ લાગ્યો નહોતો તો પણ સ્વાધ્યાય ધ્યાન તેમજ ઇરિયાવહિ વડે ગુરૂની સમક્ષ આલોચના કરી, છેવટે વિષ્ણુકુમાર મુનિ શિવવધુના ભરતાર થયા.

આ મહાઉત્પાત શાંત થવા પછી જાણે ફરીથી જન્મ્યા હોય એવી રીતે સર્વે મનુષ્યો સારૂં જમણ—હર્ષજમણ જમતાં અને શુભ વસ્ત્ર પહેરી એક બીજાને જુહાર કરતા સુખશાતા પૂછવા લાગ્યા. એ દિવસ કારતક સુદિ પડવાનો હતો ત્યારથી દરેક કાર્ત્તિકી પડવે મનુષ્યોમાં જુહાર કરવાનો ને મનગમતાં હર્ષજમણ જમી નવાં વસ્ત્ર પહેરવાનો રિવાજ શરૂ થયો જે આજે પણ જગતમાં પ્રસિદ્ધ છે. આ વિષ્ણુકુમારના દૃષ્ટાંતથી

વિષ્ણુકુમારે લાખ જોજનપ્રમાણ શરીર કરવાથી પૃથ્વી ખળભળવા લાગી. પર્વતોનાં શિખરો પડવા લાગ્યાં, જ્યોતિષી દેવો પણ ભય પામ્યા. અરે ! આ શું ? બધા બ્રહ્માંડમાં ખળભળાટ થઈ રહ્યો. ચક્રવર્ત્તી અન્તઃપુરમાંથી દોડતો આવી વડીલ બંધુના ક્રોધને એના ચરણમાં પડી શાંત કરવા લાગ્યો, વિદ્યાધરો અને ગંધર્વો આ મહા મુનિનો ક્રોધ શાંત કરવા માટે મધુરનાદે આકાશમાં ગાન કરવા લાગ્યા. એવા અનેક મધુર કોલાહલથી જેમ જેમ આ મનસ્વી મુનિનો ક્રોધ શાંત થતો ગયો એમ એમણે પોતાનું શરીર સંક્ષેપવા માંડયું. અનુક્રમે વિષ્ણુકુમાર મુનિ પોતાના મુળ સ્વરૂપમાં સ્થિત થયા. ચક્રવર્તીએ એમને ખમાવ્યા. એવી રીતે નમુચીનો ઉપસર્ગ નિવારી વિષ્ણુકુમાર મુનિ ઉપાશ્રયે આવ્યા. આચાર્ય પાસે આવી એનું પ્રાયશ્ચિત કર્યું. સંઘનું કાર્ય હોવાથી તેમને કાંઈ દોષ લાગ્યો નહોતો તો પણ સ્વાધ્યાય ધ્યાન તેમજ ઇરિયાવહિ વડે ગુરૂની સમક્ષ આલોચના કરી, છેવટે વિષ્ણુકુમાર મુનિ શિવવધુના ભરતાર થયા.

આ મહાઉત્પાત શાંત થવા પછી જાણે ફરીથી જન્મ્યા હોય એવી રીતે સર્વે મનુષ્યો સારૂં જમણ—હર્ષજમણ જમતાં અને શુભ વસ્ત્ર પહેરી એક બીજાને જુહાર કરતા સુખશાતા પૃછવા લાગ્યા. એ દિવસ કારતક સુદિ પડવાનો હતો ત્યારથી દરેક કાર્ત્તિકી પડવે મનુષ્યોમાં જુહાર કરવાનો ને મનગમતાં હર્ષજમણ જમી નવાં વસ્ત્ર પહેરવાનો રિવાજ શરૂ થયો જે આજે પણ જગતમાં પ્રસિદ્ધ છે. આ વિષ્ણુકુમારના દૃષ્ટાંતથી

શાસ્ત્રોએ માન્ય રાખ્યો નહી ને ત્યારથીએ જૈનોના નિંદક થયા છતાં ભોળા લોકોને ભરમાવી પોતે ગૃહસ્થ ગુરૂ તરીકે જગતમાં પૂજાવા લાગ્યા. શ્રાદ્ધ, દાન વગેરેમાં ઉત્તમ પાત્ર પોતેજ પોતાની જાતને ગણાવી જગતને ઠગવાવડે ધન એકઠું કરવા માંડયું એમની પરંપરાએ રચાયેલી નવીનવી શ્રુતિઓને વ્યાસરૂષિએ એકઠી કરીને વેદની રચના કરી.

નેમિનાથના સમયનો કાળ એ તે સમયમાં ઘણોજ સુધરેલો કાળ ગણાતો. નેમિનાથ પ્રભુને કેવલજ્ઞાન થયા પછી જે વર્ષે મોક્ષનો માર્ગ ચાલુ થયો તે તેમની આઠપાટ સુધી મોક્ષનો માર્ગ ચાલુ રહ્યો. એક હજાર વર્ષના આયુષ્યવાળા નેમિનાથના મોક્ષગમન પછી ૮૩૭૫૦ વર્ષે શ્રીપાર્શ્વનાથ ભગવાન મોક્ષે ગયા. નેમિનાથ પ્રભુ મોક્ષ ગયા પછી કેટલેક કાળે પંચાળ-પાંચાળ દેશના કાંપિલ્યપુર નગરમાં સાતસો વર્ષના આયુષ્યવાળા બ્રહ્મદત્ત નામે બારમા ચક્રવર્તી થયા. આ ભરતખંડમાં એ છેલ્લા ચક્રી થયા. છ માસમાં એમણે છ ખંડ પૃથ્વી તાબે કરી ભરતક્ષેત્રના અધિપતિ થયા. નેમિનાથ અને પાર્શ્વનાથના અંતરામાંએ ચક્રી થયા.

ત્રેવીશમા તીર્થંકર પાર્શ્વનાથ કાશીના રાજા અશ્વસેનના કુમાર હતા. એ રાજા પરંપરાએ ચાલ્યા આવતા નેમિનાથના શાસનમાં જૈનધર્મ પાળતો હતો. પાર્શ્વકુમાર જ્યારે કુમારાવસ્થાને પામ્યા તે અરસામાં કમઠનામનો એક બ્રાહ્મણ પોતાની કંગાળ હાલતથી કંટાળી સંસારસુખની આશાએ તાપસ થઇ ગયો હતો તે ફરતો ફરતો અને પોતાની તપશ્ચર્યાથી સર્વને

આખરે થાકીને મુશલધારે મેઘ વરસાવ્યો. પૃથ્વીને જલમય કરી દીધી જલપ્રવાહ પ્રભુને ઢીંચણ પર્યંત, પછી જાનુ સુધી નાભી લગી વધતાં વધતાં નાસિકાપર્યંત જલ આવ્યું. છતાં ભગવન્ તો નિશ્ચિત હતા. જે બધા વિશ્વનાં મનોવાંચ્છિત પૂરવાને સમર્થ છે તે પ્રભુ જલમાં શી રીતે ડૂબે!

એ સમયે ધરણેંદ્રનું આસન કંપાયમાન થયું અને અવધિજ્ઞાનથી આ ઉત્પાત જાણી પોતાની દેવીઓ સાથે ત્યાં દોડી આવ્યો ભગવાન નીચે કમલની રચના કરી નાગનું રૂપ કરી ભગવંતનું શરીર લપેટી મસ્તકે ફણાવડે છત્ર ધર્યું. જેમ જેમ પાણી વધતું જાય એમ કમલ ઉંચે આવે પણ ભગવન ડૂબે નહીં. કમઠ જલ વરસાવીને થાકયો પણ ભગવનને ડૂબાવી શકયો નહીં. આ તરફ ધરણેંદ્રે પણ અવધિજ્ઞાનથી કમઠનો ઉત્પાત જાણી એની નિર્ભત્સના કરી.

કમઠે ભયભીત થઇને પોતાની માયા સંકેલી લીધી ને ભગવંતને નમી પડ્યો શત્રુભાવે પ્રગટ થયેલા એ કમઠે ત્યાં સમકિત પ્રાપ્ત કર્યું.

કમઠ–મેઘમાળી ઉપસર્ગ કરી રહ્યો ને ધરણેંદ્ર ભક્તિ કરી રહ્યા છે. એવા શત્રુ અને મિત્ર બન્ને ઉપર જેમની સમાન મનોવૃત્તિ છે તે પાર્શ્વનાથ પ્રભુ જગતનાં વિઘ્નો દૂર કરો.

કેવલજ્ઞાન પામી સો વર્ષનું આયુષ પૂર્ણ કરી સમેતશિખરના પાહાડ ઉપર પાર્શ્વનાથ મોક્ષે ગયા. આજે પણ એ પહાડ પારસનોપહાડ એ નામે ઓળખાય છે, એ પાર્શ્વ-

નાથ પ્રભુને કેવલજ્ઞાન થયા પછી ત્રણ વર્ષે મોક્ષનો માર્ગ શરૂ થયો ને તેમના મુક્તિગમન પછી ચાર પાટ સુધી એ માર્ગ ચાલુ રહ્યો.

શ્રીપાર્શ્વનાથ પછી ચોવીશમા મહાવીર સ્વામી ૨૫૦ વર્ષે મોક્ષે ગયા શ્રીપાર્શ્વનાથની પાટે શુભદત્ત ગણધર થયા તેમની પાટે હરિદત્તજી થયા તેમની પછી ચોથા આર્ય સમુદ્ર થયા તેમની પછી પાંચમા સ્વયંપ્રભસૂરિ થયા એ સ્વયંપ્રભસૂરિના શિષ્ય પિહીતાશ્રય મુનિને એક બુદ્ધકીર્ત્તિ નામે શિષ્ય હતો એણે બૌદ્ધમત નામે એક નવીનમત ચલાવ્યો સ્વયંપ્રભ સૂરિની પાટે છઠ્ઠા કેશિકુમાર મુનિ થયા. ચરમતીર્થંકર મહાવીરના સમયમાં આ **કેશીગણધર** વિદ્યમાન હતા. એમણે શ્વેતાંબી નગરીના નાસ્તિક **પ્રદેશીરાજાને** ઉપદેશ આપી જૈન બનાવ્યો હતો.

એક દિવસ કેશીગણધર અને ગૌતમસ્વામી અચાનક એકઠા થઈ ગયા. ધર્મચર્ચા કરતાં સરળ હૃદયના કેશીગણધરે મહાવીરસ્વામીનો માર્ગ માન્ય રાખ્યો. વીર પ્રભુને કેવલ થયા પછી ચારવર્ષે મોક્ષનો માર્ગ શરૂથયો ને તેમની પાટે ત્રણ પાટ સુધીએ માર્ગ ચાલુ રહ્યો. આનંદ; કામદેવાદિક દશ તો મહાવીરના મોટા બારવ્રતધારી શ્રાવક હતા. એ બધા વચમાં દેવતાનો એક અવતાર કરીને ત્રીજે ભવે સિદ્ધિને વરશે તે સિવાય મહાવીર સ્વામીના સમયમાં નવ જણે તો તીર્થંકર નામ-

મોક્ષે જશે. [1]શ્રેણિક, [2]મહાવીરના કાકા સુપાર્શ્વનો જીવ, [3]શ્રેણિક પૌત્ર ઉદાયી રાજાનો જીવ, [4]પોટિલાચાર્યનો જીવ [5]શંખ શ્રાવકનો જીવ [6]શતકીવિધાધરનો જીવ, [7]સુલસાનો જીવ [8]રેવતિ શ્રાવિકાનો જીવ ને [9]અંબડ તાપસ સુલસાની પરિક્ષા કરનારો એમ નવજણા થી વીર પ્રભુના શાસનમાં તીર્થંકર પદવી પામ્યા છે. શ્રી મહાવીરના મોક્ષ ગમન પછી ત્રણ વર્ષને સાડા આઠ માસે પાંચમો આરો એકવીશ હજાર વર્ષનો બેઠો. આ આરાની શરૂઆતમાં સાત હાથનું શરીર અને ૧૩૦ વર્ષનું આયુષ્ય પ્રમાણ જાણવું,

એવી રીતે ત્રેવીશ તીર્થંકરો બાર ચક્રવર્તી, નવ વાસુદેવ, નવ બળદેવ ને નવપ્રતિવાસુદેવ તેમજ નવનારદ એ ઈકોતેર પુરૂષો ચોથા આરામાં થયા તે પહેલા તીર્થંકર તો ત્રીજા આરાના અંતમાં થઈ ગયા છે એજ બોહોતેર પુરૂષો થયા. અને બાર રૂદ્ર મેળવતાં ૮૪ શલાકી પુરૂષો થાય છે. એ બધા જૈનધર્મી જાણવા નારદો પ્રથમ તો પરિવ્રાજક હોય છે. પણ પાછળથી ભાવજૈન થઈને આત્મસાધન કરી મોક્ષનો માર્ગ સાધે છે.

—※(◎)※—

પ્રકરણ ૭ મું.

ઇતિહાસ પરિચય.

વીશમા તીર્થંકર મુનિસુવ્રતસ્વામી રાજગૃહી નગરીમાં જન્મ્યા હતા તેમજ છેલ્લો પ્રતિવાસુદેવ જરાસંધ પણ રાજ

ગૃહીમાં હતો. મહાવીરસ્વામીના સમયમાં મગધરાજ બિંબિસારપણ રાજગૃહી નગરમાં રાજ્ય કરતો હતો પણ આ રાજગૃહીઓ જુદી જણાય છે. બિંબિસારની રાજધાની રાજગૃહી તો એનો પિતા પ્રસેનજીત રાજાએ વસાવી હતી. પ્રસેનજીત રાજા સુધી મગધનારાજાઓની રાજધાની કુશાગ્રપુર ગણાતી હતી. એમાં આગનો ઉપદ્રવ વારંવાર થવાથી મગધરાજ પ્રસેનજીતરાજાએ નવીન નગરી વસાવી એનુંજ નામ રાજગૃહી રાખ્યું. પ્રસેનજીતને શ્રેણિકકુમાર વગેરે સો કુમારો હતા. એમાં શ્રેણિક ગાદી ઉપર આવ્યો. શ્રેણિક પ્રથમ બુદ્ધના સમાગમમાં આવવાથી બૌદ્ધ થયેલો પણ **અનાથી** મુનિના દર્શનથી તેમજ ચિલ્લણાના પ્રયત્નથી શુદ્ધ જૈન થયો. એવામાં શ્રીમન્ વીરપ્રભુને કેવલજ્ઞાન પ્રાપ્ત થયું ને તે રાજગૃહી સમવસર્યા. મગધરાજ શ્રેણિક એમનો અનન્ય ભક્ત થયો. માળવાનો રાજા ચંદ્રપ્રદ્યોત એમનો અવિરતિ શ્રાવક હતો વત્સ દેશની કોશાંબીનો રાજા શતાનિક અને એનો પુત્ર ઉદયન, સિંધુ સૌવિરદેશના વિત્તભય નગરનો રાજા ઉદાયી દશાર્ણ દેશનો દશાર્ણભદ્ર વિશાળનગરીનો ચેટકરાજા, કાશી અને કોશલદેશ (અયોધ્યા) ના રાજાઓ ક્ષત્રીયકુંડનો નંદિવર્ધનરાજા પોલાશપુરનો વિજયરાજા, પોતનપુરનો પ્રસન્નચંદ્ર હિમાલયની ઉત્તરે પૃષ્ટ ચંપાના શાળને મહાશાળ કનકપુરનો પ્રિયચંદ, મહાપુરીનગરનો બલરાજા, અને ચંપાનગરનો દત્તરાજા આદિ જૈન રાજાઓ એમના ભક્ત હતા.

શ્રેણિકના અભયકુમાર, મેઘકુમાર, હલ્લ ને વિહલ્લકુમાર, નંદિષેણકુમાર આદિ કુમારોએ શ્રી વીરપ્રભુ પાસે દીક્ષા લીધી

હતી. વિશાળાના ચેટકમહારાજની કુંવરીઓ મૃગાવતી, સુજ્યેષ્ઠા
ચિલ્લણા વગેરેએ પણ મત ગ્રહણ કર્યાં હતાં. ઘણાં વર્ષપર્યંત
શ્રેણિકે મગધનું રાજ્ય ભોગવતાં જૈનધર્મનું આરાધન કર્યું. તે
પછી એમનો પુત્ર કોણિક મગધરાજ થયો. એને ચંપાનગરી
વસાવી ત્યાં રાજધાની સ્થાપન કરી. પોતાના બાહુબળથી ત્રણ
ખંડ પૃથ્વી દબાવી સર્વ શત્રુરાજાઓને હતી તાબે કરી લીધા.
ને અજાતશત્રુ એ નામે પ્રસિદ્ધ થયો એનો પુત્ર ઉદાયિ પણ
એની પેઠે શ્રી મહાવીરનો ભક્ત હતો. અજાતશત્રુ બૌદ્ધોનો
દુશ્મન હતો.

બુદ્ધના એક શિષ્ય દેવદત્તે બુદ્ધને વિનતિ કરી કે ભગ-
વન ! આપણે સાધુને વનવાસ, જીર્ણ વસ્ત્ર ધારણ, ગોચરીથી
આહાર ગ્રહણ અને માંસ ત્યાગ. એ ચાર નિયમ પાળવા પણ
ગૌતમબુદ્ધ એ વચન માન્ય રાખ્યાં નહી. એ પછી દેવદત્તે
અજાતશત્રુને આશ્રયે આવી નવો મત કાઢ્યો પણ એ લાંબો
સમય ટકયો નહી. અજાતશત્રુ પણ જ્યારે વિજય યાત્રા કરવા
નિકળ્યો ત્યારે સાવથ્થીનગરી કબજે કરીને કપિલવસ્તુ
જના સર્વ એનો નાશ કરી નાખ્યો. એમના માંસાહાર આદિ
દોષથી એ ગુસ્સે થયો હોય એમ લાગે છે કે આવા નવાં
ધર્મોને દુન્યાને ઠગવાને માટે નહી જોઇએ. દુન્યામાં એનું
રાજ્ય એકછત્ર છતાં બૌદ્ધધર્મનો એણે નાશ કર્યો નથી.
કઈ વર્ષો પર્યંત જગતનું સામ્રાજ્ય ભોગવ્યા પછી
એનો પુત્ર ઉદાયી તખ્તનશીન થયો. પિતાના મરણથી એ

ગૃહીમાં હતો. મહાવીરસ્વામીના સમયમાં મગધરાજ બિંબિસારપણ રાજગૃહી નગરમાં રાજ્ય કરતો હતો પણ આ રાજગૃહીઓ જુદી જણાય છે. બિંબિસારની રાજધાની રાજગૃહી તો એના પિતા પ્રસેનજીત રાજાએ વસાવી હતી. પ્રસેનજીત રાજા સુધી મગધનારાજાઓની રાજધાની કુશાગ્રપુર ગણાતી હતી. એમાં આગનો ઉપદ્રવ વારંવાર થવાથી મગધરાજ પ્રસેનજીતરાજાએ નવીન નગરી વસાવી એનુંજ નામ રાજગૃહી રાખ્યું. પ્રસેનજીતને શ્રેણિકકુમાર વગેરે સો કુમારો હતા. એમાં શ્રેણિક ગાદી ઉપર આવ્યો. શ્રેણિક પ્રથમ બુદ્ધના સમાગમમાં આવવાથી બૌદ્ધ થયેલો પણ **અનાથી** મુનિના દર્શનથી તેમજ ચિલ્લણાના પ્રયત્નથી શુદ્ધ જૈન થયો. એવામાં શ્રીમન્ વીરપ્રભુને કેવલજ્ઞાન પ્રાપ્ત થયું ને તે રાજગૃહી સમવસર્યા. મગધરાજ શ્રેણિક એમનો અનન્ય ભક્ત થયો. માળવાનો રાજા ચંદ્રપ્રદ્યોત એમનો અવિરતિ શ્રાવક હતો વત્સ દેશની કોશાંબીનો રાજા શતાનિક અને એનો પુત્ર ઉદયન, સિંધુ સૌવિરદેશના વિત્તભય નગરનો રાજા ઉદાયી દશાર્ણ દેશનો દશાર્ણભદ્ર વિશાળનગરીનો ચેટકરાજા, કાશી અને કોશલદેશ (અયોધ્યા) ના રાજાઓ ક્ષત્રીયકુંડનો નંદિવર્ધનરાજા પોલાશપુરનો વિજયરાજા, પોતનપુરનો પ્રસન્નચંદ્ર હિમાલયની ઉત્તરે પૃષ્ટ ચંપાના શાળને મહાશાળ કનકપુરનો પ્રિયચંદ, મહાપુરીનગરનો બલરાજા, અને ચંપાનગરનો દત્તરાજા આદિ જૈન રાજાઓ એમના ભક્ત હતા.

શ્રેણિકના અભયકુમાર, મેઘકુમાર, હલ્લ ને વિહલ્લકુમાર, નંદિષેણકુમાર આદિ કુમારોએ શ્રી વીરપ્રભુ પાસે દીક્ષા લીધી

હતી. વિશાળાના ચેટકમહારાજની કુંવરીઓ મૃગાવતી. સુજેષ્ઠા, ચિલ્લણા વગેરેએ પણ વ્રત ગ્રહણ કર્યાં હતાં. ઘણાં વર્ષ પર્યંત શ્રેણિક મગધનું રાજ્ય ભોગવતાં જૈનધર્મનું આરાધન કર્યું. તે પછી એમનો પુત્ર કોણિક મગધરાજ થયો. એણે ચંપાનગરી વસાવી ત્યાં રાજધાની સ્થાપન કરી. પોતાના બાહુબળથી ત્રણ ખંડ પૃથ્વી દબાવી સર્વ શત્રુરાજાઓને જીતી તાબે કરી લીધા. ને અજાતશત્રુ એ નામે પ્રસિદ્ધ થયો. એનો પુત્ર ઉદાયિ પણ એની પેઠે શ્રી મહાવીરનો ભક્ત હતો. અજાતશત્રુ બૌદ્ધોનો દુશ્મન હતો.

બુદ્ધના એક શિષ્ય દેવદત્તે બુદ્ધને વિનતિ કરી કે ભગવન્! આપણે સાધુને વનવાસ, જીર્ણ વસ્ત્ર ધારણ, ગોચરીથી આહાર ગ્રહણ અને માંસ ત્યાગ. એ ચાર નિયમ પાળવા પણ ગૌતમબુદ્ધે એ વચન માન્ય રાખ્યાં નહી. એ પછી દેવદત્તે અજાતશત્રુને આશ્રયે આવી નવો મત કાઢ્યો પણ એ લાંબો સમય ટક્યો નહી. અજાતશત્રુ પણ જ્યારે વિજય યાત્રા કરવા નિકળ્યો ત્યારે સાવથ્થીનગરી કબજે કરીને કપિલવસ્તુ જીતી લઇ એનો નાશ કરી નાખ્યો. એમના માંસાહાર આદિ દોષોથી એ ગુસ્સે થયો હોય એમ લાગે છે કે આવાં નવાં ધનીંગો દુન્યાને ઠગવાને માટે નહી જોઇએ. દુન્યામાં એનું રાજ્ય એકછત્ર છતાં બૌદ્ધધર્મનો એણે નાશ કર્યો નથી.

કઇ વર્ષો પર્યંત જગતનું સામ્રાજ્ય ભોગવ્યા પછી એનો પુત્ર ઉદાયી તખ્તનશીન થયો, પિતાના મરણથી એ

ભગવાનને નિર્વાણ પામ્યાને ૬૦ વર્ષ થયાં ત્યારે મગધરાજ ઉદાયી અપુત્ર મરણ પામવાથી મગધનું તખ્ત નંદ નામના એક પુરૂષના હાથમાં આવ્યું. તેજ વર્ષમાં પાલકનો નાશ થવાથી માલવાનું રાજ્ય મગધની સાથે ભળી ગયું.

એ નંદના વંશમાં અનુક્રમે નવ નંદ થયા. એ નવે નંદ જૈનધર્મના અનુયાયી અને પરાક્રમી હતા, એ પહેલા નંદના રાજ્યકાળની શરૂઆતથીજ તેમને કલ્પક નામે એક મહા અમાત્ય હતો એના વંશજો અનુક્રમે નંદોનું મહા મંત્રીપણું કરતા આવ્યા. એ નાગરબ્રાહ્મણ છતાં ધર્મે જૈન હતા.

જ્યારે નવમો નંદ પાટલીપુત્રના તખ્ત ઉપર આવ્યો તે સમયે કલ્પકવંશનો શકડાળ નામે એને મહા અમાત્ય હતો. એ શકડાળને શ્રીયક અને સ્થુલિભદ્ર એવા બે પુત્ર હતા. તેમજ યક્ષાદિ સાત પુત્રીઓ હતી. નંદરાજાની સભામાં વરરૂચિ નામે એક મહા વિદ્વાન બ્રાહ્મણ પંડિત હતો. તે સિવાય એક વ્યાડી નામે પણ પંડિત હતો.

વરરૂચી, વ્યાડી અને પાણીની એ ત્રણે એક જ ગુરૂના શિષ્ય હતા પાણિની મુર્ખ હોવાથી એને કંઈ આવડતું નહી. જેથી હિમાલય ઉપર જઈ તેણે તપ કર્યું ને શંકર નામના દેવનું વરદાન મેળવી એ પ્રખર પંડિત થયો ત્યારપછી તેનું બનાવેલ વ્યાકરણ જગતમાં પ્રસિદ્ધ થયું. તેથી વરરૂચી આદિને વ્યાકરણ નિત્યેજ ભણાવા લાગ્યા.

એ વરરૂચિ પંડિત રોજ રાજાની સભામાં એકસો ને આઠ

શ્રીમહાવીરનો ત્રીજો પટ્ટધર ચૌદપૂર્વનો જાણ થયો. જંબુસ્વામીને સુધર્મા સ્વામી મોક્ષે ગયા કેવલજ્ઞાન થયું ને શ્રીમહાવીર પછી ૪૪ મે વર્ષે પ્રભવ ચૌદપૂર્વના જ્ઞાતા થઈ યુગપ્રધાન થયા. યુગપ્રધાનો એકાવનારી હોય છે.

શ્રી મહાવીર પછી ચોસઠમે વર્ષે જંબુસ્વામી મોક્ષે ગયા તેજ વર્ષમાં શય્યંભવ નામના શાસ્ત્રીના સમર્થ બ્રાહ્મણને પ્રભવસ્વામીએ પોતાની પાટે સ્થાપવા સારૂ દીક્ષા આપી. તે ચૌદપૂર્વના જ્ઞાતા થયા. વીર પછી ૭૦ મે વર્ષે પ્રભવ સ્વામી શય્યંભવસૂરિને પોતાની પાટે સ્થાપી દેવલોકમાં ગયા. ચૌદપૂર્વના જાણ, જઘન્યથી છઠ્ઠા દેવલોક સુધી જઈ શકે છે.

નવમા નંદના સમયમાં ભદ્રબાહુ અને સંભૂતિવિજય વિદ્યમાન હતા એ સ્થુલિભદ્રે રાજસભામાંથી નિકળીને સંભૂતિ વિજયપાસે વીર સંવત ૧૪૬ માં દીક્ષા ગ્રહણ કરી એ આપણે જોઇ ગયા. એ નવમાનંદ પછી પાટલીપુત્રની ગાદી ઉપર મૌર્યવંશીય ચંદ્રગુપ્ત રાજ્યારૂઢ થયો.



પ્રકરણ ૮ મું.

ચાણાક્યની ચતુરાઇ.

ચાણાક્ય નામનો બ્રાહ્મણ નિર્ધનાવસ્થાથી કંટાળીને ધન કમાવાને નિકળ્યો. એણે સાંભળ્યું કે પાટલીપુત્રમાં નંદ-

રાજા બ્રાહ્મણોને સુવર્ણ આપે છે. જેથી તે એ દિશા તરફ ગયો, દૈવયોગે નંદના દ્વારપાલોએ તેને નહી અટકાવવાથી તે રાજમહેલમાં ઘુસી જઇ નંદરાજના સિંહાસન ઉપર બેસી ગયો. એવામાં સ્નાન કરીને અનેક પ્રકારના આભૂષણને ધારણ કરતો રાજા નિમિત્તિઆનો હાથ પકડીને ત્યાં આવ્યો તો ચાણાક્ય બ્રાહ્મણને આસન દબાવીને બેઠેલો જોઇ નિમિત્તિયે રાજાને કહ્યું. " દેવ ? આવી રીતે બેઠેલો આ માણુસ તારા રાજ્યનો નાશ કરનાર થશે માટે મીઠા વચનથી આ બ્રાહ્મણને ઉઠાડો કેમકે અગ્નિને સળગાવવાથી તો હાનીજ થાય. "

રાજાના હુકમથી દાસીએ બીજું આસન આપી ચાણાક્યને કહ્યું. " હે બ્રાહ્મણ ? તું આ આસન ઉપર બેસ ? અને મહારાજનું આસન છોડી દે ? "

એ આસન ઉપર ચાણાકય પોતાનું કમંડલ મુકતાં બોલ્યો. " આ આસન ઉપર મારૂં કમંડલ રહેશે. "

દાસીએ ત્રીજું આસન મુકયું તો તે ઉપર તેણે પોતાનો ત્રિદંડ મૂકયો એવી રીતે જેટલાં આસન મુકવામાં આવ્યાં તેટલાં એણે જુદી જુદી વસ્તુઓથી રોકી લીધાં.

રાજા ચાણાક્યના આવા વર્ત્તનથી ગુસ્સે થયો, ને તેના પગ પકડી એને જમીન ઉપર પછાડ્યો. ગુસ્સે થયેલા ચાણાકયે પ્રતિજ્ઞા કરી કે. " " હે રાજન્ ? તારાવંશસહિત તને રાજ્ય પરથી જડ મૂલથી ઉખેડી નાખીશ ત્યારેજ તને હું છોડીશ. "

" જા તારાથી થાય તે કરજે; બામટા ? " એમ બોલતાં

નંદના સુભટોએ ઝટ્ટદન પકડીને એને બહાર કાઢી મુકયો.

નગરની બહાર નિકળેલો ચાણાક્ય જ્યારે એનો જુસ્સો શાંત થયો ત્યારે મનમાં વિચાર તો થયો " અરે ! મેં કેવી આકરી પ્રતિજ્ઞા કરી ? ક્રોધને વશ થઇ આવી વિષમ પ્રતિજ્ઞા કરેલી કેવી રીતે હું સિદ્ધ કરીશ જે થયું તે ખરૂં પણ હવે પ્રતિજ્ઞા તો પૂર્ણ કરવી જોઇએ કેમકે રણસંગ્રામમાં મરવું, પણ લોકમાં હાસીને પાત્ર થઇને તો નજ જીવવું. મને યાદ છે કે બાળપણમાં જ્યારે મારો જન્મ થયો તે વખતે મારી દાઢનું વૃત્તાંત અમારા ગુરૂ સાગરસૂરિ નામના પ્રખ્યાત આચાર્યને મારા પિતાએ એનું ફલ કહી પુછેલું. ત્યારે ગુરૂએ કહેલું કે " તારો પુત્ર મહાબુદ્ધિવાન્ અને મ્હોટો રાજા થશે. "

પણ પિતાએ નરકને આપનારૂં રાજ્ય સમજી મારી દાઢો પાંચીકાથી ઘસી નાખી. અને તે હકીકત ફરીને ગુરૂને નિવેદન કરી. તેથી ગુરૂએ પિતાને ઠપકો આપ્યો " હે ભદ્ર ! તેં આ શું કર્યું. ! પ્રાણીઓએ જેવું કર્મ કર્યું હોય તેવું અવશ્ય ભોગવું પડે છે. તેં બાલકની દાઢાઓ ઘસી નાખીછે છતાં કોઇને આગેવાન કરીને એ મોટું રાજ્ય ભોગવશે. " પૂર્વે સાંભળેલી એ વાતો અત્યારે સ્મરણમાં આવે છે માટે મારે પ્રયત્ન કરવો એજ કર્તવ્ય છે. દેહં પાતયામિ વા કાર્યં સાધયામિ.

બસ સૂર્ય કદાચ પશ્ચિમમાં ઉગે, પૃથ્વી ઉલટાઈ જાય પણ મારૂં વચન કદિ નિષ્ફળ ન થાય. " ઈત્યાદિ વિચાર કરતા

ચાણાક્યે પરિવ્રાજકનો વેશ ધારણ કરી જ્યાં ત્યાં પરિભ્રમણ કરવા માંડયું. તે નંદરાજાના મયુરપોષકોના ગામમાં ગયો તે સમયે મયુરપોષકોના નાયકની પુત્રીને ગર્ભ રહ્યો હતો એને ચંદ્રનું પાન કરવાનો દોહદ ઉત્પન્ન થયો હતો. પણ એની એ અભિલાષ પુર્ણ ન થવાથી યમને ઘેર જવા જેવી થઈ ગઈ હતી.

નાયકે ચાણાકયને વાત કરવાથી એ ગર્ભ પોતાને આપવાની શરતે એણે નાયકની પુત્રીનો અભિલાષ બુદ્ધિ પૂર્વક પૂર્ણ કર્યો.

ચાણાકય ત્યાંથી ધાતુઓની ખાણમાં ગયો ત્યાં ધાતુવાદી લોકો પાસેથી ઘણું દ્રવ્ય ઉપાર્જન કરી પાછો આવ્યો તો એક બાળક રાજા બનીને છોકરાંઓ સાથે રમત કરતાં જોયો. અત્યંત ગર્વિષ્ઠ એવા તે બાળકની સુંદરતા, ચાલાકી જોઈ ચાણાકય ખુશી થયો એ બાલક પાસે જઇ તે બોલ્યો "દેવ ? હું બ્રાહ્મણ છું મને પણ કંઈક આપોને ?"

"અરે બ્રાહ્મણ ? આ ગાયોનાં ટોળાં ચરે છે એ તું લઈ જા ?" એ ગર્વિષ્ઠ બાલકે કહ્યું.

"તો તો એના માલિકો મને મારીજ નાખેને ?" ચાણાકયે કહ્યું.

"અરે શું તું નથી જાણતા કે પૃથ્વી તો તલવારને બળે ભોગવી શકાય છે ?" બાલકના શૂરવીરતાનાં વાક્ય સાંભળી ચાણકયે તપાસ કરી કે "આ બાલક કોનો છે ?"

તેને ખબર પડી કે "આ બાલક ગામના નાયકની

"એ ચાણાક્ય ચંદ્રગુપ્તને આગળ કરીને પાટલીપુત્રને જીતવા જનાર ! નંદરાજાને જીતવા જતાં બિચારો પોતેજ જીતાઈ ગયો !" ડોસી એટલું બોલીને હસી.

"હાર જીત તો દૈવાધિન કહેવાય ! એમાં તમે હસ્યાં શું માતાજી !"

"એની મુર્ખતા પર !" ડોસી ફરીને બોલી.

"એની મુર્ખતા કઇ એની મુર્ખતા વારૂ ?" ઉત્સુકતાથી ચાણાકયે પૂછ્યું.

"એ ચાણાકયે એકદમ પાટલિપુત્રને ઘેર્યું તે ?"

"તો ત્યારે બીજું એને શું કરવું ઉચિત હતું માતાજી ?" ડોશીની વાતમાં ચાણાક્યને રસ પડવા માંડયો એને લાગ્યું કે આની પાસેથી કંઇ નવીન યુક્તિ મલશે.

"એ મૂર્ખ ચાણાકયે એમ ન વિચાર્યું કે પ્રથમ આસપાસનો મુલક વશ કરીને પછી રાજ્યધાની ઉપર ચઢાય તો અલ્પ પ્રયાસે ફત્તેહ થાય. તેવી જ રીતે આ છોકરાએ પણ પ્રથમ અડખે પડખેથી ચાટયા વિના એકદમ વચમાં હાથ નાખ્યો." ડોશીનાં વચન સાંભળી ચાણાક્યની બુદ્ધિ ઠેકાણે આવી એને લાગ્યું કે ડોશીનું વાકય સત્ય હતું. એના કહ્યા પ્રમાણે કર્યું હોય તો કદાચ ફાવી શકાય. બાલક થકી પણ હિતકારી વચન ગ્રહણ કરવું એ નીતિ છે જેથી નંદરાજાનું રાજ્ય મેલવવામાં એ રમારણનું વચન એણે અંગીકાર કર્યું.

ચાણાકયે ત પછી ફરીને લશ્કર એકઠું કરવા માંડયું.

ચાણાકયને અનાયાસે તક મલી ગઇ, એણે પ્રસન્નતા પૂર્વક કહ્યું. "જો તમારે નગરને આફતથી મુક્ત કરવું હોય તો આ દેવીઓની મૂર્ત્તિઓને ઉત્થાપો ? જ્યાં સુધી આ દેવીઓ બેઠેલી છે ત્યાં લગી આફત પણ તમારા ઉપર ચોંટેલી છે એ નક્કી સમજજો ?"

ચાણાકયનાં વચન સાભળીને નગરજનોએ મૂર્ત્તિઓ ઉત્થાપવા માંડી, તેમ તેમ ચાણાક્યના સંકેતથી ચંદ્રગુપ્ત અને પર્વતક દૂર ચાલ્યા ગયા. જેથી નગરજનો હર્ષ પામ્યા ને મૂર્ત્તિઓ ઉખેડી ખાડો કરી નાખ્યો.

થોડીવાર પછી ચંદ્રગુપ્ત અને પર્વતે એ નગરી ઉપર હલ્લો કરીને જીતી લીધી. એ નગરીનો ભંગ કરી શેષ રહેલો બાકીનો દેશ જીતીને મોટા લશ્કર સાથે એ બન્ને રાજાઓએ ચાણાકયને આગળ કરીને પાટલીપુત્ર નગરને ઘેરી લીધું. અભિમાનમાં અંધ થયેલો નંદરાજા લશ્કર સહિત લડવાને આવ્યો, પણ એના પુણ્યનો ક્ષય થવાથી યુદ્ધમાં હારીને એનું લશ્કર નાશી ગયું ને રાજા નિર્બળ થયો છેલ્લી ઘડીયે નંદ પકડાયો ત્યારે એણે ચાણાકયની દયા માગી એની પાસેથી જીવિતદાન માગ્યું. ત્યારે ચાણાકયે કહ્યું. "હે નંદ! તેં તો મને ગરદન પકડીને સભામાંથી બહાર કાઢયો હતો પણ હું તો તને જીવિતદાન આપું છું તેથી ખુશીથા ? અને એક રથમાં તારી મરજી પડે તેટલું દ્રવ્ય લઇને બહાર નીકળ, તને કોઈ ઉપદ્રવ કરશે નહી."

ચાણાકયનાં એવાં મર્મભેદી વચન સાંભળીને વિજળીના જેવી ચંચળ રાજ્યલક્ષ્મીને ધિક્કારતો પોતાની બે સ્ત્રીઓ, એક પુત્રી

અને પારાં સારાં રત્નો ભરીને રથ તૈયાર કર્યો. એક વિષ કન્યાને શત્રુ ઉપર વેર લેવાની ખાતર ઘરમાં રાખી બાકીની સાર વસ્તુઓ નંદરાજાએ લઈને રથમાં ભરીને તે ચાલતો થયો. નંદરાજાનો રથ ચાલતો હતો તેવારે નંદની પ્રિયપુત્રી ચંદ્રગુપ્તને જોઈને મોહ પામી, આતુર નયને એને જોવા લાગી. તે જોઈને નંદરાજાએ એને રથ ઉપરથી ઉતારી ચંદ્રગુપ્ત પાસે મોકલી દીધી. ને પોતે ચાલ્યો ગયો.

નંદપુત્રી પિતાના રથ ઉપરથી ઉતરીને ચંદ્રગુપ્તના રથ ઉપર ચઢવા લાગી તે સમયે ચંદ્રગુપ્તના રથના ચક્રનાં નવ પોખરાં ભાંગી ગયાં. જેથી ચંદ્રગુપ્ત અપશુકન માની એને અટકાવવા લાગ્યો. ત્યારે ચાણાક્ય બોલ્યો "વત્સ ! આતો શુભ શુકન થયા, એને અટકાવતો ના ?"

"કેવી રીતે શુભ શુકન સમજવા!" ચંદ્રગુપ્તે પુછયું.

"તારાથી લઈને નવ પેઢી સુધી તારૂં રાજ્ય શત્રુ રહિત નિષ્કંટકપણે ચાલશે" ચાણાક્યે કહ્યું. ચાણાક્યનાં વચન સાંભળીને નંદપુત્રીને ચંદ્રગુપ્તે રથમાં બેસાડીને રથ નગરમાં દાખલ થયો.



પ્રકરણ ૯ મું

ચંદ્રગુપ્ત.

ચંદ્રગુપ્ત અને પર્વત બન્ને નંદરાજાના મહેલમ આવ્યા, ત્યાં નંદરાજાની વિષકન્યાને જોઇને પર્વત એની ઉપ મોહી પડ્યો. જેથી એના સ્પર્શ માત્રથી ઝેર ચડવાવડે પર્વ તનો નાશ થયો ને એનું રાજ્ય પણ ચંદ્રગુપ્તના હાથમાં આવ્યું ચંદ્રગુપ્ત એવી રીતે મોટા રાજ્યનો ધણી થયો, શુભ મુહુર્ત ચાણાક્યે ચંદ્રગુપ્તનો રાજ્યાભિષેક કર્યો પોતાની પ્રતિજ્ઞ પૂર્ણ થવાથી એણે પોતાની શિખા છોડી. વીરનિર્વાણ પછ ૧૫૫ વર્ષો વીત્યા પછી ચંદ્રગુપ્ત મગધસમ્રાટ્ થયો. ચતુર ચાણાક્ય એનો મહામંત્રી થયો.

મયુરપોષકના નાયકને મુરા નામે પુત્રી હતી, એ મુરાનો પુત્ર ચંદ્રગુપ્ત હોવાથી ચંદ્રગુપ્તનો વંશ મૌર્યવંશ કહેવાયો. તે પછી ચાણાક્યે રાજ્યની વ્યવસ્થા તરફ લક્ષ્ય લગાડ્યું. કેટલાક નંદરાજાના અનુભવી પુરૂષો વિષમ પ્રદેશમાં રહીને રાજ્યમાં ચોરી કરી ચંદ્રગુપ્તને હેરાન કરતા હતા જેથી નગરની રક્ષા કરવામાં સમર્થ એવા એક કોલિક નામના કુટ બુદ્ધિને કોટ-વાલ બનાવ્યો; એ કોલિકે વિશ્વાસ પમાડીને ભોજનાદિકનો સત્કાર કરવાના બ્હાને ચોર બનેલા નંદરાજાના માણસોને બોલાવીને મારી નાખ્યા. ચાણાક્યની બુદ્ધિથી ચંદ્રગુપ્તનું રાજ્ય એવી રીતે નિષ્કંટક થયું.

ચાણાક્યે ત્યારપછી પોતાની સ્ત્રી તેમજ કુટુંબને તેડાવીને પાટલીપુત્રમાં અપાર સુખમાં રાખ્યાં. ચાણાક્યની સ્ત્રી પોતાના પતિનો રાજા સમો વૈભવ જોઇને ખુશી થઇ.

પૂર્વે એક દિવસ પોતાની ગરીબીમાં ચાણાક્યના સસરાએ એની સ્રીનું અપમાન કરેલું એ સસરાએ ચાણાક્યને રાજાનો મહામંત્રી જાણી એની પાસે આવીને પોતાનો અપરાધ ખમાવ્યો "હે જમાઈ? પહેલાં અમારા પુત્રના વિવાહ વખતે તમારી સ્રીને (અમારી પુત્રીને) આ નિર્ધનની સ્રી છે એમ જાણી અમોએ એનો સત્કાર કર્યો નહોતો. એને નિમિત્તે અમે તમારોજ તિરસ્કાર કર્યો છે, તો અમારા ઉપર કૃપા કરીને એક વખતને માટે તમે માફ કરજો." સસરાની આવી પશ્ચાત્તાપવાળી લાગણી જોઇને ચાણાક્ય પણ એની ઉપર પ્રસન્ન થયો. મહાન પુરૂષો નમેલા ઉપર હમેશાં પ્રસન્ન જ થાય. સમયને જાણનારા ચાણાક્યે પોતાના સસરાને તેમજ બીજા સંબંધીઓને એમની યોગ્યતા મુજબ ગામ વગેરે આપીને સુખી કર્યા. જગતમાં ઉગતા સૂર્યને કોણ નથી નમતું ?

ચંદ્રગુપ્તનો રાજ્યભંડાર ખાલી જોઇ ચાણાક્યે યુક્તિ પ્રયુક્તિથી એ ભંડાર ભરપુર કર્યો.

ચંદ્રગુપ્ત રાજ્યવ્યવસાયમાં પડયો, મિથ્યાત્વી બ્રાહ્મણ વગેરેનાં શાસ્ર સાંભળી તે ઉપર એને પ્રીતિ થવા લાગી. તે જાણીને એક દિવસ ચાણાક્યે તેને એકાંતમાં કહ્યું. " વત્સ ?

એવા ધર્મનું પાલન કરવું કે જેથી પાપથી લેપાએલ આત્મા પણ ભવસાગર તરવાને સમર્થ થાય ? બાકી તો પાખંડી, ધૂર્ત્ત લોકોએ આજીવિકા માટેજ વ્રત ધારણ કરેલાં હોવાથી તેમનાથી તારે હંમેશાં દુર રહેવુ ?"

"આપ કયો ધર્મ આરાધવા કહો છો ?" ચાણાકયને ચંદ્રગુપ્તે પૂછ્યું.

"હું તો જૈનધર્મનો અનન્ય ભકત છું. દરેક ધર્મવાળાઓ કરતાં એ ધર્મમાં મને કંઇ અધિક મહત્વ સમજાય છે. તેમજ મારા કુલ પરંપરામાં પણ એ જૈનધર્મજ ચાલ્યો આવે છે."

"મારૂં મન પણ એવા સારા ધર્મને માટે આતુર થાય છે પણ કંઇક પરીક્ષાપૂર્વક એની ખાતરી થાય તો ઠીક ?"

"તારૂં કહેવું વાસ્તવિક છે. કેમકે અજ્ઞાનરૂપ અંધકારમાં ફસેલા કેટલાક ગુરૂઓ મુર્ખ ખલાસીઓની માફક પોતે પણ ડુબે છે અને ભક્તોને પણ સંસાર સમુદ્રમાં ડુબાડે છે."

"હે પૂજ્ય ! આપનું કથન સત્ય હશે તેઓનું આવું દુરાચારવાળું આચરણ આપે કદી પ્રત્યક્ષ જોયું છે કે સાંભળવા ઉપરથી કહો છો ?"

"તેમનું દુરાચરણ હું તો સારી રીતે જાણું છું પણ તને હું પ્રત્યક્ષ બતાવી આપીશ."

એક દિવસ ચાણાકય મહામંત્રીએ દરેક પાખંડી ધર્મ

વાળાઓને પોતપોતાનો ધર્મ કહેવાને બોલાવ્યા. તે સર્વ પાખંડીઓને રાજાના અંતઃપુરની પાસે ઓરડામાં બેસાડ્યા. ત્યાં અંતઃપુર પાસે એ બુદ્ધિવાન ચાણાક્યે બારીક ચુનાનો ભુકો પ્રથમથીજ પથરાવી રાખ્યો હતો. એ ઢોંગી પાખંડી ધર્મવાળાઓએ ચંદ્રગુપ્ત ન આવ્યો ત્યાં લગી ફરીને બારીના બાકોરાંમાંથી એના અંતઃપુરની સ્ત્રીઓને જોવા કર્યું. રાજા આવ્યો એટલે બગલા સરખી મુદ્રા કરીને એ બધા બેસી ગયા. રાજાને પોતપોતાના ધર્મનું સ્વરૂપ કહીને તે સર્વે ચાલ્યા ગયા.

મહા બુદ્ધિવંત ચાણાક્યે રાજાને ચુનાના ભુકા ઉપર પડેલાં પગલાં બતાવી કહ્યું કે "વત્સ! જો એમનાં પગલાં? જ્યાં સુધી તું અહીંયાં નહોતો આવ્યો ત્યાં લગી એ બધા લંપટો તારૂં અંતઃપુર જોતા હતા. આ લોકોની આવી લંપટ પ્રવૃત્તિ જોઇ ચંદ્રગુપ્ત તેમનાથી વિરક્ત થયો.

બીજે દિવસે ચાણાક્યે એ ચુનાનો ભુકો સરખો કરાવીને શ્વેતાંબર જૈન મુનિઓને બોલાવ્યા. એમને રાજાના ખાનગી ઓરડામાં બેસાડ્યા. જ્યાં સુધી રાજા આવ્યો નહી ત્યાં લગી એ મહામુનિઓ સ્વાધ્યાય અને આવશ્યક ક્રિયામાં લીન થઈ જીતેંદ્રિય પણાથી મૂર્તિની પેઠેમ બેસી રહ્યા. રાજા આવ્યો એટલે એને ધર્મ સંભળાવીને એ જૈન મુનિઓ ઇરિયા સમિતિમાં એક ચિત્તવાળા થઈ પોતાની વસ્તીમાં (ઉપાશ્રયમાં) ચાલ્યા ગયા. તેમના ગયા પછી ચતુર ચાણાક્યે અંતઃપુરના ગવાક્ષ નીચેની રેતી જેમની તેમ પગલા વગરની

ચંદ્રગુપ્તને બતાવી કહ્યું કે " રાજન્ ? આ મુનિઓ પાંખડીઓની જેમ અહીંયાં આવ્યા નથી. જેથી એમનાં પગલાં જોવાતાં નથી. શીવ વધુની ઉત્કંઠાવાળા એ મહામુનિઓ આવી સ્ત્રીઓને તૃણ સમાન ગણે છે." ચાણાક્યે એવી રીતે પરીક્ષા કરાવી આપવાથી રાજા જૈનધર્મમાં પ્રીતિવાળો થઇ પંચમહાવ્રત પાળનારને ગુરૂ માનવા લાગ્યો અને પાખંડીઓથી તે વિરકત થયો.

એક દિવસ ચાણક્યે વિચાર કર્યો. કોઇ અંજન સિદ્ધ પુરૂષ અદૃશ્ય રહીને કદાચ રાજાને ઝેર આપી દે તો ઠીક નહી, માટે ચંદ્રગુપ્તને ધીરે ધીરે વિષાહાર સધાવું કે જેથી ઝેર એને રસાયણ જેવું થાય. અને વિષનો વિકાર એને અસર ન કરે " એમ ચિંતવીને બુદ્ધિ નિધાન ચાણાક્યે રાજાને દિવસે દિવસે અધિકાધિક વિષાહાર કરાવા લાગ્યો.

એ અરસામાં ચંદ્રગુપ્તની ધારણીનામે પટ્ટરાણી ગર્ભવંતી થઇ એને રાજાની સાથે બેસીને જમવાનો અભિલાષ થયો એ દોહલો પૂર્ણ ન થવાથી ચંદ્રની કળાની માફક એ ક્ષીણ થવા લાગી. જેથી રાજાએ એક દિવસ એને પૂછયું. " હે પ્રિયે ? શા દુઃખે તું પ્રતિ દિવસ કૃષ્ણપક્ષમાં ઉદય પામેલા ચંદ્રની કળાની માફક ક્ષય પામે છે."

" સ્વામિન્ ! મારી દુર્બલતાનું કારણ મને એક દોહદ ઉત્પન્ન થયો છે; તેજ છે ? "

" અને તે દોહદ ? "

"તમારી સાથે બેસીને એક થાળીમાં ભોજન કરવાનો ?"

"હે પ્રિયા ! શાંત થા ! આવતી કાલે એ તારી ઈચ્છા હું પૂર્ણ કરીશ ?"

એ વાતની ચાણાક્યને ખબર પડતાં એણે કહ્યું કે "તારૂં ભોજન તું એને આપીશ નહી કેમકે તારૂં આ સર્વ ભોજન વિષ મિશ્રિત છે"

પણ રાણીએ હમેશાં ભોજન આગલાથી એક દિવસે ચાણાક્યના આવવા પહેલાં રાજાએ તેણીને એક કોળીયો આપ્યો. તે રાણી ખાવા લાગી એવામાં ચાણાક્ય આવી પહોંચ્યો ત્યારે રાણીને ખાતી જોઈ ચાણાક્યે કહ્યું. "અરે પોતાના આત્માની વૈરિણી આ તે શું કર્યું ?"

હવે સર્વનાશ થવાનો સમય પ્રાપ્ત થાય ત્યારે બુદ્ધિવંતે અર્ધું નાશ કરીને પણ અર્ધ બચાવવું જોઈએ આ ઝેરથી રાણી અને ગર્ભ બન્નેનું મૃત્યુ થશે તો હવે બેમાંથી એકને તો બચાવું. એમ બોલતાં એ મનસ્વી ચાણાક્યે હાથમાં ખંજર લઈને આસ્તેથી રાણીનું ઉદર ચીરી નાખ્યું. રોહણાચળની ભૂમિમાંથી જેમ રત્નને કાઢે એમ તેણીના ઉદરમાંથી પુત્રરૂપ રત્નને ખેંચી લીધો. ચાણાક્યે એ પુત્રરૂપ ગર્ભને ઘૃત આદિની અંદર રાખીને એના બાકીના દિવસો પૂર્ણ કર્યા. ગરીબ બિચારી ધારિણી ! એ તો આ લોકની મુસાફરી પુરી કરી ગઈ.

તેની માતા જ્યારે વિષ મિશ્રિત અન્ન-ભોજન ખાતી

હતો, ત્યારે વિષનું એક બિંદુ બાળકના મસ્તક ઉપર પડયું હતું તથી ઉખર ભૂમિમાં જેમ ધાન્ય ન ઉગે તેમ એ બાળકના મસ્તક ઉપર તટલા ભાગમાં વાળ ઉગ્યા નહિ. અને તેથીજ એનું બિંદુસાર નામ પાડયું. ધાવ માતાથી લાલન પાલન કરતો બિંદુસાર વૃદ્ધિ પામવા લાગ્યો.

પૂર્વે નંદરાજાના સમયમાં ગ્રીકનો મહાન્ સિકંદર ભારત ઉપર ચડી આવેલો ઇ. સ. પૂર્વે ૩૨૭માં. તે સમયે એણે પંજાબના પૌરસ રાજાને હરાવ્યો તે પછી એ ત્યાંથીજ પાછો ફરેલો ઇ. સ. પૂર્વે ૩૨૫માં સિકંદરનું મરણ થતાં એનો સેનાપતિ સેલ્યુકસ સિરિયાનો રાજા થયો. એણે ઇ. સ. પૂર્વે ૩૧૨ થી ૨૮૦ સુધી રાજ્ય કર્યું ઇતિહાસની ગણત્રી પ્રમાણે ચંદ્રગુપ્ત ઇ. સ. પૂર્વે ૩૧૬માં ગાદી ઉપર આવ્યો અને ૨૯૨ સુધી એણે રાજ્ય કર્યું.

લગભગ ઇ. સ. પૂર્વે ૩૧૨માં સેલ્યુકસ ચંદ્રગુપ્ત ઉપર ચડી આવ્યો. બન્ને વચ્ચે ભયંકર યુદ્ધ થયું એમાં સેલ્યુકસ હારી ગયો જેથી એની પાસેથી ચંદ્રગુપ્તે પંજાબ, સિંધ અને હાલનો અફગાનિસ્તાન તથા બલુચિસ્તાન સુધીનો મુલક લઇ લીધો અને એની સાથે સંધી કરી. સેલ્યુકસે પોતાની કન્યા ચંદ્રગુપ્ત સાથે પરણાવી. એ ચંદ્રગુપ્ત સાથના અનુભવ પછી યવનોએ તુરતને માટે હિંદુસ્તાન જીતવાનું કાર્ય પડતું મૂકયું.

ચંદ્રગુપ્તનું રાજ્ય હિંદુકુશ, હિમાલય, બંગાળ અને વિંધ્ય પર્વત સુધી ફેલાયેલું હતું. ગુજરાત, સોરઠ ઉપર પણ

એનોજ અમલ આસતો હતો. હુનાગઢનું સુદર્શન સરોવર એના સમયમાં બંધાયું હતું, આવડા મોટા રાજ્યનું રક્ષણ કરવાને એની પાસે સૈન્ય પણ મોટું હતું. ૭ લાખ પાયદલ ત્રીસ હજાર ઘોડેસ્વાર ને નવ હજાર ગજદળ વગેરે ચતુરંગી સેના હતી. મહાપદ્મનંદના સમયમાં તો આઠ હજાર રથ પણ હતા ચંદ્રગુપ્તના સમયમાં પણ એ હશે. એના સમયમાં તક્ષશીલા, અયોધ્યા શ્રાવસ્તી, વૈશાલી, પાટલીપુત્ર નાલંદા, ગયા, રાજગૃહ, તામ્રલિપ્તિ, ઉજ્જયિની, કોસાંબી, વાણારસી વગેરે શહેરો વેપાર અને વિદ્યા માટે પ્રખ્યાત હતાં.

જૈનધર્મ પાળવામાં જાગૃત એવો ચંદ્રગુપ્ત રાજા એક દિવસ પાખીને દિવસે રાતના પૌષધ લઈને જ્ઞાન ધ્યાનમાં લીન હતો, તેવામાં ત્રીજી પોરીઆને વિષે સુખે સુતાં સૂતાં એ રાજાએ સોળ સ્વપ્નાં દીઠાં. જાગૃત થયેલો એ રાજા સ્વપ્નાં સંબંધી વિચાર કરવા લાગ્યો. સૂર્યોદય થવાથી રાજાએ પૌષધ પાર્યો.

એવામાં યુગપ્રધાન શ્રીયશોભદ્રસૂરિના પટ્ટધર અને સંભૂતિવિજયસૂરિના અનુજ બંધુ ગુરૂભાઈ ચૌદપૂર્વના જાણ શ્રુતધર ભદ્રબાહુસ્વામી પાંચસો શિષ્યોના પરિવાર સાથે વિહાર કરતા પાટલીપુત્ર નગરના ઉદ્યાનમાં સમવસર્યા. ભદ્રબાહુસ્વામી ક્ષિતિપ્રતિષ્ઠાનપુરમાં શ્રી મહાવીર સંવત ૯૪માં જન્મ્યા, સં. ૧૩૯ માં એમણે દીક્ષા લીધી. સં. ૧૫૬ માં સંભૂતિવિજયસૂરિ સ્વર્ગે જતાં એ યુગપ્રધાન–પટ્ટધર થયા.

મગધરાજ ચંદ્રગુપ્ત ચાણાક્ય સાથે મોટી ધામધુમથી

કોણિક—અજાતશત્રુની પેઠે ભદ્રબાહુસ્વામીને વાંદવાને આવ્યો. પાંચ અભિગમ સાચવી રાજા સૂરિને વાંદી દેશના સાંભલવા બેઠો. દેશનાને અંતે સર્વ સભાજન સમક્ષ રાજાએ પોતાને આવેલા સોળ સ્વપ્નનો અર્થ પૂછયો. "હે ભગવન્? એ સ્વપ્નનું શું શું ફલ થશે ?"

રાજાનાં વચન સાંભળીને શ્રુતકેવલી ભદ્રબાહુ સ્વામીએ સંઘ સમક્ષ એ સ્વપ્નનો અર્થ કહી સંભળાવ્યો. "હે રાજન્? તને પ્રથમ કલ્પવૃક્ષની શાખા ભાંગવાનું સ્વપ્ન આવ્યું તેનું ફલ આજથી હવે કોઈ રાજા ચારિત્ર ગ્રહણ કરશે નહી. બીજે સ્વપ્ને અસ્ત થતો સૂર્ય જોયો, તેનું ફલ હવે કેવલજ્ઞાન (શ્રુતકેવળ, ચૌદ પૂર્વ) વિચ્છેદ જશે. ત્રીજે સ્વપ્ને ચંદ્રને વિષે છિદ્ર જોવામાં આવ્યાં તેના ફલ તરીકે હવે પછી ભગવન મહાવીરસ્વામીના પ્રરૂપેલા ધર્મમાંથી અનેક ફાંટા નિકળશે, ચોથે સ્વપ્ને ભૂતો નાચતાં જોયાં. જેથી અન્ય દર્શની—કુમતિ પુરૂષો ભૂતોની પેઠે નાચશે. પોતાના મતની વૃદ્ધિમાં ફાવી જશે, પાંચમે સ્વપ્ને બાર ફણાવાળો કૃષ્ણ સર્પ જોયો જેથી બાર વર્ષનો દુકાળ પડશે, (એમના સમયમાં તે પછી બાર વર્ષનો દુકાળ પડયો) છઠ્ઠે સ્વપ્ને આવતું વિમાન પાછું વળ્યું તેથી હવે ચારણ લબ્ધિવંત મુનિ ભરતક્ષેત્રમાં ને ઐરવતક્ષેત્રમાં આવશે નહી. સાતમા સ્વપ્નમાં કમળને ઉકરડા ઉપર ઉગેલું જોયું, તેનું ફલ એ છે કે હવેથી વૈશ્યના હાથમાં જૈનધર્મ જશે જેથી એનું મહત્વ ઘટી જશે. આઠમે સ્વપ્ને ખદ્યોત—આગિ-

યાને પ્રકાશ કરતો દેખ્યો તો તેથી હવે પછીના કાળમાં રાજધર્મ એવા જૈનધર્મનો પ્રભાવ ન્યુન થશે ને ખદ્યોતની માફક પાખંડી ધર્મો ઉદય પામશે, નવમા સ્વપ્નામાં મોટું સરોવર પાણીવગર સુકાયેલું જોયું, અને તેના દક્ષિણ ભાગમાં થોડુંક જળ દીઠું તેથી મહાવીર જીનેશ્વરનાં જ્યાં પંચકલ્યાણક થયાં છે ત્યાં ધર્મની હાની થશે પણ દક્ષિણ દિશામાં ધર્મની પ્રવૃત્તિ થશે. દશમે સ્વપ્ને સુવર્ણની થાળીમાં કુતરાને ક્ષીરનુ ભોજન કરતા જોયો તેથી ઉત્તમ જનોની સંપત્તિ નીચકુળમાં જશે તેમજ તેઓ પૂર્વના દયા ધર્મને છોડીને હિંસામય ધર્મને માનનારા થશે. અગીયારમેં સ્વપ્ને હાથી ઉપર કુતરાને બેઠેલો જોયો તેથી જે શ્રીમંતો રાજાઓ છે તે પ્રજાને પીડનારા થશે. હલકા કુળમાંથી રાજાઓ થશે પણ ઇક્ષ્વાકુ કે હરિવંશમાં કોઇ રાજા ઉત્પન્ન હવેથી થશે નહી. બારમા સ્વપ્નામાં સમુદ્ર મર્યાદા મુકતા જોયો તેથી રાજાઓ ઉન્માર્ગગામી ને સચીવો વિશ્વાસઘાત કરનારા થશે, તેરમા સ્વપ્નમાં મોટા રથને નાના વાછરડા જોડેલા દીઠા. તેથી પ્રાયઃ કોઇ વૈરાગ્ય ભાવથી દીક્ષા ગ્રહણ કરશે નહી. ચૌદમા સ્વપ્નામાં મોટા મુલ્યવાળું રત્ન તેજ રહિત દીઠું. જેથી ભરત તથા ઐરવત ક્ષેત્રમાં સાધુઓ ક્લેશ કરનારા. માયાવી, બીજાઓને દુઃખ આપનારા. ને અવિવેકી થશે પંદરમે સ્વપ્ને રાજકુંવરને બળદ ઉપર બેઠેલો જોયો તેનુ ફલ હવે પછી રાજકુંવરો રાજ્ય ભ્રષ્ટ થશે સોળમે સ્વપ્ને કાળા વર્ણના બે હાથીઓ યુદ્ધ કરતા જોયા તેથી મેઘ અ૯પ થશે પુત્રો માતા પિતાની

ઈચ્છું છું. કુલવંત પુરૂષોનો એવો આચાર છે કે એમણે સ્વામીનું હિત કરવું જોઈએ. આપે હમેશાં યાદ રાખવું કે આ ચાણાક્ય મંત્રીશ્વર મહા ઘાતકી ને વિશ્વાસઘાતક છે."

સુબંધુનાં વચન સાંભળીને રાજા ચમક્યો. "ચુપ! ચુપ! મુર્ખા! એ શું બોલ્યો!"

હું તો પહેલાંથી જાણતો હતો કે મારા વચન ઉપર આપને વિશ્વાસ ન આવે! પણ મહારાજ લગાર થોભો! હું આપને એની ખાતરી કરી આપું?" નિમકહરામ સુબંધુએ કહ્યું. આજે જગતમાં ઉપકાર ઉપર પણ અપકાર કરનારા જનોનાં ક્યાં તોટો છે?

"તું શું ખાતરી કરાવી આપે છે." બિંદુસારે તિરસ્કારયુક્ત કહ્યું.

"એ પાપી ચાણક્યે આપની માતાને પેટમાં ખંજર મારી નાખી છે. માટે આપે પણ આપનું એનાથી રક્ષણ કરવું?"

"મારા માતાને મારી નાખી! એની ખાતરી શું?" રાજાએ શંકા બતાવી.

"તે આપ આપની ધાવ માતાને પૂછી જુઓને?" એ વચન સુબંધુએ રાજાના કાનમાં વિષ રેડવાની [illegible] [illegible].

બિંદુસારે તરતજ ધાવમાતાને બોલાવી ને વાત પૂછી જોઈ. ધાવમાતાએ પણ તે બનાવ કહ્યું. તેથી બિંદુસારને ચાણક્ય ઉપર ક્રોધ થયો.

બીજે દિવસે સવારમાં જ્યારે મતિસાગર રાજસભામાં આવ્યો ત્યારે રાજાએ મુખ ફેરવી દીધું જેથી ચતુર સચિવ સમજી ગયો કે "રાજાના કાનમાં કોઇ દુર્જન પુરૂષે વિષ રેડ્યું છે." એમ વિચારી તે પોતાના મકાને ગયો. તપાસ કરતાં માલુમ પડ્યું કે "એ બધું પેલા સુબંધુનું કૃત્ય હતું." જેથી એના હૈયામાં વૈરાગ્ય ભાવના જાગૃત થઈ. "ઓહો ! એ સુબંધુએજ આ બાલ રાજાને ભરમાવ્યો છે. અરે મેં એને પૂર્વે પ્રધાનપદ અપાવ્યું હતું તેથી મારી ઉપર ઉપકાર કરવાને બદલે એણે પોતાના જાતિને યોગ્ય કરી બતાવ્યું છે. સંસારમાં કોઇ કોઈનું નથી. હું પણ હવે રાજચિંતા કરીને વૃદ્ધ થઇ ગયો છું. તો હવે જીવીને કેટલું જીવીશ ? તો કાંઇક આત્મકલ્યાણ કરવા હવે પરભવને માટે મારે તૈયાર થવું જોઇએ. જન્મથીજ જગતમાં ઉત્તમ એવો જૈનધર્મ પામવા છતાં રાજ્ય વ્યવસાયને અંગે મેં એનું બરાબર પાલન કર્યું નથી. તેથી વિધિએ મને આ સંકેતથી જાગ્રત કર્યો છે, તો એ બાલ રાજાને ખાતરી કરાવવાથી સર્યું. હવે જગતમાં મારી કઇ ઇચ્છા અધુરી છે કે આવો અપૂર્વ સમય હાથ આવેલો મારે ગુમાવવો ? જો આ તક હું ગુમાવું તો મારા જેવો બેવકુફ કોઇ નહી, માટે મને જગાડવાને એ સુબંધુએ તો મિત્રની ગરજ સારી છે ! છતાં મારી બુદ્ધિથી હું એનો પ્રતિકાર તો અવશ્ય કરીશ. પણ હું એવું કરીશ કે એ જગતમાં જીવતાં છતાં એના પણ આત્માનું કલ્યાણ થાય ને પ્રધાન પદવીથી પણ મુક્ત થાય."

[illegible] વિચાર કરી મહા ઉગ્ર બુદ્ધિવાળા ચતુર ચાણાક્યે [illegible] આગમ આદિકથી સંસ્કારિત કરીને એક [illegible] ડબલામાં ભર્યો. તે ડાબલો લાખથી [illegible] પેટીમાં મુક્યો ને પેટીને સો તાળાં [illegible] એમ એને ઘરના અંદરના [illegible]

[illegible] ચાણાક્યે પોતાનું ધન [illegible] બીજાના ઉપર [illegible] દીન અને [illegible] વ્યવસ્થા [illegible] પ્રકાર એક [illegible] ઉપર [illegible]

નમા માટે તમે મારી ઉપર કૃપા કરી આવો ? હું તમારો આજ્ઞાંકિત થઈને રહીશ ? "

[illegible] નિર્દોષ વચનો બોલતા ભિક્ષુકને એ [illegible] કહ્યું "હે વત્સ ? હવે આ પ્રાર્થનાથી [illegible] ઉપર પણ હું નિસ્પૃહ છું. તો [illegible] છે તો આનંદ [illegible]

[illegible] "

[illegible] આ મહાપુરુષ ઉપર [illegible] બનાવવા લાગ્યો [illegible] સમુદ્રની જેમ [illegible] સ્વામીને [illegible] નગરમાં [illegible]

[illegible]

[illegible]

મનમાં ચિન્તવ્યું કે " ચાણાક્ય એ પાછો આવશે
મારાં સ્વજન કુટુંબ સહિત મારૂં જડમૂળ ઉ
માટે હું જ એનું કાશળ કાઢી નાખું ? "

આવા કુવિકલ્પથી રાજા પાસે આવીને આ
એની પૂજા કરવાની રજા માંગી. " હે ભગવન્ ?
કયનો અપરાધ કર્યો છે તો તેના પ્રાયશ્ચિત્ત સારૂ
પૂજા કરૂં ? "

રાજાની બીકઉવારની આજ્ઞા મેળવી એ દુષ્ટ
અનશનમાં રહેલા ચાણક્ય પાસે આવીને આડંબર
કરવા લાગ્યો. સંધ્યાકાળે ચાણક્યની પૂજા કરી તે
ધુપક છાણમાં ધુપનો અંગારો નાંખી ચાલ્યો ગયો.

વાયુના જોરથી સુકા છાણામાં એ અંગારો ધુ
દીપ્ત થયો. એ અગ્નિથી ચાણક્ય દગ્ધ થવા લાગ્યો
ના જીવનરૂપ એનો શુદ્ધભાવ તો અખંડિત રહ્યો
ભાવના વૃદ્ધિ પામવા લાગી. " હે જીવ ? વિષ્ટા,
, મજ્જાનો અને દુર્ગંધથી ભરેલા આ શરીર ઉપર
ં ન કર ? કેમકે આ શરીર તો ગમે ત્યારે એક દિ
નમાં બળવાનું છે. એ કાંઇ આત્માની પાછળ જ
પણ આત્માએ કરેલાં શુભાશુભ કર્મો જ એની સ
કે, માટે પૂર્વે કરેલાં દુસ્કર્મોને આ સમયે ભોગવી
તે મુક્ત થા ! અને સમભાવમાં રહે ? કેમકે અત્યાર
મૃષાવાદ, ચોરી, મૈથુન અને પરિગ્રહ તેમ
। આહારનાં તેં વિવિધ

ખ્યાણુ કર્યાં છે. કર્મોનો ક્ષય કરવામાં તો શત્રુઓજ મિત્રની માફક ઉપકાર કરનારા થાય છે. માટે એવા સર્વને હું ખમાવું છું ને તે પણ મારા પ્રત્યે ખમો ! સકલ જીવોની સાથે મારે મૈત્રીભાવ છે કોઈ સાથે મને વેર નથી. મારાથી થયેલી અનેક જીવહિંસાઓ, અપરાધો કેવલજ્ઞાની પ્રભુઓ જાણે છે એ સર્વે અપરાધોની અરિહંત પ્રભુઓની સાક્ષીએ હું આલોચના કરૂં છું. અજ્ઞાની એવા આ જીવે આ ભવમાં કે ગતભવોમાં અપરાધો કર્યા હોય એવા સર્વ અપરાધોને હું મિથ્યાદુષ્કૃત આપું છું. એવી રીતે પોતાના દુષ્કૃતની નિંદા કરતો, અને કરેલા સુકૃતની અનુમોદના કરતો મોક્ષપુરીના આધાર એવા અરિહંત આદિ ચાર શરણને વારંવાર અંગીકાર કરવા લાગ્યો. પંચ પરમેષ્ઠિ મંત્રનું મનમાં સ્મરણ કરતાં ચાણક્ય સુબંધુના અગ્નિના ઉપસર્ગથી દગ્ધ થઇને સમભાવે મરણ પામીને સ્વર્ગ લોકના ઇંદ્રનું મંત્રીપદ ભોગવવા ગયો.

ચાણાક્યના મરણથી રાજા પ્રજામાં શોક પ્રસરી રહ્યાં. ઘણા દિવસ સુધી રાજા એના ગુણોને સંભારતો બાળકની માફક આંખમાંથી અશ્રુ પાડતો હતો. ફક્ત એક સુબંધુજ પ્રસન્ન થયો હતો એક મોટા રાજ્યનો હવે એ મહા અમાત્ય થયો સુબંધુએ ચાણક્યના ધનની આશાએ રાજા પાસેથી ચાણાક્યનું મકાન રહેવા માટે માગ્યું. રાજાએ આજ્ઞા આપવાથી સુબંધુ ચાણક્યના મકાનમાં રહેવા ગયો. તો ઉજ્જડ એવા આખા ઘરમાં ફક્ત એકજ ઓરડો મજબુત રીતે બંધ કરેલો જોયો.

આ ઓરડામાં ચાણક્યનું ધન હશે એમ સમજીને એણે એ ઓરડો ઉઘાડ્યો તો તેમાં એક પેટી દીઠી સો તાળાવાળી એ પેટીને જોઇ એણે વિચાર્યું કે “ નક્કી આ પેટીમાં અમૂલ્ય રત્નો હશે ? ” પછી સુબંધુએ પેટીનાં સોયે તાળાં ભાંગી નાખ્યાં, ને પેટી ઉઘાડી તો અંદર સુગંધી વસ્તુઓથી ભરેલો ડાબલો જોયો. “ હાં ! હવે જાણ્યું ! આ ડાબલામાંજ રત્નો ભરેલાં લાગે છે. તે વિના એની આવી સંભાળ સંભવે નહિ. ” એમ વિચારી શ્રીફળની માફક એણે ડાબલો ફોડ્યો. તો તે- માંથી લોકોત્તર દિવ્યગંધ એના જોવામાં આવ્યો. ગંધ લુબ્ધ મધુકરની માફક એ ગંધ સુબંધુએ સુંઘ્યો, એની સુગંધીથી વિસ્મય પામીને તે પોતાનું મસ્તક હલાવવા લાગ્યો. પછી વારંવાર સુંઘવા થકી હર્ષ પામેલા સુબંધુની પેલા ભોજપત્ર ઉપર દૃષ્ટિ પડી. એ વાંચતાંજ એના હોશ ઊડી ગયા. એ લખેલા ભોજપત્રમાં એણે શું વાંચ્યું. કે જેથી એનું મન વિષાદ પામી ગયું. જીવતાં છતાં એ મુવા જેવો થઇ ગયો. તેમાં લખ્યું હતું કે, “ આ સુગંધી પદાર્થ સુંઘ્યા પછી જે કોઇ બુદ્ધિવાન્ ઠંડું જલ પીશે તથા ખટ્રસ ભોજન જમશે, મનોહર ગાયન સાંભળશે, વિલાસ યુક્ત સ્ત્રીના સંગને ઇચ્છશે કે પુષ્પાદિકની મનોહર સુગંધ લેશે, અથવા નાટકો જોશે. એ પાંચ વિષયમાંથી એક પણ વિષયને ભોગવશે તે તુરત મૃત્યુ પામશે ” એ વાંચી સુબંધુ તો આભોજ બની ગયો. હા ! હા ! કરતો પોકાર કરવા લાગ્યો. એણે નિશ્ચય કર્યો કે “ બુદ્ધિ નિધાન ચાણક્યનો આ પ્રયોગ વૃથા તો નજ હોય. એણે એક

પુષ્પને તે સુગંધિઓ સુંઘાડી એને વિષયોમાં જોડતાં તરતજ મરણ પામ્યો. એને લાગ્યું કે તે અત્યારે જીવતાં મુએલો હતો. મોતનો દૂત એની સામે ઉભો રહી પડકાર કરી રહ્યો હતો જગતમાં તે અત્યારે મહામંત્રી છતાં એકલો અટુલો નિરાધાર હતો. બુદ્ધિમાન ચાણક્યની યુક્તિ સફળ થઇ હતી. એણે એને જીવતાં માર્યો હતો કરેલાં પાપકર્મનું ફળ અહીંને અહીંજ તરતજ પ્રગટ થયું. જે પદવીની ખાતર એણે ચાણક્યરૂપ કાંટો દુર કર્યો હતો તે કાંટો એના શરીરમાં હમેશને માટે હવે લાગી ગયો હતો. થોડીવારમાં એ પણ મરવાનો હતો. આ સુવર્ણ જેવા મીઠા સંસારમાં તે હવે અલ્પ સમયનો મેમાન હતો. અરે પાણી વગર કેમ ચાલે. બસ પાણી પીધું કે એની જીંદગી ખલાસ હતી. "હા! હવે મારે શું કરવું? જીવવાનો કોઇ ઉપાય ચાણક્યે લખ્યો છે કે બસ મોતનો જ પેગામ મુકી ગયા છે?" એણે કાગળ વાંચવા માંડ્યું. "તે છતાં એને જીવવાની ઇચ્છા હશે તો મસ્તક ને દાઢી મુંડાવી ભીક્ષાવૃત્તિમાં જે મળે એવું તુચ્છ ભોજન કરી, સાધુનાં વસ્ત્રો પહેરી જ્ઞાનદર્શનપણે મુનિના આચરણથી રહીશ તોજ જીવી શકીશ." આ પ્રમાણે વાંચીને ઇચ્છા નહીં છતાં પણ કેવળ જીવવાની લાલસાએ મુનિ થવાનો એણે વિચાર કર્યો. "અરે! મારી બુદ્ધિને ધિક્કાર થાઓ! એકેએક સ્થિતિનો એ જાણકાર ખાન હતો કે એણે મરતાં મરતાં પણ મને આવી રીતે જીવતાં મુએલો કર્યો છે."

બાવરદીન નટની પેઠે સુબંધુ તે પછી મુનિ થઈ પૃથ્વી ઉપર વિચરવા લાગ્યો એ અભવી પાપિષ્ટ સુબંધુ અનંતાભવ સંસારમાં ભમશે.



પ્રકરણ ૧૧ મું.

મહાન્ અશોક.

સમ્રાટ ચંદ્રગુપ્તે મેળવેલું વિશાળ રાજ્ય બિંદુસારે વ્યવસ્થાપૂર્વક સંભાળી રાખ્યું આ રાજાનો કાલ શાંતિમાં ગયો હતો, દીર્ઘકાલ પર્યંત રાજ્ય ચલાવીને ચંદ્રગુપ્તે રાજ્યની જડ મજબુત કરેલી એનું ફલ બિંદુસારે સારી રીતે ભોગવ્યું. ઇતિહાસ દૃષ્ટિએ ઇ. સ. પૂર્વે ર૯૨ માં બિંદુસાર ગાદી ઉપર આવ્યો. જૈન ઇતિહાસ જોતાં શ્રી મહાવીર પછી ર૩૫ વર્ષે બિંદુસાર મગધેશ્વર થયો. ઈ. સ. પૂર્વે ર૭ર સુધી ભારતનું સામ્રાજ્ય બિંદુસારે ભોગવ્યું. ચંદ્રગુપ્તના સમયમાં એના પુત્રો જેમ બીજા પ્રાંતના સુબાઓ હતા તેમ બિંદુસારના પુત્રો પણ મોટા મોટા પ્રાંતોના સુબાઓ હતા. બિંદુસારને ઘણા પુત્રો હતા. એમાં અશોક નામે પણ એક પુત્ર હતો. અશોક કદરૂપો પણ બહાદુર હતો, બાળપણથી એ તોફાની હોવાથી એના પિતાને એ ગમતો નહી. જેથી એને ઉજ્જન, માળવાની સુબાગિરિ આપી ત્યાં મોકલી દીધો. પછી એને દૂર તક્ષશીલા

મોકલવામાં આવ્યો હતો પણ એ બહાદુર અશોકે તક્ષશીલા જઇ બળવાખોરોને જેર કરી શાંતિ ફેલાવી પોતાના પરાક્રમમાં વધારો કર્યો ઇ. સ. પૂર્વે ૨૭૨ માં બિંદુસાર પરલોકવાસી થયો ત્યારે અશોક દૂરના દેશમાં હતો. તેને રાજ્ય મેળવવામાં અનેક મુશ્કેલીઓ નડી હતી છતાં એકદમ પોતાના સૈન્ય સાથે તે તક્ષશીલાથી નિકળીને પાટલીપુત્ર નગરે આવ્યો. કેટલીક મુશ્કેલી પછી એણે પાટલીપુત્રનું સિંહાસન કબજે કર્યું. પોતે ઈ. સ. પૂર્વે ૨૭૨ માં મગધેશ્વર તરીકે રાજ્ય ગાદી ઉપર આવ્યો.

ગાદી ઉપર આવ્યા પછી અશોકે કેટલાંક વર્ષ રાજ્યની વ્યવસ્થા કરવામાં ગાળ્યાં, પિતાની હૈયાતીમાં માળવામાં અફઘાનિસ્તાનની રાજધાની તક્ષશીલામાં સુબા તરીકે એણે કામ કરેલું, એટલે રાજ્ય વહિવટની વિગતોથી એ વાકેફગાર હતો. ચાણાક્યની ઘડી કાઢેલી રાજ્યનીતિનો અમલ ચલાવતાં અશોકને ઓછો અનુભવ મળ્યો નહી હોય. એના રાજ્યનો વિસ્તાર હિંદુકુશથી આસામ સુધી અને કાશ્મીરથી કૃષ્ણા નદી સુધી (મહારાષ્ટ્ર) હતો, દેશના પૂર્વ કિનારા ઉપર આવેલો કલિંગ દેશ મગધની સાથે પોતાની સ્વતંત્રતા જાળવી રહ્યો હતો. બંગાળાના ઉપસાગરને કાંઠે મહા નદી અને ગોદાવરીની વચ્ચેનો ભાગ તેને કલિંગ દેશ કહેતા હતા. એની સ્વતંત્રતા મહાન અશોકે ગાદી ઉપર આવતાં જ અદ્રશ્ય કરવાનો યત્ન કર્યો.

અશોક નાનપણમાં બહુ તોફાની ને ક્રૂર હતો. ગાદીએ

આગળનાંજ પાટલીપુત્રમાં 'એક નરકસ્થાન' બનાવ્યું હતું.
એણે એક મોટા મેદાનમાં મોટે ભાગની મજબૂત દીવાલ
બાંધીને અંદર બાંધવાનાં ઘર, પ્રથમના કેદખાના જેવાં
તેની ઉપજાવી કરાવ્યો, વગેરે બાંધ્યાં હતાં. પરમાધામી-
જમડાઓની જગા જેમના શ્રીપાદીઓએ લીધી હતી. જે કોઈ
ગુન્હેગારનો ગુન્હો સાબીત થતો એને આ નરકાલયમાં લાવી વિવિધ યાતના જમાડી મારી નાખતા.
શરૂઆતમાં ગુન્હેગારો માટે આ નરકાલય હતું પણ પાછળથી
જે કોઈ બહિ આવતો આ સ્થાન ઉપર આવી ચડતો એને
પણ એ જમડાઓ પુરી દઈને નરકાલયમાં, ચાંપીને મારી
નાખતા હતા.

એક વખત કોઈ કારણસર બુદ્ધધર્મનો કોઈ ભિક્ષુક
ત્યાં જઈ ચડ્યો. આ સ્થાન પાસે આવતાંજ પેલા જમના
પરમાધામીઓ એને પકડીને અંદર લઈ ગયા. એને મારી
નાખવાની તૈયારી કરવા લાગ્યા. ભિક્ષુકે એ પરમાધામિઓને
કહ્યું. કે—" મરી ગયા પહેલાં મને ઈશ્વરની સ્તુતિ કરવાને એક ઘડીની
રજા આપવી. પછી તમારે જે કરવું હોય તે સુખેથી કરો!"

આ ઘડી દરમિયાન એક બીજો માણસ ત્યાં ફસાઈ
ગયો. નરકાલયના રખેવાળોએ એને પકડી લાવી એક ચક્ર
ઉપર ચડાવી એનું માથું કાપી નાખ્યું. આ ભયંકર દેખાવ
જોઈ પેલા ભિક્ષુનું હૃદય તો વીંધાઈ ગયું. શરીરની નાશવંત
સ્થિતિ જોતાં એ નરકાલયની યાતનાનું નિરિક્ષણ કરતાં એને
ખૂબ આવ્યો વૈરાગ્ય અને ઈશ્વરની સ્તુતિ કરતા એ સાધુને

[illegible] તેમની [illegible] નાખ્યો. [illegible] પછી [illegible] [illegible] [illegible] [illegible] [illegible] કે આ [illegible] [illegible]

[illegible]

[illegible] આ [illegible] [illegible]

કહ્યું — [illegible] ! [illegible]

[illegible]

[illegible]

નરકમાં સુવાડ્યા. છતાં પાછા બીજે દિવસે નવા કલિંગવાસી-ઓ પોતાની સ્વતંત્રતાને માટે અશોકની તલવારના ઘા ઝીલ-વાને હાજર થતા.

ત્રણ ત્રણ વર્ષનાં વ્હાણાં કલિંગવાસીઓ સાથે યુદ્ધ કરતાં વહી ગયાં. છતાં અશોકની તલવાર સામે કલિંગવાસી નરવીરોનું ધૈર્ય અડગ હતું. કલિંગનાં દરેક દેશાભિમાની નરવીરો આ યુદ્ધમાં હમેશને માટે માતાની ગોદમાં પોઢી ગયાં હતાં. પરતંત્રતા કરતાં મરવું એમને પ્રિય હોવાથી રણસંગ્રા-મનાં આવીને શત્રુના માણસોને મારતાં તે પોતે પણ મરતાં હતાં. ત્રણ ત્રણ વર્ષને અંતે આખરે કોઈ શૂરા પુરૂષો ન હો-વાથી એ બહાદુર પ્રજાનું ધૈર્ય ખુટી ગયું ત્યારે છેવટે કેશરીયા કરી પોતાનું સામટું બળ બતાવવાને એ પ્રજાએ નિર્ણય કર્યો જેથી એક દિવસ એ બહાદુર પ્રજા કેશરીયાં કરી અશોકની તલવાર સામે પડકાર કરતી એની ઉપર તુટી પડી. બન્ને વચ્ચે તુમુલ યુદ્ધ થયું પણ મહાન અશોકની વિશાળ સેના આગળ એ મુઠીભર પ્રજાનું શું ગજું ? પોતાની વીરતાનો પરિચય કરાવી એ બહાદુર પ્રજાના કેટલાક શૂરા યોદ્ધાઓ હમેશની મીઠી નિદ્રામાં સૂતા. અને યુદ્ધનો અંત આવ્યો.

વિજયી અશોકે લશ્કર સહિત કલિંગની રાજ્યધાનીમાં પ્રવેશ કર્યો ત્યાં એણે શું જોયું શહેરમાં લાખો મુડદાં પડેલાં હતાં લાખો માણસો અન્ન પાણી વગર તરફડીને મરી ગયાં હતાં, એક લાખ તો એણે યુદ્ધમાંજ કાપી નાખ્યા હતા. અને દોઢ લાખ કલિંગવાસી એની છાવણીમાં

કેદ પકડાયા હતા. કલિંગ દેશમાં દરેક ઘેર રડારોળ થઈ હતી
નરહત્યાકાંડની આ કોલાહલે અશોકના વજ્ર સમા હૈયાને હચ-
મચાવ્યું એણે જોયું તો આખો કલિંગ દેશ બેફાટ રૂદનમાં
નરબોળ હતો. કોઈનો ભાઈ તો કોઈનો દીકરો એમ સર્વ કોઈ
યુદ્ધની આગમાં બળીને ભસ્મ થઈ ગયા હતા એ ઉપણુ રાખ
ઉપર યુદ્ધ બંધ થતાં ઘેર ઘેર ઉપણુ આંસુ પડતાં અશોકે નિહા-
ળ્યાં. એનું હૃદય કમકમ્યું, "આહા ! ક્યા સુખની ખાતર એણે
કલિંગની સ્વતંત્રતાનો નાશ કર્યો હતો. લાખો કલિંગવાસીની
જીંદગીનો નાશ કરવામાં તે પોતે જોખમદાર હતો. હા ! હિંસા
યુક્ત એવી આ રાજ્યલક્ષ્મીને ધિક્કાર થાઓ એવા પરાક્રમને
ધિક્કાર થાઓ ? કે આત્માને અનાન માર્ગે ખેંચી જઈ અનેક
પ્રકારનાં પાપકર્મ કરાવી નરકગતિમાં લઈ જાય છે. આવો મોટો
નરહત્યાકાંડ કરી મારે કયી દુર્ગતિએ જવાનું હતું. અજાત-
શત્રુએ ત્રણખંડનું રાજ્ય જુના ભરતાર્ધના સર્વે રાજાઓને
તાબેદાર બનાવ્યા છતાં આ પૃથ્વી એની ન થઈ. ગ્રીક સરદાર
સિકંદરે દુનિયા જીતીને મોટું રાજ્ય સ્થાપ્યું પણ આ પૃથ્વી
એની સાથે પણ ન ગઈ તો શું મારી સાથે આવશે ?
[illegible] મેં કલિંગની [illegible] નષ્ટ કરી એ સારૂં કર્યું
[illegible] ઇત્યાદિક એને ઘણો પશ્ચાત્તાપ થયો આ છેલ્લી
જય યાત્રા કરી એણે પોતાની તલવાર મ્યાન કરી. યુદ્ધને
[illegible]કાર કર્યો શિકાર પણ તજી દીધો બાળપણ છોડ્યું. ને
[illegible] બહાર કરવા [illegible] તો પ્રજાના સુખને માટે ?
[illegible] પ્રતિજ્ઞા કરી કલિંગની વ્યવસ્થા કરી પોતાના તંત્રમાં

એક અધિકારી નીમી તે લશ્કર સહીત પાટલીપુત્ર ચાલ્યો ગયો એણે મને કે કમને વિજય મહોત્સવ કર્યો.

એના વખતમાં પાટલીપુત્રની જાહોજલાલી અપૂર્વ હતી લંબચોરસ આકારવાળા આ શહેરની લંબાઈ નવ માઇલની હતી. ૬૪ તો આ શહેરને દરવાજા હતા. તેમજ ૫૭૦ બુરજ વાળા કોટથી આ શહેર રક્ષાયેલું હતું. એની ચારે બાજુએ આસપાસ ૬૦૦ ફીટ પહોળી અને ઘણી ઉંડી ખાઇ હતી. ચંદ્રગુપ્તના સમયમાં કોટનીદીવાલ લાકડાની હતી તથા ઘણા ઘરો પણ લાકડાનાં હતાં, પણ સમ્રાટ અશોકે એ લાકડાની દિવાલો તોડી પાડી પત્થરના કોટ કરાવ્યો એના સમયમાં શહેરમાં ઘણા સ્તુપો અને વિહારો ઉભા થયા. ચંદ્રગુપ્ત કરતાં પણ અશોક મહા પ્રતાપી રાજા થયો.

ભદ્રબાહુસ્વામી વીર સંવત ૧૭૦ માં સ્થુલિભદ્રને પટધર સ્થાપી સ્વર્ગલોકમાં ગયા. એ સ્થુલભદ્રનો વીર સં. ૧૧૬ માં જન્મ થયો. યૌવનમાં બારવર્ષ પર્યંત વેશ્યાને ઘેર રહીને સં. ૧૪૬ માં એમણે સંભુતિસૂરિ પાસે વ્રત ગ્રહણ કર્યું. ને સં. ૧૭૦ માં પટધર થયા.

સ્થુલભદ્ર છેલ્લા ચૌદપૂર્વી શ્રીમહાવીરથી સાતમી પાટે થયા છે એ સ્થુલિભદ્રસ્વામીએ આર્ય મહાગિરિને આર્ય સુહસ્તિ નામના બે શિષ્યોને દિક્ષા આપી, તેમની પછી એ બંને પાટે આવ્યા છે. વીર સંવત ૧૭૬ માં આર્યમહાગિરિને દીક્ષા આપી અને સં. ૨૨૨માં આર્ય સુહસ્તિસ્વામીને દીક્ષા આપી

વીર સં. ૨૧૯ માં સ્થુલિભદ્ર સ્વર્ગે ગયા હોવાથી આર્યસુહસ્તિ સ્વામીને સ્થુલભદ્રના નામથી સં. ૨૨૨માં આર્યમહાગિરિએ દીક્ષા આપી સં. ૨૧૯ માં આર્યમહાગિરિ પટધર અને યુગપ્રધાન થયા. વીર સં. ૨૪૬ માં આર્યસુહસ્તિ સૂરીપદ ઉપર આવ્યા.

મહાન અશોકના સમયમાં આર્યસુહસ્તિ અને મહાગિરિ ગચ્છનાયક હતા. તેમાં પણ આર્ય સુહસ્તી સ્વામી તો મહાવીરસ્વામીના ત્રીજા સૈકાના અંતસુધી વિદ્યમાન હતા.

આ સમયમાં ત્રેવીશ ઉદયમાંનો પ્રથમ ઉદય ચાલતો હતો પ્રથમ ઉદયમાં વીશ યુગપ્રધાન થયા છે એમાં સુધર્મા સ્વામી અને જંબુસ્વામી મોક્ષે ગયા તે સિવાય બાકીના અઢારે યુગપ્રધાનો એકાવતારી જાણવા. આર્યમહાગિરિ સ્વામી આર્યસુહસ્તિ સ્વામીને ગચ્છનો ભાર ભળાવી જીનકલ્પનો આચાર વિચ્છેદ ગયેલો છતાં પોતે એકાકીપણે વિચરી જિનકલ્પની તુલના કરતા હતા. આ બન્ને ને એકજ પાટે એટલે વીરસ્વામીની આઠમી પાટે ગણવામાં આવ્યા છે.



પ્રકરણ ૧૨ મું.

ભવિતવ્યતા.

સ્ત્રીઓનું હૃદય અને પુરૂષોનું ભાવી જગતમાં કોણ જાણવાને સમર્થ છે મનુષ્ય પ્રાણી તો ગુણની આશાએ સંસા-

રની મુસાફરીમાં આગળને આગળ ધપ્યા જાય છે ટાઢ, તાપ, દુઃખાદિક અનેક પ્રકારના પરિસહો સહન કરવા છતાં પણ કવચિત જોઇએ તેનાથી અલ્પફળ મળે છે. અથવા તો ઉત્કૃષ્ટ જ પરિણામ પ્રાપ્ત થાય છે તો કોઇને અલ્પ પ્રયાસે વિશેષ લાભ થાય છે. ઉંધા પાસા પણ એનું જાગ્રત ભાગ્ય સીધાં કરી નાંખે છે. કેમકે મનુષ્ય પ્રકૃત્તિ ભિન્ન ભિન્ન છે એમના કર્મોની રચના પણ ભિન્ન છે. જેથી એ ભાવીના પડદામાં પુરાયેલ પડકાર કરતી કર્મ રચનાઓ ક્યારે શું કરશે એતો કેવલી ભગવાનજ જાણી શકે.

અવંતીમાં આજે ઉત્સવનો દિવસ હોવાથી સર્વત્ર આનંદ આનંદનું વાતાવરણ પથરાઇ રહ્યું હતું. અનેક નાના મોટા નાગરિકો પોત પોતાના વૈભવ પ્રમાણે વસ્ત્રાભુષણો પરિધાન કરી મોજ શોખમાં મશગુલ થયેલા જણાતા હતા. આજે યુવરાજ [illegible] જન્મ દિવસ [illegible]) હોવાથી [illegible] ખુશાલીમાં [illegible] હતી. તેમજ [illegible] પણ અવંતી [illegible] ઉત્સવના [illegible]

[illegible] એક મોટો દરબાર [illegible] યુવરાજ [illegible] વસ્ત્રાલંકાર [illegible] જનોની [illegible] યુવરાજની [illegible] વગેરે બેઠા

હતા. રાજના નાના મોટા અમલદારો યુવરાજની આગળ ભેટણું મુકીને પોત પોતાનું આસન લેતા હતા. નગરશેઠ, બીજા શેઠ શાહુકારો વગેરે પણ યુવરાજને ભેટ વગેરેથી બહુ માન કરતા હતા.

રાજ્ય તરફથીજ આજે આનંદનો દિવસ હોવાથી શહેરમાં અનેક જગાએ નાચ, તમાસાના દેખાવો ગોઠવવામાં આવ્યા હતા. કયાંક સંગીતનાં મધુરાં સ્વર્ગીય ગાન છુટી રહ્યાં હતાં. કયાંક મશ્કરાઓ અનેક પ્રકારે હાસ્ય રસની વાતો કરી. પ્રેક્ષકોનાં દિલ રંજન કરી રહ્યા હતા. સમૃદ્ધિમાં ગર્વિષ્ઠ બનેલું અવંતી આનંદમાં મસ્ત બની આજે સ્વર્ગીય શોભાની સ્પર્ધા કરી રહ્યું હતું.

દક્ષિણાના લાલચુ બ્રાહ્મણોને અનેક પ્રકારે રાજ્ય તરફથી દાન દેવામાં આવ્યાં. ગરીબ લુલા, અપંગ, અંધ વિગેરે અને નિરાશ્રિત જનોને ભાવતું ભોજન જમાડી સંતોષવામાં આવ્યા. યુવરાજના શુભ નિમિત્તે સારી રીતે યશદાન, કીર્તિદાન અને ઉચિતદાન કરવામાં આવ્યાં. અહિંસા પ્રધાનનો જમાનો હોવાથી સર્વત્ર અમારી પટહ વગડાવી–અહિંસાની આણા પ્રવર્ત્તાવી સર્વે જીવોને અભયદાન દેવામાં પણ આવ્યાં હતાં. એ વિવેકી જનો સુપાત્રની ભક્તિ કરવાને પણ ભૂલ્યા નહોતા. જેથી રંકથી તે રાય પર્યંત, સર્વ કોઈ આજે આનંદમાં હતું.

યુવરાજ કુણાલ ઉપર સમ્રાટનો અસાધારણ પ્રેમ આજ

પ્રજાના ઉત્સવનું કારણ હતું. બાલ્યાવસ્થામાં તે યુવરાજ પદ પામીને સમ્રાટના મોટા રાજ્યનો ભવિષ્યનો વારસ સિદ્ધ થઈ ચુક્યો હતો, જે બાળક ભવિષ્યમાં પોતાનો સ્વામી–શિરતાજ થવાનો છે. એનું પ્રજાના નાયકો તેમજ પ્રજાજન બહુ માન કરે એ બનવા જોગ છે. આવા હર્ષના ઉત્સાહમાં એ બાળ-યુવરાજનું હૈયું પણ આનંદથી મકલાતું હતું.

રાજસભા નાગરિકોથી પૂર્ણ ભરાઇ ગઇ. એટલે અવં-તીના હાકેમે યુવરાજ કુણાલ કુમારની બે મીઠા શબ્દોમાં પ્રજાજનને ઓળખાણ કરાવી. સમ્રાટ્ અશોકવર્ધનની રાજ્યનીતિનાં વખાણ કર્યાં. ભવિષ્યના સમ્રાટ્ માટે પણ બે શબ્દો કહ્યા. તે પછી રાજ્યસભામાં સંગીતની સુંદરતા છવાઇ રહી. માળવદેશની ઉચ્ચમાં ઉચ્ચ ગણાતી નાયકાઓએ પોતાની નૃત્યકળા અને સંગીતકળાથી રાજસભાનાં દિલ રંજન કર્યાં, સભામાં પાણીની માફક અત્તરોના ફુવારા છુટવા લાગ્યા. એ વારાંગનાઓના હાવભાવોમાં, સંગીતના નાદમાં ને તાનમાં રાજસભા તરબોળ હતી. દુઃખ, આફત્ત, ક્લેશ શું વસ્તુ છે એની ઝાંખી પણ અત્યારે તો ક્યાંય જણાતી ન હતી.

અચાનક પ્રતિહારે આવીને યુવરાજ અને અવંતિપ-તિને નમી અરજ કરી. "બાપુ ? અવંતીથી આપણો દૂત આવ્યો છે, સમ્રાટ્ના કાંઈક શુભ સમાચાર લાવ્યો છે."

દ્વારપાલની વાણી સાંભળી યુવરાજ તેમજ અવંતિપતિ વગેરે ખુશી થયા. "ઓહો મંગલમાં મંગલ ? સમ્રાટે યુવ-

રાજને માટે કાંઈ શુભ સમાચાર મોકલ્યા હશે. આજના આનંદમાં તે વૃદ્ધિ કરનાર થશે." સામંત માધવસિંહે—અવંતીના હાકેમે કહ્યું અને દૂતને પ્રવેશ કરવાનો હુકમ આપ્યો. પ્રતિહારી નમન કરી ચાલ્યો ગયો. અલ્પ સમયમાં દૂત મંદ મંદ ડગલાં ભરતો યુવરાજના સિંહાસન પાસે આવીને નમ્યો. પંચાંગ પ્રણિપાત કરી સમ્રાટ્ અશોકવર્ધનની મહોર છાપવાળો લખોટો યુવરાજના હાથમાં આપ્યો. પિતા તરફનો એ પોતાને માટેનો શુભ સંદેશો યુવરાજે મસ્તકે ચડાવી માધવસિંહને આપ્યો. માધવસિંહે ધડકતે હૈયે એ લખોટો ફોડી અંદરથી મહારાજ અશોકના હાથથી લખેલો કાગળ કાઢીને મંત્રીશ્વરના હાથમાં આપ્યો અને વાંચવાને ફરમાવ્યું.

આનંદમાં મસ્ત થયેલી સભા અત્યારે શાંત હતી. નૃત્ય તથા સંગીતની કળા દેખાડીને થાકી ગયેલી વારાંગનાઓ હમણાં ક્ષણભર વિશ્રામ લેતી હતી. ઉત્સુક હૈયે સભાના દરેક નાગરિકો એ ખુશખબર જાણવાને આતુર હતા. "આહા ? સમ્રાટનો પ્રાણાધિક પુત્ર ? જેને ખુદ સમ્રાટ્ પોતે જ હાથે કાગળ લખે; એવા પ્રાણપ્રિય પુત્ર માટે સમ્રાટે કાગલમાં શું લખ્યું હશે ?"

હજારો ઉત્સુક હૈયાંની જીજ્ઞાસાને વધારતાં મંત્રીએ એ કાગલ મનમાં વાંચી લીધો ને એનું મોં પડી ગયું. ચતુર માધવસિંહ તથા બીજા મંત્રીઓ સમજી ગયા કે "કાંઇ દાળ માં કાળું છે. સમાચાર સારા જણાતા નથી" ધડકતે હૈયે અને સુસ્કેલીયે માધવસિંહે પુછ્યું. "પ્રધાનજી ? શું સમાચાર છે ?"

પ્રધાનના મુખમાંથી નિકળતા શબ્દો સાંભળવાને સેંકડો હૈયાં આતુર થયાં ને એના તરફ આકર્ષાયાં. સભાની સેંકડો ચક્ષુઓ એની ઉપર ચોંટી હતી. પણ પ્રધાન શું બોલે ? આજના મંગલમય સમયે પાપમય–અંધકારમય શબ્દો બોલવા જતાં એની જીહ્વા જકડાઇ ગઇ. એક શબ્દ પણ એ ન બોલી શકયો અને બાહવરા જેવો બની માધવસિંહ અને યુવરાજ તરફ જોવા લાગ્યો. " આહા શી ભવિતવ્યતા ? એક ક્ષણમાં તે રંકને રાય અને રાજાને રંક બનાવે છે.

પ્રશ્નનો ઉત્તર નહિ મલવાથી બધાંને શંકામાં વધારો થયો અને ભ્રમમાં પડયા માધવસિંહે ફરીને પૃછયું પણ પ્રધાન કંઈ બોલી શકયો નહિ તે લત્તાની જેમ ધ્રુજવા લાગ્યો એની આવી સ્થિતિ જોઈ બધી સભાના હૈયામાં ધ્રાસકો પડયો એ આતુર હૈયાં અધિક ઉત્સુક થયાં.

મગધથી આવેલો દુત તો આ દેખાવ જોઈ આભોજ બની ગયો, પાટલી પુત્રમાં બધું રાજકુટુંબ ખુશખુશાલ જોઇને તે ચાલ્યો આવે છે, કાગલની અંદર પણ યુવરાજના ખુશીના સમાચાર પૂછયા છે, અહીંની ખુશાલીથી એમણે પોતાની ખુખુશાલી જાહેર કરી હશે એ એને મન નિઃસંદેહ વાત હતી. છતાં આવું પરિવર્ત્તન જોઇ એને તો બેહદ આશ્ચર્ય થયું "મંત્રીશ્વર ? આપ શ્રીમાન શા માટે પત્ર વાચતાં અટકાવ છો. મહારાજ વગેરે સર્વે રાજકુટુંબ ત્યાં આનંદમાં છે. પત્રમાં પોતાનો આનંદ જણાવ્યો છે, અહીંથી આનંદ મંગાવ્યો છે.

એ સિવાય બીજું શું હોય જેથી આપને અચકાવું પડે છે." મગધથી આવેલા દૂતે સવિનય જણાવ્યું.

છતાં પ્રધાન તો ચુપચાપ રહ્યો ને કાગળ માધવસિંહ નરફ ધર્યો. માધવસિંહનું હૈયું તો ઉચ્છાળા મારી રહ્યું હતું એને લાગ્યું કે 'આવો ચતુર પ્રધાન બોલતો નથી માટે નક્કી કાંઇ માઠા સમાચાર હશે.' ધ્રુજતે હાથે પ્રધાનના હાથમાંથી કાગળ લઇને પોતે વાંચી જોયો કાગળ વાંચતાંજ એક ચીસ પાડતો "આહ! આ શું ?" કાગલ એણે દૂર ફેંકી દીધો. એનું તેજ ભર્યું ગૌરવદન ગ્લાનિથી છવાઇ ગયું.

સભાની વચમાં પડેલો યમના બંધુ સમો અને વિષથી ભરેલા સર્પ સમો એ કાગલ પવનથી મંદમંદ હાલ્યાં કરતો હતો. પણ એ ઝેર ચડવાની બીકે કોઇ પુરૂષની એને અડકવાની તાકાત ન હોતી. સભાએ પ્રધાનને ઝેર ચડેલું જોયું ખુદ માધવસિંહને પણ એ ઝેરે અસર કરેલી જોઇ. જેથી બધાંનાં હૈયાં એ નિર્જીવ એક કાગલનો ટુકડો દેખીને ધ્રુજી રહ્યાં હતાં. માળવાના શૂરામાં શૂરા ગણાતા અવંતીના શણગારરૂપ સરદારો—યોદ્ધાઓ સભામાં હાજર હતા, એમનાં ભયંકર યુદ્ધના તોફાનમાં પણ વજ્ર સમાન દ્રઢ અને અભેદ્ય હૈયાં પણ એ કાગળના ટુકડાથી કંપવા લાગ્યાં.

રાજસભાની આવી સ્થીતિ યુવરાજ પણ જોતો હતો "કાકાજી ? કાગળમાં પિતાજીએ શું લખ્યું છે. કે આપ પણ આમ આભા થઇ ગયા ?" યુવરાજના જવાબમાં સામંત

"બરાબર છે! એ માટે સમ્રાટ્‌ને ફરી પૂછાવવું જોઇએ!" માધવસિંહે કહ્યું.

"નહીં ? બિલકુલ નહીં ? કાગળ ઉપર મહારાજના મ્હોર છાપ સ્પષ્ટ છે. અક્ષરો પણ એમના હાથનાજ પ્રગટ છે, માટે તમે રાજાના હુકમનું પાલન કરો ?" યુવરાજે ફરીને કહ્યું.

આખી સભામાં કોલાહલ થયો દરેક જણાના સમજવામાં આવ્યું કે "સમ્રાટની યુવરાજને અંધ કરવાની આજ્ઞા થઈ છે ?"

પડદામાંથી કુમારની ધાવમાતા દોડી આવી મ્હાવરી જેવી યુવરાજને બાઝી પડી. "હાય! હાય! શું મહારાજની આવી આજ્ઞા ?"

"માતાજી! કલ્પાંત શામાટે! પિતાની આજ્ઞા એ પ્રભુ આજ્ઞા છે! એ આજ્ઞાનું ઉલંઘન હવે નજ થઈ શકે ?"

"પણ દિકરા ઉતાવળો શા માટે થાય છે એ બધી રાજ્ય ખટપટની પંચાત છે. મહારાજને ફરીને પૂછાવવા દે ? એમ કંઈ આંખો ફોડાવાય નહી ? હાય હાય! તારી માતાને હું શું જવાબ દઇશ! સ્વર્ગમાં રહેલો એનો આત્મા મારી ઉપર દુભાશે!"

"માતા! પિતાના હુકમનું અપમાન થાય જ નહીં. જેવું ભાવી ? કાકાજી ? તપાવેલા સળીયા લાવી મારી આંખો ફોડી નાંખો ?" એ નાનકડા યુવરાજનું ધૈર્ય અપાર હતું.

બાળક છતાં એ સિંહનું બચ્ચું હતું. સિંહણના દુધથી ઉછરેલા નાનકડાં બચ્ચાં આફતો જોઈ કાંઈ ડરતાં નથી! અરે એતો ભયનું નામ પણ જાણતાં નથી. યુવરાજે ઘણું કર્યું પણ એવો કોણ અભાગીયો હોય કે ધગધગના સળીઆ આંખો ફોડવા આપે ?

"માફ કરો ? અમારાથી એમાંનું કાંઇ નહી બની શકે ?" માધવસીંહ તથા મંત્રીઓએ હાથ ધોઈ નાખ્યા. કોણ અભાગીયો પાપના કામમાં ભાગ લે !

"ઓહ ? મહારાજના હુકમનું તમે અપમાન કરો છો ? કાકાજી ! એ હુકમના અપમાન માટે તમારે પસ્તાવું પડશે. ?

" ઉતાવળા ન થાઓ ! યુવરાજ ? હું મહારાજ પાસેથી સત્ય હકીકત જાણવાને આ દુતને પુછી જોઉં ? એને મોંયે કંઇ સમાચાર કહયા છે કે વારૂ ? " માધવસિંહ મગધથી આવેલા દુતની જુબાની લીધી.

એ દુત તો આ અજાયબ ઘટના સાંભળી મૂઢ થઇ ગયો હતો, આ શું થાય છે એની એને ખબર પણ પડી નહી. માધવસિંહે કહ્યું. " કહે ! ઓ કમબખ્ત ? તું આ શું સમાચાર લાવ્યો ? બોલ આમાં શું ભેદ છે ? સાચું કહે નહીંતર તારી ઉપર શીકારી કુત્તાઓ છોડવામાં આવશે ? "

"મહારાજ ? આમાં હું તો કંઈ જાણતો નથી અંધન્ત શું ને વાત શી ? સમ્રાટે તો યુવરાજને ખુશી ખબર લખ્યા છે. હવે કુમાર અભ્યાસ કરે એવી તેમની ઇચ્છા છે. મહારાજે નક્કી

આપ રજા આપો તો ઝટ હું એનીખાતરી
લખતાં ભૂલ કરી છે. યુવરાજ માટે મહારાજ તો અર્ધા અર્ધા થતા હતા
કરી લાવું, યુવરાજ માટે મહારાજ તો અર્ધા અર્ધા થતા હતા
ને વળી આ બલા તે ક્યાંથી નીકળી પડી. "ઘ્રુજતાં ઘ્રુજતાં હતે
સમાચાર કહી સંભળાવ્યા.

[illegible] હિકરા ? સમ્રાટની લખવામાં ભૂલ થઇ છે માટે ફરી
તપાસ કરવાનું ? બીજો હુકમ આવે ત્યાં લગી સબુર કર ? "
[illegible] માતાએ કહ્યું.

[illegible] તના હુકમનું અપમાન કરવા બેઠાં [illegible] કરી બતાવું તોજ હું પુત્ર ? [illegible] પિતાનું વચન પાળીને રામ લક્ષ્મણ [illegible] ઝટ ધગધગતા સળીયા લાવી [illegible]

[illegible] એ હુકમનો અમલ ન કર્યો ત્યારે પોતાને [illegible] પોતાની બન્ને આંખોમાં [illegible] જતાંજ એના [illegible] એ બાળ યુવરાજ [illegible]
પિતાનું વચન [illegible]

[illegible] યુવરાજે કોઇનું કથન [illegible] પિતાનું વચન પાલન કરી બતાવ્યું. રાજ્ય [illegible] આંખોમાં આંસુ [illegible] પડેલાં આનંદમાં [illegible] ઉમેરું ઘણું [illegible]

યુવરાજના અંધપણાની વાત આખા નગરમાં પ્રસરી ગઈ. નાચનારીઓ નીચે મોંએ ત્યાંથી વિદાય થઈ ગઈ. પડતે આંસુએ માધવસિંહે રાજસભા બરખાસ્ત કરી. અત્યારે સભામાંથી નીકળતા દરેક સભ્યની આંખમાં આંસુ હતાં, ધાવમાતાઓ; દાસીઓ રડતી હતી. છાતી કુટતી ધાવમાતા સુનંદા અંધ કુણાલને તેડીને અંતઃપુરમાં લઈ ગઈ. એક હર્ષોન્મત્ત અવંતીની રાજસભાનો આવી રીતે કરૂણાજનક અંત આવ્યો, આહ શી ભવિષ્યતા?

આ સવિસ્તર દુઃખ દાયક સમાચાર માધવસિંહે સમ્રાટ્ અશોક તરફ તુરતજ રવાને કર્યો.

—※(◎)※—

પ્રકરણ ૧૩ મું.

મતલબની મોહમાં.

પેલી શ્યામ મુખવાળી શ્યામા જેમ તિષ્યરક્ષિતાની પ્રિય સખી બની હતી તેમ બૌધ્ધ સાધુ નંદને પણ એને સાધી હતી. તિષ્યરક્ષિતાની દરેક હકીકત અવારનવાર તે એને જણાવતી હતી. ને રાજા તેમજ રાણી તિષ્યરક્ષિતાનું દેખરેખ રાખવાનું કામ સાધુએ એનેજ બજાવ્યું હતું. તિષ્યરક્ષિતાએ અવંતીના કાગળમાં જે ગોટાળો ઉભો કર્યો હતો એ વાત શ્યામાના જાણવામાં આવેલી હોવાથી એણે એ સમાચાર પણ નંદનને આપ્યા

હતા. નિષ્યરક્ષિતાને સપડાવાનું આ અમુલ્ય સાધન હાથ લાગવાથી એને એક પ્રકારનો સંતોષ થયો હતો.

નંદન આચાર્ય નિષ્યરક્ષિતાના સૌંદર્યપર અંજાયો હતો. એ તે જમાનાની રૂપગર્વિતા અશોક મહારાજની પટ્ટરાણીના યૌવનનો પુજારી બન્યો હતો. એ તોફાની અને રાજ્યમત્તથી ગર્વિષ્ઠ થયેલી સુંદરીને કેવી રીતે સકંજામાં સપડાવવી એની રાહ જોતો હતો. શ્યામાને સાધવાથી દૈવયોગે એક ગર્વિષ્ઠ યુવતીનું યૌવન નષ્ટ કરવાની અચાનક આ તક મળી ગઈ. એ ફક્ત હવે સમય-[illegible] જોતો હતો કે આ ફાગણ અવંતી ગયા પછી એનું [illegible] તે છતાં એ પરિવર્તન પહેલાં નિષ્ય-રક્ષિતાના [illegible] અજાણ હોય એમ એ બૌદ્ધ ગુરુએ નિષ્યરક્ષિતાને [illegible] આનંદ [illegible] પૂર્વક પોતાનાં વખાણ [illegible] વાગ્યું તો તીર નહીતર કાંઈ નહીં. [illegible] તો નજ કેઈએ જેથી અવસર મેળવીને [illegible] એનું નિષ્યરક્ષિતાને દર્શનને [illegible]

[illegible] હતી એ પણ હવે આ ફાગ-[illegible] એનીજ રાહ જોતી હતી. તેનું [illegible] એની વહાલી બની શ્યામા સિવાય કોઈ જાણતું [illegible] એવું તાબેદ કરેલી કે આ વાતનો [illegible] અન્ય કોઈના જાણવામાં નજ આવી શકે.

[illegible]

લીઓ સાથે ગુરૂ દર્શને જવા નીકળી, દુન્યામાં ઉત્તમ ગણાતો નંદનનો મઠ જેમાં ઘણા બૌદ્ધ સાધુઓ નિવાસ કરતા હતા. ઉપગુપ્તને માટે મહારાજે ખાસ આ મકાન બનાવી એને અર્પણ કર્યું હતું, જેથી એની રોનક ઘણીજ આકર્ષક હતી. એ મહા વૈરાગી ઉપગુપ્તને સ્થાનકે અત્યારે નંદન નામે બૌદ્ધાચાર્ય હતો, નંદન કાંઇક ખટપટી અને વિલાસ પ્રિય હતો. સાધુ થવા છતાં એની વાસનાઓ હજી તાજીને તાજીજ હતી. જેથી બૌધ ધર્મના પડદામાં સમ્રાટને ફસાવી બની શકે તો યોગ્ય લાભ લેવાની તક નંદને સાધવા માંડી. એ નંદનાચાર્ય બની ઠાણીને પોતાના શિષ્યોને મધ્યાન્હ પછી અધ્યયન કરાવતો હતો, એવામાં એક શિષ્યે દોડતાં આવીને ખબર આપ્યા કે "પટ્ટરાણીજી તિષ્યરક્ષિતાઆપ શ્રીમાનના દર્શને પધારે છે?"

તિષ્યરક્ષિતાનું નામ સાંભળતાંજ નંદનાચાર્યના કાન ચમક્યા. એણે ચાલતો પાઠ બીજા વિદ્વાન શિષ્યને ભળાવી બધા શિષ્યને હું આવું ત્યાં લગી પાઠ આપવાની એને સુચના કરી. પોતે એક સુંદર દિવાનખાના જેવા ઓરડામાં જતો મોટાં શાસ્ત્રોનું અવલોકન કરતા હોય એવો ડોળ કરતો બેઠો. વળી એ ચિત્ત વૃત્તિનો નિરોધ કરતો ત્યારે જાણે દ્રષ્ટા સ્વરૂપે અવસ્થાન હોય એવી ચેષ્ટા કરી નાખતો. નંદન એવી રીતે જગતના બાહ્ય આનંદમાંજ મસ્ત રહેતા હતા. એના બાહ્ય ડોળનો પાર નહોતો.

તિષ્યરક્ષિતા રથમાથી ઉતરી શ્યામાની સાથે નંદનાચાર્યની પાસે આવી બીજી બાંદીઓ મઠની શોભા જોવામાં

રોકાઇ એથી નંદન સાથે વાત કરવાની એને ઠીક તક મળી ગઇ. નંદન સાધુ સમાધિમાંથી જાણે જાગ્યો હોય એવો ડોળ કરતો બોલ્યો." આવો ! આવો ! મહારાણીજી ! પધારો !"

" ગુરૂજી ! આપતો ખુશીમાંને ? " મહારાણી મૃદુ હસતાં બોલી.

" હા તમને જોતાં વળી વિશેષ ? " સાધુએ પણ મીઠાશથી જવાબ આપ્યો.

"ગુરૂવર ! આપ કાંઇ આજે પ્રસન્ન છો ખરૂંને ? "

" હા ! તમારૂં અનુમાન સત્ય છે."

" છે કાંઇ નવીન સમાચાર ? "

" તમારાજ લાભની વાત છે મહારાણીસાહેબ ! તમારૂં કાર્ય મેં સિદ્ધ કર્યું છે. બુદ્ધ ભગવાનની કૃપાથી થોડા દિવસમાં એનું પરિણામ જોશો ! જ્યાં સુધી એનું પરિણામ ન જણાય ત્યાં લગી હું પણ એનાજ પ્રયત્નમાં છું ? " નંદન સાધુએ હાંકવા માંડયું.

" આહા ? શું આપ મારા કાર્યની એટલીબધી કાળજી રાખો છો કે રાત દિન એની પછવાડે મહેનત કરો છો !" રાણી પ્રસન્ન થતી બોલી.

" એમાં નવાઇ શું ! તમારૂં કાર્ય મારે કરવું જોઇએ. શું તમે મને તમારાથી જુદો સમજો છો ! ભલે તમારા મનમાં હોય ! બાકી અમે તો કોઇનું બાવડું ઝાલીયે નહીં ને ઝાલીયે તો સંસારથી પાર ઉતારીયે તો પછી આવી નજીવી બાબતોનો તો અમારે મન હિસાબજ શો હોય ! "

" ધન્ય છે! આપના જેવા સાધુ પુરૂષના પ્રભાવથી મારૂં કાર્ય સિદ્ધિ પામો! મારો અધિક આનન્દનો સમાચાર સાંભળો! હું તો નિજ પ્રસુત થઉં છું!" રાણી સંતાપ દેતાં બોલી.

" એમાં શું શક છે મારા પ્રભાવથી તમારૂં કામ થયું જ સમજો. અને લાગે છે કે થોડાજ દિવસમાં તમો તમારા લાભની નવીન વાત સાંભળશો ?" સાધુએ ભાખ્યું.

" તો તો તમારા મોંઢમાં સાકર, ગુરૂજી!" રાણી મીઠું હસતાં બોલી.

" બસ સાકરજ દેખાડી રાજી કરશોને ?" મીરા દાસની સામે સાધુ પણ હસ્યો.

" તો આપને હું બીજું શું આપું ? મારાથી જે બની શકશે તે આપની સેવામાં હું રજુ કરીશ બાકી કાંઇ ?"

"બરાબર છે! તમે ન આપી શકો એવી ચીજની કાંઇ મારી માગણી નથી. કે આકાશમાંથી ચાંદ લાવી આપો કે મને અજરામર બનવાને અમૃતનો કુંપો લાવી આપો ? હું જે માગીશ. તે તમે સહેલાઇથી ધારશો તો આપી શકશો. રાણી સાહેબ ?" સાધુએ મોઘમ વાત કરી.

" બેશક તો આપની ઇચ્છા હું અવશ્ય પૂર્ણ કરીશ. એક વખત મારા લાભની વાત સાંભળવા દો, એટલે મને હવે નિરાંત થાય ?"

" જરૂર હવે અલ્પ સમયમાંજ તમે સાંભળી શકશો રાણીજી ? મને સમાધિમાં એવું જણાય છે કે કાર્યની શરૂ

આત પણ તમારાથી થઇ ચુકી છે. ” ઠંડે કલેજે બોદ્ધ સાધુએ કહ્યું.

નંદન સાધુના વચન સાંભળીને તિષ્યરક્ષિતા ચમકી “ ઓહ ? પ્રભુ ? તમે તો ત્રિકાલજ્ઞાની લાગો છો ને શું ? ”

“ ચૂપ ! ચૂપ ! જરીક આસ્તેથી બોલો ! ભીંતને પણ કાન હોય છે. વાત ખાનગી રાખવા જેવી છે એ તમે ધ્યાનમાં રાખજો. તમારી શ્યામાને પણ જણાવતાં ના ? ” આસ્તેથી બૌધ ભિક્ષુક બોલ્યો.

“ આપની વાત મારા ધ્યાનમાં છે, પણ શું સમાધિમાં આવું બધું દેખાય છે ? ”

“ હા ? એમાં શું આશ્ચર્ય છે. એવી તો કંઇ ચીજો આત્મ સાક્ષાત્કાર થાય ત્યારે અંધકારમાં વિજળીના જબકારાથી જેમ વસ્તુઓ માલૂમ પડે એવી રીતે પ્રત્યક્ષ થાય, એતો અમારો હમેશાંનો નજીવો અભ્યાસ છે અમે તો એથીય આગળ વધી ગયા છીએ. એ સમાધિ–યોગની વાત કહેવાય, એમાં તમે ન સમજો ! જેથી તમારી આગળ વિશેષ શું કહીએ ? ”

તિષ્યરક્ષિતાએ વિચાર્યું કે “ આ સાધુડો વિફરે તો નખોદ કાઢે એમાંતો શક નહીં, માટે જરૂર આને તો હવે કોઇ ઉપાયે લાલચમાં લપટાવી આધિન રાખવો જોઇએ. મુવો ત્રણેકાળની વાત જાણતો લાગે છે. ”

“ રાણીજી ? શું વિચારમાં પડી ગયાં ! સેવકની કંઇ કસુર તો નથી થઇને ? ” સાધુ હસ્યો.

કાંઇ, આપ આહાર લેવાને અમારે ત્યાં પધારતા હો તો કેવું સારૂં ! હું શ્યામાને તેડવા મોકલીશ. આપના પગલાંથી અમારૂં મકાન પાવન થાય. અમારો જન્મ સફલ થાય ? ”

“ ને તમારે પણ અવાર નવાર દર્શન કરવાને આવવું. સમજ્યાં ને ? રાણીજી ? ગુરૂની ભક્તિ કરવાથી સ્ત્રીઓ ભવસાગર તરી જાય છે. પણ તન મન ને ધન પોતાનું સર્વસ્વ ગુરૂને સમર્પણ કરી દેવું જોઇએ તો જ તમારો મોક્ષ થાય સમજ્યાંને ! રાણી સાહેબ ?” વ્યંગમાં ને વ્યંગમાં સાધુએ હાંકવા માંડયું. એની વૃત્તિઓ તો એટલી બધી ઉચ્છાળા મારી રહી હતી કે અત્યારેજ કાર્યનું મંગળાચરણ કરી દેવું. પણ ઉતાવળ કરવા જતાં કદાચ તાલ બધો બગડી જાય માટે ઉતાવળા સો બાવરા ધીરા સો ગંભિર !

“ આપનો એ ઉપદેશ સત્ય છે. પ્રભુ ! આપના પસાયથી અમને સદ્‌બુદ્ધિ રહો ? આપની ઉપર અમારી ભક્તિ અચળ રહો ? ”

“ તથાસ્તુ ? ” સાધુએ વરદાન આપ્યું.

સમય પરિપૂર્ણ થવાથી આસપાસ મઠનું અવલોકન કરતી એની સાહેલીઓ આવી પહોંચી એટલે મૂળ વાત ત્યાંથી અટકી પડી. બધું રમણીમંડળ થોડીવાર બેસી ગુરૂનો ઉપદેશામૃત શ્રવણ કરી જેમ આવ્યું હતું તેવીજ રીતે વિદાય થયું.

—✻◎✻—

પ્રકરણ ૧૪ મું.

એકજ ભૂલ.

"આહા ? સત્યાનાશ ? શું થઇ ગયું ! મારા એક નજીવા પ્રમાદથી કેવું ભયંકર ઘોર કૃત્ય થઇ ગયું. હા ! પ્રભુ ! વિધિ ! આ જુલમ ! મારા પ્રમાદને ધિક્કાર થાઓ ! મારી એ ચપળતાને ફિટકાર થાઓ ! કે ફરીને મેં એ કાગળ વાંચી ન જોયો ? હા ? દુર્દૈવે કેવો દગો દીધો ! અરે એ પ્રાણાધિક પુત્રનું મેં પિતા થઇને શિશ કાપ્યું. એની ઉગતી જીંદગીનું સત્યાનાશ વાળ્યું. એની નવીન આશાઓનું નિકંદન કર્યું. મારે ક્યા જન્મનું પાપ ફળ્યું. એની માતાએ મરતાં મરતાં મને કેટલીય શલામણો કરેલી, એ બધી આજે વ્યર્થ થઇ. એનો સ્વર્ગમાં રહેલો આત્મા મારી ઉપર શ્રાપ વરસાવતો હશે. કેટલી બધી મને કદુવા આપતો હશે. હાય ! ઘણુંજ ખોટું થયું ! હવે શું ઉપાય ? આખું રાજ્યપાટ આપતાં હવે એ ગયેલી આંખો ફરીને કોણ મેળવી આપે ! દિકરા ! મેં તારા પિતા થઇને કેવું શત્રુનું કામ કર્યું ! કલિંગ દેશની આફત લીધાનું પાપ મને અહીં ને અહીંજ ફળ્યું. અથવા તો પેલા નરક સ્થાનમાં બૂરે મોતે માર્યા ગયેલા કઇ જીવોનું પાપ મને અહીંજ પ્રગટ થયું ! હા ? વિધિ ? વિધિ ! મારી સર્વે આશાઓ તેં નાશ કરી નાખી. હવે એ વત્સ રાજ્ય ભોગવવાને અનધિકારી થયો. અરે એક

માંડલિક રાજ્યને યોગ્ય પણ ન રહ્યો. અહો ? જેની મારા ઉપર આવી ભક્તિ હતી તેની મેં આવી અધમ દશા કરી.' એ યૌવરાજ્યપણું ભોગવીને પછી મહારાજ થશે આ મનોરથ હવે સમાપ્ત થયો. કેવો એ સાહસિક ! મારી એ અધમ આજ્ઞાને પણ એણે અંગીકાર કરી પિતૃભક્તિની હદ-વાળી જગતમાં જનતા આવા પિતૃભક્ત પુત્રો ઉત્પન્ન કરતી હોય તો દુન્યામાંથી ઘણું કષ્ટ ઓછું થઇ જાત. પણ પિતા તરીકે હું નાલાયક થયો. મારેજ હાથે વાવેલા વૃક્ષનું મેં ઉન્મૂલન કર્યું. હા ? દૈવ ? દૈવ તું માણસને પ્રમાદી બનાવી કેવાં અકાર્ય કરાવે છે. નહી કરવા યોગ્ય પણ તું કરાવે છે."

એ દુઃખભર્યા ઉદ્ગાર તે જમાનાના એક પ્રભાવશાળી પરાક્રમી પુરૂષના હતા. જગતમાં ગમે તેવા સમર્થ માણસ પણ ભૂલ કરી નાખે છે અને એ ભૂલનું પરિણામ પણ એવુંજ ભયંકર આવે છે. મહારાજ અશોકવર્ધને યુવરાજ કુણાલ ઉપર કાગળ લખેલો તે ફરીને મોકલવા સમયે વાંચ્યા વગર મહોર છાપ કરી મોકલી દીધો એનું પરિણામ ઘણુંજ ભયંકર આવ્યું હતું. એ ભૂલને પરિણામે અત્યારે સમ્રાટ પારાવાર શોકમાં ડુબ્યા હતા.

સમ્રાટ પ્રાતઃકાળમાં થોડા દિવસ ચડી ગયો હતો એ સમયમાં પોતાના દિવાનખાનામાં બેસીને રાજ્યનાં ઉપયોગી કાગળીયાં તપાસતા હતા એવામાં પ્રતિહારે આવીને નમન કરી સમાચાર આપ્યા કે " અવંતીથી દૂત આવ્યો છે. અગત્યના સમાચાર લાવ્યો છે."

અવંતીનો દુત આ વખત નક્કી આવેલો જોઇ સમ્રાટ ખુશી થયા ને નક્કી અંદર આવવાની આજ્ઞા આપી. એટલામાં તો અવંતીથી આવેલો દુત એકદમ રઘવાયો અંદર પસી આવી જેમ તેમ મહારાજનો વિનય સાચવતો પેલો લોહીથી ખરડેલો પત્ર ભાલાની અણી ઉપર પોંચી મહારાજની સામે ધર્યો. દુતની આવી વર્તણુકથી સમ્રાટ એની ઉપર ગુસ્સે થયો પણ તે લોહીથી ખરડેલો પત્ર જોઇ ચમકયો. એનું વજ્ર સમુ મજબુત હૈયું ધડકયું છતાં મહારાજે ક્રુર દ્રષ્ટિએ દુતની સામે જોયું. " બે અદબ ? ગુલામ ! આવી બેઅદબી ? અરે કોણ છે હાજર ! "

" મહારાજ ! સત્યાનાશ ? આપે સત્યાનાશ ? વાળ્યું આપની ભૂલે કેવું ભયંકર કામ કર્યું છે તે આ પત્ર વાંચ્યા પછી મને શિક્ષા ફરમાવો. "

દુતનાં વચન સાંભળી રાજાને ધ્રાસકો પડયો. શું થયું છે ?"

" તે હું મારી જીભે કહીશ નહી ? આપ પત્ર વાંચો ! અરે આ પત્ર આપીને આપને દુઃખ કરવા પહેલો હું મરી કેમ ન ગયો ! હા ! ધિક્કાર છે મને કે મારે આવું કૃત્ય કરવું પડે છે ? "

મહારાજ ધડકતે હૈયે એકદમ ઉભા થયા ત્યાંતો પ્રતિહારે ભાલામાંથી કાગળ ખેંચી કાઢી મહારાજની આગળ ધર્યો ભુખ, તૃષા અને મુસાફરીના પરિશ્રમથી અર્ધમૃત જેવો થયેલો છતાં જુસ્સાના આવેશમાં અહીં સુધી આવેલો દુત પોતાનું કામ ખલાસ થતાં તે એકદમ બેભાન જેવો બની જમીન ઉપર

તુટી પડયો તેને મહારાજના હુકમથી આવેલા માણસો મહારા-
જના ભ્રુ સંકેતથી દૂતને ઉપાડી ગયા. ધડકતે હૈયે અનિષ્ટના
ચિંતવના કરતાં રાજાએ કાગળ ફોડીને વાંચી જોયો જેમ જેમ
વાંચતો ગયો એમ એની આંખે અંધારાં આવવા લાગ્યાં પો-
તાના પુત્રની મુદ્દામ હકીકત જ્યારે એના વાંચવામાં આવી કે
મોટી ચીસ પાડતો મહારાજ બેભાન જેવો બની જમીન
ઉપર તુટી પડયો એની ચીસ સાંભળી અંતઃપુરમાંથી રાણીઓ
વગેરે દોડી આવી. બીજી તરફ દાસ દાસીઓ વગેરે ભેગાં થઇ
ગયાં, તરતજ મંત્રીઓને બોલાવવામાં આવ્યો. બીજી તરફથી
વૈદ્યોને તાકીદે હાજર થવાને હુકમ થયો મુર્ચ્છિત થયેલા રાજા
ની મુર્ચ્છા વાળવા રાણીઓ અને તેમાં વિશેષે કરીને તિષ્ય-
રક્ષિતા પ્રયત્ન કરવા લાગી.

થોડી વારમાં મંત્રીઓ, વૈદ્યો વગેરે આવી પહોંચ્યા.
એટલે રાણીઓ દુર ખસીને વૈદ્યો મહારાજની મુર્ચ્છાના ઉપ-
ચાર કરવા લાગ્યા. મહાઅમાત્ય રાજાની પાસે ઉભો હતો.
રાજાને એકદમ આ શું થયું એની કોઇને ખબર પડી નહી.
આખરે વૈદ્યોના પ્રયત્ને રાજા સાવધ થયો. આંખો ખોલી ચારે
તરફ જોવા લાગ્યો ને રાણીઓ દાસી વગેરે સર્વને રજા આપી
દીધી રાજાની સંજ્ઞાથી વૈદ્યો પણ ચાલ્યા ગયા.

રાજા પેલો યમના બંધુ સમો કાગળ મંત્રીશ્વરના હાથમાં
ફેંકતાં ઉપર પ્રમાણે વિલાપ કરતો હૈયાના ઉભરા ઠાલવતો હતો
મંત્રી પણ કાગળ વાંચીને ઝંખવાણો પડી ગયો. અત્યારે મારા
રાજાની આવી સ્થિતિમાં શું બોલવું તેની એને કાંઈ સમજ

ગડી નદી. રાજાની આંખમાંથી તો પશ્ચાતાપનાં અશ્રુઓ અ-સ્ખલિતપણે વહેતાં એણે નિહાળ્યાં.

" મહારાજ ! પશ્ચાત્તાપ કરે શું વળે તેમ છે. ધાર્યું તો વિધિનુંજ બને છે. આપે તો સંભાળીનેજ કાગળ લખ્યો હશે છતાં દૈવની મરજીથીજ આવી બીના ઉભી થઇ, " આસ્તેથી મંત્રીશ્વરે કહ્યું.

" હા પ્રધાનજી ! એ મારા પ્રાણાધિક પુત્ર સદાને માટે અંધ થયો. મારી આશાનો અંબાર આજે તેજ રહિત થયો."

" વિધિના ચક્રના આગળ માણસનો શું ઉપાય ? "

" એ કાગળ ફરી મેં ન વાંચ્યો એ મોટી ભુલ થઇ ગઈ. તેમજ કાગળ લખવા સમયે આ વખતે આવી રીતે ભૂલ થઇ ગઇ એતો નવાઇનીજ વાત"

" મહારાજ ! આપે કાગળ લખીને તરતજ બીડી દીધો હતો કે કોઇને વાંચવા આપ્યો હતો. કાગળ લખવા સમયે આપની પાસે કોઇ હતું કે ? "

પ્રધાનનો આ પ્રશ્ન સાંભળીને સમ્રાટ્ ચમકયો " તમે આમ કેમ પુછો છો ? શું તમને કાંઇ કાવતરાની ગંધ આવે છે, મને તો મારીજ ભૂલ સમજાય છે. "

" મને એમ લાગે છે. મહારાજ ! કારણકે આપનાથી આવી ભૂલ કદાપિ પણ નજ થઇ શકે એ યુવરાજ રાજ્ય વારસ હોવાથી એની અપર માતાઓમાંથી કોઇનું કૃત્ય હોય એવો સંભવ છે. " પ્રધાને કહ્યું.

"તમારું કહેવું સત્ય છે અને તેને લઈને તો મેં એને અવંતીમાં રાખ્યો હતો. એટલે દૂર છતાં પણ દુષ્ટ વિધિએ એની અપર માતાઓનો મનોરથ આજે સફળ કર્યો."

"તો શું આપને એવો વહેમ છે છે કે આપના લખવામાંજ ભૂલ થઈ ગઈ?"

"બેશક? તે સિવાય આવી બીના કેવી રીતે બની શકે?"

"બની શકે! તમારી કે મારી ઇચ્છાથી ન બની શકે તે વિધિની મરજીથી અવશ્ય બની શકે?"

"ગમે તેમ છતાં અત્યારે તો પુત્રની જીંદગીનો હું જ જોખમદાર છુ. આ ગંભિર ભૂલનો હું પોતેજ જવાબદાર છું."

"તથાપિ સત્ય હશે તે એક દિવસ નહી આવશે, કહીતો ખરા કાગલ લખ્યા પછી કોઈના વાંચવામાં આવ્યો હતો કાંઈ?"

"નહી! કોઈએ વાંચ્યો નથી. કેવળ પહેલાની જેમ [illegible] હું કાગળ લખી રહ્યો ત્યારે મારી પાસે આવી, [illegible] પણ કાગળ તો કોઈએ વાંચ્યો નથી. [illegible] કાગળ પૂરો કરી મેં [illegible] મુકી દીધો.

"પછી"

"પછી શું! [illegible]"

"ત્યારે કાગળ કયાં હતો?"

"[illegible]"

[illegible]

" કેમ કારણ નહોતું ? " પ્રધાને પૂછયું.

" જમીને હું તરતજ અહીંયાંજ પાછો ફર્યો ને દૂતે આવ્યો એટલે કાગળ વાંચ્યા વગર મેં બંધ કરી શીલમહોર કરાવી દૂતને આપ્યો. "

" આપ જમવા ગયા ત્યારે પટરાણી સાહેબ આપની સાથે હતાં આપ જમીને ઉઠયા ત્યાં લગી તે આપની સાથે હતાં કે ? "

પ્રધાનનો પ્રશ્ન સાંભળી સમ્રાટ્ વિચારમાં પડયો. એને એ સુંદર સ્ત્રી ઉપર શક આવ્યો વળી જતો રહ્યો. " ના ! દિશાએ જવા ફક્ત ગઇ હતી તે તરતજ હું જમતો હતો ને મારી પાસે પાછી આવી ગઇ હતી " રાજાએ જણાવ્યું.

પ્રધાન વિચારમાં પડયો. " નક્કી ઉપરથી સુંદરતાની પુતળી ગણાતી પણ હલાહલ વિષથી ભરેલી એ તિષ્ય રક્ષિતાએ દિશાના બ્હાને આ કામ કાઢી નાખ્યું છે. " એ મનમાં સમજી ગયો પણ આ વાત અત્યારે બહાર પાડવા જતાં કદાચ રાજા ગુસ્સે થાય અગર પોતાની જીંદગી જોખમમાં આવી પડે કે વળી કાંઇ નવી ખટખટ જાગે જેથી એ મૌન રહ્યો. બનનાર બની ગયું હતું. ક્રોડ ઉપાય કરવા છતાં બનેલી ઘટના સુધારવાની જગતના કોઇ મનુષ્યની તાકાત નહોતી. એવી ભવિતવ્યતાની મરજી હતી ?'

" તમને શું તિષ્યરક્ષિતા ઉપર શક આવે છે કે પાછળથી એણે આવીને કાગળમાં ભૂલ કરી નાખી હોય; પ્રધાનજી?"

"ચોકસ અભિપ્રાય એ માટે કેવીરીતે આપી શકાય ?
દેવ ! આપને શું લાગે છે. ? એણે એમ કર્યું હોય કેનહી ?"

" મેં યુવરાજને કાગળ લખ્યો છે એની એને મુદ્દલે
ખબર નહોતી. તો પછીએણે ભૂલ કરી હોય એવો શક કેમ
લઇ શકાય ? "

" ન જ લઈ શકાય ? આપનું અનુમાન સત્ય છે. જો
કદાચ આપનાથી ભુલ થઇ હશે તો તો નિરૂપાય ? બાકી કાંઇ
ખટપટને અંગે આ કાર્ય બન્યું હશે તો હું એની
તપાસ ચલાવીશ ? "

" જરૂર તપાસ કરજો, પ્રધાનજી ! ઇર્ષ્યાથી જો કોઇએ
પોતાની મુરાદ સિદ્ધ કરવાને બાને મને હથીયાર બનાવ્યો
હશે તો હું એની જીવતાં ચામડી ઉતરાવીશ. એના પાપકૃ-
ત્યનો હું એને વ્યાજસાથે બદલો આપીશ. "

" દેવ ! એતો જ્યારે ગુન્હેગાર હાથ આવશે ત્યારે
વાત છે પણ હવે યુવરાજ માટે શું કરવું ! રાજ્યને માટે
એમનો હક્ક હવે જતો રહ્યો. "

" હાય ! એમજ થયું ? થોડા દિવસ પછી એને એક
સમૃદ્ધવંતુ ગામ આપો ! જેથી સુખે સમાધે એ પોતાનો કાલ
નિર્ગમન કરે ? "

" તો અવંતી માટે શું કરવું ? ત્યાં હાલમાં કોઇને
મોકલવો છે કે નહી ? "

" એ માટે વિચાર કરશું ! હવે તો રાજ્યનો હક્ક

મહેંદ્રનોજ થશે એની માતાની મરજી હશે તો અવંતીની ગાદી કોને આપશું ? "

" મરજી હશે શું ! એતો આ પ્રપંચની રાહ જોતીજ હશે. એ જાલીમ સ્ત્રીએજ આ સ્થિતિ ઉભી કરી છે. છતાં માન તો અવશ્ય ખાશે ! જગતમાં જરૂર સમયે એક તણખલું પણ મોંઘુ થાય છે. " પ્રધાન મનમાં બબડ્યો.

કેટલીક આવી અવળી વાતો કરી મંત્રી ચાલ્યો ગયો. રાણી નિષ્યરક્ષિતા રાજાની પાસે આવી એની સારવાર કરતાં પેલો કાગળ લેઇ ગઇ હતી. અન્ય રાણીઓને કે કોઇને ખબર ન પડે એમ સારવાર કરતાં મુદ્દામાલ સમજી ગઈ હતી છતાં કાંઇ ન જાણતી હોય એમ બીજી રાણીઓની માફક તે પણ અજાણી થઇ ગઇ હતી. સર્વે રાણીઓ અંતઃપુરમાં ગઈ. અને રાજાનું શુભ ઇચ્છતી એમના આરામની પ્રતિક્ષા કરતી હતી. તે સમયે તિષ્યરક્ષિતાના હૈયામાં તાલાવેલી લાગી. પ્રધાન અને રાજા શું વાતો કરે છે એ જાણવાની એને જીજ્ઞાસા ઉત્પન્ન થઇ. એણે આંખોના સંકેત પૂર્વક શ્યામાની સામે જોઈ એ દિશા તરફ મોં ફેરવ્યું. શ્યામા ત્યાંથી કાર્યના મીષે પસાર થઇ ગઈ. કોઈ ન જાણે એમ પછવાડે ફરીને એમની ખાનગી વાતો બને એટલી સાંભળવાની ચેષ્ટા કરી તે પછી પ્રધાનના ઉઠવા આગમચ દાસી શ્યામા ત્યાંથી પસાર થઈ ગઇ. થોડી વારમાં રાજાની તબીયતના આરામના સમાચાર આવ્યા. ને યુવરાજ કુણાલના અંધપણાના સમાચાર પણ અંતઃપુરમાં ફેલાઇ ગયા. બધી રાણીઓએ શોક બતાવ્યો.

પટ્ટરાણી તિષ્યરક્ષિતા પણ પણ આ સમાચાર સાંભળી અપાર શોક કરતી હૈયાફાટ રૂદન કરતી રાજા પાસે દોડી આવી. પેટ ભરીને રૂદન કરી તેણે પોતાનો શોક પ્રદર્શિત કર્યો. જોતજોતામાં આખા શહેરમાં અંધત્વના સમાચાર ફેલાઇ ગયા.



પ્રકરણ ૧૫ મું.

પરિવર્ત્તન.

કાળ કાળનું કામ કર્યે જાય છે એ કાંઇ કોઇના માટે થોભતો નથી. આજની બનેલી ગમે તેવી હૃદય વિદારક વાત પણ દિવસો જતાં એનો ઘા રૂઝાતો જાય છે. એ તાજી સ્મૃતિ ભૂલાતી જાય છે. પૂર્વની ઘટના બન્યા પછી કેટલોક સમય પસાર થઇ ગયો. એ અરસામાં કંઈ કંઇ ઘટનાઓ બની ગઇ હતી. યુવરાજ કુણાલ અત્યારે યુવરાજ નહોતો. એની અવંતીની મોજ મજાહ એ વૈભવ બધો સુકાઈ ગયો હતો. આજે તો એ અંધ કુણાલ પોતાને અપાયેલા એક ગામમાં રહી પોતાની જીંદગી ગુજારતો હતો. જગતની સ્વાર્થતા તો જુઓ ! સ્વાર્થાંધ દુન્યા ઉગતાનેજ પૂજે છે. આથમતાને નહી. જે યુવરાજનાં એક દિવસ પ્રતિદિવસ માન સન્માન થતાં હતાં. આજે એમાંનું કાંઈ પણ એને માટે નહોતું. એ અંધ કુણાલ ક્યાં પડ્યો છે ! એની કોઇને ખબર પણ નહોતી. જે પિતાના હૃદયમાં એક દિવસ એ પ્રાણાધિક હતો

એ હૈયામાંથી પણ એ સ્નેહની લાગણી રફતે રફતે ઓછી થવા લાગી. સમયની એ વિચિત્રતા છે. છતાં કુણાલને મન એ માટે હર્ષશોક કાંઈ નહોતું. પિતાએ આપેલા ગામમાં રહી સાદાઈપણે પ્રભુ ભજનમાં પોતાનો કાળ નિર્ગમન કરતો હતો. એની સાથે એને પુત્રની માફક રાખનારી ધાવમાતા તેમજ બે ચાર દાસ દાસી સાથે રહેતાં હતાં. નિવૃતિમય જીવન ગાળનાર અંધ કુણાલતો પ્રભુ ભક્તિમાંજ સમય વ્યતિત કરતો હતો છતાં એની ધાવમાતા સુનંદાને હૈયામાં બહુ દુઃખ થતું હતું. પશ્ચાત્તાપમાં એ અર્ધી થઇ ગઇ હતી. પણ હવે કંઇ ઉપાય નહોતો. અવંતી છોડવાને સમયે તો એના દુઃખનો અવધિ હતો પણ દૈવ આગળ લાચાર !

મહારાજાના પત્રથી એ તો સ્પષ્ટ થઇ ગયું તું કે કુમારને અંધ કરવાનો હુકમ નહોતો પણ કુમાર જાણે એજ મારી અભિલાષા હતી. પણ ' અધીયઉ ' ને બદલે ' અંધીયઉ ' મારાથી કેમ લખાઇ ગયું એ સમજાતું નથી. પિતાની આવી આજ્ઞાનું પાલન કરી એણે પિતાને જીવતો માર્યો છે મારી આશાનો એણે નાશ કર્યો છે." આવી રીતે સમ્રાટ્ દુઃખી થયા હતા અને એ રડતે હૈયે એમણે કુણાલને એક સમૃદ્ધવંતુ ગામ આપી સુખમાં કાલ વ્યતિત કરવા ફરમાવ્યું હતું. જેથી સુનંદાને બહુ દુઃખ થયું હતું એક તો યુવરાજ ધિરજ ખમી શકયો નહી. બીજી વખત જવાબ મંગાવ્યો હોત તો સ્પષ્ટ ખુલાસો થઇ શકત ? બીજી બાજુ એને આ કાવતરામાં અપર માતાઓના હાથની ગંધ આવી. ગમે તે રાણીએ રાજાને

શ્ચંદ્રનું સત્ય જીવન હતું. રામનું પિતૃભક્તિ જીવન હતું ભક્તોનું પ્રભુ ભક્તિ જીવન હોય છે, સતીને પતિભક્તિ એ જીવન છે. દયાના સાગરને અહિંસા જીવન વ્રત છે. વ્રત ધારીઓને જેમ વ્રતજીવન છે, જેનું એ જીવન અખંડિત છે એ જગતમાં જીવતો છે બાકી તો આ જગતમાં અનેક માત પિતાઓ પુત્રોનો જન્મ આપે છે. એથી શું !

પણ સુનંદાના દુઃખનો પાર નહોતો, એણે મનમાં આ બધું પરિવર્તન જે વ્યકિતએ રાજાને હથીયાર બનાવી કરા વ્યું છે. એના વેરનો પ્રતિશોધ કરવાનો નિશ્ચય કર્યો.

આપણા જાણવામાં આવ્યું છે કે રાજાની સાથે તિષ્યરક્ષિ તાએ પણ કુણાલના શોકને બ્હાને પોતાનાથી બની શકે એટલે બધો ઉભરો બહાર કાઢી નાખ્યો. થોડા દિવસ વિત્યા પછી મહારાજે કુણાલને એક સમૃદ્ધ ગામ આપી એને માટે પુરતો બંદોબસ્ત કર્યો. કુણાલ પછી રાજ્યનો વારસ મહેંદ્ર હતો. જેથી મહારાજે મહેંદ્રને યુવરાજ પદવી આપી અને અવંતી આપ વાનો વિચાર કર્યો, એમાટે એણે તિષ્યરક્ષિતાની સલાહ લીધી.

તિષ્યરક્ષિતાએ પણ મોંઘાઈ તો ઘણીય બતાવી. પણ છેવટે ખુશી થઈને રાજાની વાતને જાણે પોતે અત્યંત દુઃખી થતા હૈયે અનુમતિ આપતી હોય એમ અનુમોદના આપી. થોડા દિવસમાં મહેંદ્ર કુમાર કુમાર મટીને યુવરાજ થયો, યુવરાજ પદ ઉપર વિભૂષિત થએલો મહેંદ્ર—અવંતીનો રાજ્ય-[illegible] મંત્રીઓ અને આપ્ત જનો સાથે [illegible] નવરે દિવસ [illegible]

તિષ્યરક્ષિતાના અંતરમા અત્યારે હર્ષનો કાંઇ પાર હતો, ને શલ્ય ઘણા દિવસ થયાં એના હૈયાને ડંખતું હતું તે પોતાની યુક્તિથી દૂર થઇ ગયું. ને પોતાનો પુત્ર યુવરાજપદ પામ્યો. ભાવી ભારતના તાજનો હક્કદાર થયો. અવંતી જતા પુત્રને એણે ઘણી ઘણી સમજણ આપી. હર્ષના આંસુથી નવાજ્યો. પોતાની વિશ્વાસુમાં વિશ્વાસુ દાસી શ્યામાને પણ, મહેંદ્રનું રક્ષણ કરવાને એણે અવંતી મોકલી. યુવરાજ કુણાલની જગ્યાએ આજે મહેંદ્ર અવંતિમાં મનગમતા વૈભવ ભોગવતો સુખમાં પોતાનો કાળ વ્યતિત કરી રહ્યો હતો. ચપળ લક્ષ્મીની ચંચળતા તો જુઓ સંસારમાં તે શી ચાલાકીઓ ચલાવી રહી છે. છતાં નવાઈ તો એજ છે કે મહા સમર્થ આત્મા સત્ય વસ્તુને છોડી એની પાછળ દિવાનો બની અનેક કષ્ટો સહન કરે છે.



પ્રકરણ ૧૬ મું.

એ ચંદા તે કોણ ?

" બાઈ સાહેબ ? આપ મને તમારી તહેનાતમાં રાખશો તો મોટી કૃપા થશે ? " એક ગરીબ દેખાતી દેખાવડી બાળાએ અવંતીના રાજ્ય મહેલમાં આવીને એક રૂવાબદાર મગરૂર બાઈને કહ્યું.

એ બાઇએ તીક્ષ્ણ નજરે આ ગરીબ બાઇ તરફ જોયું

એને લાગ્યું કે આવો પરિચિત ચહેરો ક્યાંય જોયેલો છે. પણ ક્યાં જોએલો એ એને યાદ આવતું નહોતું. "તું કોણ છે! ક્યાંથી આવે છે! મને લાગે છે કે મેં તને ક્યાંક જોઇ છે!" એ રૂવાબદાર બાઇએ કહ્યું.

"મને જોઇ છે? બેશક જોઇ તો હશે જ; હું પણ આ નગરમાંજ રહું છું, તો તેથી કદાચ જોઈ હોય એ સંભવે છે. છુય રજપુતની દીકરી? પણ?......." એ બોલતાં બોલતાં અટકી પડી.

"તારે કોઇ સગું વ્હાલું નથી કે શું?" એ બાઇએ પૂછ્યું.

"સગું ને વ્હાલું! ઉંચે આભ ને નીચે ધરતી એજ મારાં સગાં છે કે મને પડી રહેવા દે છે. રજપુતની દીકરી એટલે કામધંધો કરી શકાય નહી તો પછી ગુજરાન શી રીતે થાય! તમે જો આશરો આપશો તો તમારી સેવા ચાકરી કરીશ. તમને પ્રસન્ન કરીશ." આજીજીની ઢબે એ ગરીબ બાળા બોલી.

"તું શું કામ કરીશ વારૂ? વારૂ પણ તારૂં નામ શું?"

"મારૂં નામ ચંદા?"

"ચંદા! તું એક અજાણી છોકરી છે. અજાણી છોકરી રાખવામાં સોએ સો ટકાનું જોખમ તો છે. તેમાંય આ તો રાજના મામલા છે. તેની તને ખબર છે ને? રાજ્યમાં અનેક ખટપટો ચાલતી હોય તેવી સ્થિતિમાં તલવારની ધાર ઉપર

રહેવું પડે છે. તે કદાચ તારા ધ્યાનમાં નહીં હોય ? ને તું તો હજી બચ્ચું છે.?"

"જો કે મને તમારી રાજ્ય રીતિનો અનુભવતો નથી. છતાં તમારે ત્યાં રહેતાં, હું અલ્પસમયમાં જાણીતી થઈ જઇશ. તમારા કાર્યમાં જેમ બને તેમ હું મદદગાર થઇશ."

"ઠીક ત્યારે આજથી તું મારી તહેનાતમાં રહે દીકરી! યાદ રાખજે મારો વિશ્વાસ મેળવીશ તો તું સુખી થઈશ. તારા સૌંદર્યને યોગ્ય તનેયોગ્ય વર પરણાવીશ." એ બાઇ હસી.

એ રૂવાબદાર બાઈ તે તિષ્યરક્ષિતાની માનીતી દાસી-સખી શ્યામા હતી. શ્યામા રાજકુંવરની ધાત્રી તેમજ પટરાણીની માનીતી હોવાથી અહીંયા અવંતીમાં કુમાર-યુવરાજ મહેંદ્રની સંભાળનું કામ સ્ત્રી વર્ગમાં એનેજ મુખ્યતાએ ભળાવવામાં આવ્યું હતું. શ્યામા અહીંયા મોટા ઠાઠમાઠ સાથે રહેતી હતી. અંતઃપુરમાં દરેક દાસ દાસીઓમાં શ્યામા રાણી જેટલું માન ભોગવતી ને દરેકના ઉપર હુકમ ચલાવી શકતી હતી.

નોકરીની ઉમેદવાર બાળા ચંદાએ ભજવેલો પાઠ આ રીતે સફળ થયો ને શ્યામાના કામકાજમાં પરોવાઇ એને પ્રસન્ન કરવાનો હેતુ એણે સાધ્ય કરવા માંડ્યો. શા માટે એણે શ્યામાની નોકરી ભજવવાનો નાટક શરૂ કર્યો એ તો એનું હૃદય જાણે. પણ ચંદાએ ખંતથી શ્યામાની સેવા બજાવતાં અલ્પકાળમાંજ એણે શ્યામાનો વિશ્વાસ મેળવી લીધો, એટ-

“ રામ રામ ! અમારા ગરીબનું નશીબતો ગરીબજ બાઈસાહેબ ! ગમે તેટલો પણ ધ્રુવનો તારો ચંદ્રની સ્પર્ધા તો નજ કરી શકે. દીવો શું સૂર્યની સાથે હરીફાઇ કરીશકે ! ” ચંદાએ બરાબર શ્યામા ઉપર માલેસનું જાદુ કરવા માંડ્યું. “ બાઇ સાહેબ ! અમારી જેવા મનુષ્યો ઉપર તો તમારે ખાસ રહેમ નજર રાખી તમારાં વિશ્વાસુ બનાવવાં; એથી તમારૂં ભલું થશે. સારૂં કરનારનુ સારૂંજ થશે. ”

“ ધીરજ રાખ ! કંઇક એવો પ્રસંગ ઉભો થશે તો એમાં તને આગળ પડતો ભાગ આપીને આગળ વધારીશ— મારી પ્રસન્નતાનું ફલ બતાવીશ. ”

“ રંક માણસનાં તો ભાગ્યજ ઉઘડે ? તેમ છતાં તમારી રહેમ નજર છે એ અમારે મન ઘણુંય છે. બાકી જગતમાં તો ચડતી પડતીની છાંયડી છે. જુઓને અહીંયાંનાજ દાખલો; યુવરાજ કુણાલ ઉપર મહારાજના ચારે હાથ હતા. છતાં આજે યુવરાજની શી સ્થિતિ થઇ ? ”

ચંદાની વાત સાંભળીને શ્યામા [illegible] છે ચંદા ! કુણાલ મહારાજનો [illegible] બોલતાં શ્યામા અટકી ગઇ.

“ [illegible] બાઇ સાહેબ ! [illegible] [illegible]

ખાનાં ઓઢી. " છતાં જે થયું તે મારાને માટે નહીતર તમારા સિવાય આજે મારી શી વલેહ થાત! અરરર ! બાઇ ! હું તો તમે નહોત તો આજે મરી ગઇ હોત મરી ? " પાછી એને વાતની ફરી મચરડી નાંખી. એ બાલિકા, ચંદાની વાત કઢાવવાની ચાલાકી અદ્ભૂત હતી.

" ગાંડીરે ગાંડી ! જે આખી દુનિયા ઉપર રાજ ચલાવે છે એ એવી ભૂલ કરે ખરો ? " આસ્તેથી શ્યામાએ પ્રાણપ્રિય સખી આગળ હૈયાની ગુપ્ત વરાળ બહાર કાઢવા માંડી.

" મનેય લાગે છે કે એમ બનવું તો નજ જોઇએ, એમાં કંઇક ભરમ તો હશે, એ રહસ્ય તો તમે જાણો એનાથી પાછાગનીય અમને ઓછી ખબર હોય; બેન ? મોટા રાજ રજવાડામાં એતો બનતું આવ્યું છે. એમાં કાંઇ નવીનવાઇ થોડી છે. "

" તો એવીજ ખટપટનું આ પરિણામ છે. સમજ ? અમારો મહેંદ્ર રાજપાટ વગર પરાધિનપણે જીંદગી પુરી કરે, ને એ નમાયો રાજાને વ્હાલો થઇ રાજપાટ ભોગવે તે હું અને મહેંદ્રની માતાથી કેમ સહન થાય ! ભલે ને એને મહારાજે માનીતો કર્યો, તેથી શું થયું ! "

" તમે સત્ય કહો છો બેન ! પોતાના પુત્રની ઉન્નત્તિ કયી માતા ન ચાહે ! એ વ્હાલા પુત્રની ઉન્નત્તિમાં આડ ખીલી નડતી હોય એને દૂર કરવા માતા તો અવશ્ય પ્રયત્ન કરે ! " ચંદાએ શ્યામાના ઉદ્ગારોમાં હાએહા મેળવી સત્ય વાત કઢાવા પેરવી કરી.

...

પણ એવી સમર્થ વ્યક્તિનું મારે દર્શન તો અવશ્ય કરવું જોઈએ કે અમારા જેવા અભણ માણસનામાં પણ અક્કલના બે છાંટા એમનાથી આવે ? ”

“ તારી મરજી હશે તો હું તને અનુકૂળ સમયે મંદારાણીજી પાસે મોકલી આપીશ. અરે તેમની તો વાત શી કરવી ! જો પ્રસન્ન થાય તો સર્વસ્વ આપી દે એવા ઉદાર–ઉદાર છે. ”

મુદ્દામ રસ્તા પર આવેલી વાત પાછી સરી જતી જોઈ ચંદાએ આગળ ચલાવ્યું, “ બાઈ સાહેબ ! તમારી વાતો તો એવી છે કે અમારા જેવાં મૂર્ખ માણસોને પણ બુદ્ધિ આવે હો ? તમારા એક એક શબ્દની મીઠાશ તો બસ ! એને હું કોની ઉપમા આપું ? તમારી વાતોમાં એટલો તો રસ પડે છે કે ખરે તમારી પાસેથી ઉઠવાનું મન પણ થતું નથી. તમે જો પુરૂષ હોતતો......” ચંદા એમ બોલતા બોલતા હસી પડી, એનું ગૌર વદન ખીલી ઉઠયું.

“ હું પુરૂપ હોત તો તું શું કરત ? મારી ઉપર આશક પડી જાત કે શું ! ” શ્યામાને પણ વાતમાં રસ પડવાથી હસી પડી. જાણે પોતે પુરૂપ હોય ને એકાંતમાં બેઠેલી આ પ્રિયતમા હોય એવો સ્નેહ ઉત્પન્ન થયો.

“ જરૂર ! જરૂર ! આવો તમારા જેવો હોંશીયાર, મીઠા બોલો અને દેખાવડો વર તો સ્ત્રીઓને ભાગ્યયોગેજ મલી શકે ! ” ચંદાએ શ્યામાના ગાલ ઉપર ચુંટી ખણી બોલવામાં વિશેષ છુટ લેતાં બસ હદ વાળી દીધી. “ હાં પણ કયી ચાલાકીએ તમારા ભાગ્યના પડદા ઉઘાડી નાખ્યા ! ”

મહારાજને અનેક પ્રકારે આડું સમજાવવા જતો હતો પણ
મહારાણી તિષ્યરક્ષિતાએ એકાંતમાં એને એવો તો મોતનો
ડર બતાવ્યો કે એ સડક જ થઇ ગયો. વાતનો ફણગો ક્યાંય પણ
ન ફુટે એવી આકરી પ્રતિજ્ઞા કરાવી ત્યારે તો એ પ્રધાન જીવતા
હુઆ, નહીંતર એજ સમયે એની અજલ પોકારી રહી હતી,
સમજ !" શ્યામાએ ચંદાના હુલાસમાં ને હુલાસમાં આસ્તેઆસ્તે
સત્ય હકીકત કહી દીધી. ત્યારેજ એનું હૈયું કાંઇક શાંત થયું.

પોતા ઉપર એને શક ન આવે માટે ચંદાએ વળી હાસ્ય
કર્યું "પરમ કૃપાળુ ભગવન્ બહાલી સખી ? તમને શ્યામાને
[illegible] બનાવી દે તો કેવું સારું ?"

"તો તો [illegible] ?"

શ્યામા [illegible]

[illegible]

[illegible]

પ્રકરણ ૧૭ મું.

કુણાલની પ્રભુ ભક્તિ.

આશાના પાશમાં સપડાયેલો મનુષ્ય કાળ જવા છતાંપણ પોતાને અજર અમર માનીને નિરંકુશપણે સંસારચક્રમાં આગળને આગળ ધપ્યાં જાય છે. સુખી માણસને ગમે તેટલો સમય જવા છતાંપણ એને જતા એવા કાળની ખબર પડતી નથી; તેમ દુઃખીયા માણસોના એકએક દિવસ યુગસમા છતાં એપણ સ્વપ્નની માફક પસાર થાય છે. કાળને કાંઈ આદિ નથી તેમજ એનો અંત પણ નથી. સંસારચક્રમાં પ્રાણીરૂપી પાત્રોને કર્મના નિમિત્તે અનેક પ્રકારના નાચ નચવતો નિર્ભયપણે તે આગળ વધ્યે જતો હતો. યુવરાજ કુણાલને અંધ થયાને પણ આજે દશ કરતાં વધારે વર્ષ વહી ગયાં હતાં. એ આઠ વર્ષનો બાલક મટીને આજે વીશ બાવીશ વર્ષનો યુવાન થયો હતો જે યૌવનમાં હતા તેમની યુવાની બદલાતાં પ્રૌઢ અવસ્થાનાં ચિન્હો પ્રગટ દેખાતાં હતાં. પ્રૌઢ વૃદ્ધાવસ્થાનાં દુઃખો અનુભવી રહ્યા હતા. પુદ્ગલ સમુહથી બનેલું આ શરીર અનેક પ્રકારના ફેરફારોને ધારણ કરતું પોતપોતાના રૂપમાં પરિવર્ત્તન કરતું હતું.

એ અરસામાં કંઈ કંઇ ઘટનાઓ બની ગઇ. જગતની સપાટી ઉપર નહી બની શકે એવું કંઇયે નથી. અંધ કુણાલ પ્રભુભક્તિમાં ઘણોજ આગળ વધી ગયો હતો. એનાં એ

ભજનીયાંની ધુન, સિતારના મધુર અવાજ, એના કંઠના મધુરતા એ બધાં અદ્દભૂત હતાં. તેમાંય એના હૈયામાંથી નિકળતું એ ભાવપૂર્ણ મધુરગાન તો ન્યારૂં જ હતું. એની પ્રવિણતાની હદ તો ઘણીજ ઉંચી હતી. ભકિતમય ગાનતાનમાં સાંભળનારા તો ડુબીજ જતા. ખાવું પીવું બધુંય ભૂલી જતા, ભકતોની મંડળી જમાવી અંધ કુણાલ પોતાના જીવનને એવી રીતે પ્રભુ ભકિતમાં ખેંચી ગયો હતો. ભકિતરસ પ્રધાનગાનમાં એની પ્રખ્યાતિ એટલી બધી વધી ગઇ કે દૂર દૂરથી પણ લોકો આવીને એના મધુરકંઠમાંથી નિકળતા ભકિતરસનું પાન કરતા હતા.

આટલો બધો કાળ પસાર થયો છતાં સુનંદાનું હૈયું એવું ને એવું શોકપુર્ણ હતું હમેશાં એ પ્રભુને પ્રાર્થના કરતી કે "હે પ્રભુ! શું હવે હમારે જીંદગી પર્યંત આવીજ રીતે મરવાનું! ઓ નિરાધારના બેલી! અનાથનાનાથ! અમારી વફાદારીનું આ પરિણામ! શું તું દુર્જનોના મનોરથ સફલ કરીશ! હાય! જગતમાં લોકો કહે છે કે સત્યનો જય થયો? પણ અમને તો એનો ઉલટોજ અનુભવ મળ્યો! હા દૈવ? જો તારામાં કાંઇપણ શકિત હોય તો અમને ઉપર લઇ જા? અને પોતાની દુર્જનતાથી આજે વરસો થયાં જેના મનોરથ સફલ થયા છે એને નિષ્ફળ કર?" આજ વર્ષો થયાં છતાં હજી લગણ તો એની પ્રાર્થના સફલ થઇ નહોતી. છતાં સુનંદાની ધીરજની હદ હતી. એને પ્રભુ ઉપર દૃઢ વિશ્વાસ હતો, પ્રતિદિવસ પ્રાર્થના કરી ભકિતપૂર્વક

હૃદયની એકાગ્રવૃત્તિએ અનંત શક્તિવાનને વિનવતી શુભ પુદ્ગલોનું વાતાવરણ તે એકઠું કરતી હતી. એ શુભ પુણ્યમય પુદ્ગલોથી પાપનો નાશ થતો હતો શેષ ભોગવઇને છુટતાં હતાં, સુનંદાના એવીરીતે શોકમાં દિવસો વ્યતીત થતા હતા.

સુનંદાની વિનતિથી મહારાજ અશોકે ઉંમરમાં આવતાં એક રાજકન્યા સાથે અંધ કુણાલનું પાણિગ્રહણ કરાવ્યું હતું, રાજકાજમાં ગુંથાયેલા અશોકની સ્મૃતિમાંથી કુણાલ તો લગભગ હવે ભુસાઇ ગયો હતો. પરન્તુ સુનંદા તરફથી પ્રસંગોપાત જ્યારે સમાચાર આવતા તે સમયે મહારાજને સ્મૃતિ થતી. અને એવીજ એક સ્મૃતિથી અશોકે અંધ કુણાલને પરણાવી દીધો હતો.

સુનંદા કાંઇક વિચારક હતી, દીર્ઘ દૃષ્ટિવાળી હતી. મહારાજ અશોક માર્ફતે કુણાલનાં લગ્ન થાય એમાં એનો કાંઇક છુપો ઉદ્દેશ હતો. જો કે તે ઉદ્દેશ સાધ્ય થવો એ તો દૈવાધિન વાત છે. છતાં મનુષ્યે પ્રયત્ન તો અવશ્ય કરવો જોઇએ. દૈવાધિન હોવાથી એવી પ્રવૃતિને અશક્ય માની જો મનુષ્ય પ્રયત્ન છોડી દે તો એને કાંઇ લાભ થતો નથી. તેથીજ ગમે તેવી મુશીબતો છતાં નાહિંમત ન બનતાં સુકૃત્યો, પ્રભુભકિત, પુણ્યમય જીવન, વગેરેથી શુભ વાતાવરણ મનુષ્યે એકઠું કરી અંતરાયને હઠાવવું જોઇએ. સુનંદાએ પણ ભવિષ્યની કોઇ અપૂર્વ સુખની આશાએ કુણાલની મરજી નહી

છતાં ગમે તે રીતે સમજાવી મહારાજા અશોક મારફતે એ લગ્ન કરાવી દીધાં હતાં.

બાળા શરતશ્રીની ઉમર અત્યારે અઢાર વર્ષની હ રાજકન્યા છતાં એનામાં ઉદ્ધતાઇ કે ઉચ્છૃંખલતા નહો કુમારી અવસ્થામાં તેના ગમે તે વિચારો હોય છતાં અત્યારે સાદાઇમાંજ એણે મહત્તા માની હતી. અંધપતિની ભક્તિ એ મન સર્વસ્વ હતું, સુનંદાને શરતશ્રી સાસુ પ્રમાણે માન આ એનો વિનય સાચવતી હતી. સેવાનેજ એણે પોતાનો ધર્મ માન હતો. જેમ ગાંધારી ધૃતરાષ્ટ્ર ઉપર ભક્તિમાન હતી. સુક ચ્યવનઋષિની ભક્તિ કરી પ્રભુમય જીવન ગાળતી હતી. તે વર્તમાન કાળમાં શરતશ્રી એ બીજી સુકન્યા કે ગાંધારી હ

જે બેચાર દાસીઓ હતી એમાં એનાજ જેવી સત્ય માર્ગે ચાલનારી ને કુણાલ ઉપર ભક્તિવાળી એને દુઃખે દુઃ ને સુખે સુખી ચંદા નામે દાસી હતી. જેનું નામ અમે ક સમજાઇ ગયુ છે. ચંદા જો કે તરૂણ હતી છતાં એ ચતુર અ બુદ્ધિમાન હતી. વાતવાતમાં બીજાને છેતરી લેવાની, વશ કરવાની એના હૃદયમાંથી ગુપ્તમાં ગુપ્ત વાત પણ કઢાવવાની એ કળા ન્યારી હતી. ચંદા તે વફાદાર હતી. કુણાલના અંધ માટે પણ એ જુવાન બાળાનું હૈયું દુભાતું હતું. [illegible] વિશ્વાસ યોગ્ય ધારીને સુનંદાએ [illegible] મોકલવા માટે [illegible] અવંતી રવાને કરી હતી. એ ચંદાએ અવંતીમાં શું કર્યું [illegible] આપણે [illegible]

[illegible]

પોતાનું કાર્ય પાર પડતાંજ ચંદા એકદમ અવંતીના રાજમહાલયમાંથી ગુમ થઇ ગઇ હતી. પોતાની જવાની ઇચ્છા થઇ ત્યારે, એણે એવો સંયોગ ઉભો કર્યો કે એના ગુમ થયા પછી સર્વે કોઇ અનેક પ્રકારની કલ્પના કરવા લાગ્યું. કોઇ કહે એ કુવે પડીને મરી ગઈ. કોઇ કહે જુવાન હતી તેથી કોઇને લઇને ભાગી ગઇ. જગતમાં પુરૂષો તો સ્ત્રીઓનું હરણ કરે એતો ઠીક, પણ આણેજ કોઈ પુરૂષનેજ ઉપાડીને પુરૂષ હરણનો દાખલો બેસાડયો. ગમે તેમ જેને જેમ ફાવે તેમ ભલે બોલે, દુનિયાને મોંએ કાંઇ તાળું દેવાતું નથી.

ચંદા જેવી અવંતીના રાજમહાલયમાંથી ગુમ થઈ કે શ્યામાને અનેક પ્રકારની કલ્પના થવા લાગી. "શું એ મારો ગર લેવા તો નહી આવી હોય! હુંય રાંડ ભોળી કે એના મિથ્યામોહમાં સપડાઇ મેં. હૈયાની વાત કરી દીધી. અથવા તો એના જેવી એક અજાણી બાઇને મેં મારી તહેનાતમાં રાખી એજ ઠીક ન કર્યું, અને રાખતાં શું રાખી તો ઠીક! પણ મારા હૈયાની છુપી વાત મેં એને કહી એ બીજી ભૂલ! હશે! હવે જે થયું તે ખરૂં! એના જેવી એક ગરીબ કંગાલ છોકરી મને શું કરી શકે છે! કદાચ માનો કે મારી વાતનો સાર લેવા આવી હશે તો મારા પગનું જુતુ ફાટયું, એમાં તે શું થઈ ગયું કે એ તુચ્છ સ્ત્રીમાટે હું આટલો બધો વિચાર કરૂં છું, મારી સત્તા, મારો વૈભવ, મારો દોરદમામ અને હું તે કોણ?

ચંદાએ સુનંદા પાસે આવીને સર્વે વાત કહી સંભળાવી.

એ તિષ્યરક્ષિતાના નાટકનો પાઠ, શ્યામાને સપડાવવાનો તેમ
પોતે ભજવેલો પાઠ વિસ્તારથી કહી સંભળાવ્યો. કુણાલ સુ
દાસ અને શરતશ્રીને પણ અપરમાતાના અધમ કૃત્યની ખબ
પડી. એ તિષ્યરક્ષિતાના કૃત્યને પરિણામે પોતે આંખો ગુમાવ
અંધ થયો-પતીત થયો. આજે એણે પોતાના પુત્ર મહેંદ્ર
યુવરાજ બનાવી તાજનો વારસ ઠરાવ્યો. જેથી કુણાલને
અસ્થિર રાજસમૃદ્ધિ, રાજખટપટ ઉપર તિરસ્કાર આવ્યો
" આહા ? ધિક્કાર થાઓ આ રાજમુકુટને ? કે જેન
મોહની ખાતર કેવાં કેવાં પાપ કૃત્ય કરવાં પડે છે. રાજ્યને
અન્તે નરક લખી છે તે શાસ્ત્રકારોનું વચન અસત્ય તો ન
હોય ! પોતાના તુચ્છ સ્વાર્થની ખાતર માણસો કેવું નીચામ
નીચું કૃત્ય કરતાં પણ અચકાતા નથી. આહા ! પિતાના
કાગલમાં માત્ર અકાર ઉપર એક મીડું વધારીને એણે કેવો
ઘાણ કાઢયો ! તિષ્યરક્ષિતા ! તેં તો પૂર્વ ભવનું બરાબર
વેર વાળ્યું. " ઇત્યાદી વિચાર કરતો સુરદાસ કુણાલ એ
ખેદવાળા ચિત્તને પ્રભુ ભક્તિમાં પલટાવી નાખતો. જે કામ
થતાં શું થઇ તો ગયું પણ હવે એ સુધારવાની કોઇનામાં
તાકાત નહોતી. જેથી શત્રુના મનોરથ તો સફલ થયા હતા,
એમ તે સારી રીતે જાણતો હતો. એ બધો પોતાના પૂર્વકૃત
કર્મનો દોષ માની સુરદાસ કુણાલ પ્રભુનો સાચો ભક્ત બનવા
અથાગ મહેનત કરી રહ્યો હતો.

કોઈ દિવસ યુગ પ્રધાન આર્ય સુહસ્તિસ્વામીના એક

જીના ગામમાં ચોમાસુ રહ્યા. તેમના પરિચયમાં કુણાલ અને ગાઢ નથી તેમજ તેમનું આખું કુટુંબ આવ્યું. ચાર માસના એમના સતત ઉપદેશને પરિણામે કુણાલ અને સ્વજનોની મનુ ભક્તિ સુવર્ણમાં કુંદન શોભે એમ જૈનતત્વના રંગે રંગાઈ કેવળ શુદ્ધ દૃઢ ભાવનામય થઈ ગઈ. મુનિએ પોતાની વિદ્વત્તાથી અનેક શંકાઓનું સમાધાન કરી કુણાલને જૈન ધર્મમાં સ્થિર કર્યો. એ વૈરાગી કુણાલનું મન સાધુ-વ્રત પાળવા માટે પણ તલસી રહ્યું, પણ મુનિએ એમને સંયમથી શાંત કર્યા કે "તમારે ગૃહસ્થ પણેજ બની શકે તેવી સ્થીતિમાં ધર્મારાધન કરવું. આંખો વગર જીવ દયાનું કામ બની શકે નહી ને એથી ઉલટું ચારિત્રની આરાધના કરવા જતાં વિરાધના થવાના સંજોગો બને, માટે ગૃહસ્થપણામાંજ જૈનધર્મનું આરાધન કરો! ધર્મ પસાયે સૌ સારૂં થશે."

"પ્રભુ! મારે હવે સારૂં શું ને ખોટું શું! જીવનમાં મારે કાંઈ આશા નથી-લાલસા નથી. મારો સમય આત્મકલ્યાણ માટે જાય એજ મારે માટે હવે શેષ કર્તવ્ય છે!" સુરદાસ કુણાલે કહ્યું.

"આત્મ કલ્યાણ કરવું એજ માનવ જીવનની સાર્થકતા છે. અનેક ખટપટોથી ભરેલા ચક્રવર્તી જેવાના મહાસંપત્તિમાં જે શાંતિ નથી એવો શાંતનો અપૂર્વ સ્વાદ આત્મ તત્વના અભ્યાસી ત્યાગીને હોય છે. ધર્મના અભ્યાસીને મરણનો પણ ભય હોતો નથી. સુખમાં દુઃખમાં પોતે કરેલો ધર્મ બંધુની માફક એની મદદ કરે છે. માટે ધર્મનું આરાધનકરજો."

અંધ કુણાલ ગુરૂનું વચન માથે ચઢાવી યમ નિયમ વ્રત વગેરે પાળતો કાયાને દમવા લાગ્યો. ને મુનિપણ ચોમાસુ પૂર્ણ થતાં પોતાના પરિવાર સહિત ત્યાંથી અન્યત્ર વિહાર કરી ગયા.



પ્રકરણ ૧૮ મું.

એક ભિખારી.

" અરરર ! યમના ભાઇ સરખો આ દુકાળ તો જુઓ ! હાય ! હાય ! ભીક્ષા આપવાને તો કોઈ સમજતુંજ નથી- દિ ઉગ્યે કેટલુંય માણસ અન્ન વીના મરે છે. પણ કોની કોને પડી હોય તે બચાવે ? પ્રભુ ! પ્રભુ ! બબે ત્રણ ત્રણ દિવસે પણ એકેવારે ખાવાનું મલતું નથી; પાણી પી પી નેતે કયાં સુધી જીવી શકાય ? હા ! મોત પણ આવતું નથી કે આ પાપમય જીવનમાંથી મુક્ત થવાય. શું કરૂં ! કયાં જાઉં ! ને આ દુઃખની વાત કોને કહું ? " વત્સ દેશની રાજધાની કોશામ્બી નગરીમાં ખાવાને માટે હજારો કંગાલ રાંકડાઓ રખડતા હતા. એમાંના એક છપનીયા સરખા દુષ્કાળીયાના આ ઉદ્દગાર હતા. એ ગરીબ રાંકાઓ ઘેર ઘેર ટુકડા રોટલાને માટે રખડતા, શ્રીમંતોને ઘેર અડંગો લગાવીને બેસતા પણ લાકડીઓના સ્વાદો ચખાડીને એ લોકો આ ગરીબ લોકોને નસાડી મુકતા હતા. બિચારા એ ગરીબ ભિખારીઓને સ્વપ્નામાં પણ અન્ન દુર્લભ હતું, તો પછી જાગૃત અવ-

સ્થાની તે વાત શી ! પશુની માફક વનસ્પતિ ખાઈને આ મનુષ્ય જીવનને ટકાવી રાખવાનો વ્યર્થ પ્રયત્ન કરતાં હતાં. અન્ન માટે હાથ માથાં કુટતાં પણ એમના નશીબમાં અન્ન ન હતું. હજારો અન્ન વિના અન્ન અન્ન કરતા જલ વગર માછલાની જેમ તરફડતા હતા. હજારો મોતની પથારીમાં ફક્ત અન્ન વગર જ સુતા હતા; હજારો ખાઉં ખાઉં કરતાં આ લોક છોડી પરલોક તરફ ગમન કરતા હતા. કંઈ ભિખારીઓ અન્નને માટે રૂદન કરી રહ્યા હતા. પણ એ રૂદનનો ધ્વનિ કોઈ દાતારને કાને અથડાતો નહી કે જગડુશાહની માફક બહાર ધસી આવી લાખો નિરાશીઓને આશાનું અવલંબન આપે !

અન્ન માટે હાથ પગ ઘસતો કોઈ એક રાંકો–ભિખારી ફરીને પોતાનું પ્રારબ્ધ અજમાવવાને શહેરમાં ભીખનો ટુકડો મેળવવાને નિકળ્યો. પેટમાં એ ત્રણ દિવસથી સુદ્ધાં કાંઇ પડ્યું નહોતું. હંમેશના અન્નને અભાવે એનો ચહેરો મોતના જેવો ફિક્કો પડી ગયેલો હતો. ચાલવાની એની શક્તિ મંદ પડી ગઈ હતી; છતાં આ છેલ્લી વખતનો એનો પ્રયાસ હતો. કૌશામ્બીના અમીરોના ઘેર ઘેર ફર્યો પણ લાકડીને ગાળોજ એને અન્નને બદલે મળી હતી, નિરાશ થયેલો એ ભિખારી ધંન નામના એક ધનાઢ્યના આંગણામાં આવ્યો, ઘરના આંગણા બહાર ઘણીવાર સુધી ઉભો; એક રોટલાના ટુકડા માટે અનેક પ્રકારના કાલાવાલા કરવા લાગ્યો. છતાં એ કંગાલનાં કાલાવાલા સાંભળવાની કોઇને પણ પરવા નહોતી.

એવામાં આર્યસુહસ્તિ સ્વામીના બે સાધુઓ ગુરૂની

આજ્ઞાથી ધન નામના ધનાઢ્યના ઘરમાં ભીક્ષાને માટે ગયા. એ બન્ને મુનિઓને જોઈ ધન સાર્થવાહ એકદમ ઉભો થઈ ગયો. બહુ માનથી હાથ જોડતો વચનથી એમની સ્તુતિ કરતો એમના સાધુધર્મની અનુમોદન કરતો જેનાં રોમરાય ભક્તિથી વિકસ્વર થયાં છે એવો ભક્તિપૂર્વક તે નમ્યો.

ત્યાર પછી એ ધનાએ પોતાની સ્ત્રી પાસે સિંહકેશરીયા મોદક તથા બીજી કેટલીક ખાવાની ઉત્તમ ઉત્તમ વાનીઓ મંગાવી બન્ને મુનિઓને મુનિઓની ના કરતાં છતાં ભક્તિથી વહોરાવી. બન્ને સ્ત્રીપુરૂષે ભાવ પૂર્વક મુનિઓને ખાદ્ય વસ્તુ ઓથી પ્રતિલાભી એમની ભક્તિ કરી. વારંવાર પોતાની ઝુંપડી ચરણરજથી પાવન કરી પોતાનો ઉદ્ધાર કરવાની કૃપા કરવા વિનતિ કરી. એ ભક્તિના બદલામાં 'ધર્મ લાભ' એવો અપૂર્વ મહામંત્ર આપીને એ બન્ને મહામુનિઓ ત્યાંથી નીકળ્યા.

મુનિઓ ઉપરની ધન સાર્થવાહની ભક્તિ [illegible] જોઈ રહ્યા હતા. પોતાને લાકડીઓ અને [illegible] દાન કર નારા આ ધન ધનાઢ્યની ભક્તિથી દાન આપવાની ક્રિયા તેમજ મુનિઓની દાન લેવાની વિધિથી તે આશ્ચર્ય પા[illegible] "અહો ! જગતમાં પવિત્ર આ સાધુઓને ધન્ય છે કે જેઓ ને આવા ધનવાનો પણ દેવાની ભાવે નમે છે. [illegible] એમનું દર્શન દુર્લભ છે. એમનું નિર્મલ ચારિત્ર્ય પણ [illegible] [illegible] છે કે [illegible] [illegible] [illegible]

જોવાને તો સ્વપ્નામાંય પણ દુર્લભ એવા સિંહકેશરીઆ લાડુ ઓની ભિક્ષા મળે છે, ત્યારે બાપડા સરખા અમો માંગીતાગી કરીને એમને આજીજી કરીયે છીએ છતાં ક્યાંયથી અન્ન પણ લેશમાત્ર મળતું નથી. અહા ! સમયની વિચિત્રતા તો જુઓ !

એવી સ્થિતિ છતાં કદાચ કોઈ તુચ્છ એવું કંઈક આપે છે તો કેટલાય તિરસ્કાર ને ગાળોના સિરપાવરૂપ કર્કશ વચનોથી મિશ્રિત થયેલું તે હોય છે. માટે દયા રૂપી ધનવાળા આ સાધુઓની હું પ્રાર્થના કરૂં કે જે એમાંથી કંઈક-થોડુંક પણ આપે ? ” એમ વિચારતો કંગાળ ભિક્ષુક એમના નિકળવાની રાહ જોતો ત્યાં ઉભો રહ્યો.

જ્યારે બન્ને મુનિઓ ધનાના મકાનમાંથી નીકળ્યા, એટલે આ ભિખારી એમની પાછળ ચાલ્યો, એમની પાસે આવીને યાચના કરવા લાગ્યો. કે “ ભગવંત ! બબે ત્રણ ત્રણ દિવસો થયાં ભુખના દુઃખથી હું મરી જાઉં છું. છતાં કોઈ જરીય ભિક્ષા આપતું નથી. આપ કૃપા કરી થોડીક ભિક્ષા આપો તો આપને મોટું જીવ દયાનું પુણ્ય થશે; એક જીવ મરતો બચશે. ”

“ હે ભદ્ર ? અમે આ ભિક્ષા લઇ જઈએ એટલું જ માત્ર ! ” બન્ને મુનિઓમાંથી એક મુનિએ કહ્યું,

“ કેમ ! આપ સરખા પણ આવું અસત્ય ભાષણ કરો છો; અરરર ! શી દુન્યા થઇ ગઈ ! કેવો બારિક સમય આવ્યો ! ” ભિખારી ઘણો ઓશીયાળો બની ગયો,

એની દયાજનકસ્થિતિ જોઈ એક મુનિએ કહ્યું. " અમે સત્ય કહીએ છીએ કે હે ભદ્ર! અમે તો ફક્ત આ ભિક્ષાનું અન્ન ઉપાડનારા મજુરજ છીએ ? "

" ત્યારે આ કોને માટે લઈ જાવ છે ? કોનીપાસે જાવ છો. " ભિક્ષુકે પૂછ્યું

" એના માલેક તો અમારા ગુરૂ છે, અમે એમની પાસે આ ભિક્ષા લઈ જઈએ છીએ. "

" હું પણ તમારા ગુરૂ પાસે આવું ત્યારે તેઓ મારી ઉપર દયા કરશે ? " દયામણે ચહેરે રાંક-ભિખારી બોલ્યો.

" એમાં અમે કાંઈ સમજીએ નહી ? " સાધુઓએ કહ્યું.

હવે રાંક અન્નનો અર્થી થઈને તેજ આશાથી એમની પાછળ જતો હોય એમ એ સાધુઓની પાછળ પાછળ ઉપાશ્રયે ગયો.

દૈવયોગે યુગ પ્રધાન ને [illegible] ઉંચ [illegible] ના નાયક આર્યસુહસ્તિ સ્વામી ઉપાશ્રયના બહારના ઓટલે ઉભા હતા. તેમની [illegible] બન્ને શિષ્યો [illegible] ને જોઈ [illegible] [illegible] માટે તેમની [illegible] ભાવના કરતા લાગ્યા. [illegible] [illegible] નહી [illegible] આ [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]

ગુરૂને વિચારમાં પડેલા જોઇને એ શિષ્યો પણ બોલ્યા. "ભગવંત ! અત્યંત દયાની મુર્તિ એવા આ રંક રસ્તામાં પણ અમારી પાસે ભોજન માગ્યું હતું."

પોતાના શિષ્યોનાં વચન સાંભળી એ મહા મનસ્વીગુરૂ વર્ત્તમાન સમયના યુગપ્રધાન દશપૂર્વના જ્ઞાતા હતા. એમણે શ્રુતજ્ઞાનના ઉપયોગથી એ રંક સંબંધી ભાવી સ્થિતિનો ખ્યાલ કર્યો. એ શ્રુતજ્ઞાનના ઉપયોગથી ગુરૂ મહારાજે એનું ભાવી જીવન જોઈ લીધું, ને મનમાં અતિ આશ્ચર્ય પામ્યા. "ઓહો કેવું એનું ઉજ્જ્વળ ભવિષ્ય? આ આત્મા ભવિષ્યમાં જૈન શાસનનો આધાર થશે-પ્રભાવક થશે" જ્ઞાનથી એનું ઉજ્જ્વળ ભાવી જોઇ ગુરૂવરે કહ્યું "વત્સ ! આ સાધુના પાત્રમાં પડેલું ભોજન અમારાથી કોઇપણ રીતે આપી શકાય નહી ?,"

"શા માટે ન આપી શકાય ! ભગવન્ ! આપ તો દયા મય જૈન ધર્મી કહેવાવ ? છજીવદયાના પ્રતિપાલક થઈ જો મારી દયા નહી કરો તો હું મરી જઇશ. અન્ન-અન્ન કરતો આ દેહ છોડી દઈશ."

"જો તારે અમારી પાસેથી ખાવું હોય તો એક કામ કરવું પડશે !"

"અને તે કામ ! કહો ! કહો ! સૂરિશ્વર એ ગમે તેવું કામ કરવા ખૂણને માટે હું તૈયાર છું."

"આ મુનિના પાત્રમાં પડેલું ભોજન મુનિજ લઇ શકે, નહી કે ગ્રહસ્થ ! તું જો અમારી પાસે દીક્ષા લે તો આવો

ખોરાક તને મળે ! આના કરતાં પણ તને મનોવાંચ્છિત ભોજન પ્રાપ્ત થશે. "

" હે ભગવન્ ? ભલે તેમ થાઓ ! પોતાના કલ્યાણને કોણ ન ઇચ્છે ! જન્મથીજ ભિખારી હોવાથી આ દુઃખ હું ભોગવું છું તે કરતાં આ વ્રતનું કષ્ટ સહન કરવું શું ખોટું છે ? કે જેમાં સારૂં સારૂં ખાવાનું તો મળે ? " એ પ્રમાણે કહી ગુરૂની વાત દ્રુમકે સ્વીકારી.

સુહસ્તિ સ્વામીએ તે પછી દ્રુમકને દીક્ષા આપી મોદક ખાવાને બેસાડયો, ગુરૂએ એને તદ્દન અલ્પ આયુષ્યવાળો જાણવાથી એની ભાવવૃદ્ધિને અર્થે એક બીજા સાધુ સાથે આ નવા સાધુને સાધ્વીઓને ઉપાશ્રયે મોકલ્યો, ત્યાં આ આજના નવ દીક્ષિત સાધુને શ્રીમન્તોની રમણીઓ તેમજ પુત્રીઓએ ભાવ પૂર્વક વંદન કર્યું. સાધ્વીઓએ પણ ભાવભકિતથી વાંદ્યા. જેથી નવદીક્ષિત સાધુ મનમાં અનુમોદન કરવા લાગ્યા કે. " ઓહો ! મેં મારી જીંદગીમાં કદિ જોયેલ નહી એવું આજે મને ભોજન મળ્યું, વળી આવી ઉચ્ચ કુળની–શ્રીમન્તોની પુત્રીઓ પણ મને કેવું ભાવપૂર્વક વંદન કરે છે. આવી મોટી મોટી ગુણવંતી સાધ્વીઓપણ મને વાંદે છે એ બધું ચારિત્ર ધર્મનું ફલ છે. જો કે મેં તો માત્ર ભોજનને માટેજ સાધુપણું લીધું છે " એવા વધતા પરિણામવાળા નવદીક્ષિત સાધુને લઇને એ મુનિ ગુરૂ પાસે આવ્યા.

મધ્યાન્હ સમયે એ નવ દીક્ષિતે એવું તો આકંઠ સુધી

ભોજન કર્યું કે શ્વાસોશ્વાસની ગતિ પણ એની મંદ પડી ગઈ તેમાં પણ મોદક જેવા મધુર અને મિષ્ટ ભોજનનો આહાર ખોરાક! જેથી વાયુથી બહેરી ધમણની માફક એનું ઉદર ફુલી ગયું, શ્રાદ્ધમાં જમી આવેલા બ્રાહ્મણની માફકને ઘણીવાર સૂતો. હવે અત્યંત ઘૃતવાળું ને અતિ પ્રમાણમાં ખાધેલું ભોજન નહી પચવાથી શૂળની વ્યાધિવાળા રાંકની પેઠે દ્રમકને ગુપ્ત રીતે વિશુચિકા થવાથી ભૂમિ ઉપર આળોટવા લાગ્યો.

હવે ગુરૂ મહારાજે એની છેલ્લી મનિછા પૂર્ણ કરવાને પૂછ્યું "વત્સ! તારી હવે શી ઇચ્છા છે!"

દુઃખથી પીડાતા દ્રમકે સાશ્રુએ કહ્યું "પ્રભુ! જ્યાં આપ સમાન સાક્ષાત્ કલ્પવૃક્ષ ફળનાં હોય ત્યાં મને હવે શી ઇચ્છા હોય! હવે તો આ સમયે આપજ મને શરણ થાઓ? આપના શરણમાંજ મારી શુભગતિ થાઓ?."

દ્રમકના અલ્પ આયુષ્યના હવે છેલ્લા શ્વાસોશ્વાસ જાણીને એના ભાવ વધારવાને અર્થે ગુરૂએ બુદ્ધિમાન્ શ્રાવકોને એની સેવા કરવાને મોકલ્યા. તેમજ સાધુઓપણ નિર્દોષ દવાદારૂથી એની સેવા કરવા લાગ્યા, મોટા મોટા સાધુઓ અને રૂદ્ધિ સમૃદ્ધિવાળા શ્રાવકો કે જે એક વખતે એને ગાળો દેતા હતા, તે સર્વે વિનય પૂર્વક ખડે પગે અત્યારે એની સેવામાં હાજર હતા. કોઈ એના પગ દાબતા, તો કોઈ એના પેટે દવા ચોળતા, કોઇ મસ્તકે દવા ઘસતા. ઇત્યાદિ પોતાની સેવા થતી જોઇ એ દ્રમક

સાધુના હૃદયમાં એક શુભ ભાવ જાગૃત થયો "અહો ? હું રાંક ? કે જેની આવા મોટા મુનિઓ અને શ્રીમાનો સેવા કરે છે. એ બધો મારા આ અવ્યક્ત સામાયકનોજ પ્રભાવ ? સાધુ ધર્મનુંજ એ મહાત્મ્ય છે કે જે મુનિ ધર્મને મોટા મોટા શ્રીમાનો પણ નમે છે. આહા ? આખરે મરવા સમયે પણ મેં દીક્ષા પ્રાપ્ત થઈ એ ઘણુંજ સારૂં થયું." ઇત્યાદિ વિચાર કરતો અને અનેક શ્રીમન્તોથી સેવાતો એ દ્રુમક સાધુ પોતાનું આયુષ્ય પુર્ણ થવાથી મૃત્યુ પામ્યો. શ્રાવકોએ એ મુનિના શરીરને યોગ્ય એની મૃત્યુ ક્રિયા કરી.



પ્રકરણ ૧૯ મું.

આશાનું એક કિરણ.

[illegible] ! વિશ્વવત્સલ ! [illegible]

તની આંખીના રમણીય દર્શનની લગારેક વાર હતી, એવા અવસરમાં નહી ભવ્ય નહી સામાન્ય એવા એક મધ્યમ મકાનના એક દિવાનખાનામાં શય્યા ઉપર પડી પડી એક પ્રૌઢ સ્રી આ પ્રમાણે વિચાર કરી રહી હતી. એ પ્રૌઢ વયની ગૌરાંગ સ્રીનો સ્વભાવ કંઇક ઉગ્ર હતો; હુકમ ચલાવવાની એની ટેવ હતી છતાં ઘણા વખતના દુઃખના પરિચયથી એનું મન હમેશાં ખિન્ન રહેતું હતું, સ્રીઓને ઉચિત માયા પ્રિય એનો સ્વભાવ હોવાથી એક વખતની પોતાની સમૃદ્ધિ પોતાનો હરીફ ભોગવતો હોવાથી એના અંતરમાં અતિ દુઃખ થતું હતું. એ દુઃખમાંથી એનામાં ધીરજ, ગંભિરતા, સ્થિરતા, ને સહન શીલતા આદિ ગુણો વિકાસ પામ્યા હતા. છતાં હજી એના જીવનમાં એક મહત્વની આશા હતી. એ આશાના પાશથી બંધાયેલી એ પ્રૌઢ રમણી દુઃખમાં દિવસો વ્યતીત કરી જીવતી હતી. એ પ્રૌઢ વયના સ્રી તે કુણાલની ધાત્રી સુનંદા હતી. જોકે કુણાલનો રાજહક્ક તો હવે નાબૂદ થયો હતો છતાં જે બનાવો વિધિને હસ્તક છે એવા બનાવોમાં આશા રાખી એ સ્રી જીવતી હતી. એ આશા પૂરવી એ તો દેવની મરજીની વાત છે. છતાં માણસ જ્યારે અતિ દુઃખથી નાશીપાસ થાય છે ત્યારે ભવિષ્યની કોઇ અગમ્ય સુઆશાએ તે જીવન વ્યતીત કરે છે, પછી ભલેને એ આશા દૈવાધિન હોય! છતાં દૈવ ઉપર વિશ્વાસ ધરતાં તે શીખે છે. દૈવને અનુકૂળ કરવા પુણ્યકૃત્યો–ધર્મકૃત્યો કરવાની એના હૈયામાં સદ્ભાવના જાગૃત થાય છે.

[illegible]રાગ બિચારી સુનંદા! તે પણ એક પરાવલંબન-
[illegible] આશાએ દૈવ ઉપર ભરૂસો રાખીને જીવતી હતી. તે
એ [illegible] ને આશાના અન્ધારમાં તે વિચારોના પ્રવાહમાં
[illegible] હતી. એટલામાં તેની પાસે સુતેલી ચંદાએ
[illegible] "મારી બેન ? જાગો છો ને ?"

"[illegible] ?" વિચારમાંથી જાગૃત થતાં
[illegible] સુનંદા બોલી.

"ચંદા ! દીકરી ! કદાચિત એ ન થઈ શકે પણ એક બીજ તો અવશ્ય થઇ શકે ! કે જે બીજ ઉપર આશા રાખીને હું જીવું છું."

ચંદા સુનંદાના શબ્દો સાંભળીને ચમકી. એણે આતુરતાથી પૂછ્યું. "મોટી બેન ? અને એ કયી બીજ વારૂ ?"

"તે એ કે શરત વહુને સારો દિવસ તો આવી શકે ? શરતથી જો દૈવ ઇચ્છાએ કોઇ ભાગ્યવંત પુત્રનો જન્મ આપે તો........" સુનંદા બોલતાં અટકી ગઇ.

"તો શું !" ચંદાએ પૂછ્યું. "એ પુત્ર શું કરી શકે ?"

"સંભવ છે કે એ પુત્રના પુણ્યથી આપણે આપણો ગયેલો વૈભવ પાછો મેલવી શકીએ, એટલુંજ નહી પણ શત્રુના મનોરથ નિષ્ફળ પણ કરી શકીએ." સુનંદાએ પોતાના મનની વાત કહી સંભળાવી.

"તમારી ધારણા પ્રમાણે બને તો કદાચ આપણે ફાવી શકીએ એમ તમારૂં માનવું છે ?"

"હું તો શરતના સારા દિવસનીજ રાહ જોઉ છું ચંદા ? તે પછી પણ આપણે તો બનતા પ્રયાસો કરવાના છે. ફલ તો દૈવાધિન છે ?"

"એવી દૈવાધિન વસ્તુ ઉપર ભરૂસો કેમ રખાય ! જગતમાં કાંઇ ઓછુંજ આપણું ધાર્યું બને છે તે ?"

“ ખચીત ! તે છતાં આશા દુરાશા છે. દુઃખીઆઓને આશા એજ જીવન છે.” સુનંદા બોલી.

“ પરમકૃપાળુ પરમાત્મા તમારા મનોરથ સફળ કરે ?”

“ તારૂં બ્રહ્મચારિણીનું વચન સત્ય થાઓ ? તારૂં ને મારૂં તપ, કુણાલની પ્રભુભક્તિ એ કાંઈ નિષ્ફળ તો નહીજ જાય.”

બન્ને જણાં એ પ્રમાણે વાર્તાલાપ કરતાં હતાં, હજી તો તેઓ ઉઠ્યાં પણ નહોતાં, એવામાં શરત્કુમારી ત્યાં આવી. એનું હૈયું પ્રસન્ન હતું. વદન ઉપર આનંદની સુરખી છવાઈ હતી. એ પ્રસન્ન વદન જોતાં સુનંદાએ કહ્યું. “ શરત ? આજે તો કાંઇ અત્યારમાંજ આનંદ ! શું છે કાંઈ ?”

“ બાઇજી ? એક ખુશખબર કહું ! આજ કેટલાક દિવસથી મારા મનમાં એ વાત હતી. પણ [illegible] પણ હવે મને ખાતરી થઈ.” વાત કરત. [illegible] સુનંદાની ગોદમાં ભરાઈ એની જોડના [illegible]

સુનંદા અને શરત્કુમારી [illegible]

"એવી તે શી વધામણી લાવી છે. શરત! બોલ જોઉં !" બેદરકારપણે સુનંદાએ કહ્યું છતાં એના હૈયામાં ઉત્કંઠા હતી.

"કહું ! આજ મને માલુમ પડયું કે મારા ...." બોલતાં બોલતાં શરતકુમારી શરમાઇ ગઇ ને ચંદાના હૈયા ઉપર પોતાનું મુખ છુપાવી દીધું.

"કેમ ? શરમાઇ ગઇ બોલની ! કંઈ નવા જુની કરી છે કે શું ?" હસતાં હસતાં ચંદાએ એના કાનમાં કંઇક કહ્યું.

"હા ! એમજ છે ? તારી વાત સત્ય છે ચંદા ?" શરતશ્રીએ ચંદાને સમજાવી દીધુ.

"ચંદા ! તમે બે જણ શું ગુસ પુસ વાતો કરો છો, આજ કાલની છોકરીયો તો જો !" સુનંદા મૃદુ ભાવે હસી અને બોલી.

"મોટી બેન! એની વાત હું સમજી પણ એ કહી શકતી નથી. તમારી એક ધારણા આજે સત્ય થઇ, દુશ્મનના તેજના ક્ષયની શરૂઆત થઇ." ચંદાએ હસતાં હસતાં જણાવ્યું.

"લગાર સ્પષ્ટતાથી કહે ચંદા ! તારી મોંઘમ વાતમાં હું શું સમજું !" ઉત્સુકતાથી સુનંદાએ પૂછયું.

"શરતકુમારી ગર્ભવંતી છે, મોટી બેન ?" ચંદાએ મૃદુ હાસ્યે ખુલાસો કર્યો.

ચંદાનું વચન સાંભળી સુનંદા એકદમ સફાળી બેઠી થઇ ગઇ. પોતાના સાંભળવામાં ભૂલ તો નથી થતીને, તે નક્કી કરવાને એણે ફરીથી પૂછયું. "ચંદા! ફરી કહે જોઉ તેં શું કહ્યું?"

“ તમારી આશા ફળી ; આપણી શરતને આધાન છે ! ”

“ શરતને ગર્ભ છે ? ” ખાતરી કરવાને પૂછ્યું.

“ હા ! તેથીજ તમને કહેતાં શરમાય છે. શરત ! ”

“ આહા ! આજે મારી ઘણા દિવસથી હૈયામાં રહેલી એક આશા સફળ થઇ. શરત ! મારી આશીષ છે કે તું રાજ- રાણી તો ન થઇ, પણ રાજમાતા થજે. આપણા પૂર્વજ ચંદ્રગુપ્ત અને અશોક જેવા સમર્થ પુત્રનો જન્મ આપનારી માતા થજે. ” આનંદથી ઉછળતા હૈયે સુનંદાના મુખમાંથી અક- સ્માત એ શબ્દો નીકળ્યા.

“ તમારાં વચન હું માથે ચડાઉ છું. આપનું વાકય અંગીકાર કરૂં છું. ” શરતકુમારીએ શરમાતે શરમાતે શકુ- નની ગાંઠ વાળી.

“ આજ કેટલા દિવસ થયા; શરત ? ” આતુર હૃદયે સુનંદાએ પૂછ્યું.

શરમાતે દિલે શરતકુમારીએ કહ્યું. “ બે મહિના ? ”

“ આજ બબે મહીના થયા છતાં અમારાથી વાત છુપાવે છે. ઘેલી ?” ચંદાએ એવું કહીને એને ગાલે મૃદુ ચુંટી ખણી.

“ આજ સુધી મને તો કાંઇ ખબર પડી નહી. શું કરૂં ? ”

તે દિવસથી દુઃખીયાળા કુણાલના મકાનમાં આનંદની ઝાંખી થવા લાગી. સુનંદાના દુઃખી દીલમાં પણ શાંતિ થઇ તેણીએ ગર્ભને સારી રીતે પોષણ કરવાની, ખાવા પીવામાં તેમજ બહુ કામ ન કરવાની એવી કેટલીક શરતકુમારીને શિખામણ આપી.

તે પછી દિવસ જતાં એને-શરતકુમારીને સારાં સારાં સ્વપ્નો આવવા લાગ્યાં, દેવગુરૂ અને ધર્મની ભક્તિ કરવાનો દોહદ ઉત્પન્ન થયો. એ દોહદ કુણાલે પરિપૂર્ણ કર્યો. ત્યારથી પ્રસન્ન હૃદયે રહેતી શરતકુમારી ગર્ભનું સારી રીતે પાલન કરવા લાગી. સુનંદા અને ચંદા એની ઘણી સંભાળ રાખતાં. ખાવા પીવામાં એની કાળજી રાખતાં, બીજી દાસીઓ હમેશે હમેશે એની સેવામાં હાજર રહેતી. ગર્ભનું પોષણ કરતી શરતકુમારીને અનેક પ્રકારની અભિલાષાઓ થવા લાગી. બધાને હુકમ કરી સર્વ ઉપર સત્તા ચલાવવા લાગી. જગતને તાબેદાર બનાવવાનો દુનિયા ઉપર ચક્રવર્તી રાજ્યસ્થાપવાનો એને અભિલાષ થવા લાગ્યો. રૂડી રીતથી ગર્ભનું પાલન કરતાં પૂર્ણમાસે અને શુભ મુહૂર્ત્તે એક સુંદર અને તેજસ્વી પુત્રનો જન્મ આપ્યો. ગ્રહો બધા અનુકુળ હતા, કેટલાક તો ઉચ્ચ હતા. કેટલાક સ્વગૃહી હતા. એવા સારા ગ્રહયોગમાં શુદ્ધગર્ભા શરતકુમારીએ ભવ્ય પુત્રનો પીડા રહીતપણે જન્મ આપ્યો.

સુનંદા, ચંદા, વગેરે પુત્ર જન્મ સમયે શરતકુમારી પાસે હાજરાજ હતાં. નિર્વિઘ્ને પુત્રનો જન્મ થયો જોઇ એ ખુશી થયાં. અશુચી વગેરે દૂર કરી એ બાળપુત્રનું ચંદ્રવદનને પણ તિરસ્કાર કરે એવું સુંદર વદન, ભવ્ય લલાટ, મજબુત અને ઘાટીલું શરીર જોઇ સુનંદા અત્યંત હર્ષઘેલી થઇ. " દીકરા ? તારી માતાના મનોરથ પૂર્ણ કરજે. મોટો ચક્રવર્ત્તી રાજા થજે. " પુત્રને જોઇ એની આંખમાં હર્ષનાં આસુ આવ્યાં.

એ તરતનો જન્મેલો બાળક પોતાના નાજુક હાથ ઉચા

કરતો ને મોં મલકાવતો, ઉચ્છળતો સર્વના હર્ષમાં વધારો કરવા લાગ્યો. તુરતજ એક દાસીએ દોડી આવીને કુણાલને વધામણી આપી.

પુત્ર જન્મની વાત સાંભળી કુણાલ ખુશી થયો, પણ વળી વિચાર થયો કે "મારા જેવાના ઘરમાં જન્મ ધારણ કરનાર એ પુત્રનું એવું શું ભાગ્ય હશે? તે છતાં હશે દૈવની મરજી હશે તેમ થશે." વધામણીમાં દાસીને ખુશી કરી, પોતાની શક્તિ અનુસાર એને ભેટ આપી.

પુત્રજન્મની વધામણીથી આજે આખા ઘરમાં આનંદ આનંદ હતો. આજનો આનંદ ભવિષ્યના આનંદની ઝાંખી રૂપ હતો એવું કોણ જાણતું હતું!

પ્રકરણ ૨૦ મું.

આશાને હિંડોળે.

"વત્સ! આજે તું ઉજ્જયિનીના સિંહાસન ઉપર હોત તો આ દીકરાનો કેવો જન્મ મહોત્સવ થાત! છતાં દીકરો નશીબદાર છે એ સંતોષની વાત છે." પુત્ર જન્મ્યા પછીના એક દિવસે સુનંદાએ અવસર મેલવીને કુણાલને કહ્યું એ કહેવામાં એનું લક્ષ્ય આજે કાંઇ જુદુંજ હતું.

"કુમાર? શો ગભરૂ આ છોકરો છે. એને નિહાળવાને

પ્રભુ તમને આંખો આપે તો કેવું સારું ? આ બાળ સુંદર વદન આંખો આગળથી દૂર કરવું પણ ગમતું નથી હો ! " ચંદાએ વચમાં કહ્યું.

" ગમે તેવો સુંદર પણ હવે એ કંઈ રાજા ન થઈ શકે ?" કુણાલે કહ્યું.

" કેમ ન થઈ શકે ! રાજાનો કુંવર શું રાજા ન થઈ શકે ! " સુનંદાએ ગુસ્સાથી કહ્યું.

" બેશક રાજાનો કુંવર રાજા થઈ શકે; પણ અત્યારે હું કાંઈ રાજા નથી કે એ રાજ્યવારસ થઈ શકે ? " કુણાલ બોલ્યો.

" તમે ગમે તેમ કહો ! બાકી મને તો છોકરાનું નશીબ મોટું લાગે છે. આવો બત્રીશ લક્ષણ યુક્ત ભાગ્યવાન્ પુત્ર જો મોટા રાજ્યનો માલેક ન થાય તો પછી એમ જ સમજવું કે વિધિ પણ કોઇ વખતે ભૂલ કરે છે. " ચંદા વચમાં બોલી.

" ચંદા ? પ્રભુ ઇચ્છા હશે તો તારી ને મારી આશા પ્રભુ-વિધિપૂર્ણ કરશે. આપણા મનોરથ સફળ થશે. " સુનંદા બોલી.

" તમારે સ્ત્રીઓને જીવવાને માટે કાંઇપણ આશાનું અવલંબન તો જોઇએ ના ? અનેક પ્રકારે ભલે હવાઇ કીલ્લા બાંધો ? " કુણાલે કહ્યું.

એટલામાં શરતકુમારીએ આવીને પુત્રને સુનંદાના ખોળામાં મુકયો. " વત્સ ! તું ગમે તેમ કહે પણ આનું ભાગ્ય

પ્રભુ તમને આંખો આપે તો કેવું સારૂં ? આ બાળ સુંદર વદન આંખો આગળથી દૂર કરવું પણ ગમતું નથી હો ! " ચંદાએ વચમાં કહ્યું.

" ગમે તેવો સુંદર પણ હવે એ કંઈ રાજા ન થઇ શકે ? " કુણાલે કહ્યું.

" કેમ ન થઇ શકે ! રાજાનો કુંવર શું રાજા ન થઇ શકે ! " સુનંદાએ ગુસ્સાથી કહ્યું.

" બેશક રાજાનો કુંવર રાજા થઇ શકે; પણ અત્યારે હું કાંઇ રાજા નથી કે એ રાજ્યવારસ થઇ શકે ? " કુણાલ બોલ્યો.

" તમે ગમે તેમ કહો ! બાકી મને તો છોકરાનું નશીબ મોટું લાગે છે. આવો બત્રીશ લક્ષણ યુક્ત ભાગ્યવાન્ પુત્ર જો મોટા રાજ્યનો માલેક ન થાય તો પછી એમ જ સમજવું કે વિધિ પણ કોઇ વખતે ભૂલ કરે છે. " ચંદા વચમાં બોલી.

" ચંદા ? પ્રભુ ઇચ્છા હશે તો તારી ને મારી આશા પ્રભુ–વિધિપૂર્ણ કરશે. આપણા મનોરથ સફળ થશે. " સુનંદા બોલી.

" તમારે સ્ત્રીઓને જીવવાને માટે કાંઇપણ આશાનું અવલંબન તો જોઇએ ના ? અનેક પ્રકારે ભલે હવાઇ કીલ્લા બાંધો ? " કુણાલે કહ્યું.

એટલામાં શરતકુમારીએ આવીને પુત્રને સુનંદાના ખોળામાં મુકયો. " વત્સ ! તું ગમે તેમ કહે પણ આનું ભાગ્ય

ા મોટું છે ? જો ને ખોળામાં પણ એ લુચ્ચો કેવાં તોફાન રી રહ્યો છે." બાળપુત્રને રમાડતી સુનંદાએ પુત્રને કુણાલના ખોળામાં મુકયો. "લે આ તારો પુત્ર ! રમાડ એને ! એના કુણા માખણ જેવા શરીર ઉપર હાથ તો ફેરવ જરી !"

કુણાલ ખોળામાં રમતા એ બાળશિશુના શરીર ઉપર હાથ ફેરવતો એને લાડ લડાવા લાગ્યો. એ ચપળ વૃત્તિવાળું બાળક ખોળામાં આમતેમ ઉચ્છળતું, હાથ પગ પચ્છાડતું આળોટવા લાગ્યું. બાળકના મોઢા ઉપર મધુરૂ સ્મિત હતું એ સ્મિત વદનમાંથી શત્રુને ભડકાવનારા બાલ્યોચિત પડકારા નિકળી રહ્યા હતા.

ખોળામાં રમાડતાં કુણાલ બોલ્યો. "દીકરા ! મારા કરતાં મારા પિતાને ત્યાં તું જન્મ્યો હોત તો કદાચ મોટા રાજ્યનો ધાણી થાત ? અથવા તો આજે પાટવી મહેંદ્રકુમાર છે એને ત્યાં જન્મ થવાથી તું ભવિષ્યમાં તારો હક્ક નક્કી કરત. પણ ખેર હેવે તને મારે ત્યાં જન્મ આપ્યો તો ભલે ? તારા હિતને માટે હવે હું શું કરૂં ?"

"એના હિતને માટે તું એક કામ કર, દીકરા ? ઘણા દિવસથી મારા મનમાં તારા દીકરાનું મોં જોવાની અભિલાષા હતી તે વિધિએ પૂરી કરી છે, બાકીની એક અભિલાષા તું પુરી કર ?"

"કોણ હું ? માતા ? હું અંધ માણસ બોલો તમારી કયી અભિલાષા પૂરી કરૂં ? મારાથી એ બની શકે તેમ છે કે નહી ? જો બની શકે તેવી હશે તો અવશ્ય પૂર્ણ કરીશ." જીજ્ઞાસાથી કુણાલ બોલ્યો.

" तुं धारशे तो पूर्ण करी शकशे अने ए पूर्ण करवामां ज आपणी उन्नति रहेली छे. आपणी जाहोजलाली एमांज समायली छे." सुनंदा ए जणाव्युं.

"बोलो! बोलो! जट बोलो? ते शुं छे!" कुणाले पूछ्युं.

ते हुं एकदम कहेवानी नथी तुं मने वचन आप; के हुं तमे कहेशो ते प्रमाणे करीश."

" माराथी बनी शकशे त्यां लगी हुं जरूर तमारूं वचन मान्य करीश?" कुणाले जणाव्युं.

"दीकरा? तो मारी एकज मागणी छे के तुं आपणी राज्यधानी पाटलीपुत्रमां जा?"

" पाटलीपुत्रमां! त्यां जइने हुं शुं करूं, माता!" उत्सुकताथी कुणाले कह्युं.

" तारी संगीतकळाथी मगधपतिने प्रसन्न कर! तारा दीकराने माटे राज्यनी मागणी कर!"

सुनंदाना ए वचनथी कुणालनी आंख चमकी, ए विचारमां पड्यो, "वत्स शुं विचार करे छे! तुं प्रयत्न कर! मारो आ बाळ पुत्र लांबा काळ सुधी जगत उपर ऐश्वर्य भोगवशे. आपणा बधाना मनोरथ ए पूर्ण करशे." करीने सुनंदाए कह्युं.

" कुमार! शुं विचार करो छो! तमारी अपर माता आपणुं निकंदन काढी राजी थइ गई छे. एना मनोरथ निष्फळ करवानो हवे समय आव्यो छे." वचमां चंदा बोली.

એકતો બાળકનું અસાધારણ પુણ્ય હતું ને ઘરમાંથી આવી રીતે હંમેશાં પ્રેરણા થતી હોવાથી કુણાલના હૃદયમાં મરી ગયેલી આશા પાછી પુનર્જન્મ પામી. " માતા ! મને વિચાર કરી લેવા દે ! પછી એ સંબંધી ચોક્કસ નિર્ણય હું કરીશ ? " એમ કહી કુણાલ ત્યાંથી ચાલ્યો ગયો.

તે દિવસે સાંજના કુણાલ પોતાના એકાંત ઓરડામાં બેસી વિચાર કરતો હતો. એણે પોતાના બાળજીવનથી લઇને આજ પર્યંત જીંદગીનો ઇતિહાસ ઉથલાવવા માંડયો. એ ઉજ્જયનીનો આનંદ ? એ યુવરાજ પદવી, અવંતીનો વૈભવ એની એને ઝાંખી થવા લાગી. પેલી ક્રુર માતાએ આઠ વર્ષની ઉમરમાંથીજ એને આંધળો બનાવી દુનિયામાંથી રદ્દ બાતલ કર્યો હતો. "હા ! મેં એનો શું ગુન્હો કર્યો હતો! કે એણે પોતાના અધમ કૃત્યથી મારી જીંદગીનો ધ્વંસ કરી નાખ્યો. એના દીકરાની પહેલાં મારો જન્મ થયો એમાં મારો શું વાંક ! કે રાજાને પોતાનું હથીયાર બનાવી એ અપરમાતાએ મારી આંખો ફોડાવી. આજે કંઇ વર્ષો વહી ગયાં છતાં મારી અવંતીની જાહોજલાલી એનો પુત્ર મહેંદ્ર યુવરાજ પદવી પામીને ભોગવી રહ્યો છે. જેવી રીતે એણે મારો મનોરથ વ્યર્થ કર્યો તેમજ હું પણ એનો મનોરથ વ્યર્થ કરૂં ! અને મારૂં રાજ્ય હુંજ પિતા પાસેથી એમને પ્રસન્ન કરીને માગી લઉં ? આજે સમય બદલાયો છે. તો મહેનત કરીને પુત્રનું નશીબ તો હું અજમાવી જોઉં ! જગતમાં બધા દિવસો કોઇના સરખા જતા નથી. દુનિયામાં જોવાય છે કે પિતાએ ગુમાવેલું તાજ દીકરો

મેળવે છે, તો મારે પણ હવે અવશ્ય પ્રયત્ન કરવો. કદાચ એનું જ્ઞાન ભાગ્યજ મને પ્રેરણા કરતું હશે તો કોને માલૂમ! બસ એજ નિશ્ચય, જેમ બને તેમ પાટલીપુત્ર તરફ જવાને માટે, મારી સંગીત વિદ્યાના ચમત્કારથી એમને પ્રસન્ન કરી વરદાન માગી લઉં?" વિચારમાં ને વિચારમાં એ પ્રમાણે નિશ્ચય થવાથી કુણાલે પોતાનો નિશ્ચય પોતાની માતાને કહી સંભળાવ્યો. એની વાત સાંભળીને સુનંદા વગેરે સર્વે પ્રસન્ન થયાં સુનંદાએ આશિષ આપી. "દીકરા? તારૂં કાર્ય સત્વર સિદ્ધ થશે? ને દુશ્મનના મનોરથ નિષ્ફળ થશે?"

"હું પણ ઇચ્છું છું કે કુમાર! તમારા કામમાં તમને વિજય મળો!" ચંદાએ પણ કહ્યું.

"દીકરા! અહીંથી પાટલીપુત્ર દૂર છે. તને અડચણ ન પડે માટે તું સાથે કોને લઈ જવા ઇચ્છે છે વારૂ!" સુનંદાએ કહ્યું.

"કોઇને નહી માતાજી? હું એકાકી જવા ઇચ્છું છું. તેય વળી ગુપ્ત રીતે! પિતા મને ઓળખે તેવી રીતે પણ નહી પછી પાછળથી અનુકૂળ સમયે ભલે ઓળખે! પણ અહીંથી તો ગુપ્ત વેષેજ એક અંધ ગવૈયાના વેષમાં નીકળીને ફરતો ફરતો હું પાટલીપુત્રમાં જઇશ."

"દીકરા! રસ્તામાં તું એકલો અપંગ હોવાથી ખાવા પીવાની તને અડચણ પડશે. માટેજ સાથે એક જણને રાખવાથી તને ઠીક પડશે." સુનંદાએ રસ્તાની મુશ્કેલી બતાવી.

એકતો બાળકનું અસાધારણ પુણ્ય હતું ને ઘરમાંથી આવી રીતે હંમેશાં પ્રેરણા થતી હોવાથી કુણાલના હૃદયમાં મરી ગયેલી આશા પાછી પુનર્જન્મ પામી. “ માતા ! મને વિચાર કરી લેવા દે ! પછી એ સંબંધી ચોકકસ નિર્ણય હું કરીશ ? ” એમ કહી કુણાલ ત્યાંથી ચાલ્યો ગયો.

તે દિવસે [illegible] કુણાલ પોતાના એકાંત ઓરડામાં બેસી વિચાર કરતો હતો. તેણે પોતાના બાળજીવનથી લઈને આજ [illegible] જીંદગીનો [illegible] ઉથલાવવા માંડ્યો. એ [illegible] યુવરાજ પદવી. અવંતીનો વૈભવ [illegible] માતાએ આઠ વર્ષની [illegible] દુનિયામાંથી રદ [illegible] ગુન્હો કર્યો હતા! [illegible] મારી જીંદગીનો ધ્વંસ કરી [illegible] જન્મ થયો એમાં મારો [illegible] અપરમા- [illegible] ગયાં છતાં [illegible] યુવરાજ પદવી મારી અવંતીની [illegible] મારો મનોરથ વ્યર્થ પામીને [illegible] ! અને મારૂં રાજ્ય [illegible] માગી લઉં ? આજે [illegible] કરીને [illegible] નસીબ તો હું [illegible] દિવસો કોકના ઘરમાં જતા [illegible] નથી. દુનિયામાં [illegible] [illegible] ગુનાહેગાર [illegible]

ગાંધર્વો પણ લજ્જા પામી જાય છે. એના એ અંધના મીઠા ગાનથી આખું પાટલીપુત્ર ઘેલું ઘેલું થઈ ગયું છે. જ્યારે એ ગાય છે ત્યારે હજારો માણસો એના ગાનમાં લુબ્ધ થઈને સાંભળવા ઉભા રહે છે. સેંકડો કાર્યને પડતાં મુકીને મનુષ્યો એ દેવદુર્લભ ગાન તરફ આકર્ષાય છે. કેટલાક અમીર ઉમરાવો ને સરદારો એનાં વખાણ સાંભળીને પોતાને મકાને બોલાવી એનું ગાન સાંભળે છે. એના સંગીત ઉપર મરી પડનારા લોકોના હૃદયમાં બસ એના સંગીતનીજ ધૂન લાગી હતી. કોઈ કોઈ વાર,અમીર ઉમરાવોના ત્યાંથી એને આમંત્રણ આવતું, એ આમંત્રણને માન આપી અંધ સિતારવાળો એમને ત્યાં જઈ પોતાના સંગીતનો અદ્ભૂત ચમત્કાર બતાવી,–શ્રોતાઓને બેહદ ખુશી કરતો હતો;

પ્રસન્ન થયેલા સરદારો, શ્રીમંતો એનું નામ ઠામ પુચ્છતા. તેના જવાબમાં પોતે કહેતો કે " હું સુરદાસ છું– અંધ સિતારવાળો છું. "

" તમારા કુટુંબમાં કોણ છે સુરદાસજી ? " એના જવાબમાં તે કહેતો કે—" આ સિતાર એજ મારૂં કુટુંબ છે, મારી અંધાની એ લાકડી છે, જીવનું જીવન છે. "

સારી સારી લાલચો આપી સંગીતના લુબ્ધ અમીરો એને પોતાને ત્યાં હમેશાં કાયમ રહેવાને લલચાવતા. પણ કોઈને ત્યાં કાયમ રહેવાની એ સિતારવાળો ના પાડતો. કારણમાં જણાવતો કે. " કોઈને ત્યાં રહેવાથી પછી એનુંજ

" આહા ? મહારાજ ? હમણાં થોડાં દિવસથી નગરમાં એક ગવૈયો આવ્યો છે; શું એની ગાન કળા ? દેવ ? આપણું આખું નગર એણે દિવાનું બનાવ્યું છે."

"ખરી વાત છે મહારાજ ? મને તો લાગે છે કે એ કોઇ ગંધર્વ છુપાવેશમાં આવ્યો હશે અથવા તો એને કહાંયે ઇષ્ટ દેવનું વરદાન હશે ! નહીતર આવું સુંદર ગાઇ શકે નહી. એ સંગીતનો મીઠો સુર કાનમાં પેઠો કે બસ એની પાછળ એવી તો તાલાવેલી લાગે છે કે દિલ એમાંજ લુબ્ધ થઇ જાય છે." બીજાએ કહ્યું.

" છતાં અફસોસ ? એવા સુંદર અને કળાવંત પુરૂષને દુષ્ટ વિધાતાએ આંધળો બનાવ્યો છે."

" આપણા નગરનો છે કે બહાર ગામથી આવેલો છે ? " મહારાજે પૂછયું.

" છે તો કોઇ પરદેશી ગરીબ.—મુફલીસ ! છતાં ગાન કળા એની અનુપમ છે. એ ગાન શકિત આગળ ગંધર્વોપણ અવશ્ય હારી જાય." પ્રધાને કહ્યું.

" અરે ! હારી ગયા એમજ કહોની ! નહીતર એ ગંધર્વો શામાટે માનવોની દષ્ટિ આગળથી અદશ્ય થઇ ગયા વારૂ ! આના સુંદર ગાનથી લજ્જા પામીને બિચારા એતો હવે છુપા-ઇજ ગયા ! " એક કવિએ કહ્યું. એના બોલવાથી સભામાં હાસ્ય પ્રસરી રહ્યું.

સમસ્ત જગ માનવની વચ્ચે, તુજ સામે ઉભો રહું.
હે જગ બાંધવ રાજ રાજેશ્વર, તુજ સામે ઉભો રહું; હે જીવન૦
ભવરણના આ કર્મ કિનારે, તુજ સામે ઉભો રહું.
આ ભવમાં મમ કાજ પુરૂ થતાં, તુજ સામે ઉભો રહું;
હે જીવન૦

પોતાની જેટલી કળા હતી તે સતારવાળાએ ઉપરના ગાનમાં ખર્ચી નાખી. પ્રભુ ભક્તિનું રસ ભર્યું એ શાંત રસ પૂર્ણ ગાન અત્યારે અદ્‌ભૂત હતું. સકળ સભા આ ગાનમાં લુબ્ધ હતી. ગાનારે પોતાની ગાન શક્તિથી સમર્થ વીર હૃદયોમાં પણ પ્રભુ ભક્તિનો રસ જાગૃત કર્યો હતો. પોતાને આંખો હોત તો જોઇ શકત કે મોરલીથી મુગ્ધ થયેલો સર્પ એક ચિત્તે ડોલ્યા કરતો જેમ બીજું ભાન ભૂલી જાય છે, સંગીતના તાનમાં લુબ્ધ થયેલું હરણીયું જેમ જંગલમાંથી ખેંચાઇને નગરમાં આવે છે, તેવીજ રીતે બધી સભા એના ગાન ઉપર પ્રીઢા હતી—મુગ્ધ હતી. ખુદ સમ્રાટ અશોકવર્ધન પણ એ કંઠની માધુર્યતા ઉપર, ગાવાની શૈલી ઉપર અને ગાનના પ્રભુ ભક્તિથી ભરેલા ઉચ્ચ ભાવ પર મુગ્ધ થયા હતા. મોટા પુરૂષોની—સમર્થ પુરૂષોની પ્રસન્નતા કે ગુસ્સો વ્યર્થ જતાં નથી, મહારાજે તરતજ પ્રસન્નતા પૂર્વક સતારવાળાને વરદાન માગવા કહ્યું.

એનો મનોરથ હવે પૂર્ણ થવાની તૈયારીમાં હતો. કેમ કોને કારણું. રાજાનું વરદાન સાંભળી સતારવાળો બોલ્યો.

આર્યા ગીતિ.

"પ્રબળ પ્રતાપી નરપતિ, મૌર્યવંશના આદ્ય પુરૂષ રાજે.
ચંદ્રગુપ્ત પૃથ્વીપતિ, બિંદુસાર પછી અશોક થી આજે.
પિતુ આજ્ઞાને પામી, લોચન કેરો અર્પણ કરી દીધાં,
કુણાલ આજે આવી, પિતા પાસે કાકિણી માગે."

વરદાનમાં કુણાલે પોતાના વંશનું વર્ણન કરતાં કાકિણીની માગણી કરી તે સાંભળીને મહારાજા અશોક એકદમ ચમકી ઉઠ્યા અને બોલ્યા "આહા! તું કોણ કુણાલ?"

"હા પિતાજી? તમારી આજ્ઞાનો લોપ નહિ કરવાને પોતે અંધ થયો હતો તેજ આ કુણાલ!" ગાનારવાળે પોતાની ઓળખ આપી.

રાજાએ ઝડપથી ઉઠીને પડદો દૂર કરી નાખ્યો. પોતાના પુત્રને જોઈ આનંદથી આંખમાંથી અશ્રુ પાડતા એને પોતાના ખોળામાં બેસાડી સ્નેહપૂર્વક કહ્યું. "આહા પુત્ર! એ બધું કેમ બની ગયું તે કાંઈ સમજાતું નથી. મેં તો ફક્ત તને અભ્યાસ કરવાને લખ્યું હતું છતાં દૈવે મોટો અનર્થ કરી નાખ્યો!" આ ઘટના જોઈ આખી સભા આશ્ચર્ય પામી ગઈ. ક્યાં એક સામાન્ય અંધ ગવૈયો ને ક્યાં યુવરાજ કુણાલ. આહા! શું વિધિની ઘટના!

પિતાના વચન સાંભળી કુણાલ સમજ્યો કે "પિતાને ક્યાંથી ખબર હોય કે એ મારી ઓરમાન માતા તિષ્યરક્ષિતાનું કાવત્રુ હતું! અરે! પણ મારે અત્યારે એ વાત કરવી નહી.

" પિતાજી ! ખેદ ન કરશો. હું આપને એક વધામણી આપું છું કે મારે પુત્ર થયો છે. તે રાજ્ય કરશે ! " કુણાલે શંકાનું સમાધાન કર્યું.

" શું તારે પુત્ર થયો ! ક્યારે થયો દિકરા ! હર્ષ પામતાં રાજાએ કહ્યું.

" પિતાજી ! ' સંપ્રતિ ' હમણાંજ થયો છે. "

" શું હમણાં ! "

" હા. "

" અત્યારે તે ક્યાં છે દિકરા ? "

" આપે આપેલા મારા ગામમાં. "

બીજે દિવસે રાજાએ તરતજ ઘોડેસ્વારો સહીત મંત્રીઓને એ બાલકુમારને તેડવાને મોકલ્યા. ને તેમની સાથે થોડા દિવસમાં બાલકુમાર શરત કુમારી, સુનંદા, ચંદા વગેરે પરિવાર આવી પહોંચ્યો. રાજાએ ધામધૂમથી બાલકુમારનો પ્રવેશ મહોત્સવ કર્યો ને એનું નામપણ ' સંપ્રતિ ' ઉપરથી ' સંપ્રતિ ' જ કાયમ રાખ્યું.

દશ દિવસ વિત્યાબાદ મહારાજ અશોકવર્ધને સ્તન પાન કરતા એ બાળકુમાર ' સંપ્રતિ ' ને મહોત્સવપૂર્વક તખ્ત નશીન કર્યો. ઘણા કાળે સુનંદાની હૈયાની ઉમેદ એવી રીતે પરિપૂર્ણ થઇ.

પ્રકરણ ૨૨ મું.

ખેંચાખેંચ.

"આહા ! આતો અણુધાર્યું બની ગયું ! અરરર ! ભુંડી થઈ ! હેવે મારી આશાનો કીલ્લો જડમુળથી ઉખેડી નાંખ્યો; જે રાજ્ય લોભની ખાતર કુણાલની આંખો ફોડાવી મારા પુત્રને મેં તાજ અપાવ્યું. છતાં જુઓ તો ખરા દૈવની શું રમત છે ! આપણી ધારેલી આશાઓ એ દુષ્ટ ધુળધાણી કરી નાખે છે. એક કાંટો દૂર કર્યો તો વળી આજે બીજો ફુટી નીકળ્યો. અરે ! મહારાજે તો એને રાજ્યપણુ આપી દીધું હવે એને રાજ્યભ્રષ્ટ શી રીતે કરી શકાય ? આ દુનીયામાંથી એ રવાને થાય તોજ આપણું કામ થાય !" ઈત્યાદિક વિચાર કરતી એક સુંદર રમણી પોતાના આલીશાન ભુવનમાં ઉદાસ ચહેરે પલંગ ઉપર પડી હતી. આજે એની ચિંતાનો પાર નહોતો. કોઈ રીતે એને સુખ નહોતું જેથી આવા મુશ્કેલીના સમયમાં કોઈની સલાહ તો લેવીજ જોઇએ. એણે નંદનાચાર્ય પાસે જવાનો વિચાર કર્યો. પણ વળી એને વિચાર થયો કે એ રૂપલુબ્ધ સાધુ તો પોતાનો આશક બન્યો હતો. કેટલીક વખત એને હાથ તાલી આપીને પોતાનું શિયલ બચાવ્યું હતું. એવા એક વ્યભિચારી પુરૂષ પાસે જવાને એનો પગ ભારે થયો હતો. જો પોતે પોતાનું શિયલ એને આપે અને પોતાનો હૈયાનો માનિતો બનાવે તોજ એ સાધુ એનું કામ કરે તેમ હતું. શું

શિયલનો ભંગ કરવો એ મને પરવડે કે ? કદિ નહીં. એની કામણ ભરી આંખો અને એના ચેનચાળા એ બધા તો નોગાદ છે. પણ ત્યારે શું એ દુષ્ટે બધો ધાણ બગાડયો હશે કે ! જે કામ કરી શકે છે એજ બગાડી શકે છે. એક દિવસ એણે કહેલું કે તમારૂં કામ મેં સિદ્ધ કર્યું છે તે ઝટ હવે પાર પડી જશે.

મને ખબર નહીં કે એની આવી કાળી દાનત હશે, આ તો પાછળથી માલુમ પડયું. એ જુવો તે દિવસે બોલતો હતો તે બધું વ્યંગમાં બોલતો હતો. એ હવે મગ્નતય છે, પોતાના કામમાં નિષ્ફળ જવાથી એણે તો ઘણું નહીં બગાડયો હોય. માટે એ સંબંધી એની સાથે વાતનો ખુલાસો તો કરવો જોઇએ. જોઇએ તો ખરા કે એ શું ખુલાસો આપે છે. એ જાણ્યા પછી આગળ શું કરવું એની કાંઇક સમજ પડશે.”

તરતજ એ કપડાં પહેરીને સજ્જ થઈ ગઈ. કલ્યાણી નામની પોતાની દાસીને લઇને તે રથમાં બેસીને બૌધમંદિર તરફ રવાને થઈ ગઈ.

નંદન આચાર્ય પણ પોતાની મનોવૃત્તિમાં નિષ્ફળ જવાથી તિષ્યરક્ષિતા ઉપર ગુસ્સે થયો હતો. દુનીયાનું સુંદરમાં સુંદર ગણાતું આ સૌંદર્ય એક વખતે પણ પોતાના ઉપભોગમાં ન આવે એ ખચીત એને મન અતિ દુઃખદાયક હતું. એ વારંવાર ખાનગી રીતે તિષ્યરક્ષિતાને તેડાવતો. પણ એ સુંદરી ચેતી ગયેલી હોવાથી હવે એના પાશમાં આવતી નહીં જેથી

નંદન નાશી પાસ થયો હતો. બીજી કયી યુકિતથી એ રમણીને પોતાની કરવી. એ માટે તે અનેક કલ્પનાઓ કરતો. પણ એ હવાઈ વિચારો એના હવામાં જ મળી જતા હતા. કોઈ દિવસ ભીક્ષા લેવાને બ્હાને તે તિષ્યરક્ષિતાના મહેલમાં આવતો, પણ તિષ્યરક્ષિતા એને દૂરથી જોતાંજ પોતે આઘી પાછી થઈ જતી ને દાસી માર્ફતે એને ભિક્ષા અપાવી પાછો વાળતી. પ્રસંગે એની નજરે ચડતી તો સાવધાનતા પૂર્વક એણે પૂછેલા પ્રશ્નો-ના જવાબ આપીને ઉડાવતી હતી. ખોટી આશા આપી વિદાય કરી દેતી હતી. એ વર્ષોની આગ એના હૈયામાં ધુંધ-વાયા કરતી હોવાથી એણે પણ ઝટ એનો નિકાલ કરી દેવાનો વિચાર કર્યો. " હવે ફક્ત એકવારજ પ્રસંગ મેળવી તિ-ષ્યરક્ષિતાની મુલાકાત લેવી એ શું કહે છે તે સાંભળવું. જો મારી માગણી સ્વીકારે તો તો ઠીક છે નહીતર પછી કોઇ ઉ-પાયે એને સપડાવી દેવી. બળાત્કારે પણ એના મધુરા યૌવનનો સ્વાદ તો ચાખવો ! બસ ફક્ત એકજવાર મારા ભોગમાં એ આવે તો થયું. હું એને પૂછી જોઇશ. 'ઓ સુંદર સ્ત્રી ? ફક્ત એકજ વખત મારૂં મન રાખ ! ને તારા આ મધુરા અનુપમ ખીલેલા યૌવનનો સ્વાદ ચખાડ ? કે જેથી દીર્ઘકાળથી લાગેલી મારા હૈયાની તાલાવેલી કાંઇક નરમ પડે–શાંત થાય ! " મારી પ્રાર્થના એ સ્વીકારશે તો તો ઠીક છે નહીતર પછી...." એમ વિચારતાંજ એની આંખોના ભવાં ચઢી ગયાં. શરીર ક્રોધના જુસ્સાથી કંપવા લાગ્યું. અગ્નિના તણખા ખરતા હોય એમ આંખમાંથી અગ્નિની જ્વાળાઓ ખરવા લાગી. ચહેરો બીહા-

" ગુરુવર ! આપણી ધારણા બધી ધૂળ મળી ગઈ. જોયું ને ? " રાણીએ શરૂઆત કરી.

" કઈ ધારણા વારૂ ! " અજાણ્યો થઈને સાધુ બોલ્યો.

" શું એટલીવારમાં તમે ભૂલી ગયા કે ? આંખો ફોડાવી એક પીડા પતાવી તો વળી બીજી પાછી ઉભી થઈ ! મહારાજે તો પેલા આંધળાના દિકરાને રાજ્ય પણ આપી દીધું. "

" એમાં શું ? મહારાજે એમાં ખોટું શું કર્યું છે ? એ બધું મારી મરજીથી થયું છે. " સાધુ મર્મમા બોલ્યો.

" એટલે ! તમારી મરજી કેમ ! મહારાજ ? મહેંદ્ર તો તમારો દિકરો કહેવાય ! તમારા દિકરાના હિતમાં તમારે તત્પર રહેવું જોઈએ. "

" મહેંદ્ર મારો દિકરો ! છટ ? શું તું મને મીઠાં મીઠાં વચનથી છળવા આવી છે. " તિષ્યરક્ષિતા ! હોંશીયાર ! હું એક વખત તારા વચનમાં લોભાઈ ગયો હવે નહી ? મહેંદ્ર તો અશોકનો દિકરો ! એમાં મારે શું ? " સાધુએ તિષ્યરક્ષિતાના કાન ચમકાવ્યા.

" તમારે કેમ શું ? એની કાળજી તો તમારેજ રાખવી પડશે. એ સંપ્રતિને રાજ્ય મહારાજે કેમ આપ્યું હશે તે તમે જાણો છો કે ? "

" એમાં જાણવું તું શું વળી ! મેં તમને કહ્યું નહીં રાણીજી ! કે મારી મરજીથી એ બધું બન્યું છે. આજસુધી ભવિષ્યના પડદામાં છુપાયેલું તેજ આજે પ્રગટ થયું છે.

"પણ શા માટે તમારે આમ કરવું પડે છે. તે જણાવશો જરી ?"

"તમારી બેવફાઇની શિક્ષા કરવા માટે ? મેં તમારૂં કામ કરી દીધું. તમારા ભાગ્ય સારૂ મોટું પરિવર્ત્તન કરાવ્યું, છતાં રાણીજી ! તમે મારી કદર તો આવીજ કરી ! અરે એક વખત પણ તમે......" સાધુ આગળ બોલતો અટકી ગયો.

"તો શું આટલો બધો હદથી પણ વધારે તમારા હૃદયમાં મારે માટે પ્રેમ ઉભરાઇ રહ્યો છે ગુરૂજી ! તમે સાધુ થયા, તમારે તો પરોપકાર એનેજ તમારૂં જીવન બનાવવું જોઇએ ?

"તો શું ત્યારે સ્ત્રીઓ પણ પરોપકાર ન કરી શકે વારૂ ? પારકાના હૃદયનું દુઃખ દૂર કરવું એ શું પરોપકાર ન કહેવાય ?

"પણ એ કરતાં સ્ત્રીઓને શિયલ વ્હાલું હોય છે. વળી તમે જાણો છો કે કદાચ મહારાજ જાણે તો તમારી ને મારી જીવતાંજ ચામડી ઉતરાવે કે બીજું કાંઇ ?

"તે તમારો ખાલી ખ્યાલ છે. રાજ્યકારભારમાં ડુબેલા મહારાજને શી પરવા છે કે તમે ક્યાં પડ્યાં છો ! અને શું કરો છો ? જુઓની 'કુણાલ આંધળો થયો એ તમારી વાત વર્ષોનાં વર્ષો વહી ગયાં છતાં કોઇ પણ જાણી શક્યું છે ?"

"પણ મારા કરતાંય સુંદર કોઇ મારી દાસી તમારી પાસે મોકલું તો ? મારા કરતાં તે તમારી અધિક સેવા કરશે. જે મારાથી નહી બને તે એ તમને આપશે."

"દાસી તે દાસી ! મીઠું કદિ સાકરની બરાબરી કરવા

અશક્ય એ બની શકે કે ? કીડી ક્યારે પણ કુંજરથી હરીફાઈ કરી શકે છે ? રાણીજી ! આજ વર્ષો થયાં તમારા વિયોગથી હું ઝુરી રહ્યો છું તમારા વિના મારા અંતરમાં કોણ જાણે કે શું થાય છે; છતાં તમે તો તમારો સ્વાર્થ સર્યો એટલે બંધ કરીજ ? "

" ઠીક એતો, પણ હવે તો તમારે એક કામ કરવું પડશે સમજ્યા ? "

" અને તે કામ ? "

" આ સંપ્રતિનો રસ્તો સાફ કરવાનું ! શાહે તો કોઈ ઉપાય બતાવો અથવા તો તમે પોતેજ એ માથે લ્યો ? "

" એ મારાથી નહી બની શકે ! મહારાણીજી ! "

" હું કહું છું કે તમારે બનાવવુંજ પડશે શું કહો છો ! "

" તમે કાંઇ મારાં સ્ત્રી નથી કે મને આવી રીતે હુકમ કરી શકો ? "

શું ત્યારે તમે ના પાડવા ઇચ્છો છો ? "

" હા ! એક રીતે તમારૂં કામ કરૂં ? અને તે તમે મારાં થાવ એ રીતે ? "

" કોણ હું ? " રાણી કંઇક ગર્વ પામતી બોલી.

" હા ? તમે ? "

" ઠીક છે. આપણું કાર્ય સત્વર સિદ્ધ થશે પછી તમે કહેશો એમ હું કરીશ પછી કાંઈ ? "

" રાણીજી ? હજી પણ શું તમે વાગુંજાળ ચલાવી રહ્યાં છો. તમારા વચન ઉપર મને ભરૂસો નથી. "

"હું તંમને વચન આપું તો? આટલીવાર ફરીને ખાતરી કરી જુઓ?"

"પણ એવા વચનનું શું કામ છે. આવોને અત્યારે જુઓ કેવી એકાંત છે–શાંત છે. પછી તમારૂં કામ હું સત્વર કરી દઈશ."

"અત્યારે તો ન બને? એવું ખાનગી કામ તો રાતના ઠીક પડે? ને તેય વળી એકાંતે!"

"તો ભલે એકાંતે! મારી ક્યાં ના છે! તમે કહો ત્યાં સેવક સેવામાં તૈયાર છે."

"શું તમારી એજ ઇચ્છા છે ત્યારે?"

"હા? તે સિવાય બીજો કોઇ રસ્તો નથી. તમે મારૂં મન નહી મનાવો ત્યાં લગી હું કાંઇ પણ કરવાનો નથી. સારૂં થયું કે તમે આવી ગયાં નહીતર હું તો એટલો બધો ગુસ્સે થઇ ગયો હતો કે તમારી વાત મહારાજને કહી નાખત! તમને એ ગુન્હાની નશીયત કરાવત!"

રાણી એ સાંભળીને વિચારમાં પડી. "ઠીક છે. ત્યારે પાટલીપુત્રની બહાર ગંગાના તટ ઉપર વૃક્ષોની ઝાડીમાં જીર્ણ થઈ ગયેલું પેલું બુદ્ધ ભગવાનનું મંદિર છે. ત્યાં પહોરરાતના મારી રાહ જોજો. હું લગભગ પહોર રાત વીત્યાબાદ આ-વીશ. મધ્યરાત્રી સુધીમાં તો અવશ્ય આવીશ?" રાણીએ જણાવ્યું અને તે પછી ત્યાંથી કલ્યાણીને લઇને ચાલી ગઇ.

—❋❋—

પ્રકરણ ૨૩ મું.

કાળીરાતે.

પ્રહર રાત્રી લગભગ વહી ગઇ હોવાથી જગત અત્યારે ઘણું ખરૂં શાંતિમાં આરામ લેતું હતું. પ્રવર્ત્તીમય પાટલીપુત્ર શહેર આખા દિવસની ધમાચકડીથી થાકીને શાંતિનો સ્વાદ ચાખી રહ્યું હતું. છતાં કવચિત કવચિત મનુષ્યનો અવરજવર હજી જણાતો હતો. એવા સમયમાં રાજમહેલના છુપા દ્વારમાં-થી બે સ્ત્રીઓ નિકળી. એકનો વેષ અદ્ભુત હતો જ્યારે બીજીનો સામાન્ય; છતાં બન્ને સરખી ઉમરની ને એકજ ઘાટની હતી. એ બન્નેનો આકાર એવો તો લગભગ મળતો હતો કે બન્નેમાંથી એકને ઓળખી કાઢવી એ અશક્ય હતું. પેલી સામાન્ય જ-ણાતી ચતુર સ્ત્રીયે બીજી સુંદર વસ્ત્રાભૂષણોથી સુસજ્જીત સ્ત્રીને બધો પાઠ શીખવ્યો હતો. અત્યારે એ પોતે દાસી બની ગઇ હતી. દાસીને પોતાનો પહેરવેશ આપીને પોતા સમાન બનાવી હતી. હરવાને કાર્ય સાધવું એ એનો મંત્ર હતો. એના મનમાં દૃઢ ખાતરી હતી કે એ સાધુ કોઇપણ મંત્ર તંત્ર વડે કરીને પોતાનું કાર્ય સિદ્ધ કરી આપશે. માટે કોઇપણ રીતે અંધકાર-નો લાભ લઇ એને છળવાનો એણે વિચાર કર્યો હતો. જેથી એ સામાન્ય જણાતી સ્ત્રીએ આ યુકિત શોધી કાઢી હતી. એ સામાન્ય સ્ત્રી તે અશોકની પટરાણી તિષ્યરક્ષિના હતી. બીજી

રાત કંઇ જોતાં નથી. જે સ્ત્રીઓ દિવસે કાગડાને દેખીને ભય પામે છે એવી સ્ત્રીઓ રાતે નર્મદા તરી જાય છે. સ્ત્રીઓના હૃદયનો પાર કોઇ પામ્યું છે ? આહા ! જુઓ તો ખરા કેવી રીતે નિર્ભયપણે તે પેલા દુર્ગ મંદિર તરફ ચાલી જાય છે. એ અબળા નારી કેટલી સબળા છે તેનો આ પ્રત્યક્ષ દાખલોજ બસ છે. બિચારો એનો પતિ તો ક્યાંય નિદ્રામાં ઘોરતો હશે. લોકોમાં કહેવાય છે કે મીઠામાં મીઠી ચીજ વિષય રસ છે તેનો આ સાક્ષાત્ નમુનો ?

વળી લોકમાં પણ એવી કિંવદંતિ પણ સંભળાય છે કે—

આભા ગાજાને વર્ષાકાળ, સ્ત્રી ચરિત્રને રોતાં બાળ,
તેની જે કોઇ પરિક્ષા કરે, સહદેવ જોશી પાણી ભરે.

આકાશમાં શું છે ? એ શી વસ્તુ છે ? કેવું વિશાળ છે ? વગેરેની તેમજ ગર્ભમાં રહેલો બાળક પુત્ર હશે કે પુત્રી તેમજ એ કેવો થશે. વર્ષા ક્યારે વરસશે, તેમજ સ્ત્રીઓનાં હૃદય અને બાળકોનું રડવું એ કોઇ જાણી શકે છે ? અલ્પબુદ્ધિવાળા મનુષ્યો આ પાંચ વાતોનો પાર પામી શકતા નથી.

આહા, સારા કુટુંબની સ્ત્રીઓ પણ વિષયને વશ થઇને ચામના સ્વાદની ખાતર કેવી નીચ પ્રવૃત્તિ કરે છે—જારીવિજારી રમે છે. સ્ત્રી એકની સાથે રમે છે. બીજાની સાથે વાત કરતી હોય ત્યારે ત્રીજા સામું જોઇને હસે. એના હૈયામાં વળી કોઇ બીજોજ પુરૂષ હોય. પતિભક્તી સતીયો તો જગતમાં થોડીજ હોય બાકી તો એમનાં અંદરનાં ચારિત્ર તો જે જાણતું હોય એજ જાણે !

આશ્ચર્ય તો એ છે કે વ્યભિચારનાં સ્વાદમાં મસ્ત થયેલી
રમણી ઉપરથી તો દુનિયાને ઠગવાને એટલો બધો આડંબર
કરે છે કે જાણે સતીયોમાં તે પોતેજ શ્રેષ્ઠતાની પદવી ન પ્રાપ્ત
કરતી હોય. પોતાના પતિ આગળ તેમજ બીજા પ્રસંગમાં આ-
વતા અન્ય પુરૂષો સાથે એવી રીતે વર્ત્તે છે કે એઓ સમજે કે
"વાહ શું સતી છે?" આપણી સાથે તો વાત પણ કરતી નથી.
પરપુરૂષનું મોંહ જોતાં પણ શરમાય છે. તો હસવાની કે બોલ-
વાની તો વાતજ ક્યાં? પરન્તુ એ બિચારા ભોળાઓને ઠગ-
નારી એ નારીના દુશ્ચરિત્રોની એને ક્યાંથી ખબર હોય કે તારી
આગળ સતીનો ડોળ કરનારી કુળવંતી સ્ત્રી પોતાના પ્યારાને
મળવાને પોતાના કુટુંબીઓથી કેવી ગુપ્ત રીતે હાથતાલી
આપી છટકી જાય છે." અસ્તુ. મારે પણ આ કુટિલ કામિની-
ચોનું ચારિત્ર જોવું તો જોઇએ કે કોણ આશક એમની રાહ
જુએ છે? એ પ્રમાણે વિચારતો એ પુરૂષ પોતાનાં હથીયાર
સંભાળતો વૃક્ષની ઘટામાં એમની પછવાડે અદૃશ્ય થઇ ગયો.

જીર્ણમંદિરમાં નંદન આચાર્ય ક્યારનોય આવીને
આવનાર મેમાનની રાહ જોઇ રહ્યો હતો. પોતાના આવ્યા
પછી કેટલોક સમય પસાર થઇ ગયો હતો. છતાં કોઇના કદમ
આ તરફ હજુ લગણ તો લંબાયાં નહોતા, જેથી એ આશા-
તુર હૈયું સ્નેહમૂર્ત્તિના આવવાના માર્ગ તરફ આંખો ફાડી
ફાડીને જોઇ રહ્યું હતું. આખરે એ સમય આવી પહોંચ્યો, ને
નજીકમાં ખડખડાટ થતાં એના કાન ચમક્યા. મંદિરની બહા
રજ ઓટલા ઉપર એ અંધારી રાતે ઉભો હતો. જે પેલી

સ્ત્રીઓ આવી કે એક સ્ત્રી જે આગળ હતી એણેજ નરનાર મહારાજ સાધુની પાસે આવીને એમનું કાંડું પકડયું. આસ્તેથી બોલી. " આપ શાદ કલ્લોલને થાકી ગયા હશો ! ચાલો હવે અંદર ? " નિખાલસતા જ બોલતી હોય એવો એ સ્વર હતો.

" તમારી સાથે આ કોણ છે. મહારાણીજી ? " સાધુએ કામદેવના તોફાનથી કંપતાં કંપતાં કહ્યું. આવનાર રમણીયે જેવો એના હાથ ઉપર હાથ નાખ્યો કે એનાં ગાત્રો શિથિલ થઈ ગયાં, શરીર પસીનાથી તરબોળ થઇ ગયું. મહા મહેનતે તે બોલી શકતો હોય એમ જણાયું. પુષ્પધન્વાએ આવી એકાંત સ્થિતિનો લાભ લઇ એને પૂરેપૂરો પોતાની જાળમાં ફસાવ્યો હતો.

" એ તો મારી દાસી છે. મારી વિશ્વાસુ છે. એની ફિકર તમારે કરવી નહી. જેવી મારે શ્યામા હતી તેવીજ મારી પ્રાણ સખી છે. " એ રમણીનો ઉદ્દેશ કોઈ પણ રીતે પોતાના ભોગે પોતાની શેઠાણીનો હેતુ પાર પાડવાનો હતો.

કામથી ઘેલો થયેલો નંદન બોલ્યો. " એમ ! તમારી દાસી છે ? ઠીક ત્યારે ભલે એ ઉભી ઉભી બગાસાં ખાય ને આપણે આ મંદમંદ વાતી શિતલ લહેરોનો અનુભવ કરીયે ? " એમ કહી પોતાના હાથ એની કમર આસપાસ વિંટાળ્યા અને એના ગોરા ગોરા ગાલ ઉપર એક મધુરૂં ચુંબન કર્યું.

" અંહ ! અહીયાં આ શું કરો છો ? મારી દાસી જુએ છે તે જોતા નથી. અંદર ચાલોને પછી હું તમારીજ છું ના ? " ધીરેથી એ રમણી બોલી.

“ ઠીક અંદર ચાલો ? ” સોયથી ભેદી ન શકાય એવ
અંધકારમાં એ બન્ને આશકમાશુક દિવસના પરિચિત ખંડ
ચેરમાં અદ્રશ્ય થઇ ગયાં. પેલી દાસી જેવી જણાતી રમણ
એમના ગયા પછી જીર્ણ મંદિરના ઓટલા ઉપર આવ
સાવધાનતાપૂર્વક પોતાનું ખંજર સંભાળી, મંદિરના બાર
ણાની અંદર છુપાતી એક બાજુના ખુણામાં એમના આગમ
નની માર્ગપ્રતિક્ષા કરતી બેઠી.

પેલો ત્રીજો પુરૂષ છુપાઇને એમની ચેષ્ટા જોતો હતો
એને દૂરથી આ કૃત્યની કંઇક ગંધ આવી હતી. એને લાગ્યું
પોતે જે ધારણા કરી હતી તે તદ્દન સત્ય પડી હતી. વ્યભિચા
ચામરસના શોખમાં આ કુલવંતા સ્ત્રીએ કોઇ પુરૂષને હૃદયદા
આપ્યું હતું. તે પછી એ બન્ને અંદર ચાલ્યાં ગયાં એટલે
તે પણ આ જગ્યાનો પરિચિત હોવાથી એક વૃક્ષ ઉપર ચઢીને
મંદિરના શિખરના ભાગ ઉપર થઇને આસ્તેથી તે ફરતો ફરતો
કોઇ ન જાણે તેમ નીચે ગુપ્ત જગ્યામાં ઉતર્યો. જ્યાં પેલાં [illegible]
સ્ત્રીપુરૂષ સુખરૂપ પ્રેમરસની વાતો કરતાં એક બીજાના [illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

[illegible]

કરી. એટલે પેલા સાધુનું હૈયું કંઈક શાંત થયું. પરસેવાથી શરીર લીતબ ગયું ને પરિશ્રમથી તે અર્ધ મૃત જેવો થઇ ગયો હતો, ત્યારપછી એનું ચિત્ત કાંઇક સ્વસ્થ થતાં જે વાત પ્રથમ કામાંધપણામાં એ ન સમજી શક્યો તે અત્યારે એને સમજાઇ "શું આ તિષ્યરક્ષિતા હશે કે ? એણે મને ઠગ્યો તો નથીને ?" વિચાર કરતાં એના સ્વરમાં એને કંઇક એની નકલ માલુમ પડી. એણે એની સાથે ધીમે ધીમે વાતો કરવા માંડી. પણ એ સ્ત્રી કંઇ બોલી નહી, પણ એણે છેલ્લાં કહ્યું કે " હવે હું જાઉં છું મારી દાસી કયારનીય રાહ જોતી હશે. "

" હવે કયારે આપનાં દર્શન થશે ! " ફરીને એના સ્વરની પરિક્ષા કરવાને પૂછયું.

" જ્યારે તમારી મરજી હશે ત્યારે ! " એ રમણીએ ટુંકમાં પતાવ્યું.

સ્ત્રી જેમ બને તેમ એની પાસેથી જવાને ઇચ્છતી હતી. પણ આ બૌદ્ધ ભિક્ષુક એને બાહુપાશમાં લઇને પડેલો તે છોડે એમ નહોતું. એની શંકા મજબુત થવા લાગી. એના શરીર ઉપર એ હાથ ફેરવવા લાગ્યો. એને ખાતરી થઇ કે " આ તિષ્યરક્ષિતા નથી. તિષ્યરક્ષિતાએ નક્કી મને ઠગ્યો છે. અંધકારનો લાભ લઈ એણે પોતાને બદલે એનાજ જેવી બીજી સ્ત્રીને મ્હડાવી દીધી છે. મને લાગે છે કે પેલી દાસી જેવી જણાતી સ્ત્રી એજ નક્કી તિષ્યરક્ષિતા હોવી જોઇએ. જો મારી ધારણા સત્ય હોય તો એને પણ મારે નક્કી આજે ભોગવવી

જોઇએ. આવો વખત ફરી ફરીને હાથ આવશે નહી. પણ એક વખત આની તપાસ કરી લેવી જોઇએ. ” એમ વિચારી એણે સત્યાસત્યની તપાસ કરવા માંડી.



પ્રકરણ ૨૪ મું.

પરિણામ.

“ હવે છોડોની ! ” પેલી [illegible] બોલી.

“ છોડું ! તું કોણ છે [illegible] ! ” સાધુ બોલ્યો.

સાધુની વાણી સાંભળીને પેલી [illegible] સત્યાનાશ ! શિયલ વેચવા [illegible] છતાં ધીરજ ધરીને બોલી. “ તને [illegible] [illegible] દિવસ [illegible] [illegible] કે તેનું [illegible]

“ [illegible]

“ તમે [illegible] કાન હોય છે. [illegible] ? ”

“ [illegible] ? તું [illegible]

તમે [illegible] ? ”

તિષ્યરક્ષિતાનું નામ સાંભળીને પેલો એમની મેધા જનારો પુરૂષ ચમક્યો. એની રગેરગમાં ક્રોધની જ્વાળા પ્રગટી. ક્રોધથી કંપતા એણે પોતાના અધર કરડ્યા. અનેક વિકારો એના શરીર ઉપર પસાર થતા ગયા. પણ અંધકાર હોવાથી કોઇ એ ભાવો દેખી શક્યું નહી. વારંવાર તલવાર ઉપર હાથ જતો ને પાછો પડતો. એ સમજી ગયો કે પોતાનીજ માનિતી તિષ્યરક્ષિતાનું આ કૃત્ય હતું. પુરૂષ તે બૌધ સાધુ નંદનઆચાર્ય હતો. આહા જેને પોતે પૂજ્ય ગુરૂ તરીકે માનતો. રાજ દરબારમાં એનું કેટલું સન્માન સાચવતો તે આવો વ્યભિચારી ? દૈવ ? દૈવ ? ને તે વળી મારાજ ઘરમાં મારી પટ્ટરાણી સાથે ! અનેક વિચારો કરનાર એ છુપાપોશાકમાં છુપાયેલો વીરપુરૂષ અશોકવર્ધન પોતે હતો. રાતના અંધાર પછેડો ઓઢી નગરચર્યા જોવા નિકળેલો, તેની અચાનક આ બન્ને સ્રીઓ ઉપર દૃષ્ટિ પડતાં કુતુહલ જોવાની ખાતર એમની પાછળ પડેલો, હાલમાં ગુપ્ત રીતે આ પિશાચોની પશુક્રિડા જોતો ઉભો હતો.

બન્નેની રકઝકમાં એને ખબર પડી કે તિષ્યરક્ષિતા આ સાધુડાની સાથે ખુટેલ હશે, પણ વળી ત્યાં સુધી સત્ય શું છે? તિષ્યરક્ષિતા આ પોતે જ છે કે બીજી કોઈ ગોઠવાઇ ગઈ છે તે જાણવું જોઇએ. એમ ધારી એમની રકઝક સાંભળતો ચુપચુપ ઉભો રહ્યો.

" શી પડી હોય ? લુચ્ચી ! ખોટું બોલે છે. હું જાણી ગયો છું કે તિષ્યરક્ષિતા તું નથી. બોલ સાચું બોલે છે કે

નહી ? ” ધીમે સાદે પણ જુસ્સાથી બોલતો એ બલિ
બૌધસાધુ એને મારવા લાગ્યો.

“ હાં ! હાં ! મને મારો માં ? હું સાચું જ કહું છું મહારાજ ? ”

“ રાંડ ? હજી ખોટું બોલે છે; જ્યાંસુધી સાચું નહી કહે ત્યાં લગી હું તને છોડું તેમ નથી, સમજી ? જાનથી મારી નાખીશ. તારો સ્વરજ કહી આપે છે કે તું તિષ્યરક્ષિતા નથી.”

“ એ તમારી ભ્રમણા છે ! મારો સ્વર જરા બદલાઈ ગયો છે તેથી તમને એમ લાગતું હશે. ”

“ આહા ? હજુય સાચું બોલતી નથી, બોલ ? બોલે છે કે ગળું દબાવી મારી નાખું ? હજી સમય છે સત્ય કહી દે ? તારી સાથે આવેલી પેલી કોણ છે અને તું કોણ છે ? ”

એમની આ રકઝકમાં પ્રચ્છન્નપણે ઉભેલા રાજાને મજા પડતી હતી. એણે જોયું કે, “ અહીંને અહીં એ પિશાચોની પશુક્રિડાનું પાપ પ્રગટ થયું હતું. એને લાગ્યું કે કંઇક નવાજુની થશે. આ કલેશનું મૂળ સારૂં તો નજ આવે ? પણ મારે બચાવવાને—કોઇને મદદ કરવાને વચમાં પડવું કે નહી એજ માત્ર સ્વાલ હતો. ઠીક છે પરિણામ તો જોવાદે કે આવા કૃત્યોમાંથી વિધાતા શું પરિણામ ઉત્પન્ન કરવાને ધારે છે વારૂ ? ” એમ વિચારી તેમનું તોફાન જોતો ઉભો.

“ તમારા સોગન ખાઇને કહું છું કે હું એજ છું. હાથ ફેરવો જરી એજ આ વદન ? એજ આ વસ્ત્રાભૂષણ ? એજ

આ રૂપરંગ ! તમે નશીબદાર તો પૂરા કે તમારી ઇચ્છા પૂર્ણ કરવાની મને કુબુદ્ધિ સુઝી ? એક તો મેં તમને મારા પ્રાણવલ્લભ કર્યા છતાં ઉપરથી આ શિરપાવ ! વાહ !"

"ઠીક છે. તું તિષ્યરક્ષિતાજ છે તો ચાલ બહાર, ચંદ્ર હવે ઉગ્યો હશે તેના પ્રકાશથી ખાતરી થઇ જશે." એમ બોલી એનું બાવડું પકડી બહાર ઘસડી.

પેલો ગુપ્ત પુરૂષ એમના પાપનું પરિણામ જોવા એમના માર્ગમાંથી ઝટ ખુણામાં ભરાઈ ગયો. એટલે આ બન્ને જણાં બહાર નિકળ્યાં. ચંદ્રના ઉજાસમાં સાધુએ ધારી ધારીને એને જોઈ એટલે ખાતરી થઇ કે આ તિષ્યરક્ષિતા નથી. "રંડા ? મને ઠગે છે ?" એમ બોલતાં એક અડબોત લગાડી એને નીચે પટકી. પેલીએ ચીસ પાડી એટલામાં ત્યાં છુપાયેલી દાસી જેવી જણાતી સ્ત્રી સઘળું સમજી ગઇ. તરતજ એ બહાર નીકળી આગળ ધસી આવી. "અરે ? અરે ? મહારાજ ! આ શું કરો છો ? મારી શેઠાણીને શામાટે હેરાન કરો છો ?"

સાધુ પેલી સામાન્ય સ્ત્રીનો અવાજ સાંભળી એના તરફ ફર્યો. "શું આ તારી શેઠાણી છે ત્યારે તું કોણ છે ?" નંદને એને ચંદ્રના પ્રકાશમાં ધારી ધારીને જોઈ.

"અમે તો દાસી માણસ ? તમે આવી રીતે અમારી શેઠાણીને હેરાન કરશો તો ફરી આવશે નહી સમજ્યા ?" પેલી દાસી કરડાકીથી બોલી.

"તું દાસી છે ? ભલે દાસી હો ? આવ મારી પાસે ?

મારા દિલની આગ બુઝવ ? " નંદન પેલી સ્ત્રીને છોડી દાસી જેવી જણાતી સ્ત્રીની પાસે આવ્યો.

" હું હું ? એટલેજ ? તમે આવા મોટા માણસ થઇ અમારા જેવી નીચ દાસી ઉપર નજર બગાડો છો ? જરા શરમાવ ? "

" એથી શું ! પુરૂષ તો ગમે તે સ્ત્રીને ભોગવી શકે ? પછી ભલે તે રાજાની રાણી હોય કે એક ગરીબ ભિખારણ ? "

" જો મારૂં દાસીનું તમારે કામ હતું તો પછી રાણીજીને શા માટે ભ્રષ્ટ કર્યાં, ! તમારે દાસીનું કામ હોય તો કાલે દાસી આવશે પછી કાંઇ ! "

" કાલે નહી પણ આજેજ ? સમજી ? મારે તો તારૂંજ કામ છે બીજીનું નહીં ? "

" ઠીક તો ભલે પણ અત્યારે તો તે નહીજ બને, સમય અધિક થઇ ગયો છે. ઘરે મહારાણીની બધાં રાહ જોતાં હશે. માટે અત્યારે તો અમે જઇશું. ચાલો મહારાણીજી ? " જેમ બને તેમ દાસી જેવી જણાતી આ સ્ત્રી અહીંથી હવે છટકવા માગતી હતી.

" જાય છે તે કયાં જહન્નમમાં ? ભલાઇથી કહું છું છતાં સમજતી નથી. મારી મરજી સાચવ્યા વગર તારાથી એક ડગલું પણ આગળ નહી ભરી શકાય સમજી ? "

" હવે મરની મુવા ? મને સતાવીને તું સાર નહી કાઢે ? દાસી છું તેથી સહન કરૂં છું નહીતર તો તારાં બાવડાં પણ

પાડી નાખું સમજ્યો ? ચાલો આઘો ? ઊઠો જટ ! " એ સ્ત્રીએ પોતાનું પોત ધીરે ધીરે પ્રકાશવા માંડ્યું. નીચે પડેલી સ્ત્રીએ ઉભા થઈ પોતાનાં વસ્ત્રાભૂષણ ખંખેરી આગળ ચાલવા માંડ્યું.

"કેમ છે ! મારા પંજામાંથી તું છટકી જવા માગે છે ! એ દાસી ? શું તું દાસી છે. કુલ્ટા ? "

" દાસી નહી તો કોણ વળી ? તેથી તો તારાં કડવાં વેણ સાંભળી રહી છું. "

" મેં તને ઓળખી છે તુંજ તિષ્યરક્ષિતા છે. છતાં આ દાસીને તારાં કપડાં આભૂષણ પહેરાવી એને તિષ્યરક્ષિતા બનાવી છે. ને તું દાસી બની છે. સમજી ! હવે તું મારા હાથમાંથી છટકવા પ્રયત્ન ન કરીશ. મારી મરજીને આધીન થા?" નંદન વાતનું સ્પષ્ટીકરણ કરતો આગળ ફરી વળ્યો ને બન્નેને અટકાવ્યાં.

તિષ્યરક્ષિતાએ જાણ્યું કે ભેદ બધો ફુટી ગયો હતો. છતાં જીવને ભોગે શિયલ સાચવવું એ એનો દૃઢ નિશ્ચય હતો. એને લાગ્યું કે " હવે સહેજે આ પાપમાંથી મુક્ત થવાય એમતો નથી. કરેલા પાપોનું પ્રાયશ્ચિત કરવાનો સમય આવી પહોંચ્યો છે. કાલે સવારે આ હકીકત મહારાજના જાણવામાં આવશે. વર્ષોનાં દબાયેલાં જૂનાં પડ તાજાં થશે. ખેર ! જે બને તે ખરૂં પણ એક પાપ તો કર્યું. શિયલનો ભંગ કરી બીજું પાપ તો અવશ્ય નહીજ કરૂં ! "

"કેમ શું વિચારમાં પડી ગઈ. રાણીજી? ચાલ! ફરીને આપણે આ મંદિરમાં જઈએ! પછી ખુશીથી તું તારે ઘેર જા!" વિલખો લાલચુ નંદન બોલ્યો.

"[illegible] જુવો! આ નિત્યરક્ષિતાએ તારા માટે આટલી [illegible] છે. [illegible] એનો આ [illegible] ! તો સમજ કે નિત્ય-રક્ષિતાનું જીવન તો [illegible] અશોકને માટે છે."

"અશોકને [illegible] હું કે અશોકને માટે [illegible] માટે છે." એમ બોલતો [illegible]

[illegible] નંદન

[illegible] નિત્યરક્ષિતા

[illegible] નંદન

[illegible] લાગ્યો

[illegible]

ઝાંશાતાંશી વધી ગઇ. તિષ્યરક્ષિતાએ બળપૂર્વક એક મુઠી એના મોં ઉપર મારી. નંદને એક ધક્કો મારી એને નીચે નાખી દીધી. ને ખંજર એના હાથમાંથી દૂર ફેંકી દીધું. એને નીચે પટકી જેવો એને હેરાન કરવા જાય છે. એટલામાં પેલી સ્ત્રીએ જોરથી એની છાતીમાં એવી તો લાત મારી કે તે દૂર પડયો, સમય કટાકટીનો હતો જેથી તરતજ સાવધ થઇ પેલી બીજી સ્ત્રી તરફ ધસ્યો એને પટકીને એની ઉપર ચઢી બેઠો ત્યાં તો તિષ્યરક્ષિતા સફાળી ઉઠી પેલું ખંજર ઉઠાવી. એકદમ એ નરપિશાચ ઉપર ધસી ગઇ. પેડુમાં એવી તો બળપૂર્વક લાત મારી કે તે નીચે પટકાયો. એના ક્રોધનો પાર નહોતો. સાક્ષાત્ ચંડિકા સમાન હાથમાં ખંજરથી શોભતી તે ભયંકર સ્ત્રી ગુસ્સામાં તે શું કરતી હતી એનું ભાન એ ભૂલી ગઇ હતી. "દુષ્ટ રાક્ષસ! હવે તારો કાળ આવ્યો છે એમ સમજ ?" ક્રોધથી બોલતી રૂદ્ર મુર્ત્તિને ધારણ કરનારી તિષ્યરક્ષિતાએ પેલો નંદન જેવો ઉઠીને એના ઉપર ધસી જાય છે ત્યાં તો એકદમ એની ઉપર ધસી જઇ એના પેટમાં પેલું તીક્ષ્ણ ધારવાળું વાંકડીયું ખંજર પધરાવી દીધું. ને આંતરડાં બહાર ખેંચી કાઢયાં. ઘા એવો સખ્ત હતો કે નંદન અલ્પ સમયમાંજ તરફડતો શરીર છોડીને વિદાય થઇ ગયો. થોડી વારે તિષ્યરક્ષિતાનો ક્રોધ શાંત થયો. એટલે બન્ને સ્ત્રીઓ જેમ આવી હતી તેમ એ શબને જંગલી પશુ પંખીના શિકારને માટે રખડતું મુકી ત્યાંથી પોતાને ઠેકાણે જવા અદશ્ય થઇ ગઇ. પેલો ગુપ્ત પુરૂષ સમ્રાટ્ અશોક પણ અનેક પ્રકારના સંકલ્પ કરતો એમની પછવાડે

ચાલ્યો ગયો. " આહા ? સારૂં થયું કે મારે પ્રત્યક્ષ ન થવું પડ્યું. તિષ્યરક્ષિતાએ પોતાની આબરૂ સાચવી છે, પણ આટલું બધું કરવાનું એને કારણ શું ?"



પ્રકરણ ૨૫ મું.

પશ્ચાત્તાપ.

બીજે દિવસે પ્રભાતના તિષ્યરક્ષિતા વ્હેલી ઉઠી તો ખરી, પણ એને આજે બેચેની વધારે હતી. પ્રતિક્ષણે પોતાની ગુપ્ત વાત ફુટવાનો ભય રહ્યા કરતો હતો. એ બૌદ્ધસાધુના ગુમ થઇ જવાની ખબર પડી કે તરતજ શોધ ખોળ થવાની; અને એને અંતે જો મડદું હાથ લાગ્યું તો એના ખુનની તપાસ રાજ્ય માર્ફતે અવશ્ય થશે. અરરર ? ત્યારે શું પરિણામ આવશે, એનો વિચાર કરતાં એનું હૈયું ધડકતું હતું. એને દાસી ઉપર શંકા આવી કે એને મહારાજ આગળ મારો બધો ભરમ ફોડી નાખે ! ફક્ત આ દાસી મારો ભરમ જાણે છે જેથી પ્રગટ થવાનો ભય રહે છે, તો એ ભેદ હમેશને માટે અદ્રશ્ય રહે એ સારૂં આ દાસીને અહીંયાંથી મોતની મુસાફરીએ મોકલી હોય તો ઠીક ? એક ગયો તો બીજીને પણ રવાને કરી દેવી. એમાંજ ઇજ્જતની સલામતી છે. માટે એ કામ હમણાંને હમણાંજ કરી નાખવું જોઇએ, નહીંતર આજેજ પોગળ ફુટી જવાનું છે." એમ વિચારતી તે એકદમ સાવધ થઇ ગઇ. એની આંખ

બીજનું ખુન કરવાને ચમકી રહી. ક્રોધથી શરીર કંપવા લાગ્યું તરતજ ખંજર લઇને દાસી સુતી હતી ત્યાં આવી. આસ્તેથી જોયું તો દાસી રાત્રીના પરિશ્રમથી થાકેલી હોવાથી ઘોર નિંદ્રામાં હતી. હજી સૂર્યોદય થવાને પણ થોડી વાર હતી. જેથી બધે શાંતિ હતી, આસ્તેથી દ્વાર બંધ કરી એની પાસે આવી પોતાનું ખંજર તૈયાર કર્યું, પોતે શું કરે છે એનું પણ એને ભાન નહોતું, એણે તરતજ જુસ્સામાં ને જુસ્સામાં ખંજર એના ઉદરમાં એવા તો બળપૂર્વક ઘુસાડી દીધું કે એક શબ્દ પણ એ દાસી નતો બોલી શકી નતો ચીસ પાડી શકી ? નિંદ્રામાં ને નિંદ્રામાં જ એ આ લોકમાંથી વિદાય થઇ ગઈ. એને એમને એમ છોડી તે પોતાનું ખંજર ઉંચકી સાફ કરી ત્યાંથી જેવી પાછી ફરે છે ત્યાં તો આશ્ચર્ય ? બારણામાં એક પ્રચંડકાય પુરૂષ એનું પાપ-કૃત્ય જોતો ઉભો હતો. એને જોઇને એ હેબતાઇ ગઇ. એના પગ થંભાઈ ગયા. શરીર પરસેવાથી તરબોળ થયું. આંખે અંધારાં આવવા લાગ્યાં. પૃથ્વી જાણે ફરતી હોય એમ દેખાયું. એને થયું કે જો જમીન માર્ગ આપે તો એના ભૂગર્ભમાં આ માણસથી બચવાને છુપાઈ જાઉં ! જે ભયની ખાતર એણે આ ખુનનું પાપ કર્યું હતું તે ભય એણે સામે ઉભેલો જોયો. શું કરવું એ એને કાંઇ સૂઝયું નહીં.

બારણામાં ઉભેલો એ મહાન્ પુરૂષ ભારત સમ્રાટ્ અશોક હતો. રાત્રીના બોધમંદિર આગળનું દુષ્કૃત્ય એણે નજરે નિહાળ્યું હતું. પાછળથી એ પણ રાજગઢમાં આવી પ-

[illegible]

[illegible]

લીધું. દાસીઓને બરાબર એની નપાસ રાખવાનું કહીને ચાલ્યા ગયા. દાસીના શબનીપણ તરતજ વ્યવસ્થા કરાવી નાખવાનું ભૂલ્યા નહોતા.

જ્યારે મુર્છામાંથી તિષ્યરક્ષિતા જાગી. ત્યારે તે પોતાના શયનગૃહમાં પલંગ ઉપર પડી હતી. અનેક પ્રકારના સંકલ્પો એના મનમાં થવા લાગ્યા. એની આજુબાજુ દાસીઓ એની સારવારમાં બેઠી હતી તે, એણીયે જોઇ. એને બધું નવું નવું જણાયું. પોતાનું પંજર આમતેમ તપાસવા લાગી, પણ કયાંય દેખાયું નહી. દાસીને પૂછતાં ખબર પડી કે એ તો મહારાજ લઈ ગયા છે. " અરરર ! મહારાજ પુછશે તો હું શું જવાબ આપીશ. કરવા ગઇ સીધું ને બધું અવળું પડી ગયું. " દિવસ ઘણો ચડી ગયો હતો છતાં એને ઉઠવાનું મન નહોતું થતું. " એણે ધાર્યું કે સર્વેથી સહેલો ઉપાય માત્ર એક છે કે " જે રસ્તે બોધ સાધુ ગયો. જે રસ્તે દાસી ગઇ ત્યાં પોતાને પણ જવું તે સિવાય બીજો કોઇ રસ્તો નથી. જો હું નહી મરીશ તો મહારાજ મારશે. અરરર ? મેં ઘણુંજ અધમ કૃત્ય કર્યું. ખરાબ કૃત્ય કરનારના આખરે જે હાલ હવાલ થાય છે તેવી આજે મારી સ્થીતિ થઈ. એક પાપ કર્યું એટલે એને છુપાવવા બીજું પાપ જીવને કરવું પડે છે, ઉત્તરોત્તર પાપમાં ને પાપમાં ડુબી જઇ દુર્ગતિમાં અનંતોકાલ પાપનાં ફલ ભોગવવાને ચાલ્યો જાય છે. તો મારે હવે કરેલાં પાપોનું પ્રાયશ્ચિત અવશ્ય કરવું જોઇએ. ! મનમાં એ પ્રમાણે નિશ્ચય કરીને એણે સર્વે દાસીઓને રજા આપી ને જણાવ્યું કે " મને આરામની જરૂર

" કારણ કે મારા પાપકાર્યમાં પ્રથમથી એ ભાગીદાર હતો."

" પ્રથમથી એટલે ક્યારથી ? ક્યા પાપમાં એ ભાગીદાર હતો ? "

" કુણાલની આંખો ફોડાવવામાં ? "

શું કુણાલની આંખો તારા કાવતરાથી ફોડવામાં આવી છે ? તે કેવી રીતે ? "

[illegible] નિષ્યરક્ષિતાએ પોતે કાગ[illegible] [illegible] હતા તે બધું એણે [illegible] થઇ ગયો. [illegible] કહી છે તે સત્ય [illegible] એમ કહી ગુસ્સાથી [illegible]

[illegible] બનાવી તે મારા [illegible] હજમ કરી [illegible] કરનારા [illegible] તારો એ [illegible] નાલેક ના [illegible]

[illegible] છે. "

[illegible] કહ્યું છે અને [illegible] તારી [illegible]

જરૂર નથી. રખેને વળી ક્યાંય બીજું તોફાન જગાવે માટે મર વાને ઝટ તૈયાર થા ? પાપનું પ્રાયશ્ચિત કરવાને સાવધાન થા ?"

એમ કહી સમ્રાટ્ જેવો તલવારનો ઘા કરવા જાય છે કે પાછળ કુણાલ અને શરતકુમારી હાં ! હાં ! કરતાં અંદર ધસી આવ્યાં. " પિતાજી ! શાંતઃથાઓ ! શાંત થાઓ ! "

કુણાલની બૂમ સાંભળી રાજા ચમક્યો. એણે પાછું ફરીને જોયું. " દિકરા ? મને અટકાવ નહી. તારી આંખો ફોડાવનાર આ દુષ્ટ અધમ રંડા હતી. એનું ફલ આજે હું એને બરાબર આપીશ. "

" પિતાજી ? માફ કરો ! આપની શૂરવીર તલવાર સ્ત્રી-રક્તનું પાન તો નજ કરે ? આપ સમા શૂરવીરો ક્યા જીવનની ખાતર સ્ત્રી હત્યા કરે ? " કુણાલના શબ્દોથી રાજાની તલવાર અટકી ગઇ.

અંધ કુણાલને જોઇ તિષ્યરક્ષિતાને પશ્ચાતાપમાં વધારો થયો. એણે ઉભાં થઇ કુણાલ પાસે આવી. " દિકરા ? મને ક્ષમા કર ? મેં તારો મોટો અપરાધ કર્યો છે ! મારાજ પાપે તું તારી આંખો ગુમાવી બેઠો છે. એનું પ્રાયશ્ચિત મને કરવા દે ? તું તારા પિતાને રોક નહી. એમને એમની ફરજ બજાવવા દે ? મને મારું ફોડી લેવા દે ! મારી છેલ્લી પ્રાર્થના સ્વીકારી તું મારો ગંભીર ગુન્હો માફ કર ? "

તિષ્યરક્ષિતાની આજીજીથી કુણાલ બોલ્યો " માતાજી ! બનનાર બની ગયું છે. હવે તમે મરશો એથી કાંઇ મારી આંખો નવી આવશે નહી. પ્રભુ તમને સદ્‌બુદ્ધિ આપે અને પા-

છલી અવસ્થામાં પાપનું પ્રાયશ્ચિત કરતાં ધર્મસાધન કરે
જેથી કરેલા દુષ્કર્મોનો ક્ષય થાય ? "

" કરેલાં પાપ ને ત્યાગી, પ્રભુજી ! આજ માગું છું.
ક્ષમણા મોહની ભાગી, ચરણમાં સ્થાન માગું છું;
બની પાપી ખુની હું તો, હવે એ નિંદ ત્યાગું છું,
ક્ષમા એ પાપની પ્યારા, પડીને પાય માગું છું. "

તિષ્યરક્ષિતા સજળ નયને પ્રભુની ક્ષમા યાચવા લાગ

" જો ! આ મોતની મેમાન ? જો ! તારા તરફ એ
કેવો સદ્ભાવ છે. એની સારી બુદ્ધિનું ફલ પણ એને મળ
છે. જગતમાં સારા ખોટા કૃત્યનું ફલ અહીંને અહીંજ મળે
સત્યનો જમાનો હજી વહી ગયો નથી. જા આટલો ગુન્હો તા
માફ કરૂં છું. તારાં કરેલાં કૃત્યોનાં ફલ તુંજ ભોગવ. " એ
કહી સમ્રાટે તલવાર મ્યાન કરી અને પોતે ત્યાંથી ચાલ્યો ગયે

પ્રભાતના સમયમાંજ આ ધમાચકડીની સુનંદાને ખબ
પડવાથી એ કુણાલ, શરતકુમારી વગેરેને લઈને તિષ્યરક્ષિતાન
મહેલમાં આવી પહોંચી હતી. ને આણીને સમયે કુણાલે તિષ્ય
રક્ષિતાનું રાજાની તલવારથી કેવી રીતે રક્ષણ કર્યું ત
આપણે જોયું.

મહારાજ અશોકના ગયા પછી સુનંદા શરતકુમારી કુણાલ
વગેરે પોતાની અપર માતાને ખમાવી પોતાનાં મહેલમાં આ
વ્યાં. તિષ્યરક્ષિતા પણ રાજા તરફથી માફી મળવાથી નિશ્ચિંત
થઈ હતી. એક રીતે એ બધી વાત પેટમાંથી નિકળી જવાથી
એના હૃદયનો બોજો હલકો થયો હતો. ત્યાર પછી ફરીને

એવી ભૂલો ન થાય એ માટે એણે પણ લીધું ને ભક્તિવડે પતિનું મન મનાવી કુણાલ ઉપર પોતાના સગા પુત્ર કરતાં અધિક સ્નેહ રાખવા લાગી.



પ્રકરણ ૨૬ મું.

બાળતેજ.

સમયના વહેવાની સાથે ભવિષ્યના પડદા વર્ત્તમાન કાળમાં ઘસડાઇ આવતાં કંઇ કંઇ ઘટનાઓ પૃથ્વી ઉપર બની જાય છે. વચમાં સુખે સમાધે કેટલાંય વર્ષો પસાર થઇ ગયાં. જે આજકાલ નવીન કહેવાતી વાતો પણ જુની થઇ ગઇ. જેમ જેમ કાલ જતો ગયો, તેમ તેમ સંપ્રતિ વયમાં વધવા લાગ્યો. બાલ્યપણમાં એ સર્વેને લાડકો હતો. તેમજ એની તેજસ્વીતા, એ પરાક્રમ, બચપણમાંથીજ પ્રગટ થવાનાં ચિન્હ જણાતાં હતાં. મંત્રીઓની સાથે મહારાજ અશોક ખાનગી વાતો કરતા હોય તે સમયે પણ એ બાળક ત્યાં દાખલ થઇ અશોકના ખોળામાં બેસી જતો અને મંત્રીઓને હુકમ કરતો " ઉભા થાઓ ? મહારાજ પધારે ત્યારે તમારે ઉભા થઇ માન આપવું જોઇએ ? હું તમારો મહારાજ છું. " એની બાળ ભાષામય વિનોદ વાણીથી બધા હસી પડતા.

કોઇ કોઇ સમયે રાજકાજની વાતો સાંભળતાં જ્યારે સંપ્રતિ, દાદાનું 'સાર્વભૌમરાજ્ય' છે એમ સાંભળતો ત્યારે એને

બ્રહ્મચારિણી ચંદા પણ પોતાને યોગ્ય પતિને પ્રાપ્ત કરી સુખમાં દિવસો વ્યતીત કરતી હતી. વર્ષોના વહેવા સાથે સંપ્રતિ હવે નવીન તારૂણ્યમાં આવ્યો—મહારાજ અશોકે એને મોટા મોટા રાજાઓની કન્યાઓ સાથે પાણિગ્રહણ કરાવ્યું.

સંપ્રતિ કુમાર મટીને હવે સમ્રાટ્ સંપ્રતિ થયો. એણે રાજ્યકારોબાર ઉપાડી લીધો. રાજ્યની વ્યવસ્થા કરી પોતે પોતાના સકલ સૈન્ય સાથે એ નવીન યૌવનમાં પ્રવેશ કરતો સંપ્રતિ દિગ્વિજય કરવા નિકળ્યો. તે કોશલ દેશમાં ગયો ત્યાંના રાજાનું મિત્રપણું સ્વીકારતો કાશી દેશમાં ગયો. ત્યાંથી વિદેહ દેશની મિથિલા નગરીના રાજાનું મિત્રપણું સ્વીકારતો મદ્ર દેશમાં આવ્યો. પછી માળવા તરફ ફર્યો. ત્યાંથી ગુજરાત સૌરાષ્ટ્ર, સિંધ વગેરેમાં આણ વર્તાવતો નાના મોટા રાજાઓનાં આમંત્રણ ને [illegible] (પંજાબ-પાંચાળ) તરફ વળ્યો.

[illegible] કાશ્મિર દેશનો અનુભવ કરતાં તે ઠેઠ [illegible] ગયો. આ તરફ અટક આગળ [illegible] ઇરાન. મિસર વગેરે [illegible] પોતાનું મસ્તક નમાવી [illegible] રાખતા, અન્યથા યુદ્ધ- [illegible] તેને પોતાનો તાબેદાર [illegible]

[illegible] અરબીયામાં ફરી વળ્યાં. [illegible] દેશો [illegible] દુનિયાના ખુણે [illegible] યવન. પઠાણ, સિંધ [illegible]

ગ્રીસ વગેરે દરેક બળવાને જીતીને પોતાની તાબેદાર બનાવી દીધી–ખંડણી ભરતી કરી દીધી.

ભારતની બહારના સર્વે અનાર્યદેશોને પોતાની સત્તા હેઠળ સ્થાપતો સંપ્રતિ ભારતમાં પાછો ફર્યો. ભારતમાં આવીને જ્યાં જ્યાં તે નહોતો ગયો એવા દેશો તરફ ચાલ્યો. બાલ્હિક અને ગાંધાર દેશમાં થઇને (આ દેશો હિંદુકુશ અને સુલેમાન પર્વતની વચ્ચે આવેલા છે.) ફરતો ફરતો પોતાની સત્તા મનાવતો દશાર્ણદેશમાં આવ્યો (ગંગા યમુનાના ભેજવાળા પ્રદેશથી નીચેનો પ્રદેશ તે દશાર્ણદેશ) ત્યાંથી સતલજ અને યમુના વચ્ચે આવેલા બ્રહ્માવર્ત્ત દેશમાં પોતાની આણ મનાવતો તે કુરૂદેશમાં આવ્યો.

જ્યાં ચર્મણ્યવતી નદીથી ઉત્તરમાં મત્સ્ય દેશ અને શૌરસેન દેશ આવેલા છે. ત્યાંથી યમુનાજી ઓળંગતા ગંગા યમુનાની વચ્ચે અંતર્વેદી દેશ આવેલો છે. એ બધા દેશોનાં ભેટણાં સ્વીકારતો ઉત્તર–વાયવ્યમાં કુરૂ પાંચાલદેશમાં આવ્યો: સર્વે ઠેકાણે એ નવો રાજા પોતાની આણ મનાવતો મગધની પૂર્વ તરફ ફર્યો. અંગ, વંગ અને ગૌડની હવા ખાતો તે પ્રાગ-જ્યોતિષ્ય અને કામરૂ પ્રદેશમાં ગયો.

ત્યાંથી પુંડ્રદેશ, ઉત્કલ દેશ અને વત્સદેશ તેમ જ ચેદી દેશમાં પોતાની આણ મનાવતો એ રાજા દુનિયાના ખુણે ખુણે ફરી વળ્યો.

ભારતના લગભગ બધા રાજાઓ સમ્રાટ્ અશોકના સામંતો હતા. જેથી ભારતના તમામ દેશોએ તો એ નવા

રાજાની આણ મંજુર રાખી એને ભેટણાં ધર્યાં, પોતાની કુંવરીઓ પરણાવી; પણ ભારતના બહારના પ્રદેશો મહારાજ અશોકથી સ્વતંત્ર હતા. એ રાજાઓ સાથે સમ્રાટ્ સંપ્રતિ વારંવાર યુદ્ધમાં ઉતરતો. શત્રુની એ ગર્વભરી ઉન્નત ડોકને બળાત્કારે નમાવતો અથવા તો પોતાની સમશેરને આધિન કરતો.

પૂર્વે થયેલા અજાતશત્રુની માફક એણે ત્રણખંડ ધરતી સાધી લીધી. કોણિકે (અજાતશત્રુએ) જેમ ત્રણ ખંડના રાજાઓને જીતી પોતાના તાબેદાર બનાવ્યા હતા; તેમજ છેલ્લા મહાન્ સંપ્રતિએ ત્રણખંડના સોળહજાર રાજાઓને પોતાના સામંતો બનાવ્યા હતા. બધી પૃથ્વીને પોતાના પરાક્રમથી દબાવતો સંપ્રતિ અજાતશત્રુની માફક વૈતાઢ્ય પર્વત લગી પહોંચી ગયો. બધી દુનિયા ઉપર વિજય મેળવનાર મહાન્ સંપ્રતિ જ્યારે વૈતાઢ્યથી પાછો ફર્યો ત્યારે એની ઋદ્ધિ સમૃદ્ધિનો પાર નહોતો. વાસુદેવના જેટલી ઋદ્ધિ એણે પ્રાપ્ત કરી હતી. પણ વાસુદેવ નહોતો. સોળે હજાર અર્ધ ભરતના રાજાઓ (બીજે આઠ હજાર રાજાઓ કહ્યા છે) એ એની તાબેદારી મંજુર રાખી. કોઇએ રાજ્ય જવાના ભયથી તો કોઇએ ભક્તિથી સર્વેએ ગમે તે રીતે પણ એની સેવાનો સ્વીકાર કર્યો.

વિશ્વવિજયી મહાન્ સંપ્રતિ મહારાજની યુદ્ધ સામગ્રીમાં પચ્ચાસ હજાર હાથીઓ, એક ક્રોડ અશ્વો, સાત ક્રોડ સેવકો-સૈનિકો, નવક્રોડ રથ, આ પ્રમાણેનું એનું વિશાળ સૈન્ય જ શત્રુઓનાં હૃદયો વિદારવાને બસ હતું.

તે સિવાય સુવર્ણ રૂપ્પ, હીરા, માણેક, મોતી, પન્ના, નિલમ આદિ ઉત્તમ ધાતુઓનો તો પાર જ નહોતો. તો એની ગણતરી તે શી રીતે થઈ શકે.

આવી અખૂટ સમૃદ્ધિ અને અસંખ્ય સૈન્યબળથી સંપ્રતિ તે જમાનામાં એક અદ્વિતીય વીરનર તરીકે પ્રસિદ્ધ થયો. જ્યાં જ્યાં એનું સૈન્ય પડાવ નાખતું ત્યાં મોટા નગર જેવો દેખાવ થઈ રહેતો છતાં સૈન્ય અને એનાં સામાનો એટલાં બધાં વિશાળ હતાં કે એને માટે સંપ્રતિને બીજી વ્યવસ્થા કરવાની જરૂર પડતી.

વિશ્વવિજયી કહો કે દશે દિગ્વિજયી કહો પણ આ મહાન્ સંપ્રતિ પછી આજસુધામાં કોઇપણ નરપતિએ વૈતાઢ્ય પર્વત પર્યંત ત્રણ ખંડ પૃથ્વી સાધીને આઠ હજાર રાજાઓને નમાવ્યા નથી. આ પૃથ્વી ઉપર છેલ્લાં ચક્રવર્તી રાજ્ય ઘણા કાલસુધી મહાન્ સંપ્રતિ ભોગવવાને ભાગ્યવંત થયો.



પ્રકરણ ૨૭ મું.

વિશ્વવિજયીનાં માતાને નમન.

મહાન્ સંપ્રતિ પૃથ્વી ઉપર દિગ્વિજય કરીને ફરતો ફરતો માળવા તરફ આવ્યો. પોતાનું કુટુંબ અવંતીમાં હોવાથી તે ઉજ્જયિનીમાં આવીને સોળહજાર રાજાઓની સમૃદ્ધિ સહીત પોતાની માતાના ચરણમાં નમ્યો. આખી દુનિયા

ઉપર વિજય મેળવનાર મહાપરાક્રમી પુત્રને જોઇ કઈ માતા હર્ષ ઘેલી ન થાય ? પુત્રનું આવું પરાક્રમ જોઇ માતા તો અત્યંત હર્ષવતી થઇ હતી. છતાં એના મનમાં તરતજ બીજો વિચાર સ્ફૂર્યો. " આહા ? મારા પુત્રે ત્રણખંડ પૃથ્વી સાધીને સોળ હજાર રાજાઓને નમાવ્યા. સંસારની અપૂર્વ ઋદ્ધિ મેળવીને તો એ કૃતકૃત્ય થયો. પણ ત્રણખંડની સમૃદ્ધિ મેળવનારા વાસુદેવ અને પ્રતિવાસુદેવ અવશ્ય પાપનાં ફળ ભોગવવા અધો લોકમાં (નરક ગતિમાં) ગમન કરે છે. છેલ્લાં અજાત શત્રુ ત્રણખંડના રાજાઓને નમાવી ઠેઠ વૈતાઢયનાં દર્શન કરી આવ્યો. તો છઠ્ઠી નરકપૃથ્વીમાં પાપના ભારથી દબાઇને ઉતરી ગયો. હાય ? વિજયીને એ વૈતાઢયનું દર્શનજ એવું છે કે અવશ્ય નીચે ઉતરી જવું પડે છે.

એ ઋદ્ધિમાં આસક્ત થયેલા વાસુદેવ અને પ્રતિવાસુદેવો તો ડુબી ગયા. પણ ચક્રવર્ત્તિઓ છ ખંડના સાધનારા પણ ફાવી નથી ગયા. જેમણે એ સમૃદ્ધિ તરફ ત્યાગપણું દેખાડી સંયમ સ્વીકાર્યું એજ બચી શકયા. તો અનેક પંચેંદ્રિય પ્રાણીયોની હિંસાથી યુકત એવું ઘોર યુદ્ધ કરીને લાખોનો નાશ કરીને મારા પુત્રે શત્રુ રાજાઓને પોતાના બળથી તાબેદાર બનાવ્યા તો ભલે ? પણ એની દુર્ગતિ થાય તે હું ન ઈચ્છું ? મારો દિકરો અહિંયા પણ વિશ્વવિજયી થાય ને પરલોકમાં પણ પરંપરાએ અનંત સુખનો ભોકતા થાય એવા કોઇ રસ્તે જાય તો હવે ઠીક છે." એમ વિચાર કરતાં માતાએ પુત્ર ચરણમાં પડેલો છતાં મૌન ધારણ કર્યું.

" માતાજી ! સમસ્ત પૃથ્વીવલયને જીતી સોળ હજાર રાજાઓ સાથે તમારા ચરણમાં તમારો પુત્ર નમન કરે છે છતાં તમે કેમ હર્ષ નથી પામતાં ? "

" દિકરા ? તેં ઘણા દુશ્મન રાજાઓને જીતીને તારા સામંત બનાવ્યા તે દુનિયાની દૃષ્ટિએ તેં સારૂં કર્યું હશે. પણ લાખો મનુષ્યોની હિંસાને ભોગે મળેલું એ રાજ્ય પ્રાણીને કોને હિતકર થયું છે ! કે જેથી હું આનંદ પામું ? " માતાએ પુત્રને ધર્મ તરફ વાળવાનો મનસુબો કર્યો.

"માતા ! આવું આખી પૃથ્વીનું રાજ્ય છે છતાં મારા હિતને માટે એ કેમ નહી થાય વારૂ ? "

" તેં લાખો જીવોનો સંહાર કરીને સંસાર વધાર્યો છે. પાપનો પોટલો-ગાંસડો બાંધ્યો છે. એ પાપનોજ સંગ્રહ કરનારા ધર્મરહિત મનુષ્યો ઘણાય ડુબી ગયા તે હજી પણ ઉંચા આવ્યા નથી. "

" શું ત્યારે દુનિયા જીતનારા રાજા બધા નરકમાં ડુબી જતા હશે ? વીર પુરૂષે પૃથ્વીને શું ન જીતવી ? પૃથ્વી તો તલવારને તાબે છે. "

"બેશક ? વીરપુરૂષ પૃથ્વી જીતે. પોતાની તલવાર ખડખડાવી શત્રુને ડરાવે, દિકરા ? તેં ત્રણખંડ પૃથ્વી જીતી તેથી હું કાંઇ નારાજ નથી. તારા પરાક્રમથી તો હું ખુશી છું. દુઃખ માત્ર એટલુંજ કે તારા જેવા પરાક્રમ કરનારા પૃથ્વીને જીતીને

અંધકારમાં મળી ગયા છે જે હજીપણ પ્રકાશમાં આવવાને શક્તિવાન થયા નથી. ”

“ કોણ ગયું ભલા એ તો જરી બતાવો ? માતા ? ”

જો દુનિયાના પ્રસિદ્ધ પુરૂષો રામ, લક્ષ્મણ અને રાવણ. એમાં લક્ષ્મણે–નારાયણે અને રાવણે ત્રણખંડ ધરતી સાધી ઘણાકાળ સુધી રાજ્ય કર્યું. પણ એ જીવહિંસા ને રાજ્યાસક્તિને પ્રતાપે ચોથી નરકે ગયા. પરશુરામે સાતવાર નિઃક્ષત્રીય પૃથ્વી કરી તો એમને પણ નરકના અંધકારમાં ડુબી જવું પડયું. એમની પછવાડે એમને–પરશુરામને મારનાર આઠમો સુભૂમ ચક્રવર્ત્તી અનંતાનુબંધીના લોભ કષાયથી સાતમી નરકે ગયો.

નેમિનાથ પ્રભુના સમયમાં થયેલા એમનાજ વડીલબંધુ શ્રીકૃષ્ણ આ ભરતાર્ધના છેલ્લા વાસુદેવ ત્રણખંડના પતિ જરાસંધને મારીને ભરતાર્ધપતિ થયા. પણ એ યુદ્ધોને પ્રતાપે જરાસંધ ચોથી નરકે ગયો. કૃષ્ણ ત્રીજીએ ગયા. અરે ! એ નેમિપ્રભુના શાસનમાં બ્રહ્મદત્ત નામે બારમો ચક્રી થયો. છખંડ પૃથ્વી દબાવીને ચક્રીપણે રાજ્ય ભોગવ્યું. પણ આખરે સાતસો વર્ષને અંતે સાતમી નરકે ગયો.

છેલ્લાં આપણાજ મગધના તખ્ત ઉપર થયેલા મગધપતિ બિંબિસાર એ દુષ્ટ જીવહિંસાના પાપે પહેલીએ ગયા. એમનો પુત્ર કોણિક–અજાતશત્રુ ત્રણખંડ જીતીને વૈતાઢ્ય લગી પહોંચ્યો પણ આખરે તો એ છઠ્ઠીએ ગયો. દિકરા ? પરાક્રમનો ઉપયોગ આવી રીતે જીવહિંસામાં થવાથી એ રાજ્ય

ભોગવ્યા પછી પરિણામે આખરે એની શિક્ષા ભોગવવી પડે છે ? તું પણ આજે ત્રણખંડ જીતીને ઘેર આવ્યો છે છતાં એ વિચાર આવતાં હું કહે કેવી રીતે ખુશી થાઉં ? " માતાનાં એકએક વચન સંપ્રતિ ધ્યાનપૂર્વક સાંભળતો હતો.

" તો માતા ? હું તમને કેવી રીતે ખુશી કરી શકું ? " સંપ્રતિએ પૂછયું.

" ધર્મકાર્ય કરવાથી. તું જો નવાં નવાં જીનમંદિર બંધાવી પુણ્ય ઉપાર્જન કરે તો મને હર્ષ થાય તે સિવાય મારૂં મન માને નહીં ? "

" એ જીનમંદિર કરાવવાથી શું લાભ થાય; માતા ? "

" એનો અનંત લાભ શાસ્ત્રમાં તો બતાવ્યો છે. છતાં દશપૂર્વધર શ્રી આર્યસુહસ્તિસ્વામી પાસેથી મેં એકવાર સાંભળ્યું છે કે—

काष्टादीनां जिनावासे, यावंतः परमाणवः ।
तावंति वर्ष लक्षाणि, तत्कर्त्ता स्वर्गभाग् भवेत् ॥

ભાવાર્થ—જીનમંદિરમાં કાષ્ટ પાષાણ વગેરેમાં જેટલા પરમાણુઓ આવે છે તેટલા લાખ વર્ષ સુધી તે જીનમંદિરનો કરાવનાર સ્વર્ગલોકમાં દેવતાનાં સુખ ભોગવે છે "

" માતાજી ? પરમાણુ એટલે શું ? "

" સૂર્યનો પ્રકાશ જાલીયાની અંદર પડેલો આપણે જોઈએ છીએ. એ સૂર્યના તેજમાં જે સુક્ષ્મ રજ દેખાય છે

ત્રણ ખંડમાં એવો કોઈ આર્ય કે અનાર્ય રાજા નહોતો કે જે સંપ્રતિને કર ન ભરતો હોય." પૌત્ર જ્યારે દિગ્વિજયમાં હતો ત્યારે એની જીતના રોજ નવનવા સમાચાર અશોક સાંભળતો હતો. ત્રણખંડ ધરતીમાં મહારાજ સંપ્રતિના હુતો જ્યાં ત્યાં પથરાઈ ગયા હતા. દરેક રાજ્યમાં સંપ્રતિના ગુપ્તચરો ફરતા હતા. સોળહજાર રાજાઓએ પોતાની વફાદારીના બદલામાં [illegible] પ્રતિની સેવામાં પોતાના કુમારો અર્પણ કર્યા હતા. વર્ષમાં એકવાર તો [illegible] સમ્રાટની સેવામાં હાજર થવું પડતું હતું. [illegible] પ્રતિકુમારને પોતાના લશ્કર [illegible] ભોગવવા મોકલ્યા હતો. પણ [illegible] દુનિયાનું રાજ્ય દબાવી તે સોળ [illegible] વાસુદેવ સરખો જ [illegible] પ્રસિદ્ધ થયા.

—⁂⊙⁂—

પ્રકરણ ૨૮ મું.

આર્ય [illegible] સ્વામી.

વિચ્છેદ થઇ ગયો હતો; છતાં જીનકલ્પીની તુલના કરવાનો એમનો મનોરથ થયો. જેથી ગચ્છનો ભાર એમણે આર્યસુહસ્તિસ્વામી ઉપર નાખ્યો ને પોતે ગચ્છમાં રહીને જીનકલ્પીની તુલના કરતા એકાકીપણે આર્યમહાગિરિ તપશ્ચર્યા કરતા પૃથ્વીને વિષે વિહાર કરવા લાગ્યા.

આર્ય સુહસ્તિસ્વામી શિષ્યોના પરિવાર સાથે વિહાર કરતા કરતા પાટલીપુત્રમાં આવ્યા. રાજા એમને નમવાને આવ્યો. ત્યાં વસુભૂતિ નામના શ્રેષ્ઠિને પ્રતિબોધ આપીને જૈન બનાવ્યો. દેશ પરદેશ વિહાર કરતા અને ભવ્ય જીવોને પોતાના જ્ઞાનામૃતનું પાન કરાવતાં આર્યસુહસ્તિસ્વામી જીવંતસ્વામીને વંદન કરવાને અવંતી તરફ વિહાર કરી ગયા.

એક દિવસ અવંતીમાં જીવંતસ્વામીનો મોટો મહોત્સવ થયો. તે પ્રસંગે રથયાત્રાનો મોટો વરઘોડો નિકળ્યો. સંસાર રૂપ સમુદ્રને તરવા વહાણ સમાન એવો જીવંતસ્વામીનો રથ નગરમાં ફરવા નિકળ્યો. હજારો જૈન શ્રીમન્તો એ વરઘોડામાં હાજર હોવાથી અવંતીની સમૃદ્ધિનું અત્યારે સાક્ષાત્ દર્શન થતું હતું. અનેક પ્રકારનાં વાજિંત્રો વાગી રહ્યાં હતાં. ઘોડેસ્વારોનો કાંઈ પાર નહોતો. તે સિવાય સેંકડો જૈનો સામેલ બનીને પોતાની સમૃદ્ધિ બનાવી રહ્યા હતા. રથની પાછળ અનેક સાધુ સમુદાયથી પરવરેલા આર્યમહાગિરિ અને આર્યસુહસ્તિસ્વામી મોખરે ચાલતા હતા. તેમની પછી શ્રાવક સમુદાય, સાધ્વી ને શ્રાવિકા સમુદાય વગેરે વ્યવસ્થાસર વરઘોડો નગરમાં ફરતા હતા.

વરઘોડો ફરતાં ફરતાં રાજગઢ નજીક આવી પહોંચ્યો તે સમયે રાજગઢનાં અનેક માણસો કોઇ ઝરૂખાથી તો કોઈ બારીમાંથી તો કોઈ અગાસીમાંથી કે પોતાને અનુકૂળ આવે તેવી જગામાં ઉભા રહી જોતા હતા. એ વરઘોડાની અપૂર્વ ધામધુમ મહાન્ સંપ્રતિ પણ ગોખમાં બેઠા બેઠા નિહાળવા લાગ્યા. ચારે કોર એમની ચંચળ દૃષ્ટિ ફરતી અનેક માણસોનું અવલોકન કરી રહી હતી. જીવંત સ્વામીનો રથ પણ એમણે નિહાળ્યો. વાદિત્રના મીઠા રવો પણ સાંભળ્યા. અનુક્રમે એમની દૃષ્ટિ ફરતાં ફરતાં આર્યસુહસ્તિસ્વામી ઉપર પડી. એ સૂરિને જોઇ રાજાને વિચાર થયો કે, આ શાંતાત્મા, પવિત્રમુનિને મેં ક્યાંક જોયા છે, પણ ક્યાં જોયા છે તે યાદ આવતું નથી. એમને જોવાથી મને સ્નેહ ઉત્પન્ન થાય છે. વિવેકી પુરૂષો કહે છે કે " જેને જોવાથી હર્ષ ઉત્પન્ન થાય તે પૂર્વ ભવનો બંધુ જાણવો " એવી રીતે મહાન સંપ્રતિ એમને ક્યાં જોયા છે તેનું સ્મરણ કરવા લાગ્યા. પણ કંઈ યાદ આવ્યું નહી; છતાં ચોકકસ નિર્ણય તો થતો હતો કે ક્યાંક જોયા છે. વારંવાર સ્મરણ કરતાં સંપ્રતિ એકદમ બેભાન જેવા બનીને મુર્છિત થઈ ગયા. રાજગઢના કોલાહલ થઇ રહ્યો. મંત્રીઓ દોડી આવ્યા અને મહાન સંપ્રતિને મુર્છામાંથી જાગૃત કરવા વિવિધ ઉપાય કરવા મંડી ગયા. વાયુપ્રક્ષેપ આદિ શીતોપચાર કરતાં જ્યારે સંપ્રતિ સાવધ થયા ત્યારે જાતિ સ્મરણ જ્ઞાન થવાથી એમણે જોયું કે " ઓહો ! પૂર્વે હું કોણ હતા અને શું કરવાથી આ રાજ્ય પામ્યો હતો "

તરતજ સંપ્રતિ ગોખમાંથી નીચે ઉતર્યા. રાજગઢની બહાર નીકળી વરઘોડાની સમીપમાં આવ્યા. ને સર્વે એમને આવતા જોઇ માર્ગ આપ્યો. સુહસ્તિસ્વામીને ત્રણ પ્રદક્ષિણા દેવા પૂર્વક નમ્યો. બેહાથ જોડી રાજાએ હર્ષ સહિત પ્રશ્ન કર્યો. "ભગવન્ ? આપ મને ઓળખો છો ?"

"તમે રાજા છો એ સર્વ કોઇ જાણે છે. મહારાજ અશોકના પૌત્ર અને વીરકુણાલના પુત્ર ?"

"હું રાજા તરીકે આપને નથી પૂછતો. આપ બીજા કોઇ પ્રકારે મને ઓળખો છો ?" મહાન્ સંપ્રતિનાં વચન સાંભળીને સુહસ્તિસ્વામીએ જ્ઞાનનો ઉપયોગ મુકયો. જ્ઞાનથી એનું વૃત્તાંત જાણી લીધું. "હે નરેશ્વર ? મેં તને સારી રીતે ઓળખ્યો ! પૂર્વે જ્યારે અમે વિહાર કરતાં કૌશાબી નગરીએ ગયા હતા. તે વખતે દુકાળમાં એક રંકે અમારી પાસે લાડુની આશાએ દીક્ષા લીધી હતી. દીક્ષા લઇ એક દિવસનું ચારિત્ર પાળી. એ રંક તે ભવમાં આયુષ્ય પૂર્ણ થવાથી ચ્યવી ગયો. તે આત્મા તું સંપ્રતિ રાજા થયો છે." આર્યસુહસ્તિસ્વામીએ ટુંકમાં એ રંકનું ચારિત્ર ત્યાં સર્વ સમક્ષ કહી સંભળાવ્યું.

"હે ભગવન્ ? જૈનધર્મ-અરિહંત ભગવંતનો ધર્મ પ્રાપ્ત થયાનું ફલ શું ?" રાજાએ ફરીને પૂછયું.

"એનું સુપકવફલ તો મોક્ષપ્રાપ્તિ છે; છતાં એનું અપકવફલ સ્વર્ગ, રાજ્ય પ્રાપ્તિ વગેરે ઘણે પ્રકારે જાણવું ?"

"હે પૂજ્ય ! અવ્યક્ત સામાયિક ચારિત્રનું ફલ કહેશો ?" [illegible] પ્રશ્ન કર્યો.

"હે રાજન ! સામાયિક કરનારો પ્રાણી જે પુણ્ય બાંધે [illegible] થઈ [illegible] નથી. શ્રાવક પણ સામા- [illegible] છે. ' समणो इव [illegible] સામાયિક કરવાં. વળી સાવઓ હવઇ જમ્હા [illegible] છે.

ઉત્પન્ન થયું અને એના પ્રભાવે તમે તમારો પૂર્વનો ભવ જોયો? જૈનધર્મનું પ્રત્યક્ષ ફલ દીઠું. મેં તમને કહ્યું છે કે જૈન- ધર્મનું પરોક્ષ ફલ તો મુક્તિ પ્રાપ્તિ છે આ બધાં તો એનાં અવાંતર ફલો છે. માટે ધર્મમાં પ્રમાદ કરશો નહી." ગુરૂએ કહ્યું.

"આપનો ઉપકાર અથાગ છે. આ રાજ્ય એ આપની કૃપાનુંજ ફલ છે. તો એને આપજ ગ્રહણ કરો કે જેથી હું કૃતાર્થ થાઉં. આપના રૂણમાંથી મુક્ત થાઉં!" રાજાએ આભાર દર્શાવ્યો.

"રાજન્? નિસ્પૃહીજનોને કાંઇપણ સ્પૃહા હોતી નથી; સંસારથી મુક્ત થયેલા ત્યાગીઓ તો એક મુક્તિનેજ ભજે છે તો તમારા રાજ્યવડે કરીને શું?"

"તો ભગવન્? કહો? હું શું કરૂં? મારે શું કરવું ઉચિત છે?"

"નરેશ્વર? સ્વર્ગ અને મોક્ષના દેનારા જૈનધર્મને ભજો કે જેથી તમારો સંસારથી નિસ્તાર થાય. ધર્મ, અર્થ અને કામ એ ત્રણે પુરૂષાર્થના સાધન વગર મનુષ્યનું જીવન પશુની માફક નિષ્ફળ છે. એ ત્રણે વર્ગમાં ધર્મ પુરૂષાર્થને શ્રેષ્ઠ કહ્યો છે. કારણકે બાકીના ત્રણે પુરૂષાર્થની સિદ્ધિ ધર્મ વિના થતી નથી. જે પ્રાણીઓ ઉત્તમ એવા જૈનધર્મને છોડી સ્વલ્પસુખની ખાતર ભોગોપભોગમાં ધર્મ માનીને એની આશામાં દોડયા જાય છે તે પુરૂષો કલ્પવૃક્ષને ઉન્મૂલન કરીને ધત્તૂરાને વાવે છે. ચિંતામણીરત્નને તજી કાચનાટુકડાનો સ્વીકાર કરે છે. ઐરાવણ

" ઠીક તો હું પણ તૈયાર છું. " એમ કહી તે એમને ભેટવાને ધસ્યો.

" હાં હાં સબુર ! ઉતાવળા થાઓ નહી, તે માટે તમે પંચશૈલ દ્વીપે આવજો. " એમ બોલતી દેવીઓ અદૃશ્ય થઇ ગઇ.

વ્યંતરીયોના ભોગની લાલસાવાળો કુમારનંદી મહા મુશિબતે પંચશૈલ દ્વીપે પહોંચ્યો. ત્યાં પેલી દેવીઓ એની દૃષ્ટિએ પડી. એટલે તે એમની પાસે ભોગની પ્રાર્થના કરવા લાગ્યો. ત્યારે દેવીઓ બોલી કે " આ શરીરથી અમારો સ્પર્શ થાય નહી પણ તું પંચશૈલ દ્વીપના સ્વામી થવાનું નિયાણું કરીને અગ્નિ પ્રવેશ કરે તો અહીંયાં તું ઉત્પન્ન થાય ને અમારો સ્વામી બને. "

એવો જવાબ સાંભળી સોની વિચારમાં પડ્યો: " અરે ? હું તો ઉભયભ્રષ્ટ થયો. મારી પાંચસો સ્રીઓને છોડી આમની પાસે દોડી આવ્યો તો એ પણ ગઇ ને આ પણ મારી ન થઇ. " એવી રીતે ચિંતામાં પડેલા કુમાર નંદીને દેવીઓએ એના નગરની બહાર મુકી દીધો.

ઘરે આવ્યા પછી દેવાંગનાઓનું દિવ્ય શરીર જોયેલું એટલે પોતાની સ્રીઓ પર એને સ્નેહ થતો નહી. રાતદિવસ દેવીયોનેજ યાદ કરતો. જેથી એણે અગ્નિપ્રવેશ કરવાનો વિચાર કર્યો. એના મિત્ર નાગિલે એને ઘણો સમજાવ્યો છતાં એ અગ્નિમાં પ્રવેશ કરી પંચશૈલ દ્વીપનો સ્વામી થયો. પેલી વ્યંતરીઓ સાથે મનગમતા ભોગ ભોગવવા લાગ્યો.

એક દિવસ દેવતાઓ નંદીશ્વર દ્વીપે યાત્રા કરવા જતા હતા. તેમની આજ્ઞાથી હાસા ને પ્રહાસા ગાયન કરવા આગળ ચાલી. જેથી એમણે પતિને કહ્યું કે "સ્વામી ? તમે ઢોલ વગાડો ને અમે બે ગાઈએ ?"

અહંકારથી ઢોલ વગાડવાની વિદ્યુન્માલી દેવતાએ ના પાડી. એટલે કર્મોદયથી ઢોલ એના ગળે લાગી ગયો તેથી મહા દુઃખે તે ઢોલ વગાડતો આગળ ચાલ્યો.

પેલો નાગિલ શ્રાવક પણ આયુષ્ય પૂર્ણ થવાથી મરીને બારમા દેવલોકે મહર્દ્ધિકદેવ થયોં હતો, તે પણ આ યાત્રામાં સાથે હતો, એણે અવધિજ્ઞાનથી વિદ્યુન્માલીને પોતાનો મિત્ર જાણી તે તેની પાસે આવ્યો અને બોલ્યો "ભદ્રે ? તું મને ઓળખે છે ?"

"હે તેજસ્વી ? તમે કોણ છો ? એ હું જાણતો નથી."

એટલે એણે નાગિલનું રૂપ બતાવી સર્વ હકીકત કહી સંભળાવી. "અરે ભોળા ? મનુષ્યભવ પામીને તું નરભવ હારી ગયો. જો શ્રાવકનો ધર્મ સારી રીતે આરાધન કરીને હું બારમા દેવલોકમાં મહર્દ્ધિક દેવ થયો.",

પોતાના મિત્રને ઓળખી પંચશૈલપતિ પશ્ચાત્તાપ કરવા લાગ્યો. "હે મિત્ર ? વિષયમાં અંધ બનીને હું તો બધું હારી ગયો ! શું કરું ?"

"તારે માટે હજી એક રસ્તો છે. અને તે એ કે તું હાલમાં ગૃહસ્થપણે ચિત્રગૃહમાં રહેલા મહાવીર સ્વામીની

પ્રતિમા ભરાવ ? કે તેમની ભક્તિથી તને બોધિબીજ ઉત્પન્ન થશે.”

યાત્રાનું કાર્ય સમાપ્ત થતાં વિદ્યુન્માલીએ પોતાના મંડલમાં કાયોત્સર્ગ મુદ્રાએ ઉભા રહેલા વીર ભગવાનને જોયા ? તે પછી હિમવંત પર્વત ઉપર જઈ ગોશીર્ષ ચંદન છેદી લાવી તેનાથી જેવી પ્રભુની મુર્ત્તિ જોઈ હતી તેવી અલંકાર સહીત બનાવી જાતિવંત ચંદનની એક પેટી બનાવી કપિલ કેવલી પાસે પ્રતિષ્ઠા કરાવી તે પ્રતિમા એ પેટીમાં મુકી.

એ અરસામાં સમુદ્રમાં એક વ્યાપારીનું વહાણ ડામાડોળ સ્થીતિમા હતુ. તે વિઘ્ન નિવારીને વિદ્યુન્માલીએ પેલી પેટી તે વ્યાપારીને આપી સિંધુ સૌવીર દેશના વીતભય-પાટણમાં જવાની આજ્ઞા કરી.

વહાણ સહીસલામત વીતભયપાટણ આવ્યું. અહીયાં ત્રણસાને ત્રેસઠ નગરોના અધિપતિ અને દશ મુકુટબદ્ધ રાજાઓ જેની સેવા કરે છે એવા ઉદાયી નામે રાજા રાજ્ય કરતા હતા. શૈવ ધર્મમાં ચુસ્ત એવા એ રાજા તાપસોનો ભક્ત હતા. ત્યાં આવીને વ્યાપારીએ નગરના ચોકમાં પેટી મુકી ઉદઘોષણા કરી કે—“આ પેટીમાંથી દેવાધિદેવની પ્રતિમા ગ્રહણ કરો ? ગ્રહણ કરો ? ”

રાજા, અમાત્ય, નગરજનો આદિ અનેક જનો ત્યાં એકઠા થયા. દરેક ધર્મના પુરૂષો, તાપસો, સન્યાસીઓ આવ્યા. પોતપોતાના ઇષ્ટદેવની સ્તુતિ કરવા માંડી, પણ

ઉપડી નહી. આખરે રાજાની પટ્ટરાણી અને દેશ મહારાજાની પુત્રી પ્રભાવતીએ દેવાધિદેવની સ્તુતિ કરી કે પેટી ઉઘાડી. એમને પોતાના ચૈત્યગૃહમાં સ્થાપી નિરંતર તે પૂજા કરવા લાગી.

હવે એક દિવસ રાણી પ્રભાવતી રાજાની આજ્ઞા પામી ચારિત્ર લઇ દેવલોકમાં ગઇ. તે પછી પ્રભુની પૂજા દેવદત્તા નામની કુબ્જા નિરંતર કરવા લાગી. પ્રભાવતીનો જીવ દેવતા થયેલો, તેણે રાજાને પ્રતિબોધ કરી જૈન ધર્મમાં સ્થીર કર્યો.

એ અરસામાં ગાંધાર નામે શ્રાવક દેવતાધિષ્ઠિત ગુટિકાના પ્રભાવથી આકાશમાં ઉડી જીવંત સ્વામીનાં દર્શન કરવાને ત્યાં આવ્યો. ભગવાનને પૂજીને પોતાનો કાલ સુખમાં તે અહીંયાં નિર્ગમન કરતો હતો. કેટલોક સમય તેને ત્યાં પસાર થઈ ગયો.

ગાંધાર શ્રાવકે પોતાનું મૃત્યુ નજીક જાણીને એની સેવા કરનારી પેલી કુબ્જાને પોતાની પાસે રહેલી ગુટિકાઓ આપી દીધી. પોતે દીક્ષા લઇ આત્મહિત કરવા લાગ્યો.

ગુટિકાનો પ્રભાવ ગાંધાર શ્રાવકે કહેલો હોવાથી સુંદર રૂપની ઇચ્છા કરતી દેવદત્તાએ એક ગુટિકા મુખમાં રાખી એટલે તે સૌંદર્યસંપન્ન બની ગઇ. રાજાએ એને આવી સૌંદર્યવતી જોઇ એનું નામ ' સુવર્ણ ગુટિકા ' પાડ્યું.

એને ચિંતા થઇ. હું રૂપવતી તો થઇ પણ મારે યોગ્ય વર જોઇએ, વર વગર તો સ્ત્રીનું યૌવન નિષ્ફળ છે. તો મારો

વર-ભોક્તા કોણ થાય ? આ ઉદયન તો મારે પિતા જેવો છે " મારે માટે તો અવંતીપતિ ચંડપ્રદ્યોત વર થાઓ " એ ચિંતવીને વળી ગુટિકા મોંમાં રાખી એટલે ગુટિકાની અધિષ્ઠાયિકા દેવીએ ચંડપ્રદ્યોત આગળ એના રૂપનું વર્ણન કર્યું જેથી ચંડપ્રદ્યોતે સુવર્ણ ગુટિકાને તેડવાને દૂત મોકલ્યો એટલે દાસીએ કહ્યું. " રાજાને અહીંયાં મોકલજો તે પછી બન્નેનું ઇચ્છિત કાર્ય થશે. "

દૂતે એ સમાચાર અવંતીપતિને આપ્યા. રાત્રીના અવંતીપતિ અનિલવેગ હાથી ઉપર સ્વાર થઈને ત્યાં આવ્યો નગરની બહાર ઉદ્યાનમાં બન્નેનો મેળાપ થયો રાજાએ એને પોતાની સાથે આવવાને કહ્યું. ત્યારે સુવર્ણ ગુટિકાએ કહ્યું કે–"અહીંયાં રહેલી જીનમૂર્ત્તિ વગર હું જઈ શકું તેમ નથી, માટે એના જેવી તમે એક મૂર્ત્તિ બનાવીને અહીંયાં લાવો. એ મૂર્ત્તિને આ જગ્યાએ સ્થાપી આ પ્રતિમાને લઈ હું તમારી સાથે આવું !. "

તે પછી પ્રદ્યોતે અવન્તીમાં આવીને એક મૂર્ત્તિ તૈયાર કરાવી ને કપિલકેવલી પાસે પ્રતિષ્ઠા કરાવી એ મૂર્ત્તિને લઈને પ્રદ્યોત વીતભય પાટણ આવ્યા. દાસીને એ મૂર્ત્તિ અર્પણ કરી. દાસી પણ એ નવીન મૂર્ત્તિ ચૈત્યમાં સ્થાપી ને મૂળ મૂર્ત્તિને લઈ પ્રદ્યોતની સાથે અવન્તીમાં આવી રાજાની સેવા કરતી રહી.

પ્રાતઃકાળે ઉદયન રાજા દેવાલયમાં આવ્યા ને પ્રતિમાને નમી સન્મુખ જુવે છે ત્યાં તો કરમાઈ ગયેલી પુષ્પમાળાઓ

પ્રાનમા દીઠી. મેંને લાગ્યું કે આ મૂળ મૂર્તિ નથી. વળી અહીંયાં હમેશાં પુષ્પોની માફક ખીલી રહેનારી સુવર્ણ ગુલિકા દાસી પણ નથી. તેમજ મારા હાથીઓના મદ પણ સુકાઈ ગયા છે. નક્કી ચંડપ્રદ્યોત અહીં આવીને મૂર્તિ અને દાસી બંનેને ઉપાડી ગયો. "

ઉદાયન ક્રોધથી આકુળવ્યાકુળ થઈ ગયો. દશ મુકુટબંધી રાજાઓ સહીત સબળ સૈન્ય તૈયાર કર્યું. ને અવંતીપર ચઢ્યો. પ્રદ્યોત પણ આ સમાચાર સાંભળતો પોતાના લશ્કર સહીત એની સામે દોડી આવ્યો. બન્ને વચ્ચે મહા ભયંકર યુદ્ધ થયું. પ્રદ્યોત હાથી ઉપર બેસી લડતો હતો. ઉદાયન રથમાં હતા. ઇરાદાપૂર્વક એકબીજાના લોહીના તરસ્યા એકમેકે પોતાની ચાલાકી બતાવવામાં પાછી રાખી નહી. બાણાવળી ઉદાયને તીક્ષ્ણ બાણોથી હાથીના ચારે પગ ભરી દીધા. ગજરાજ અનિલવેગ પીડાને નહી સહન કરતા પૃથ્વી ઉપર તુટી પડયો. ચંડપ્રદ્યોત જેવો ઉઠીને સાવધ થવા જાય છે એટલામાં ઉદાયને રથમાંથી કુદકો મારી એના કેશ પકડ્યા ને બાહુ યુદ્ધ કરી એને બાંધી લીધો અવંતીના સૈન્યમાં હાહાકાર થઈ રહ્યો.

ઉદાયને પ્રદ્યોતના લલાટપર તપાવેલી લોઢાની સળીથી 'દાસીપતિ' એવા અક્ષરો લખાવ્યા ને પીંજરામાં પુર્યો.

ઉદાયન રાજા અલ્પ પરિવાર સહીત અવંતીના રાજદરબારમાં આવ્યો, ત્યાંથી રાજમહેલમાં આવીને પ્રતિમાનાં દર્શન કર્યાં. એમની સ્તુતિ કરી પ્રતિમા લેવાને ઘણી મહેનત

દાયક ન થઇ. જેથી મરણ પામીને એક પલ્યોપમને આયુષ્યે અસુર કુમાર દેવ થયો; છતાં એ જીવ ઘણો સારો હોવાથી ત્યાંથી ચ્યવીને મહાવિદેહક્ષેત્રમાં મનુષ્યપણે જન્મી દીક્ષા અંગીકાર કરીને મોક્ષે જશે.



પ્રકરણ ૩૦ મું.

રથયાત્રામાં.

સંપ્રતિ રાજા પ્રતિ દિવસ ગુરૂ મહારાજની પાસે આવી ધર્મશ્રવણ કરવા લાગ્યો. હમેશાંના શ્રવણ માત્રથી એના મલીન સંસ્કારોનો નાશ થતાં એનું હૃદય શુદ્ધ થયું. ધર્મતત્વ એનામાં પરિણમ્યું. સંઘ, યાત્રા, તિર્થભક્તિ વગેરેથી જૈન શાસનની શોભા વધારતો પોતાના આત્માને શુદ્ધ કરવા લાગ્યો. તીર્થંકર એજ દેવ, સુસાધુ એજ ગુરૂ અને અરિહંત ભગવંતે કહેલો ધર્મ એજ મારે પ્રમાણ છે. એમ દ્રઢ નિશ્ચય પૂર્વક રાજાએ સમકિત અંગીકાર કર્યું. પંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રતનું સ્વરૂપ ગુરૂ પાસેથી યથાર્થપણે સમજીને બારવ્રત ધારી શ્રાવક થયો. ત્રણે ખંડની લક્ષ્મીથી શોભતો સંપ્રતિ ત્રિકાલ-જીનપૂજા કરતો સ્વજનોની જેમ સાધર્મીઓનું વાત્સલ્ય કરવા લાગ્યો. નિરપરાધી જીવોની દયા પાળવામાં પ્રીતિવાળો, દાન દેવામાં તત્પર સંપ્રતિ દીન

જનોને અધિક અધિક દાન દેવા લાગ્યો. સર્વત્ર શાંતિનું સા-
મ્રાજ્ય પથરાઇ રહ્યું હતું.

આર્ય સુહસ્તિ સ્વામી રાજાને ધર્મમાં સુસ્થિર કરીને વિ-
હાર કરી ગયેલા તે પાછા ફરતા ફરતા અવંતીમાં આવ્યા.
તે પ્રસંગે જિનેશ્વરમાં ભક્તિવાળા શ્રાવકોએ જીન ચૈત્યમાં
મોટો ઉત્સવ શરૂ કર્યો. એ ઉત્સવમાં સુહસ્તિ સ્વામી પણ પ્ર-
તિદિવસ ભાગ લેતા હતા, ગુરૂનું આગમન જાણીને સંપ્રતિ
પણ અંજલિ જોડીને હમેશાં એની સાથે બેસતો હતો. આ
ઉત્સવ નિમિત્તે સંપ્રતિ એ દરેક સામંતોને ઉજ્જયિનીમાં
નોતર્યાં હતા.

યાત્રોત્સવ પૂર્ણ થતાં ભક્તિમાન શ્રાવકોએ રથયાત્રાની
તૈયારી કરી; કેમકે રથયાત્રા વગર યાત્રોત્સવ સંપૂર્ણ ગણાતો
નથી જેથી સૂર્યના રથ સમાન સુવર્ણ મણિ-માણિકની કાંતિથી
ભવ્ય એવો રથ રથશાળામાંથી બહાર કઢાવ્યો, વિધિને
જાણનારા મહર્દ્ધિક શ્રાવકો રથમાં બિરાજેલી શ્રી અર્હંત
પ્રતિમાની સ્નાત્રપૂજાદિક કરવા લાગ્યા. હજારો શ્રાવક શ્રાવિકા
પોતપોતાનું મહર્દ્ધિકપણું જણાવતાં એ ઉત્સવમાં ભાગ લે-
વાને હાજર થતાં, શ્રાવિકાઓ અનેક પ્રકારે ધવલ ગીતો ગાતી
હતી. મંગળ વાજા રૂડે પ્રકારે વાગી રહ્યાં હતાં. જૈનશાસનના
જયના પોકારોથી આકાશ છવાઇ રહ્યું હતું.

શ્રદ્ધાવંત શ્રાવકો ભગવંતનું સ્નાત્ર જ્યા કરતા છતાં
પૂર્વે દેવતાઓ મેરૂ પર્વત ઉપર ભગવંતનો જન્માભિષેક કરે

પામીને એના સામંતો પોતપોતાની રાજ્યધાનીમાં ચાલ્યા ગયા. તેમણે પોતપોતાના દેશમાં જીનમંદિરો ઉભાં કરીને તીર્થંકરની ભક્તિ કરવા લાગ્યા. પ્રજામાં એ ધર્મને આશ્રય આપવામાં આવ્યો. સાધુઓની ભક્તિ કરતા અને શ્રાવકોને ઉત્તેજન આપતા રાજાઓએ પોતપોતાના દેશમાં રથયાત્રા વગેરે મહોત્સવો પ્રવર્ત્તાવ્યા. જૈન આચાર પોતે પણ પાળીને પ્રજાનાં દૃષ્ટાંતરૂપ થયા. કે જેથી આર્ય અને અનાર્ય દેશો મિથ્યાત્વથી ભરેલા તે પણ શુદ્ધ અને સાધુઓને વિહાર કરવાને યોગ્ય થયા.

એક દિવસે મહાન સંપ્રતિ આર્ય સુહસ્તિસ્વામીને વંદન કરીને બેઠા હતા. એમણે જીવંત સ્વામીનું કંઈક વિશેષ સ્વરૂપ પૂછ્યું. આર્ય સુહસ્તિસ્વામીએ એની ઉત્પત્તિથી માંડીને ઇતિ પર્યંત સર્વ વૃત્તાન્ત કહેલો [illegible] તેપણ સંભળાવી દીધું. જેથી એ પ્રભુ જીવંત સ્વામીની [illegible] થઈને એમની નિત્ય સેવા-પૂજા અને [illegible].

એક દિવસ સંપ્રતિ [illegible] પૃથ્વી ઉપર [illegible] અને આર્ય દેશોમાં સાધુઓ [illegible] આચાર્ય. એમનું ગુરુને પૂછ્યું. "ભગવાન [illegible] વિહાર કરી શકે ?"

"[illegible] આર્ય [illegible] કરી શકે."

" તો પ્રભુ ? આપણા સાધુઓ અનાર્ય જેવા દેશોમાં સગવડ હોય તો વિહાર કરી શકે કે ? "

" અનાર્ય દેશમાં વિહાર નહી કરવાનું કારણ એ કે લોકો મહા અજ્ઞાનરૂપી અંધકારમાં ડુબેલા હોવાથી એવા લોકોથી સાધુઓને ઉપસર્ગ થવાનો સંભવ નિરંતર રહે, તેમજ શ્રાવકોના અભાવે સાધુઓને આહાર પાણીની અગવડતા રહે, ઉતરવાની જગ્યા પણ મલે કે ન મલે, એમ અનેક પ્રકારની મુશ્કેલીઓ ઉભી થવા માંડે, સાધુઓને પણ એથી કદાચ આર્તધ્યાન થાય. એના કરતાં જ્યાં સુખે ધર્મ સાધન થઇ શકે તેવી જગ્યાએ રહીને સાધુઓ સુખપૂર્વક ધર્મ સાધી શકે એજ ઠીક છે" સુહસ્તિસ્વામીએ કારણ બતાવ્યું.

" આપનું કારણ એ કે વાસ્તવિક છે, છતાં મારી ઇચ્છા છે કે આપના સાધુઓ મારા રાજ્યમાં આર્ય કે અનાર્યદેશમાં ગમે ત્યાં વિહાર કરી શકે કે જેથી મારી અનાર્ય પ્રજા પણ ધર્મતત્વને પામે. "

" એ કેવી રીતે થઇ શકે વારૂ ? રાજન્ ? તમે એમાંથી કાંઇ રસ્તો કાઢી શકો છો ? "

" ભગવન્ ? પ્રથમ શ્રાવકોને કે જે સાધુઓના આચાર વિચારમાં પારંગત હોય એમને સાધુઓનો વેશ પહેરાવી દેશો દેશ મોકલવા, અને મારી દરેક પ્રજા મારા ગુરૂ તરીકે ગણીને એમની સેવા ભકિત, બહુમાન કરતાં શીખે. એવી રીતે કરતાં અનાર્ય પ્રજા પણ સાધુઓની ભકિત કેવી રીતે કરવી એ જા-

ણીતી થાય. તે પછી આપે સાધુઓને મોકલી તપાસ કરાવવી કે વિહારને યોગ્ય તે ક્ષેત્ર થયું છે કે નહી ? ”

“ તમારૂં કહેવું સત્ય છે એવી મહેનતને પરિણામે સાધુઓ અવશ્ય વિચરી શકે ? ” ગુરૂએ અનુમોદન આપ્યું.

તે પછી સંપ્રતિ રાજાએ વિદ્વાન્ શ્રાવકોને અને સુભટોને કૃત્રિમ સાધુઓ બનાવીને અનાર્ય દેશોમાં મોકલ્યા, એ દરેક દેશોમાં પોતાના સુભટો મોકલી એ અનાર્ય રાજા અને દેશવાસીઓને આજ્ઞા કરી કે–“ અમારા પુરૂષો તમારી તરફ આવ્યા છે તેઓ જે રીતે કર માગે તે પ્રમાણે તમારે આપવો ને એમની ભકિત કરવી. ”



પ્રકરણ ૩૧ મું.

હવે મારે શું કરવું જોઇએ ?

“ હે રાજન્ ? જગતમાં દાન એ સર્વોત્કૃષ્ટ વસ્તુ છે. દાનથી ઘણા જીવો ભવસાગર તરી જાય છે. દાન સિવાયની વસ્તુઓ તો પોતાનેજ માત્ર લાભકારી છે; કિંતુ દાન તો પોતાને અને પરને ઉભયને લાભકર્ત્તા છે અભયદાન, સુપાત્રદાન એ બે દાન શ્રેષ્ઠ ગણાય છે. તે સિવાયનાં ઉચિતદાન, કીર્તિદાન ને અનુકંપાદાન એ સંસારમાં ફલ આપનારા છે. તીર્થંકર સમાન પુરૂષો પણ દીક્ષાનો અવસર પ્રાપ્ત થાય છે ત્યારે વાર્ષિકદાન

આપે છે. માટે લક્ષ્મીવંતપુરૂષે દાતા અવશ્ય થવું. પોતાની લક્ષ્મીનો સદ્વ્યય કરીને માનવજન્મ સફલ કરવો; કેમકે વ્યાજથી કદાચ ધન બમણું થાય, વ્યાપારથી ચાર ગણું થાય. ક્ષેત્રમાં વાવવાથી સહસ્ર ગણું થાય પણ સુપાત્રમાં જો એ ધન વાપરવામાં આવે તો અનંતગણું ફલને આપનાર થાય છે.

દુઃખી જીવો ઉપર અનુકંપા લાવીને તેમનાં દુઃખ નિવારવા માટે જે સહાય કરવી તે અનુકંપાદાન. સગાં, વ્હાલાં કે કુટુંબીજનોમાં પોતપોતાને યોગ્ય જે આપવું તે ઉચિતદાન છે. અને લોકમાં વાહવાહ કહેવડાવવાની ખાતર દાતાર બનવું તે કીર્તિદાન છે, છતાં એ દાનોથી પણ અધિક સુપાત્રદાન ને, અભયદાન છે. એ બન્ને દાન તો પરંપરાએ મોક્ષનાં બીજભૂત છે. અવશ્ય એથી મોક્ષની પ્રાપ્તિ થાય છે. પૂર્વે મેઘરથના ભવમાં પારેવાની રક્ષા કરતાં તે મેઘરથ શાંતિનાથ તીર્થંકર થઇ મોક્ષે ગયા. શ્રેણિકના પુત્ર મેઘકુમારે પૂર્વ ભવે હાથીના ભવમાં સસલાની રક્ષા કરવાથી ત્યાંથી ચ્યવી મેઘકુમાર થયા તે પાછી એકાવતારી થઇ મોક્ષે જશે, અહિંસા ધર્મનું પાલન કરતાં એવા અનેક જીવો અલ્પસમયમાં ભવસાગર તરી જાય છે. એવાંજ સુપાત્રદાનને યોગ્ય હાલના સમયમાં સાધુ સાધ્વી ગણાય છે કે જેઓ અતિથિ છે. ભાવથી એમની આહાર પાણી આદિથી ભક્તિ કરતાં અનેક જીવો ભવસાગર તરી ગયા છે.

શ્રીરૂષભદેવના જીવ ધના સાર્થવાહે સાધુઓની ઘૃતથી ભક્તિ કરવાવડે પોતાનો સંસાર ટુંકો કર્યો ને તેરમે ભવે

તીર્થંકર થયા એજ રૂષભનાથને શેલડીના રસનું પારણું કરાવવાવડે શ્રેયાંસકુમારે મુક્તિ લક્ષ્મી હાથ કરી. અરે એટલે બધે દૂર જવા કરતાં નજીકન જ વાત તમને કહું. જુઓ મહાવીરસ્વામી કે જે જીવંતસ્વામીની પ્રતિમા હાલ તમે પૂજો છો એ મહાવીરસ્વામીએ નયસારના ભવમાં સાધુઓને આહાર વહોરાવવાથી સમકિત પ્રાપ્ત કર્યું હતું. પરંપરાએ મહાવીરસ્વામી થયા. તેમના સમયમાં જે જે પુરૂષો પ્રસિદ્ધિમાં આવ્યા છે તે પ્રાયઃ મુનિને દાન દેવાના મહાત્મ્યથીજ થયા છે. જુઓ ધનાશાલિભદ્ર! શાલિભદ્રે પૂર્વે ગોવાળના ભવમાં માસખમણના ઉપવાસી મુનિને ખીરનું પારણું કરાવ્યું તો શાલિભદ્ર થઇ અક્ષય ઋદ્ધિ પામ્યા. એમના બનેવી ધનો શેઠ! પૂર્વે સાધુને દાન દેવાના પ્રભાવથી એ પણ અનગળ દ્રવ્યનો માલેક થયો. એટલુંજ નહી પણ હવે એકાવતારી થઇ તે મોક્ષે પણ જશે. એવીજ રીતે કૃતપુણ્ય ? શ્રી મહાવીરસ્વામીની શ્રાવિકા રેવતીએ ભગવનને બીજોરાપાક વહોરાવવા વડે સંસારને ટુંકો કર્યો ને તીર્થંકર નામકર્મ બાંધ્યું ભાવી ચોવીશીમાં સમાધિ નામે સત્તરમા તીર્થંકર થશે.

લક્ષ્મીનો સદ્ઉપયોગ કરવા માટે ભગવંત સાતક્ષેત્રોની પ્રરૂપણા કરી છે તે સાત ક્ષેત્ર તે જીનપ્રતિમા, જીનચૈત્ય, જ્ઞાન, સાધુ, સાધ્વી, શ્રાવક ને શ્રાવિકા! જીનપ્રતિમા, અને જીનચૈત્ય, એ સંસારથી પાર ઉતારવાને આત્માના સાધનો છે અનેક આત્માઓ એ નિમિત્ત પામીને પોતાનું હિત કરી ગયા છે ને કરે છે. એ બધો લાભ જીનમંદિર કરાવનારને મળે છે. પ્રાચીન

ભવસાગરથી પાર ઉતરવું હોય અને બીજાને પણ ઉતારવાની ઇચ્છા હોય તો ઠેક ઠેકાણે તેણે જીનમંદિર કરાવવાં, જીનપ્રતિમાઓ ભરાવવી. તેમાં પણ નવાં કરાવવા કરતાં જીર્ણોદ્ધાર કરાવવામાં સોળ ગણો લાભ સમાયેલ છે. જ્યાં જ્યાં જીનમંદિર હોય ત્યાં શ્રાવકોનાં ઘરં અવશ્ય હોય તેથી સાધુઓ પણ એવી જગાએ વિહાર કરી શકે, લોકો ઉપર ઉપકાર કરી એમને પ્રતિબોધ પમાડે. એમનીજ લક્ષ્મી સફળ થઇ છે કે જે લક્ષ્મીથી જીનમંદિરો બંધાવ્યાં હોય, જુના મંદિરોના જીર્ણોદ્ધાર થયા હોય; તેમજ જીનપ્રતિમાઓ ભરાતી હોય. બાકી તો શ્રીમંત તો ઘણાય હોય છે. પણ જે લક્ષ્મી સદુપયોગમાં નથી વપરાતી એની લક્ષ્મી એના મુવા પછી બીજાના હાથમાં જાય છે. પોતે કંઇ પણ કર્યા વગર અન્ત સમયે પશ્ચાત્તાપ કરતો નરભવ હારી જાય છે; તો ઉત્તમ જનોને આવો અપૂર્વ અવસર જો પ્રાપ્ત થયો તો પછી એનો સદ્વ્યય કરીને લાભ લેવો. કારણ કે લક્ષ્મી એનો પુણ્યથી મલે છે તેમ પાપથી જતી પણ રહે છે. લક્ષ્મી કોઇ કાયમ રહેતી નથી, શ્રી કૃષ્ણ વાસુદેવ જેવા સમર્થ પુરૂષને પણ સમૃદ્ધિએ તજી દીધા. તો અન્ય પામર જનોની તે શી વાત ? માટે હે રાજન્ ! જીનમંદિર અને જીનપ્રતિમા કરાવવાવડે [illegible] તમારે પૂર્વજોને [illegible] કરી, [illegible] પણ [illegible] ઉપર [illegible] કહેવાયું છે. વાસુદેવની [illegible] [illegible] [illegible] [illegible] તમારા [illegible] [illegible] નહીં, તો જીને-[illegible] [illegible]

તેવીજ રીતે જ્ઞાન ભક્તિ પણ અનુપમ છે. જ્ઞાન ભક્તિથી કંઇ આત્માઓ ભવસાગર તરી જાય છે, જ્ઞાન ભક્તિથી જ્ઞાન ઉત્પન્ન થાય છે એ જ્ઞાનથી વૈરાગ્ય પ્રાપ્ત થતાં સંસારનાં બંધનો આપોઆપ ક્ષય-શીથીલ થઇ જાય છે; પૂર્વે જ્ઞાન ભરેલા ભરત મહારાજ પણ સંસારનું સુખ ભોગવતાં આરિસા ભુવનવમાં કૈવલ્યપદ પામ્યા. જયંત નરપતિએ જ્ઞાનભક્તિ કરતા તીર્થંકર પદ લીધું.

સાધુ સાધ્વી શ્રાવક અને શ્રાવિકા એ ઉત્તરોત્તર એક બાજાથી ઉતરતી કોટીનું ક્ષેત્ર છે. સાધુ. સાધ્વીને સુપાત્ર દાન દેવાથી તો મેં પૂર્વે કહ્યું છે તેમ અમોઘફલ પ્રાપ્ત થાય છે એ નિ:સંદેહ વાત છે.

શ્રાવક શ્રાવિકારૂપ ક્ષેત્રમાં વાપરેલું ધન પણ અનંતકોટી ફળ આપે છે, ધર્મથી રંગાએલાં હોય એવાં શ્રાવક શ્રાવિકા નિર્ધન અવસ્થાને લઇને દ્રવ્યની ખાતર કદાચ ધર્મથી પતિત થતાં હોય તો ઋદ્ધિમાન્ શ્રાવક એમને પોતાની શક્તિથી અવશ્ય બચાવે-ધર્મમાં સ્થીર કરે તો ઘણો લાભ ઉપાર્જન કરે. બીજાને ધર્મ પ્રાપ્ત કરાવ્યાનું-ધર્મમાં સ્થીર કરવાનું ફલ તે જરૂર પામે. પરન્તુ જો પોતે શ્રાવક છતાં-ઋદ્ધિમાન છતાં આવું પ્રભાવકપણું બતાવે નહિ તો અવશ્ય એને દોષ લાગે. મનુષ્ય પાસે જે શક્તિ હોય તે શક્તિ એણે પરમાર્થમાં વાપરવી જોઇએ.

પોતાના હજારો સ્વામી ભાઇઓ દુ:ખી હોય, નિરાધાર

શ્રાવિકાઓ આજીવિકાને લ્હાને પોતાનો ધર્મ તજી ભ્રષ્ટ થતી હોય, શ્રાવકો કંગાલ થઈ રખડતા હોય અથવા તો અન્ય ધર્મમાં જતા રહેતા હોય, તો શાસનની દાઝવાળો વીરનર એ સહન કરી શકે નહીં. એમના ઉદ્ધાર માટે પોતાની લક્ષ્મી અર્પણ કરે, એમને જોઇતાં સાધન પૂરાંપાડી આપી ધર્મમાં દઢ કરે તો એ પ્રભાવક કહેવાય ! એની લક્ષ્મી ઉગી નીકળે, એ પાત્રમાં વાવેલું એને અનંતગણો લાભ આપે.

હે રાજન ! શ્રાવક-શ્રાવિકા ક્ષેત્રને પોષવાનું હું તને ભાર મુકીને કહું છું તેનું કારણ એજ કે બીજાં પાંચે ક્ષેત્રનો આધાર શ્રાવક શ્રાવિકાજ છે. પૃથ્વી જીનમંદિરથી વિભૂષિત હોય પણ એને સાચવનારા શ્રાવકો જો ન હોય તો-એ મંદિરો કેવી રીતે નભી શકે ? એમનાં પૂજન, સત્કાર તો શ્રાવક શ્રાવિકાઓની ઉન્નત્તિ ઉપરજ આધાર રાખે છે. માટે યત્નવડે કરીને પણ શ્રાવક અને શ્રાવિકાઓનું રક્ષણ કરવું. એમના થકીજ ધર્મની ઉજ્વળતા છે-શોભા છે. એમની ઉન્નત્તિમાંજ ધર્મની ઉન્નત્તિ છે.

જે છતી શક્તિએ પોતાના સાધર્મિક બંધુનું દુઃખ દૂર કરી શકતો નથી એનામાં ધર્મ પ્રેમ છે એમ ન સમજવું, ભલે ઉપરથી તે ગમે તેટલો આડંબર રાખતો હોય, ગાદી પોઠે ફરતો હોય; પરન્તુ અજાના ગળામાં રહેલા સ્તનની માફક એની લક્ષ્મી અને એનું જીવીત નિષ્ફળ જાણવું. કંજુસ ભલે પોતાની લક્ષ્મી શુભ માર્ગે ન વાપરે પણ એના

મુવા પછી એ લક્ષ્મી બીજાના હાથમાં જશે અને તેનો
પયોગ થશે તે એ અલ્પજ્ઞ હોવાથી ન સમજી શકે !

શ્રાવક શ્રાવિકા એ પણ સંઘનું અંગ ગણાય
સંઘની ભક્તિ કરતાં સંભવનાથ તીર્થંકરના જીવે
ભવમાં તીર્થંકર નામકર્મ બાંધ્યું અને તે સંભ
થયા. માટે ઋદ્ધિવંતે પોતાના ગરીબ સાધર્મિકો તરફ
ધ્યાન આપી ધર્મનો મહિમા વધારવો. એકવાર જમાડ
કે નોકારશી વગેરે કરવાથી જ કંઇ સાધર્મિકતા સ
થતી નથી. ખરી સ્વામીવત્સલતા તો એજ છે કે પો
જીંદગીમાં પોતાના ગરીબ બાંધવોને વાસ્તવિક સુખી
તેમની આંતરડી ઠારવી.

શ્રાવક શ્રાવિકાઓ જો સુખી હશે તો તેમનાથી ધ
મહાત્મ્ય વધશે—તેઓ પોતેજ ધર્મનું મહાત્મ્ય વધારશે
એ બધો લાભ જેણે એમને સારી સ્થિતિએ ચડાવ્યા છે તે
મળે છે. માટે ઋદ્ધિવંતોએ પોતાના ગરીબ બાંધવોની
સંભાળ અવશ્ય લેવી. હે રાજન્ ! શ્રાવકોને મદદ કરવ
વાત તું ભૂલતો ના ?

વસ્તુતઃ જે કાળે જે ક્ષેત્ર સીદાતું હોય તે કાળે
ઉન્નતિ માટે જો પ્રયત્ન કરવામાં ન આવે તો એથી
થવાનો સંભવ રહે છે. લક્ષ્મીવંતોએ પોતાની લક્ષ્મીનો સદ્
કરવો હોય તો એકજ ક્ષેત્રનું પોષણ કરવાથી—ભરેલામાં ભરવ
સતો નથી. પરન્તુ સીદાતા ક્ષેત્રમાં ઉન્નતિને અર્થે જો પોત

લક્ષ્મી વાપરે તોજ તેને અધિકાધિક લાભ મળે છે. તે પણ પોતાના સગા સબંધી કે સ્વાર્થની અપેક્ષા રાખ્યા વગર વપરાય તોજ લાભદાયક થઇ શકે. જોકે આ મારો સગો કે સંબંધી નથી પણ મારો સાધર્મિક બંધુ દુઃખી છે માટે એનું દુઃખ મારે દુર કરવું કે જેથી એ પાછો ધર્મમાં સ્થિર થઇ ધર્મ સાધન કરે. એવી નિષ્કામવૃત્તિથી પરમાર્થ કરે તોજ એની લક્ષ્મીની સાર્થકતા થાય!

"રાજન્! આજે તો સમય ઘણો સારો થયો છે. શ્રાવક શ્રાવિકા સુખી અને વૈભવી છે. ભવિષ્યમાં એવો પણ કાળ આવશે કે જ્યારે ક્ષત્રિયમાંથી જૈન ધર્મ નષ્ટ થતાં ફક્ત વૈશ્યોને હાથ જશે ત્યારે તેઓ અર્થ પ્રધાન થશે. જેથી ધર્મના મહત્વને હાનિ પહોંચાડશે. પૈસાનેજ સર્વસ્વ સમજનારા દ્રવ્યના પૂજારીઓ પોતાના હજારો ગરીબ બાંધવોને–શ્રાવક શ્રાવિકાઓને દુઃખી હાલતમાં જોશે છતાં એમની તરફ દુર્લક્ષ્ય કરતા પોતાનો સ્વાર્થ સાધવામાંજ એકતપેટા થશે. જે ગરીબોના ભોગે એ ઋદ્ધિમાન થશે એમનોજ એ તિરસ્કાર કરશે ને બીજાનાં ઘર ભરશે.

જેથી જૈન ધર્મની હાની વિશેષ થશે. શ્રાવક શ્રાવિકાઓ દુઃખી દુઃખી થઇ ધર્મભ્રષ્ટ થશે. આજીવિકાની ખાતર ઉન્માર્ગને ભજનારા થશે. સાક્ષાત્ પોતાના સ્વામી ભાઇઓને દુઃખી જોવા છતાં એ ક્ષેત્ર તરફ કોઈ લક્ષ્ય ઓછુંજ આપશે પણ જે ક્ષેત્ર પુષ્ટ થએલું હશે એનુંજ પોષણ કરનારા થશે, જેથી સીદાતા ક્ષેત્રની તો હાની થશેજ શ્રાવક શ્રાવિકાઓની સંખ્યા ઘટી જશે,

વસ્તી ન્યૂન થઇ જશે; એટલુંજ નહી પણ પુષ્ટ કરેલા ક્ષેત્રનું
પણ વારંવાર પોષણ કરવા છતાં એમાંથી પણ અનેક અનર્થો
ઉત્પન્ન થશે. અસ્તુ હે નરકુંજર ! એવી ભવિષ્યકાળની વાતો
કરી તારા શાસન પ્રેમીચિત્તને હું ક્ષોભ કરવા નથી ઇચ્છતો !
જે ભાવી ભાવ–ભવિતવ્યતા બનવાની હશે તે અવશ્ય બનશે.
પંચમકાળમાં પ્રગટ થયેલા વક્ર–જડ જીવો પાસેથી એનાથી
ણીજી વધારે શી સારી આશા રાખી શકાય! ગુરૂવર આર્યસુહ-
સ્તીસ્વામી લક્ષ્મીનો સદ્વ્યય કરવાનું વર્ણન કરીને અટક્યા.

"ભગવન્ ? અત્યારના સમયમાં મારે શું કરવું ? સાતે ક્ષે-
ત્રમાં કયા ક્ષેત્ર તરફ વિશેષ ધ્યાન આપવું ?" મહારાજે પૂછ્યું.

"અત્યારે તારે જીનચૈત્ય અને પ્રતિમા તરફ ખાસ
લક્ષ્ય આપવાની જરૂર છે. સમૃદ્ધિવંત શ્રાવક, શ્રાવિકા તેમજ
સાધુ સાધ્વીઓ એમના દર્શનવડે–ભક્તિવડે આત્મશુદ્ધિ
કરી ભવસાગર તરી જશે. ભાવી કાલમાં પણ ઘણા સમય
પર્યંત એ મંદિરો અને પ્રતિમાઓનું જગત ઉપર અસ્તિત્વ
હશે ત્યાં લગી ચતુર્વિધસંઘથી પૂજાશે. એ બધો તને લાભ થશે.
ત્રણખંડમાં તારૂં રાજ્ય હોવાથી દરેક દેશમાં જૈનમંદિરો થતાં
અને શ્રાવકોની સંખ્યા વૃદ્ધિ પામતાં અનાર્ય દેશમાં પણ
ધર્મની પ્રગતિ થશે એ બધા લાભનું કારણ તો તુંજ છે ને?
છતાં સાધર્મિકની ભક્તિ કરવી તું ભૂલતો નહી. એવી રીતે
સાતે ક્ષેત્રોની ભક્તિ કરતાં તારો સંસાર સ્વલ્પ થઇ જન્મ
મરણનો ફેરો ટળી જશે. અજર અમર એવી મુક્તિ વધુનો
તું ભોક્તા થશે."

"ભગવન્ ? આજથી મારે મંદિરો બંધાવવાની શરૂઆત કરવી, પ્રતિમાઓ પણ ભરાવવી, તેમજ જુના મંદિરોના જીર્ણોધ્ધારો કરાવવા હવેથી હું નિયમ કરૂ છું અને રોજ એક જીનમંદિર તૈયાર થયાના સમાચાર સાંભળવામાં આવશે ત્યાર બાદ દાતણ કરીશ એ પ્રમાણે મહાન્ સંપ્રતિએ રોજનું એક જીનમંદિર તૈયાર કરાવવાનોનિયમ અંગીકાર કર્યો.

તરતજ મહાન સંપ્રતિએ લાખો માણસોને એ કામમાં જોડી દીધા. લોકોને રોજી મળવા લાગી. ને ઠેકઠેકાણે જીન મંદિરો એક પછી એક તૈયાર થવા લાગ્યાં. દરરોજ મહારાજ સંપ્રતિ એકની ખબર તો ઓછામાં ઓછી સાંભળતો ત્યારેજ દાતણ કરતા. ત્રણ ખંડ ધરતીમાં આર્ય કે અનાર્ય દરેક દેશોમાં ગામડું હો કે શહેર પ્રત્યેક ઠેકાણે મંદિર પોતાની શોભાથી પ્રજાનાં મન આકર્ષવા લાગ્યાં.

પ્રકરણ ૩૨ મું.

દુનિયા ધર્મને માર્ગે.

મહાન સંપ્રતિએ પોતાના સર્વ દેશોમાં પોતાના સુભટો અને શ્રાવકોને કૃત્રિમ સાધુ બનાવીને મોકલ્યા હતા. તેઓ દુનિયાના ખુણે ખુણે ફરી વળ્યા. અનાર્ય દેશોમાં પણ

ત્યાંના જડ જેવા લોકોને શું શું કરવુ તે સમજાવવા લાગ્યા. તેમને ઉપદેશ કરવા લાગ્યા. જુઓ—ધ્યાન આપો ! અમે આવીયે ત્યારે અમને ઉઠીને વંદન કરવું. દૃષ્ટિએ પડીયે કે પગે લાગવું. અમારી પાસેથી તમારે ધર્મોપદેશ સાંભળવો. અમને અમુક અમુક જાતનો આહાર વહોરાવવો, એ માટે અમને તમારે તેડવા આવવું. ઉનું કરેલું પાણી નિર્દોષ રીતે ઠારીને તે અમને પીવા માટે વહોરાવવું. અમને કપડા વગેરે અમુક અમુક વહોરાવવાં, અમે આવીએ કે તમારે અમને ઉતરવાની જગ્યાઓ આપવી. તન, મનને ધનથી અમારી ભક્તિ કરવી. તમારે હંમેશાં નવકાર ગણવો, જીનમંદિરમાં દર્શન કરવા જવાં, તેમજ જીનરાજને પૂજવા. ઈત્યાદિક ષટ્કર્મ તમારે અવસ્ય કરવું. અમારી પાછળ અમારા જેવા સંપ્રતિ-રાજાના માણસો આવશે તેમની પણ તમારે રૂડા પ્રકારે એવી રીતે ભક્તિ કરવી. જેથી સંપ્રતિરાજા તમારા ઉપર પ્રસન્ન થશે. એ માણસો સંપ્રતિ મહારાજના પૂજ્ય છે. એમના ગુરૂ છે માટે તમારે તેમની ભક્તિમાં ખામી લાવવી નહીં. આહાર પાણી વહોરાવતાં બેંતાલીશ દોષ ન આવવા જોઇએ. એ બેંતાલીશે દોષો એમને વિસ્તારથી સમજાવ્યા—શીખવ્યા. તે સિવાય ગુરૂની તેત્રીશ આશાતના ન થાય તે પણ સમજાવી—શીખ-વાડી દીધી.

જીનમંદિરમાં જાઓ ત્યારે મોટી દશ આશાતનાઓ અવશ્ય તમારે ત્યાગવી, જેવી કે જીનમંદિરમાં પાનસોપારી ન ખાવું, ભોજન ન કરવું, પાણી ન પીવું, પગરખા ન પહેરી

જવાં, શયન ન કરવું, મૈથુન ન સેવવું, થુંકવું કે મળમૂત્ર ન કરવાં, લઘુનીતિ-વડીનીતિ ન કરવી, જુગાર કે કલહ કુતૂહલ ન કરવાં. ઇત્યાદિક ચૈત્યમાં શ્રીજીની આશાતનાઓ અર્થાત્ ચોરાશી આશાતનાઓ ન કરવી. કેમકે એવું પાપ લાગે છે. એ પાપના ફળથી આપણને દુઃખ થાય છે. માટે આશાતના રહિતપણે જીનેશ્વરને પૂજવાથી સંપ્રતિ જેવી સમૃદ્ધિ મળે છે. એના ફળમાં પણ વિશેષ દેવલોકનાં સુખ પ્રાપ્ત થાય છે. એ દેવતાઓનાં એવાં તો અનુપમ સુખ હોય છે કે જાણશો તો એ સુખનાં વર્ણન પણ ન કરી શકીયે. અરે! એ સુખોના આસ્વાદ કરવાની પણ આપણામાં શક્તિ ન હોય. આપણી આશા કરવા-નાથી પણ અતીત એ સુખો કહેવાય. જો તમે જીનરાજની અને સંપ્રતિના જમાના જેવા માણસોની ભક્તિ કરશો તો પહેલાં તો તમે સંપ્રતિના ભાગિના થશો અને આ લોકમાં સુખ સંપત્તિ પ્રાપ્ત કરશો અને એ ભક્તિના પ્રભાવથી તમે દેવ-લોકમાં જશો. ત્યાં અનેક દેવાંગનાઓ તમારી સેવા કરશે કે જે દેવાંગનાઓ મનુષ્યની સુંદરમાં સુંદર ગણાતી સુંદર રમણી કરતાં અસંખ્યગણી રૂપ, સુંદર અને ચતુર છે. તમને સુખી કરવામાં-ભોગની કળામાં નિપુણ—પંડિતા છે. એ દેવાંગનાઓનાં દિવ્ય સુખ ભોગવતાં તમારો કાળ કેવી રીતે જાય છે તે પણ તમે જાણી શકશો નહી. ત્યાં તમે અનગળ સમૃદ્ધિના સ્વામી થશો. જેમ દેવબાળાઓ તમારી સેવા કરી તમને સુખી કરશે એવી રીતે તમારા સેવક દેવતાઓ ગંધર્વો તમારી આગળ સંગીત કરશે. દેવબાળાઓ નાટારંગ કરશે

એ સંગીતમાં એ નાટારંગમાં તમારા વર્ષો પાણીના પ્રવાહની માફક વહી જશે, એ દેવબાળાના શરીરની સૌંદર્યતા, લાવણ્યતા, ચાતુર્યતા, એમના હાવભાવો, એમના ભ્રૂભંગો એ સોહામણાં ચંદ્રવદનો નિહાળતાં તમે એવા તો મુગ્ધ થઈ જશો કે દુઃખનો તમને સ્વપ્નામાં પણ ખ્યાલ નહી આવે.

એમનું એક નાટક જોતાં એટલો બધો કાલ વહી જાય છે કે આપણા અહીંના કાલની ગણતરી કરીયે તો પાંચસો વર્ષ વહી જાય, એથી પણ જીનરાજની ને ગુરૂની અધિક ભક્તિ હૃદયના ભાવપૂર્વક કરો તો તમે ઘણા સારા શ્રેષ્ઠ દેવના થઈ શકો! ત્યાં એક એક નાટારંગમાં હજાર વર્ષ વહી જાય, એથી ઉચ્ચ કોટીના દેવતાઓને પંદરસો વર્ષ પણ વીતિ જાય. એતો નાટકનો કાલ કહ્યો તે નાટક-સંગીત મનુષ્યો તો નજ મેળવી શકે-એની કલ્પના પણ ન કરી શકેઃ કારણ કે જે વસ્તુનું ઝીણું ઝીણું પણ જ્ઞાન ન હોય-એનો ખ્યાલ પણ ન થઈ શકે એનું સુખ તો દેવ થયા પછીજ મળે. એ નાટકો-સંગીતાની મોજ લુંટવાનો તો દેવતાઓનોજ અધિકાર છે. એવાં અનુપમ સુખો મેળવવા માટે આપણે જીનરાજની ભક્તિ અને ગુરૂનું બહુમાન કરવું પડે છે.

આપણાં મનુષ્યોનાં નાટકો-સંગીતો કરતાં અનંતગણાં એ ઉત્તરોત્તર અધિક સુખ આપનારાં હોય છે. પોતાની ઇચ્છા પ્રમાણે તે કરી શકે છે. મનને ગમે ત્યાં એક ક્ષણ માત્રમાં જઈ શકે છે. મરજી પડે તેવું સ્વરૂપ કરી શકે છે. આનંદ, મોજ, ઠકુરાઈ

તો એમને હોતો જ નથી. પરંતુ મનના નિવર્ત્તવા સાથે પોતે નિવૃત્તિ પામે.

હે લોકો ! એ દેવતાઓના સુખનું તમારી આગળ શું વર્ણન કરીએ. જીંદગી પર્યંત એમનાં સુખો વર્ણવીએ તો પણ એનો પાર આવી શકે નહીં. મનુષ્યની માફક એમને ગર્ભાવાસનું દુ:ખ સહન કરવું પડતું નથી. તેમજ એમને દુર્ગંધમય શરીરપણ ન હોય. વળી આયુષ્ય તો એટલાં બધાં લાંબાં હોય છે કે એ વર્ષોની ગણત્રી પણ આપણે ન કરી શકીયે. એવાં સુખો તમારે મેળવવાં હોય તો માત્ર આ એકજ ઉપાય છે કે તમારે જીનેશ્વરોના મંદિરમાં પૂજન વગેરે કરવું. અમારા જેવા સંયતિના માણસોની ભક્તિ કરવી. ઇત્યાદિક સુખની લાલચવાળા ઉપદેશો એ કૃત્રિમ સાધુઓએ અનાર્ય દેશોમાં આપવા માંડ્યા. એ ઉપદેશનો ત્રણે દુનિયાના ખુણે ખુણે પડકાર કર્યો. ધર્મથી રહિત એવા જડ જેવા લોકોમાં એ લાલચથી ધર્મવાસના ઉત્પન્ન થઇ જ્યાં ત્યાં એ બધું ક્રિયામાં મૂક્યું. કેમકે મુવા પછી આપણું શું થશે ? અહીંયાંથી મરીને ક્યાં જઇશું વગેરે ચિંતાથી વ્યાપ્ત થયેલા એ અનાર્યલોકો મુવા પછીના સુખની આશાએ તમામ કંઇક સંપ્રતિ પ્રકાશ કરવાની આતુર એમના સાધુઓના ઉપદેશને અનુસરવા લાગ્યા.

સમસ્ત અનાર્યદેશ લગભગ જૈનધર્મને અનુસારે વર્તન કરવા લાગ્યો. અનાર્યદેશોમાં પણ જૈનધર્મનું મહત્વ મનાયું. સંપ્રતિએ વધારી દીધું. એ કૃત્રિમ સાધુઓએ એવું કે કંઇ [illegible] સાચા સાધુઓને વિચરવાયોગ્ય આ દેશો તૈયાર થઇ ગયા છે

જેથી એમાંના કેટલાકે મહારાજ સંપ્રતિ પાસે આવીને અરજ કરી કે "દેવ ! આપનું કાર્ય ફતેહમંદ થયું છે. અનાર્ય દેશોમાં પણ આપણા સાધુઓ વિહાર હવે સુખપૂર્વક ભલે કરે !"

મહાન સંપ્રતિએ તે પછી આર્ય સુહસ્તિ સ્વામી પાસે આવી અનાર્ય દેશમાં સાધુઓને વિહાર કરવાને વિનંતી કરી. ગુરૂવરે પ્રથમ પરિક્ષા કરવાની ખાતર જે પરિસહને સહન કરી શકે એવા દઢ પરિણામવાળા સાધુઓને તે દેશોમાં મોકલ્યા. એ સાધુઓ અનાર્ય દેશોમાં ફર્યા. તો લોકો એમને સંપ્રતિના અમલદાર જાણીને પૂર્વની શીખવેલી પદ્ધતિ પ્રમાણે આહાર પાણી આપવા લાગ્યા. એમને રહેવાને નિર્દોષ જગ્યાઓ આપવા માંડી. જેમ જાણ પુરૂષો જેવી રીતે ભક્તિ કરી શકે છે તેવી રીતે આ લોકોની ભક્તિ જોઇ સાધુઓ સંતોષ પામ્યા. ને ગુરૂ પાસે આવીને જે સત્ય વાર્તા હતી તે કહી સંભળાવી. ગુરૂએ પણ ત્યારપછી શિષ્યોને દરેક દેશોમાં વિહાર કરવાની રજા આપી. જેથી સાધુઓ સંપ્રતિની ત્રણ ખંડ ધરતીમાં લગભગ ઘણે સ્થળે વિહાર કરી શકતા અને લોકોને ધર્મમાં દઢ કરી શકતા. પરિણામે એ સમયમાં શક, યવન, પારસ, ગ્રીસ, સિંધ, દ્રુમ, આદિ દરેક દેશોમાંના લોકો જૈન ધર્મને અનુસરનારા હતા.

પેલા કૃત્રિમ સાધુઓએ પણ પછી એ વેશનું મહત્વ સમજીને કાયમ રાખ્યો. તે વેશથી કૃત્રિમને બદલે શુદ્ધ સાધુ થઇ ચારિત્ર માર્ગનું આરાધન કરીને એમણે પણ આત્મકલ્યાણ સાધ્યું.

—✻◎✻—

પ્રકરણ ૩૩ મું.

ગજેંદ્રતીર્થમાં આર્ય મહાગિરિ સ્વર્ગે.

“ ઓહો ! ક્યાં રંક ભિખારી એક ટુકડા માટે ટળવળ-નાર, અને ક્યાં સંપ્રતિ ત્રણ ખંડની સમૃદ્ધિનો માલેક ! જ્યારે લક્ષ્મીની અવકૃપા થાય છે. ત્યારે પુરૂષની એવી તો અધો-ગતિ થાય છે કે ત્રણ ત્રણ દિવસના ભૂખ્યો છતાં એક ટુકડો માત્ર એને મળતો નથી. અહા ! શું સંસારની એ વિચિ-ત્રતા ! એ બધા કર્મના વિલાસો છે. ગરીબ, અનાથ, લુલા, લંગડા, અંધ અપંગ માણસોની શી સ્થિતિ હશે ? એમનો નિર્વાહ શી રીતે ચાલતો હશે ! અરે એક રોટલાના ટુકડા માટે મને જે દુઃખ હતું એવું દુઃખ ગરીબોને કેમ નહીં હોય ? બિચારાને કેટલા ભૂખ્યા સૂતા હશે. આખો આખો દિવસ ભૂખ્યા રહેતા હશે. માટે મારે એમની સાર સંભાળ લેવી જોઈએ. રાજા તો ગરીબ, અનાથ અને રંક જનોના બેલી હોય છે. પ્રજાના પિતારૂપ જે રાજાની પ્રજા દુઃખી હોય તો એ રાજા જ ન કહેવાય. દુઃખી પ્રજાને દુઃખ મુક્ત ન કરી શકે તો એ માટે એને-માથે [illegible] વધી જાય છે. માટે મારે પણ આવા અનાથ, રંક જનોને માટે કંઈક કરી જવું જોઈએ. ” મહાન સંપ્રતિને એક દિવસ આ નવીન વિચાર સ્ફૂર્યો. પોતાનું પૂર્વજન્મનું રંકપણું યાદ આવતાં તેના સુકોમળ હૃદયમાં દયાનો પ્રવાહ જોશથી વહેવા માંડ્યો.

એ દયાના પરિણામે નગરના ચારે દ્વારમાં એમણે ભોજનશાળાઓ કરાવી, એ ભોજનશાળાનાં ભોજનનો દરેક જનો લાભ લેતા હતા. આ પોતાનો છે અને આ પારકો છે; એવી જાતનો મમત્વ ત્યાં નહોતો. અનેક ગરીબ અનાથ, અપંગજનોને ત્યાં ભોજન આપવામાં આવતું હતું અને એ ભોજનમાંથી શેષ જે બાકી રહેતું તે રસોઇ કરનારાઓ લઇ જતા હતાં.

એને માટે મહારાજે વ્યવસ્થા સારી કરી હતી. પોતે જાતે પણ તપાસ રાખતા હતા. કે જેથી કામ કરનારાઓ મારા તારાપણું રાખીને ગરીબોને સતાવે નહીં. મહાન્ સંપ્રતિનો તાપજ એવો હતો કે માણસો પ્રાય: અનીતિ કરવાની હિંમત પણ કરતા નહિં. તેમજ એ લોકો પણ સમજતા કે આ પરમાર્થ—લોકોને ઉપકાર કરનારૂં કાર્ય છે. એમાં જો આપણે સ્વાર્થદ્રષ્ટિ રાખીને વિક્ષેપ કરશું કે કંઇ પણ ભેદભાવ કરશું તો પાપના ભાગી થઇશું; તેમજ મહારાજના અધિકગુન્હેગાર થઇશું. માટે દુરાચારથી દૂર રહેનારા એવા એ લોકો બનતા લગી તો પ્રમાણિકપણેજ કામ કર્યે જતા હતા.

એક દિવસ મહાન્ સંપ્રતિ એ ભોજનશાળાઓ તપાસવાને ગયા. એમણે એની વ્યવસ્થા જોઈ માણસોની કામ કરવાની પદ્ધતિ, પ્રમાણિકપણું વગેરે જોઈને ખુશી થયા. એમને એક વિચાર સ્ફુર્યો. એમણે માણસોને પૂછયું. "અરે? ભોજનનું અન્ન વધે તેનો શું ઉપયોગ કરો છો ?"

મહારાજનો પ્રશ્ન સાંભળી રસોઇઆઓ બોલ્યા. "દેવ! તે અમે ભાગે પડતું વહેંચી લઇએ છીએ."

તો હવેથી તમારે વહેંચી ન લેવું. હું તમને જેવી આજ્ઞા કરૂં તે પ્રમાણે એની વ્યવસ્થા કરવી."

મહારાજની નવીન વાત સાંભળવા રસોઇઆઓ ત્યાં એકઠા થયા ને મહારાજ શું કહે છે તે આતુરવંત થઈને સાંભળવા લાગ્યા.

"એ ભોજન આપણે લોકોને માટે બનાવી તૈયાર કરીયે છીયે માટે એ નિર્દોષ શુદ્ધ અન્ન તમારે ભિક્ષાના અર્થી એવા સાધુઓને વહોરાવવું ?"

"પણ દેવ ? એ અન્ન અમે અમારા મહેનતાણાને બદલે લઇએ છીએ તે ?" એક જણે કહ્યું.

"તમારી મહેનત માટે હું તમને દ્રવ્ય આપીશ. જેથી તમારી આજીવિકાનો વાંધો રહેશે નહી. કેમકે દ્રવ્યવાન માણસ ક્યાંય પરાભવ પામતો નથી, માટે તમારે હવેથી આ અન્ન સાધુઓને વહોરાવવું ને એમની ભક્તિ કરવી."

મહારાજ એ પ્રમાણે હુકમ કરીને ચાલ્યા ગયા. ત્યારથી શેષ અન્ન–ભોજનાદિ તેઓ સાધુઓને વહોરાવવા લાગ્યા. પોતાને માટે તે નહી થયેલું હોવાથી શુદ્ધ જાણીને સાધુઓ પણ ગ્રહણ કરવા લાગ્યા.

એ પ્રમાણે અવશિષ્ટ અન્નથી સાધુઓને પ્રતિલાભતા જોઇને મહારાજ ખુશી થયા. હવે એમને બીજો વિચાર સ્ફુર્યો. જેથી એમણે નગરમાં ઘી, દૂધ, દહીં, પક્વાન્ન, વસ્ત્રો ગંધીયાણું વગેરે વેચનારા લોકોને હુકમ કર્યો કે "તમારે તમારા ઉમેદો-

ત્તમ દ્રવ્યોથી સાધુઓની ભક્તિ કરવી. અને એના જે પૈસા થાય તે તમારે દરબારમાંથી લઈ જવા. એ માટે તમારે લેશ પણ શંકા કરવી નહી. "

આ સાંભળીને વ્યાપારીઓ તો ઉલટા ખુશી થયા. કારણ કે એ બહાને તેમની દુકાનોમાંથી ઉત્તમ ઉત્તમ વસ્તુઓનું વેચાણ થતું હતું. વ્યાપારીને એથી વિશેષ હર્ષ બીજો શો હોય? મહારાજાનું વચન એમણે માન્ય કર્યું. અને દરરોજ તે વ્યાપારીઓ પોતપોતાની ઉત્તમ વસ્તુઓ સાધુઓને વહોરાવવા લાગ્યા. જે જે વસ્તુઓ તેઓ સાધુઓને આપતા તેની વ્યાજબી કિંમત તરતજ મહારાજના હુકમથી તિજોરીમાંથી પગાર કરવામાં આવતી હતી. પોતાનાથી બની શકે તેટલી શક્તિથી જૈન શાસનમાં દૃઢ શ્રદ્ધાવાળા મહાન્ સંપ્રતિ ગુરૂ અને ધર્મની ભક્તિ કરવા લાગ્યા.

રાજા જેનું મૂલ્ય આપે છે એવી વસ્તુઓ લોકો પાસેથી વહોરનારા પોતાના શિષ્યોને દોષ લાગે છે, એવું આર્યસુહસ્તિ સ્વામી જાણતા હતા. પરન્તુ શિષ્યોના મોહથી એ બધું સહન કરતા હતા. એમનો આવો શિથિલ આચાર આર્ય મહાગિરિ સ્વામીના જાણવામાં આવ્યો, એતો એકાકી વિહારી હતા. પોતાના શરીર ઉપર પણ નિસ્પૃહ હતા. એમણે વિચાર્યું કે " આહા? આર્યસુહસ્તિજી જ્ઞાતા છતાં આ બધું દોષ યુક્ત કેમ કરી રહ્યા છે, આ ઠીક થતું નથી. "

એક દિવસ આર્ય મહાગિરિએ એમની પાસે આવી

આર્યસુહસ્તિ સ્વામીને કહ્યું " તમારા શિષ્યો લોકો પાસે
વ્હોરી લાવે છે ! પણ એનું મૂલ્ય તો રાજા આપે છે. રાજપિ
આપણને ન કલ્પે તે તમે જાણતાં છતાં શા માટે શિષ્યે
નિષેધતા નથી. "

"હે ભગવન્! લોકો તો પૂજાતાને પૂજનારા છે. અમે
રાજપૂજ્ય માનીને આદરમાનથી વસ્તુઓ આપે છે એમાં શું ?
આ વચન સાંભળીને આર્ય મહાગિરિ ક્રોધથી મૌન થઈ ગય
તે પછી બોલ્યા. " એમાં શું ? પાપ શાંત થાઓ ? આજથ
આપણો વ્યવહાર ભિન્ન છે. કારણકે સમાચારીમાં સમા
સાધુઓ સાથે રહેવું યુક્ત છે. તમારૂં વર્ત્તન એથી ઉલ
હોવાથી તમે સંઘાડા બહાર છો ! "

એક રીતે આર્યસુહસ્તિસ્વામીના એ ગુરૂ હતા
એમને દીક્ષા આપનાર આર્ય મહાગિરિજ હતા. છતાં ગુરૂભા
ઇની જેમ સ્નેહથી તેઓ બન્ને રહેતા હતા. આર્ય મહાગિરિન
ઉપર પ્રમાણેની વાણી સાંભળીને આર્યસુહસ્તિ સ્વામી તીર્થ
કર સદૃશ આજ્ઞા લોપના ભયથી કંપવા લાગ્યા. બાલકની જેમ
ભયથી લતાની માફક કંપતા ભક્ત આર્યસુહસ્તિએ આર્ય
મહાગિરિના ચરણમાં વંદન કરી ક્ષમા માગી. " હે ભગવન્
હું અપરાધી છું. મારો અપરાધ ક્ષમા કરો ? હું એ માટે
મિથ્યાદુષ્કૃત આપું છું. મારૂં એ પાપ શાંત થાઓ ? નિષ્ફ
ળ થાઓ! ફરીથી આ પ્રમાણે હવે નહી થવા પામે ! " સુહ
સ્તિસ્વામીને આ પ્રમાણે પશ્ચાત્તાપ કરતા જોઇ આર્ય મહા
ગિરિ બોલ્યા. " એમાં તમારો શો દોષ છે ! ભવિતવ્યતાજ

એવી છે ! પૂર્વે મહાવીર સ્વામી ભગવંતે કહ્યું હતું કે— "સ્થૂલિભદ્ર મુનિ પછી મારા શિષ્યોની સમાચારી અનિશ્ચિત થતી જશે. આજે સ્થૂલિભદ્ર પછી આપણે તીર્થ પ્રવર્તક થયા અને ભગવાનનું વચન તમે સત્ય કરી બતાવ્યું."

તે પછી આર્યમહાગિરિએ સુહસ્તિ સ્વામીને સંઘાડામાં લીધા. ને રાજાને પણ ઉપદેશ આપ્યો. હે રાજન્ ! ઉત્તમ એવા સાધુઓને રાજપિંડ લેવો કલ્પે નહી. ભાવીકાલમાં કાંઈ બધા રાજાઓ તમારા જેવા થશે નહી. એથી અનેક દોષોનો સંભવ જાણીને શ્રી ભગવંત મહાવીર સ્વામીએ રાજપિંડ નિષેધ્યો છે. જેથી વિશેષ પ્રકારે સાધુઓને તો તે અગ્રાહ્ય છે. પૂર્વે પણ ઋષભદેવસ્વામીએ પોતે ઈંદ્રાદિકની સાક્ષીએ ભરત-મહારાજના રાજપિંડને પણ સાધુઓ માટે નિષેધ્યો હતો. તે પ્રભુએ બારમું વ્રત પોષવાને ભરત મહારાજને પણ શ્રાવક અને શ્રાવિકાઓને તેવા દાનને પાત્ર કહ્યાં હતાં. માટે હે વત્સ ! તું પણ તેજ માર્ગે ચાલ.

મહાન્ સંપ્રતિને એ પ્રમાણે પ્રતિબોધી આર્યમહાગિરિ સ્વામી જીવંતસ્વામીને વાંદીને અવંતીમાંથી ચાલ્યા ગયા.

પોતાનું આયુષ્ય અલ્પ રહેલું જાણીને શ્રી મહાગિરિ 'ગજેંદ્રપદ' નામના તીર્થમાં આવ્યા. ત્યાં અનશન કરીને મહાગિરિ વીર પછી ૨૪૯ વર્ષ વિત્યે દેવલક્ષ્મી ભોગવવાને સ્વર્ગે ગયા.



પ્રકરણ ૩૪ મું.

ગજેંદ્રપદતીર્થ.

ગજેંદ્રપદતીર્થ એ શ્રીમન ભગવન્ મહાવીર સ્વામીના સમયમાં પ્રગટ થયેલું. એક દિવસ મહાવીર સ્વામી વિહાર કરતા દશાર્ણદેશમાં દશાર્ણપુર નગરની સમીપે દશાર્ણ પર્વત ઉપર પરિવારસહ સમવસર્યા. ત્યાંના રાજા દશાર્ણભદ્રને ખબર પડતાં એ ભગવનને વાંદવા જવાની તૈયારી કરવા લાગ્યો. એને એવો વિચાર થયો કે હું ભગવંતને એવા મહોત્સવપૂર્વક વાંદીશ કે એવી રીતે કોઇએ ન વાંદ્યા હોય, જેથી આખા શહેરને શણગારવાનો હુકમ આપ્યો. રાજાના હુકમથી પ્રજા અને અમલદારોએ ધ્વજા, તોરણ, ચંદનમાળાદિથી શહેરને સુશોભિત કર્યું. તેમજ અગર, તગર, કપુર આદિ સુગંધિ દ્રવ્યોથી રસ્તા અને આકાશ વ્યાપ્ત થઇ ગયાં. રાજમાર્ગે પુષ્પો બિછાવવામાં આવ્યાં. એવી રીતે નગરને સુશોભિત કરવામાં રાજાએ કાંઈ પણ મણા રાખી નહિ.

હવે પ્રભાતે રાજા દશાર્ણભદ્ર હસ્તિઓમાં શ્રેષ્ઠ એવા પોતાના પટ્ટહસ્તિ ઉપર આરૂઢ થઇને ચાલ્યો. એની સાથે અઢાર હજાર હસ્તી, ચોરાશીલાખ અશ્વ, એકવીશહજાર રથ, એકાણું ક્રોડ પાયદળ, સોળ હજાર ધ્વજા, પાંચ મેઘાડંબર છત્ર, સુખાસને બેઠેલી પાંચસો રાણીઓ, તેમજ આભૂષણ વસ્ત્ર પ્રમુખથી સજ્જ થઈ રહેલા સામંત, સચિવાદિક ચાલ્યા.

એની સાથે લોકો પણ પોતપોતાની ઋદ્ધિ પ્રમાણે તૈયાર થઇને આવ્યા. સ્થળે સ્થળે સંગીન નૃત્ય થતાં હતાં. યાચકોને રૂપાનું સોનાનું ને મુક્તાફળનું દાન અવાર નવાર દેવામાં આવતું હતું. રસ્તા ઉપર પુષ્પો પાથરી દેવામાં આવ્યાં હતાં. એવા સુંદર રાજમાર્ગે આડંબરપૂર્વક ચાલતો તે રાજા જગતને તૃણ સમાન ગણવા લાગ્યો. પ્રભુના સમવસરણ આગળ પહોંચ્યો એટલે વાહન ઉભાં રખાવી પંચ અભિગમ સાચવી પ્રભુને પ્રદક્ષિણા દઇ યોગ્ય સ્થાનકે બેઠો. એના મનમાં ગર્વ આવ્યો કે "આજે હું જેટલી સમૃદ્ધિથી વંદન કરવા આવ્યો છું તેટલી સમૃદ્ધિથી કોઇ દિવસ ઇંદ્ર કે ચક્રવર્તી રાજા પણ વંદન કરવા નહીં આવ્યા હોય !"

રાજાનાં આવાં ગર્વિષ્ટ વચન સોધર્મ દેવલોકના અધિપતિ ઇંદ્રે અવધિજ્ઞાનથી જાણ્યાં અને વિચાર થયો. "અહો ! આ રાજા શ્રેષ્ટ છે; પરન્તુ તે ગર્વ કરે એ તો ઠીક નહિ. કારણ કે ગર્વથી મેળવેલું પુણ્ય નાશ પામે છે. બધા વિશ્વને પૂજ્ય એવા પ્રભુને વંદન કરવામાં એનો ભકિત રાગ અણમોલ છે. પણ આ અહંકારનો એમાં દોષ રહેલો છે. તો કોઇ રીતે એ પોતાનો ગર્વ તજે એ પ્રમાણે મારે કરવું એ ઠીક છે."

એમ ચિંતવીને શક્રેન્દ્રે દશાર્ણભદ્રનો ગર્વ ઉતારવાને માટે આકાશમાં ચોસઠહજાર હસ્તિ વિકુર્વ્યા. એક એક હસ્તિને પાંચ-સોને બાર બાર મુખ કર્યાં. એક એક મુખે આઠ આઠ દંતુશળ બનાવ્યા. દરેક દંતુશળે આઠ આઠ વાવ્યો અને દરેક વાવ્યોએ આઠ આઠ કમલ પ્રગટ કર્યાં. દરેક કમલે એક એક કર્ણિકા જ-

ણાતી હતી. એ દરેક કર્ણિકા ઉપર શક્રેંદ્રે પોતાને બેસવા યોગ્ય અણમોલ સિંહાસન ગોઠવ્યાં હતાં, ત્યાં ઈંદ્ર પોતે પોતાની આઠ પટ્ટરાણીઓ સાથે બેઠો. એ દરેક કમલને લાખ લાખ પાંદડાં હતાં. એ દરેક પાંદડા ઉપર બત્રીશ બત્રીશ દેવ દેવીઓ બત્રીશ પ્રકારનાં નાટક કરતાં હતાં. એ બધું ઈંદ્રે પોતાની શકિતથી વિકુર્વ્યું. એ બત્રીશ નાટક જોતા ને આકાશમાં થતા દુંદુભી નાદે સમસ્ત વિશ્વનું ધ્યાન ખેંચતા ઈંદ્ર નીચે ઉતરવા લાગ્યો. નીચે ઉતરી પ્રભુને વાંદી વંદન કરી યોગ્ય આસને બેઠો. ઈંદ્રની આવી અપૂર્વ શકિતથી સર્વ ચકિત થઈ ગયા હતા.

દશાર્ણભદ્ર રાજા તો ઈંદ્રની આવી અપૂર્વ સમૃદ્ધ જોઈ [illegible] થઈ ગયો. તેને પોતાનો [illegible] જોઈ ઉતરી ગયો.

[illegible] ઉપરથી ઉતરવાનો વિચાર [illegible] નીચે ઉતરવાને માટે [illegible] આગલા પગ ઉપર [illegible] પૃથ્વીમાં પેસી ગયા. [illegible] હસ્તિના પગ [illegible] એવું નામ [illegible] લાગ્યું. એ [illegible] ગયા. [illegible] ગયા હતા. [illegible] શકિતને! [illegible]

તેની સમૃદ્ધિ પાસે મારી સમૃદ્ધિ તો તૃણ સમાન છે. હા ! ધિક્કાર છે મને કે મેં વૃથા ગર્વ કર્યો. કોઈએ જીનેશ્વરને ગર્વ પ્રકારે પૂજ્યા નથી. ઈંદ્રે મને પોતાની સમૃદ્ધિથી હરાવી દીધો. હવે જો હું દિક્ષા નહિ લઉંશ તો હું હાર્યો કહેવાઉંશ. માટે વ્રત ગ્રહણ કરૂં કે જેથી ઈંદ્રથી પણ હું શ્રેષ્ઠ થાઉં."

એમ વિચારી મહા બુદ્ધિનિધાન એવા દશાર્ણભદ્ર રાજાએ ગજ, અશ્વ, સ્ત્રી આદિથી શ્રેષ્ઠ એવું રાજ્ય એકે તત્કાળ તજી દીધું. ને પંચમુષ્ટિ લોચ કરી પ્રભુ પાસે સંજમ લીધો. ઈંદ્રે જાણ્યું કે રાજા જીત્યો ? હું દીક્ષા લેવાને તો સમર્થ નથી. તેથી ઈંદ્રે ભક્તિ સહિત દશાર્ણભદ્ર મુનિને વાંદીને કહ્યું "હે મહાનુભાવ ? તમને ધન્ય છે ! તમે સંયમવડે મને જીતી લીધો છે. એ સંયમને જીતવાને હું સર્વથા અસમર્થ છું. બીજાથી ન પુરી શકાય એવી પોતાની પ્રતિજ્ઞાને તમે પૂર્ણ કરી છે." એમ વારંવાર એની સ્તુતિ કરતો વીર પ્રભુને વાંદીને પોતાને સ્થાનકે ગયો.

દશાર્ણભદ્ર રાજા પણ દીક્ષા લીધા પછી ઘોર તપ કરી દુષ્કર્મનો ક્ષય કરીને કેવલપદ પામી મોક્ષે ગયા.

ગર્વથી ઇંદ્રને હરાવવાને લીધેલી દીક્ષા પણ દશાર્ણમુનિને કર્મનો ક્ષય કરાવીને મુક્તિને અપાવનારી થઈ. જેમ રંક ભિખારીએ ભોજનને માટે એક દિવસ જેટલી પણ લીધેલી દીક્ષા ત્રણ ખંડની ઋદ્ધિ સોંપનારી થઇ.

—※(◎◎)※—

કોશલ દેશના અઢાર રાજાઓ ચેડા મહારાજના સામંતો હતા. તે નવ મલ્લકી જાતિના ને નવ લેચ્છકી જાતિના હતા. તેઓએ અમાસને દિવસે પૌષધ કર્યો હતો. ને પૌષધમાં પ્રભુની વાણી સાંભળતા હતા.

એ વીરમાં ભક્તિમાન્ રાજાઓએ જીનેશ્વરના નિર્વાણ કલ્યાણકની પાછલી રાત્રે ભાવ ઉદ્યોત નાશ પામવાથી અંધકારને સહન કરવાને અસમર્થ એમણે દ્રવ્ય દીવાઓ કર્યા. તેમજ તે સમયે ભગવંતનો નિર્વાણ મહોત્સવ કરવાને આવતા દેવ દેવીઓના પ્રકાશથી રાત્રી તેજમય દેખાવા લાગી. તે સમયે અંધકારનો નાશ થાય એવાં રત્નો હાથમાં લઈને દેવતાઓ બોલવા લાગ્યા કે "શ્રી જીનરાજ પ્રત્યે આ અમારૂં આરતી ઉતારણ થાઓ." આ હેતુથી લોકોમાં સર્વ ઠેકાણે મેરાઈઆ (મેરણ થાઓ.) આરાત્રિક મારી આરતી) એ શબ્દ પ્રસિદ્ધ થયો, લોકો પણ હાથમાં દીપક લઈને "આ મારી આરતી." એમ બોલતા [illegible] સર્વ સ્થાનકે દીવા થવા લાગ્યા. [illegible] દિવાળીનું પર્વ [illegible] પ્રસિદ્ધ થયું. તેમજ [illegible]

[illegible]

[illegible]

સાંભળ્યું કે એમને ખેદ થયો. પછી અનિત્યની ભાવનાએ ચઢતા ક્ષપકશ્રેણી ઉપર આરૂઢ થઈ કેવલજ્ઞાન પામ્યા. ઈંદ્રે વીરપ્રભુનો નિર્વાણ મહોત્સવ કરી પ્રાતઃકાલે ગૌતમ સ્વામીનો કેવલ મહોત્સવ કર્યો.

ભગવંતના નિર્વાણથી એમના વડીલ બંધુ નંદીવર્ધન બહુ ખેદ પામ્યા હતા. એ ખેદમાં એમણે અન્ન પાણી વગર એકમનો દિવસ ભાઈના શોકમાં નિર્ગમન કર્યો. તેથી બીજને દિવસે એમની બેન સુદર્શનાએ ભાઈને પોતાને ત્યાં તેડી લાવી એમનો શોક મુકાવી ભોજન કરાવ્યું, ત્યારથી ભાઈબીજ જગતમાં પ્રસિદ્ધ થઇ. આજે પણ તે દિવસે બેન, ભાઈને પોતાને ઘેર તેડીને જમાડે છે." સુહસ્તિ સ્વામી દિવાળીપર્વના માહાત્મ્યનું વર્ણન કરીને અટક્યા.

"ભગવંત ! ભગવાન્ મહાવીરનું શાસન ક્યાં સુધી ચાલશે. અને બીજા તીર્થંકર આ ક્ષેત્રમાં હવે ક્યારે થશે ?" સંપ્રતિએ પૂછ્યું.

"રાજન્ ! ભસ્મગ્રહનાં બે હજાર વર્ષ અને પાંચશો વર્ષીનાં મળીને પચ્ચીસો વર્ષ તો શાસન ડોળાશે, પણ તે પછી જૈન ધર્મનો ઉદય થશે તે આ પાંચમા આરાના અંત લગી એકવીશ હજાર વર્ષ પર્યંત અસ્ખલિતપણે ચાલશે. હાલમાં યુગપ્રધાનોના ત્રેવીશ ઉદયમાં પહેલો ઉદય પ્રવર્તે છે. પહેલા ઉદયની શરૂઆતમાં પ્રથમ સુધર્મા સ્વામી થયા અને છેલ્લા પુષ્પમિત્ર થશે. એ ઉદયમાં ૨૦ યુગપ્રધાનો થવાના

છે. શ્રી મહાવીર નિર્વાણથી ૬૧૭ વર્ષ સુધીમાં પ્રથમ ઉદય સમાપ્ત થશે તે પછી વજ્રસેનસૂરીથી બીજો ઉદય થશે. અંતમાં અહર્નિમિત્ર યુગપ્રધાન થતાં બીજો ઉદય સમાપ્ત થશે. બીજા ઉદયમાં ૨૩ યુગપ્રધાનો થવાના શાસ્ત્રમાં કહ્યા છે. એ બીજો ઉદય ૧૩૮૦ વર્ષ પર્યંત ચાલશે.

મહાવીરસ્વામીના મોક્ષગમન પછી ગૌતમ સ્વામી કેવલજ્ઞાન પામ્યા. બાર વર્ષ પર્યંત કેવલીપણે વિચરી મોક્ષે ગયા. ને સુધર્મા સ્વામીને કેવલજ્ઞાન થયું. સુધર્માસ્વામીથી પ્રથમ યુગ પ્રધાનના ઉદયની શરૂઆત થઇ. પહેલા ઉદયમાં સુધર્મા સ્વામીથી પુષ્પમિત્ર પર્યંત ૨૦ યુગપ્રધાન થશે. આ ઉદયકાલ ૬૧૭ વર્ષ પર્યંત ચાલશે એનું કોષ્ટક આવી રીતે સમજવું.

અનુક્રમ	યુગપ્રધાન	ગૃહવાસ	દીક્ષાપર્યાય	યુગપ્રધાન	સર્વાયુ-માસ-દી
૧	સુધર્માસ્વામી	૫૦	૪૨	૮	૧૦૦-૩-૩
૨	જંબુસ્વામી	૧૬	૨૦	૪૪	૮૦-૫-૫
૩	પ્રભવ	૩૦	૪૪	૧૧	૮૫-૨-૨
૪	શય્યંભવ	૨૮	૧૧	૨૩	૬૨-૩-૩
૫	યશોભદ્ર	૨૨	૧૪	૫૦	૮૬-૪-૪
૬	સંભૂતિ	૪૨	૪૦	૮	૯૦-૫-૫
૭	ભદ્રબાહુ	૪૫	૧૭	૧૪	૭૬-૭-૭
૮	સ્થૂલિભદ્ર	૩૦	૨૪	૪૫	૯૯-૫-૫
૯	મહાગિરિ	૩૦	૪૦	૩૦	૧૦૦-૫-૫
૧૦	સુહસ્તિ	૩૦	૨૪	૪૬	૧૦૦-૬-૬

૧૧	ગુણસુંદર	૨૪	૩૨	૪૪	૧૦૦-૨-૨
૧૨	કાલિકાચાર્ય	૨૦	૩૫	૪૧	૯૬-૧-૧
૧૩	સ્કંદિલ	૨૨	૪૮	૩૬	૧૦૬-૫-૫
૧૪	રેવતિમિત્ર	૧૪	૪૮	૩૬	૯૮-૫-૫
૧૫	ધર્મસૂરિ	૧૮	૪૦	૪૪	૧૦૨-૫-૫
૧૬	ભદ્રગુપ્ત	૨૧	૪૫	૩૯	૧૦૫-૪-૪
૧૭	શ્રીગુપ્ત	૩૫	૫૦	૧૫	૧૦૦-૭-૭
૧૮	વજસ્વામી	૮	૪૪	૩૬	૮૮-૭-૭
૧૯	આર્યરક્ષિત	૨૨	૪૦	૧૩	૭૫-૭-૭
૨૦	પુષ્પમિત્ર	૧૭	૩૦	૧૩	૬૦-૭-૭

વજસેન સ્વામીથી યુગપ્રધાનોના ૨૩ ઉદયમાં બીજો ઉદય થશે. એ બીજા ઉદયમાં ૨૩ યુગપ્રધાનો થવાના છે. છેલ્લા ત્રેવીશમા અર્હન્મિત્ર યુગપ્રધાન થશે. બીજો ઉદય લગભગ ૧૩૮૦ વર્ષ પર્યંત ચાલશે. તેની ગણુના અનુક્રમે સમજવી.

નંબર	યુગપ્રધાન	ગ્રહવાસ	દીક્ષાપર્યાય	યુગપ્રધાનપદ	સર્વાયુ-માસ-દિન
૧	વજસેન	૯	૧૧૬	૩	૧૨૮-૩-૩
૨	નાગહસ્તિ	૧૯	૨૮	૬૯	૧૧૬-૫-૫
૩	રેવતીમિત્ર	૨૦	૩૦	૫૯	૧૦૯-૨-૨
૪	સિંહસૂરિ	૧૮	૨૦	૭૮	૧૧૬-૩-૩
૫	નાગાર્જુન	૧૪	૧૯	૭૮	૧૧૧-૫-૫
૬	ભૂતદિન્ન	૧૮	૨૨	૭૯	૧૧૯-૪-૪
૭	કાલિકાચાર્ય	૧૨	૬૦	૧૧	૮૩-૭-૭
૮	સત્યમિત્ર	૧૦	૩૦	૭	૪૭-૫-૫

૯	હારિલ	૨૭	૩૧	૫૪	૧૧૨-૫-૫
૧૦	જીનપ્રભગણિ	૧૪	૩૦	૬૦	૧૦૪-૬-૬
૧૧	ઉમાસ્વાતી	૨૦	૧૫	૭૫	૧૧૦-૨-૨
૧૨	પુષ્પમિત્ર	૮	૩૦	૬૦	૯૮
૧૩	સંભૂતિ	૧૦	૧૯	૪૯	૭૮-૨-૨
૧૪	સંભૂતિગુપ્ત	૧૦	૩૦	૬૦	૧૦૦-૫-૫
૧૫	ધર્મરક્ષિત	૧૫	૨૦	૪૦	૭૫-૪-૪
૧૬	જ્યેષ્ઠાંગગણિ	૧૨	૧૮	૭૧	૧૦૧-૩-૩
૧૭	ફુલકમિત્ર	૧૪	૧૩	૪૯	૭૬-૭-૭
૧૮	ધર્મઘોષ	૮	૧૫	૭૮	૧૦૧-૭-૭
૧૯	વિનયમિત્ર	૧૦	૧૯	૮૬	૧૧૫-૭-૭
૨૦	શીલમિત્ર	૧૧	૨૦	૭૯	૧૧૦-૭-૭
૨૧	રેવંતસૂરિ	૯	૧૬	૭૮	૧૦૩
૨૨	સ્વપ્નમિત્ર	૧૨	૧૮	૭૮	૧૦૮
૨૩	અર્હન્મિત્ર	૨૦	૧૬	૪૫	૮૧

૧૩૮૦ વર્ષ બીજો ઉદય [illegible]
પ્રધાનનો બીજો ઉદય [illegible] બીજા ઉદયમાં ૯૮ યુગ
બીજો ઉદય સંવત ૧૩૬૦ માં થશે. [illegible]
પ્રધાનો થશે ઉદયાયુગ પ્રધાન [illegible] થશે.

[illegible] ૯ વર્ષ [illegible] ૮૨ વર્ષ [illegible]
[illegible] ૯ વર્ષ [illegible] કુલ ૧૦૦ વર્ષ [illegible]
[illegible] થશે. બીજો ઉદય [illegible]

ચોથા ઉદયમાં પ્રથમ હરિસ્સિહસૂરિ ૮૨ વર્ષના આયુષ્યવાળા થશે નવ વર્ષે દીક્ષા ગ્રહણ કરી ૬૦ વર્ષ વ્રતપર્યાય અને ૧૩ વર્ષ યુગપ્રધાનપણામાં એવી રીતે ૮૨ વર્ષનું આયુષ્ય પૂર્ણ કરી સ્વર્ગે જશે. ચોથા ઉદયમાં ૭૮ યુગપ્રધાન થશે. છેલ્લા સત્કીર્તિ નામે યુગપ્રધાન ૧૬ વર્ષ ગૃહસ્થપણે, ૨૨ વર્ષ વ્રતપર્યાયને ૧૮ વર્ષ યુગપ્રધાનપણામાં કુલ ૫૬ વર્ષના આયુષ્યવાળા થશે. આ ઉદય ૧૫૪૫ વર્ષ પ્રમાણ ચાલશે.

પાંચમો ઉદય નંદિમિત્રસૂરિથી શરૂ થશે આ ઉદયમાં ૭૫ યુગ પ્રધાનો થશે. છેલ્લા યુગપ્રધાન યાવરસુત નામે થશે એ પાંચમો ઉદય ૧૯૦૦ વર્ષ પર્યંત રહેશે.

છઠ્ઠા ઉદયમાં પ્રથમ સૂરસેનસૂરિ થશે. અને અંતમાં રહસુત યુગપ્રધાન થશે. આ ઉદય ૧૯૫૦ વર્ષ પર્યંત ચાલશે. સાતમા ઉદયમાં રવિમિત્રસૂરિ પ્રથમ યુગપ્રધાન થશે. અને છેલ્લા જયમંગલસૂરિ થશે, આ ઉદય ૧૭૭૦ વર્ષ લગી રહેશે. આઠમા ઉદયમાં શ્રી પ્રભયુગ પ્રધાન થશે. તે ૧૩ વર્ષની ઉમરે દીક્ષા ગ્રહણ કરશે. ૪૨ વર્ષ વ્રતપર્યાય અને ૮ વર્ષ યુગપ્રધાન પદ ભોગવશે. જગત્ વિખ્યાત કલંકી આ આઠમા ઉદયની શરૂઆતમાં અર્થાત શ્રી પ્રભયુગપ્રધાનના સમયમાં થશે. છેલ્લા સિદ્ધાર્થ યુગપ્રધાન પછી એ ઉદય પૂર્ણ થશે. આઠમો ઉદય ૧૦૧૦ વર્ષ પર્યંત ચાલશે. કલંકીના રાજ્યાંતમાં શ્રી પ્રભ યુગપ્રધાન થશે.

છઠ્ઠા ઉદયમાં ૮૯ યુગપ્રધાન, સાતમામાં ૧૦૦ યુગ

ઘરની આકૃતિ સમાન ઉગેલાં એ કલ્પવૃક્ષોમાંજ યુગલિકો
નિવાસ કરીને રહે છે. ત્યાં જુ, માંકડ, ડાંસ, મચ્છર, માખી
વગેરે શરીરને ઉપદ્રવ કરનારા ક્ષુદ્ર જીવો ઉત્પન્ન થતા નથી.
હિંસાળુ એવા સિંહ વ્યાઘ્ર પણ અલ્પ કષાયવંત હોવાથી તે
સમયે હિંસા કરતા નથી. મનુષ્યની માફક તિર્યંચ જીવો
પણ જોડકાપણે ઉત્પન્ન થાય છે.

એવી રીતે આયુષ્ય, બળ, શરીર વૃદ્ધિ પામતાં પાંચમા
આરામાં જાય છે. અનુક્રમે ત્યાંથી છઠ્ઠે આરે આવે છે તે પૂર્ણ
થતાં પાછો અવસર્પિણીનો પહેલો આરો આવે છે. ઉત્સર્પિ-
ણીનો છઠ્ઠો અને અવસર્પિણીનો પહેલો આરો સરખાજ હોય છે.
ફેર માત્ર એટલો જ કે ઉત્સર્પિણીમાં કાળ અનુક્રમે ચડતો
હોય છે ત્યારે અવસર્પિણીમાં અનુક્રમે ઉતરતો કાલ આવે છે.

અવસર્પિણીનો પહેલો બીજો ને ત્રીજો આરો યુગલીક
ધર્મવાળો હોય છે એટલે ઉત્સર્પિણીનો ચોથો, પાંચમો ને
છઠ્ઠો અને અવસર્પિણીનો પહેલો બીજો ને ત્રીજો એમ છ
આરા યુગલિક ધર્મવાળા હોવાથી લગભગ કંઈકન્યૂન અઢાર
કોડાકોડી સાગરોપમ પર્યંત આ ભરતક્ષેત્રમાં યુગલિક ધર્મ
હોવાથી તે સમયે ધર્મનો વિચ્છેદ હોય છે. તેમજ કૃષિ, વાણિ-
જ્યાદિકથી પણ રહીત એ સમય સમજવો. એવી રીતે પાંચ
ભરત અને પાંચ ઐરવતની સ્થીતિ સમજવી.

આવતા ઉત્સર્પિણીના ત્રીજા આરામાં થનારા તીર્થંકરનાં
નામ ભગવાન મહાવીરે શાસ્ત્રમાં બનાવ્યાં છે તે પ્રમાણે
સમજવાં.

આ પાંચમા આરામાં ભસ્મગ્રહનું બળ અધિક હોવાથી જૈનશાસન બહુ ડોળાશે અનેક શત્રુઓ એની ઉપર કટાક્ષ કરશે. એને અસત્ય ઠરાવવાનો પ્રયત્ન કરશે અને પોતાનું ખોટું હશે તેને સત્ય કરી સ્થાપશે; છતાં કાલના દોષે કરીને લોકોનાં મન એ અસત્યમાં સત્યનું ભાન કરાવશે. અલ્પસત્વવાળા લોકો ઉત્પન્ન થવાથી તેમજ બહુલકર્મી હોવાથી તપ કરવું કે કષ્ટસાધ્ય ધર્મસાધન કરવું એઓને ગમશે નહી. જીહ્વાના લોલુપી એ લોકો ખાવા પીવામાંજ આસક્ત રહેશે. એવી રીતે પંચેંદ્રિયના વિષયમાં પ્રમત્ત એવા લોકોને આવો અપૂર્વ ત્યાગધર્મ ગમશે નહી જેથી અનેક પ્રકારે એને ડોળવા પ્રયત્ન કરશે.

એટલુંજ નહી પણ જૈન શાસનમાં પણ અનેક ગચ્છો પ્રગટ થશે. એ દરેક ગચ્છના આચાર્યો પોતપોતાના ગચ્છનું મહત્વ સ્થાપવા માટે પોતાનું સત્ય કહીને બીજા મતને ઉત્થાપશે. એથી ગચ્છોમાં પણ ઝઘડા ઉભા થશે. એવી રીતે અનુક્રમે આ ક્ષત્રિય ધર્મની સ્થીતિ વૈશ્યના હાથમાં જતાં ચારણીની માફક થઇ જશે. એવી સ્થીતિમાં ભસ્મગ્રહ પૂર્ણ થશે.

ભસ્મગ્રહ ઉતરતાં એ વિખવાદ ઓછો થશે અને યુગપ્રધાનનો ત્રીજો ઉદય થતાં જૈનધર્મમાં નવીન જોર પ્રગટ થશે. અંદર અંદરની આગ કંઇક શાંત પામશે.

એ યુગપ્રધાનોનો પ્રભાવ બીજા લોકોપર પણ પડશે. તેમના ઉપદેશની અસરથી ધર્મ વૃદ્ધિ પામતો જશે, ગમે તેવી

" આહા ? શ્રી ભગવંતની શી જ્ઞાન શક્તિ ? આપ જેવી રીતે એનું વર્ણન કરો છો અચુક એ પ્રમાણેજ તે છે."

" તેં શી રીતે જાણ્યું ? "

" ભગવન્ ? સાતમી ભૂમિકાએ હું વિલાસસુખમાં મગ્ન હતો ત્યાં આ અધ્યયનના શબ્દો મારા સાંભળવામાં આવ્યા. જેથી મને જાતિસ્મરણ જ્ઞાન થયું એથી હું જાણી ગયો છું કે એ વિમાનમાંથીજ હું અહીયાં આવ્યો છું. હવે પાછો ફરીને ત્યાં જવા ઇચ્છું છું. તો ભગવંત ? ત્યાં શી રીતે જવાય ? "

એની આવી વાણી સાંભળીને સૂરિવર વિચારમાં પડયા. " ઓહો ? શી ભવિતવ્યતા છે. ભાવી બળવાન છે ? "

" વત્સ ! ત્યાં જવું હોય તો દીક્ષા લેવી જોઇએ. ચારિત્ર વગર એ સ્થાન પ્રાપ્ત થઇ શકતું નથી ? "

" તો મને આપ દીક્ષા આપો. મારા ઉપર એટલો અનુગ્રહ કરો ? એ મારૂં વિમાન, એ મારી દેવાંગનાઓ, એ મારા સેવક દેવતાઓ, એ સમૃદ્ધિ, વૈભવ, ઠકુરાઈ વીગેરે આગળ આ કંઇ નથી. આ મારી સ્ત્રીઓ તો મને ડાકણ જેવી લાગે છે. માટે હું હવે સત્વર પાછો મારા સ્થાનકે જવા ઇચ્છું છું. "

" વત્સ ? તું હજી બાળક છે ? સાધુવ્રત પાળવું એ દુષ્કર છે. લોહના ચણા ચાવવા સહેલા છે, પણ અતિચાર રહિત વ્રત પાળવું એ દોહલું છે. "

" ભગવંત ? ગમે તેમ પણ હું વ્રત લેવાને ઉત્સુક છું

હું ત્યાં જવાને અધિરો થઈ રહ્યો છું માટે ગમે તેમ કરીને પણ વ્રત આપો ? "

" જો તારો દૃઢ આગ્રહ હોય તો પ્રથમ તારા બંધુ વર્ગની અને માતાની સંમત્તિ મેળવ ?" ગુરૂએ કહ્યું.

તે પછી અવંતીએ ઘરે આવી માતાને નમી એમની રજા માગી. પણ એ માતાએ રજા આપી નહિ જેથી એ ગ્રાહસિકે પોતાને હાથેજ કુટુંબનાં દેખતાં લોચ કરી નાંખ્યો. ગૃહવ્યવહારથી વિમુખ થઈ સાધુ થઈને રહ્યો. જેથી ન છૂટકે રજા મળવાથી તેજ વેષે અવંતી આર્યસુહસ્તિસ્વામી પાસે આવ્યો ને તેમની પાસે પંચ મહાવ્રત ઉચર્યા.

" ભગવન્ ? ચિરકાલ પર્યંત વ્રત પાળવાને હું સર્વથા અસમર્થ છું. માટે મારે શું કરવું તેનો રસ્તો બતાવો ? "

" વત્સ ? અવંતીના કંથારિકાના વનની સ્મશાનભૂમિમાં જઈ તું ત્યાં અનશન અંગીકાર કરીને રહેજે. તારા ધ્યાનમાં જ તું મગ્ન રહેજે." ગુરૂએ જ્ઞાનથી લાભ જોઈને અનુજ્ઞા આપી.

ગુરૂની રજા મેળવી અવંતી મુનિ સ્મશાન તરફ ચાલ્યા ગયા. સુકુમાલ હોવાથી કાંકરા વગેરેના સ્પર્શથી એમને પગે રૂધીર નીકળ્યું; છતાં પણ એને નહીં ગણતાં સ્મશાનમાં આવી ને કાયોત્સર્ગ મુદ્રાએ રહ્યા. ને અનશન કરીને કાયાને વોસરાવી દીધી.

માર્ગમાં તેમના ચરણમાંથી રૂધીર ટપકેલું હોવાથી તેની ગંધથી આકર્ષાયેલી એક શિયાલણ પોતાના બાળકો સહિત

લોહી ચાટતી ચાટતી ત્યાં એ કંથારિકાના વનમાં પેઠી.

યમની બેન સમી એ શિયાલણી રૂધિરવ્યાપ્ત મુનિના ચરણને ખાવા લાગી. રાત્રીના પ્રથમ પહોરે બે પગ ભક્ષણ કર્યા. બીજે પહોરે તેમના બે સાથળ ખાઇ ગઇ. અને ત્રીજે પહોરે તેમનું ઉદર ખાવા લાગી. ત્રણ પ્રહર લગી એ શીયાલણે એ મુનિની ભારે કદર્થના કરી. છતાં પણ ચોથે પહોરે એ મહાસત્વધારી શુભ ધ્યાનથી અસ્ખલિતપણે મરણ પામીને જ્યાંથી આવ્યા હતા ત્યાં દેવાંગનાઓના ઉત્સંગમાં રમવાને ચાલ્યા ગયા—નલિનીગુલ્મ વિમાનમાં મહર્દ્ધિક દેવતા થયા.

પ્રાત:કાળે ભદ્રા માતા પોતાની પુત્રવધુઓની સાથે ગુરૂને વંદન કરવા આવી, પણ ત્યાં પોતાના પુત્રને જોયો નહીં. જેથી પૂછયું કે, " મારો પુત્ર ક્યાં છે ? "

ગુરૂએ જ્ઞાનથી એનો વૃત્તાંત જાણીને કહ્યું કે ' તમારો પુત્ર તો જ્યાંથી આવ્યો હતો ત્યાં ઉત્પન્ન થઇ ગયો ! '

તે પછી ભદ્રા શોક કરતી કંથારિકા વનમાં આવી. ત્યાં પુત્રનું કલેવર જોઇને તે અશ્રુ પાડતી પુત્રવધુઓ સહીત વિલાપ કરવા લાગી. " અરે દિકરા ? અમને તો આશા હતી કે ભલે દીક્ષા લીધી પણ તારાં રોજ દર્શન તો કરશું ? પણ તેં તો અમારો એ મનોરથ પણ નિષ્ફળ કર્યો. તું આવો નિર્દય થઇ ગયો. હા ? દીક્ષા લઇને એક વાર પણ તેં મારું [illegible] પાવન ન કર્યું.

અરે વ્રતની ઇચ્છાથી તું કદાચ અમારી ઉપર તો નિર્મોહી થઈ ગયો પણ ગુરૂ મહારાજને તું કેમ તજી ગયો ? હાય ? વત્સ ? હવે તારૂં દર્શન ક્યાં થશે ? આહા ! જ્યાં સંજોગમાં વિજોગ છે અને વિજોગમાં દુઃખ છે. દુઃખથી કર્મબંધન છે. કર્મબંધનથી સંસારમાં જન્મ મરણ છે. અરે આજે મારૂં સમૃદ્ધિવંતુ ઘર પણ શૂન્ય અરણ્યવત થઈ ગયું—સ્મશાન જેવું થઇ ગયું." આ પ્રમાણે વિલાપ કરતી ભદ્રા શેઠાણી ક્ષીપ્રા નદીના કાંઠા ઉપર પુત્રનું મૃતકાર્ય કરી વધુઓ સહીત ઘેર આવી. આજે એ સમૃદ્ધ ઘર એને ખાવા ધાતું હતું. એ શૂન્ય ઘરમાં એને મુદ્દલે ચેન પડતું નહીં. વૈરાગ્યથી રંગાયેલી એ ભદ્રા શેઠાણીએ પોતાની એક સગર્ભા વહુને ઘેર મુકીને સર્વની સાથે ગુરૂ પાસે દીક્ષા અંગીકાર કરી.

એ અવંતીની એક સ્ત્રી ગર્ભવંતી હતી તે ઘેર રહેલી, તેને એક પુત્ર થયો તેનું મહાકાલ નામ પાડયું. એ મહાકાલે યૌવન વયમાં જે ઠેકાણે પિતાનું મહામરણ થયેલું ત્યાં મહાકાલ નામે પ્રાસાદ બંધાવી શ્રી પાર્શ્વનાથની પ્રતિમા ભરાવી પોતાના પિતાને નામે નામ રાખી એ અવંતી પાર્શ્વનાથ ત્યાં પ્રતિષ્ઠિત કર્યા.

ગુરૂ મહારાજ તો તે પછી ત્યાંથી વિહાર કરતા ભવ્ય જનોને પ્રતિબોધ આપી પૃથ્વીને પાવન કરવા લાગ્યા.

એ અવંતી પાર્શ્વનાથ પણ શાસન પ્રભાવક અને પ્રતિષ્ઠિત હોવાથી ચારે વર્ણોમાં પૂજાવા લાગ્યા. પરન્તુ કાલાંતરે બ્રાહ્મણોનું

જોર વૃદ્ધિ પામતાં એમણે એ પ્રતિમાને ભોંયરામાં ભંડારી એની ઉપર મહાદેવનું લિંગ સ્થાપન કરી દીધું અને તે પછી મંદીર મહાકાલ તરીકે પ્રસિદ્ધ થયું. ઈશ્વર તે મહાકાલેશ્વર કહેવાયા.

તે પછી મહાન્ વિક્રમના સમયમાં સિદ્ધસેન દિવાકર સૂરિએ શિવલિંગને તોડીને એ અવંતી પાર્શ્વનાથની મૂર્તિ હજારો લોક સમક્ષ પ્રગટ કરી એ ઈતિહાસ જગતપ્રસિદ્ધ છે.



પ્રકરણ ૩૭ મું.

અખંડિત આજ્ઞા.

અનાર્ય દેશના કોઇ બળવાન્ સામંતે સંપ્રતિ રાજા ચુસ્ત અહિંસાધર્મનો ઉપાસક થવાથી એની સામે માથુ ઉચક્યું. ને તેણે પોતાની સ્વતંત્રતા જાહેર કરી સંપ્રતિના દૂતોનું અપમાન કરવા માંડયું. એક તરફથી એ પોતાનું લશ્કરી બળ અને તેનાં સાધનો વધારતો ગયો. બીજી તરફથી નજીકના બીજા રાજાઓને ભયથી લાલચથી દબાવતો પોતાના પક્ષમાં ખેંચી બળ વધારતો હતો. એ ગર્વિષ્ટ રાજાએ જાણ્યું કે સંપ્રતિ દયાધર્મનો ઉપાસક બની નિઃસત્વ થઇ ગયો હશે, એને જીતવો એમાંતે શું મોટી વાત છે!" એમ માનીને સંપ્રતિની આજ્ઞાઓ અમાન્ય કરવા લાગ્યો.

દૂતોએ આવીને આ સમાચાર મહાન્ સંપ્રતિને આપ્યા. એ ઉદ્ધત રાજાનો ગર્વ તોડવાને પોતાના સામંતોમાંથી એક સામંતને એની ઉપર રવાને કર્યો, મોટું લશ્કર તેમજ બીજા અનેક સરદારો એની સાથે હતા. •

એ સામંતનું વિશાળ સૈન્ય પોતાના દેશમાં ધસી આવતું પોતાના અનુચરોથી જાણી લઇ એ અનાર્ય રાજા પોતાના બલવાન સૈન્ય તેમજ બીજા કેટલાક રાજાઓ સાથે તેમની સામો આવીને ઉભો રહ્યો. અરસપરસ ભયંકર યુદ્ધ થયું. એમાં અનેક જીવોનો સંહાર થયો.

રથી સાથે રથી, પાયદલ સાથે પાયદલ, ને ઘોડેસ્વાર સાથે ઘોડેસ્વારો પોતપોતાના સ્વામીનું નિમકહલાલ કરતા શૌર્યથી લડયા. એ બળવાન અનાર્ય રાજા તથા તેના પુત્રો લશ્કરને મોખરે શસ્ત્રને ધારણ કરતા ધસી આવ્યા. ઘાસની માફક લશ્કરનો ઘાણ નિકળતો જોઇ સંપ્રતિનું લશ્કર મહાન્ છતાં ઉત્સાહ રહીત થઈ ગયું. પોતાના લશ્કરની આ સ્થિતિ જોઇ પેલો સામંત ચમકયો " અરરર ! જો લશ્કર હાર્યું તો મહારાજને હું મોં શું બતાવીશ ! માટે શ્યામ મુખે એમની પાસે જવા કરતાં અહીયાંજ આત્મ સમર્પણ થાય તો સ્વામિભકિત તો સાર્થક થાય. ! વળી શત્રુ પણ બળવાન છે. એક છતાં અનેકરૂપે દેખાતો તે મારા સૈન્યની ખુવારી કરી રહ્યો છે. તો મારે તેની ઉપેક્ષા ન કરવી જોઇએ."

એવી રીતે યુદ્ધ કરતાં કેટલાય દિવસો પાણીના પ્રવા-

હની માફક વહી ગયા છતાં પરિણામ કંઇ જણાયું નહી. બન્નેના લશ્કરોમાં અસંખ્ય જનોની ખુવારી થઈ હતી; છતાં અનાર્ય રાજા ઉત્સાહમાં હતો એણે જોયું કે જીતનું પાસુ એના પક્ષમાં હતું.

મહાન્ સંપ્રતિના સામંતે પોતાના સરદારોને ભેગા કરીને મંત્રણા કરી કે " શું કરવું ? આપણા લશ્કરનો ઘણો ભાગ નાશ થઇ ગયો છતાં જીત તો જણાતી ન હતી. " એણે સરદારોની સલાહ માગી.

" આપણે નવું લશ્કર મંગાવવું, અને ત્યાં સુધી બચાવ પક્ષમાં ઉભા રહેવું ? " એક સરદારે કહ્યું. શત્રુ બળવાન છે–અજેય છે !

" શું મોં લઇને આપણે એ સમાચાર આપવા ? મહારાજને તરતજ આપણા નિઃસત્વપણાની એથી ખાતરી થશે, આટઆટલું બળ છતાં આપણે ન ફાવ્યા તો બીજા લશ્કર વડે કરીને શું ? "

" બરાબર છે ! આવતી કાલની પ્રભાતે આપણે કેશરીયાં કરી તુટી પડવું. જો એને જીતીશું તો જીવીશું. નહીતર આપણી પછી મહારાજ ભલે લશ્કર લઇને આવે ! પણ હારીને કે હારના ત્યાં સમાચાર આપવા એતો આપણા શૌર્યને કલંકીત કરવા જેવું છે. ક્ષત્રીયનું બળ તો એના પોતાના બાહુમાં છે–એની તલવારમાં છે. મહારાજ પોતેજ એ દૃષ્ટાંતનો નમુનો છે, " એક સરદારે પોતાનો અભિપ્રાય આપ્યો.

" ખચીત આ જમાનાના એતો મહારથી પુરૂષ છે. એ મહારથી પુરૂષ આપણી હારના સમાચાર સાંભળશે ત્યારે એને કેટલું દુઃખ થશે. હાર શું છે એતો વાસુદેવની માફક એ સમજતાજ નથી. બસ એટલું એજ એમનો મહામંત્ર છે. માટે આપણે પણ આપણા બાહુ શત્રુને આવતી કાલના યુદ્ધમાં બતાવવા ! " બીજા સરદારે કહ્યું.

" શાહબાશ બહાદુરો ! તમારા મતને હું ભળતોજ છું. આવતી કાલે સૈન્યને મોખરે સેનાધિપતી થઇ હું ચાલીશ. તમે મારી પછવાડે રહેજો. યુદ્ધમાં તમારૂં ક્ષત્રીયત્વ બતાવજો. આવતી કાલનો આથમતો સૂર્ય ચાહે તો એ ન જુવે અથવા તો હું ન જોઉં. પણ મારા જીવતાં તો હારના સમાચાર હું મહારાજને આપીશ નહી. " એ સામંતના શબ્દો બધાએ વધાવી લીધા ને રણોત્સાહ વૃદ્ધિ પામ્યો.

ચર માર્ફતે આ સમાચાર અનાર્ય રાજાએ પણ જાણ્યા હતા. તે તો ખુશી થયો ઠીકજ થયું કે " આવતી કાલે યુદ્ધનો અંત આવશે. મારૂં રાજ્ય જગત ઉપર આ જમાનામાં સ્વતંત્ર મહારાજ્ય કહેવાશે. "

બીજા દિવસનો સૂર્યોદય થતાં બન્ને લશ્કરો સામસામે આવીને હાજર થયાં. ને તરતજ યુદ્ધની શરૂઆત થઈ. આજે યુદ્ધનો જોશ ભયંકર હતો. સામંત અને તેના સરદારો સૈન્યના મોખરે રહી લડી રહ્યા હોવાથી એમના સૈન્યમાં ઉત્સાહ અપૂર્વ હતો. કાપાકાપી મારામારી અસી સામે અસી, ભાલા

સામે ભાલા ને તીર સામે તીર અથડાઈ રહ્યાં હતાં. સંસા
દરેક પ્રવૃતિ છોડી યુદ્ધમાંજ એમના ચિત્તની એકાગ્રતા હ
યુદ્ધ કરતાં ત્રીજો પ્રહર થવા આવ્યો. લાખો સૈનિકો એ
હોમાયા. લડતાં લડતાં એ અરસામાં અનાર્યરાજા અને સામ
સામસામે આવી ગયા. બન્ને એક બીજા તરફ ધસ્યા આંખો
ખુન હતું બાહુમાં બળ હતું શરીરમાં અપુર્વ શૌર્ય હ
સ્ફુર્ત્તિ હતી. એક બીજાના જીવ લેવાને–યુદ્ધનું છેવટ આણવ
એક બીજા ઉપર તુટી પડયા. હરીફથી પોતપોતાનો બચ
કરતાં એકબીજા ઉપર ઘા કરવાને અચુક નેમ સંધાતી. કેટલે
સમય પર્યંત એ યુદ્ધ ચાલ્યું. બાહુમાં બન્ને સરખા જણાય
કોનું બળ અધિક છે એ કળી શકાયું નહી. કોણ હારશે એ
ભાવીના પડદામાં છુપાયેલ હોવાથી અલ્પમતિવાળાને અનિ
શ્ચિત હતું.

બન્ને એક બીજાનો ઘા ચુકવતા હતા. બન્નેના સરદારે
પોતપોતાના સ્વામીની રક્ષા માટે એમની પડખે પોતાનું શૌર
બતાવી શત્રુઓને હંફાવતા હતા.

એવામાં બન્નેના હાથીઓનાં માથાં ભટકાયાં. સામંતન
હાથીએ ક્રોધથી પોતાની સૂંઢ એવી તો દુશ્મનના હાથી ઉપ
પછાડી એની સુંઢને દબાવી કે હાથી ચકરી ખાવા લાગ્યો
જેથી અનાર્યરાજા જરા બેચેન થયો કે સામંત તરતજ છલંગ
મારી એના હાથી ઉપર કુદ્યો ને ત્યાં બાહુ યુદ્ધ જામ્યું. સામં
તના હાથીએ પોતાના સ્વામીને તક મલી જાણીને દુશ્મનના
હાથીને પોતાની સુંઢના સપાટામાં સપડાવી રાખ્યો.

બાહુ યુદ્ધમાં સામંતે અનાર્ય રાજાને આખરે પટકીને નીચે પાડી એને બાંધી લીધો. એ બંધન થયેલા રાજાને ઉચકીને પોતાના સરદારોની મધ્યમાં ફેંકયો. ભાલાની અણીઓથી છુંદાયેલો એ રાજા મરતો મરતો માંડ બચીને બંધીવાન થયો. તરતજ નજીકમાં ઉભેલા પોતાના હાથી ઉપર સામંત કુદી ગયો ને શત્રુનું સૈન્ય ચારે તરફ નાસવા લાગ્યું. તે પછી છુટેલા રાજાઓને પણ સામંતે બાંધ્યા. એમની રાજ્યધાનીઓમાં પોતાના સ્વામીની આણ અખંડિત કરતો પોતાનો અધિકારી નિમીને તે સ્વામીને આવીને નમ્યો. મહાન્ સંપ્રતિએ સામંત અને સરદારોને તેમની યોગ્યતા પ્રમાણે બક્ષીસો આપી નવાજ્યા. ને જીતેલા અનાર્ય રાજાને પોતાનો બંધીવાન રાખી એના પુત્રને પોતાની આજ્ઞા કબુલ કરાવી રાજ્ય આપ્યું. ત્રણે ખંડમાં સંપ્રતિની આજ્ઞા એવી રીતે અખંડિત રહી. એ આજ્ઞા વાસુદેવની માફક એના જીવનના અંત લગી અભંગ રહી.



પ્રકરણ ૩૮ મું.

ઉપસંહાર.

સમય સમયનું કાર્ય કર્યે જાય છે તે અનુસારે નવાનું જુનું ને જુનું તે પુરાણું થયા કરે છે સુખશાંતિમાં ત્રણ ખંડનું રાજ્ય ભોગવતાં મહાન સંપ્રતિને વીર ભગવાનની ત્રીજી સદી પણ પસાર થઇ ગઈ. અને ચોથી સદીના પણ વર્ષો પાણીના

પ્રવાહની માફક વહ્યાં જતાં હતાં. એ અરસામાં પૃથ્વીના ચોક
ઉપર કઈ કઈ ઘટનાઓ બને જતી હતી. જે કાલે જે નિર્માણ
હતું તે થયાં કરતું હતું, વીરસંવત ૨૯૧ માં એટલે લગભગ
ત્રાજી સદીના અંતમાં શ્રી આર્યસુહસ્તિસ્વામી શ્રી સુસ્થિત
અને સુપ્રતિબદ્ધને પોતાની પાસે સ્થાપી દેવબાળાઓની મનો-
કામના પૂર્ણ કરવાને ગયા. તે અરસામાં સમ્રાટ્ અશોકપણ મ-
ગધના તખ્ત ઉપરથી પરલોકનું તખ્ત ભોગવવાને રવાને થયા.
તે મહાન્ સંપ્રતિ ત્રણખંડના અધિપતિ તરીકે રાજ્યાભિષેકથી
રાજ્યારૂઢ થયા. સોળ હજાર રાજાઓ (કોઈ ઠેકાણે આઠ હ-
જાર કહ્યા છે તત્વ કેવલીગમ્ય) એમની સેવામાં હાજર હતા
જ્યાં સુધી દાદાજીની હયાતિ હતી ત્યાંલગી મગધપતિ દાદાજી
અશોક હતા. અને મહાન્ સંપ્રતિ ઉજ્જયિનીમાંજ રહીને ઘણો
ખરો વખત પસાર કરતા. ત્યાંથી દુનિયાના દરેક દેશો ઉપર
હકુમત ચલાવતા હતા. એમનું આયુષ્ય પુરેપુરું સો વર્ષનું હો-
વાથી દીર્ઘકાળ પર્યંત પૃથ્વીની સમૃદ્ધિ ભોગવી ચોથી સદીનાં
પણ કેટલાંક વર્ષ પસાર થયા બાદ લગભગ દોઢ બે દાયકા વીત્યા
પછી પોતાનું સંપૂર્ણ આયુષ્ય સો વર્ષનું પૂર્ણ કરીને દેવલોકની
સમૃદ્ધિ ભોગવવા ગયા. ત્યાંથી તે શીવવધુના ભાગ્યમાં રમવાને
જશે. ત્રણખંડ ધરતીના એમણે લગભગ ગામો ગામને નગરે
નગર જીનમંદિર કરવાથી પૃથ્વીને જીનમંદિરથી વિભૂષિત કરી
એમણે ૯૯૦૦૦ જીન મંદિરોનો જીર્ણોદ્ધાર કરાવ્યો અને
૩૬૦૦૦ નવાં મંદિરો તૈયાર કરાવ્યાં એટલુંજ નહીં પણ રોજ
કે દરરોજ મોઢામાં કોળીયો એક જીનમંદિર તૈયાર થયેલું સાં-

બળી એમને ભોજન કરવાનો નિયમ હતો. સો વર્ષના તેમના આયુષ્યના પ્રમાણમાં ઉપદેશક પ્રમાણે નવાં અને જીર્ણોદ્ધાર મંદિરો તૈયાર થયાં.

તે સિવાય સોનાં, રૂપાંદી, પીતલ, પાષાણ વગેરેની કરાવેલી પ્રતિમા તો સવાક્રોડની સંખ્યા જેટલા પ્રમાણવાળી હતી, એમનાં બંધાવેલાં મંદિરો નાગેલ, ગિરનાર, શત્રુંજય, રતલામ વગેરે ઘણે સ્થળે અદ્યાપિપણ જોવામાં આવે છે. તેમજ એમની પ્રતિમાઓપણ ઘણે ઠેકાણે દૃષ્ટિગોચર થાય છે.

મહાન સંપ્રતિએ અનાર્યદેશોમાં પણ સાધુઓનો વિહાર કરાવી એમને ઉપદેશવડે જૈનધર્મી બનાવ્યા હતા. એ મહાન રાજાના સમયમાં જૈનોની વસ્તી ઓછામાં ઓછી ૪૦ કરોડની અંકાતી હતી. પોતે પણ બારવ્રતધારી ચુસ્ત જૈન, ત્રણેકાલ જીનપૂજન કરી સ્વજનોની જેમ સાધર્મિઓનું બંધુ વાત્સલ્ય પણું કરતા હતા.

એમના સમયમાં શ્રી મહાવીર સ્વામીથી ચાલ્યા આવતા નિર્ગ્રંથ ગચ્છનું નામ કૌટિકગચ્છ પડયું. આર્યસુહસ્તિ સ્વામી પોતાની પાટે સુસ્થિત અને સુપ્રતિબદ્ધને સ્થાપીને દેવલક્ષ્મી ભોગવવા ગયા. તે પછી આ સૂરિવરોએ ક્રોડવાર સૂરિમંત્રનો જાપ કરવાથી ' કૌટિક ' એવું તેમના ગચ્છનું નામ જગતમાં પ્રસિદ્ધ થયું.

આવા મહાન સર્વોત્તમ ત્રણ ખંડના અધિપતિનું અખંડ રાજ્ય ઘણાં વર્ષ પર્યંત પૃથ્વી ઉપર હોવા છતાં જૈનેતર

ઇતિહાસમાં એમનું નામોનિશાન પણ નથી; એ અજાયબ જેવું છે. મૌર્યવંશનો મુગટમણિ તો મહાન્ સંપ્રતિ જ! મહાન્ અશોક પછી આ મહારાજ તખ્ત ઉપર આવેલા છતાં જૈન સિવાયના અન્ય કોઇ લેખક કે વિદ્વાનોએ એમની હયાતી વર્ણવી નથી. મહાન્ સિકંદર, મહાન્ ચંદ્રગુપ્ત, અને મહાન અશોક માટે ઇતિહાસકારોએ પાનાનાં પાનાં ઉથલાવ્યાં છે. પણ આ મહારાજ માટે ઇતિહાસકારોને લખવાનો અવકાશ નહી મલ્યો હોય કારણ કે તે જૈન હતો.

મહારાજા સંપ્રતિ તે જમાનાનો પ્રચંડ યોદ્ધો–મહારથી હતો. બલ્કે ત્યારપછીથી તે આજપર્યંત એના જેટલી પૃથ્વી કોઇ રાજાએ ભોગવી નથી એ નિસંદેહ છે.


જગતના ઇતિહાસોમાં ઇતિહાસકારો ભલે એનું નામ-નિશાન ન લખે પણ એથી એમનું અસ્તિત્વ કાંઈ નષ્ટ થતું નથી. શ્રી નેમિનાથના સમયમાં થયેલા કૃષ્ણ, બળભદ્ર અરે તેમનીય પહેલાં લાખો વર્ષો ઉપર થયેલા રામ લક્ષ્મણ ઇતિ-હાસના પાના ઉપર જીવતા જાગતા છે ત્યારે તેમનાથી પણ વધારે સમૃદ્ધ છતાં તેમની પછી થયેલા બારમા બ્રહ્મદત્ત ચક્ર-વર્ત્તી જેમણે છ ખંડ પૃથ્વી દબાવી સમસ્ત ભરતક્ષેત્રમાં પોતાની અખંડ આજ્ઞા પ્રવર્ત્તાવી હતી છતાં જૈન સિવાયના અન્ય ઇતિહાસોમાં એમનું નામનિશાન પણ નથી.

અસ્તુ! ઇતિહાસકારો કાંઇ સર્વજ્ઞતો નથી જ; તેમની અલ્પ મતિમાં જેટલું ભાસ્યું એટલું એમણે લખેલું છે એમ

ઉપર સમજાય કે, નહીંતર તો મોદૃષ્ણને આજે લગભગ ૮૬૦૦૦ વર્ષો વહી ગયાં હતાં. એ દેવાલિ ભોગને અને એમનાથી સમર્થ બહુનાધિપ પ્રકાશન જેમને ૫૦૦૦૦ વર્ષ પણ પ્રાપ્ત નહી થયાં હોય એનું નામ પણ અન્ય ઇતિહાસમાં ન જડે એ પ્રાચીન અવતાર જેનું જ કહેવાય.

મૌર્યવંશની છેલ્લી અખંડ જ્યોતિ એ મહાન સંપ્રતિ હતા. તેમની પાછી મૌર્યવંશની પડતી થઈ. એ વંશના છેલ્લા બૃહદ્રથ રાજા પાસેથી એમના સેનાપતિ પુષ્પમિત્રે એની નબળાઈનો લાભ લઈને રાજ્ય પડાવી લીધું ઈ. સ. પૂર્વે ૧૮૫માં એ મગધના તખ્ત ઉપર આવ્યો.


મહાન્ સંપ્રતિ પછીના રાજાઓ એમના જેટલી સત્તા ભોગવી શકયા નથી. તે પછી ઘણા રાજાઓ તરત જ સ્વતંત્ર થયા અને એ લોકોમાં જૈનધર્મની ભાવના પણ ક્રમે કરીને નષ્ટ થતી ગઈ. શાસનદેવતા જાગ્રત થાવ? અને ફરીને પૃથ્વી ઉપર સંપ્રતિનો સમય પ્રાપ્ત થતાં દુનિયા જૈનમય બની અહિંસાની ઉપાસક થાવ? લોકોમાં જૈનધર્મની ભાવના જાગ્રત થાવ?



દીલ્હીના સુલ્તાનને, કાશીના રાજાને અને ઉજ્જયિનીના રાજાને, તેમજ કંદહાર દેશના રાજાને છુટે હાથે દુષ્કાળમાં કરેલી અનાજની મદદ વિગેરે સંપૂર્ણ હકિકતો નવલકથાની શૈલીથી રસમય ભાષામાં આલેખવામાં આવશે. આવી સુંદર નવલકથા પહેલી તકે વાંચવાને તમે જલદી ગ્રાહક થાઓ!

૩ ત્રીજા પુસ્તકનો નિર્ણય હવે થશે.

જૈન સસ્તી વાંચનમાળા.
રાધનપુરી બજાર—ભાવનગર.



વગર વિલંબે મંગાવી લેજો—

કારણકે આ પુસ્તકની ઘણા ભાઇઓની માગણી છે. વળી કિંમત તદન ઓછી રાખવામાં આવી છે કારણકે ગામડાઓમાં અને દરેક સ્થળે તેની પુરી જરૂર છે સારા કાગળ શુદ્ધ છપાઇ અને પાકું બાઇંડીંગ છતાં તેના ઉપયોગની ખાતર કિંમત જુજ રાખી છે. શ્રી મહાવીરસ્વામીનો સુંદર ફોટો પણ સાથે છે.

૧. વિધિયુકત પંચપ્રતિક્રમણ પૃષ્ટ લગભગ ૨૫૦ અને અક્ષર મોટા જે વાંચવાથીજ પ્રતિક્રમણ થઇ શકે. પાક્ષિક, ચૌમાસીક અને સંવત્સરી પ્રતિક્રમણ પણ વિધી સાથે છે. કિં. ૧–૪–૦

૨ વિધિયુકત દેવસીરાઇ પ્રતિક્રમણ પૃષ્ટ લગભગ ૧૨૫ અક્ષર મોટા વાંચવાથીજ સવાર સાંજનું પ્રતિક્રમણ થઇ શકે છે કિ. રૂ. ૦–૧૦–૦

લખોઃ—

જૈન સસ્તી વાંચનમાળા.
રાધનપુરી બજાર—ભાવનગર.

જૈન સસ્તી વાંચનમાળાના ગ્રાહક થઈ ઈતીહાસીક ઉત્તમ પુસ્તકોનો લાભ લેવા વિલંબ ના કરતા કારણ કે.—

જૈન સસ્તી વાંચનમાળાનું નામ—દરેક જૈન બંધુઓના જાણુમાં છે કે અમોએ સં. ૧૯૭૯-૮૦-૮૧ ત્રણ વર્ષના પુસ્તકો વાર્ષીક રૂા. ૨) માં પાંચશો પાનાના હીસાબે ગ્રાહકોને આપ્યાં છે. ગ્રાહકોનો વધતો જતો સંતોષ અને ઉતરોતર પ્રગટ થતાં ઈતિહાસીક ઉત્તમ પુસ્તકો દરેકને પસંદ પડયાં છે જે ધાર્મીક, નતિક જ્ઞાન આપનારાં અને જીવનને આદર્શ કરનારાં છે.

પૂર્વે થયેલ મહા પુરૂષોનાં ચરીત્રો વાંચી જીવનને ઉચ્ચ બનાવવા વારસીક રૂા. ૩) ના લવાજમમાં આ લાભ જરૂર લેશો. અને ચાલુ ગ્રાહક થશો.

ચાલુ વર્ષથી (સં. ૧૯૮૨) થી અમોએ રૂા. ૩) માં ૮૫૦ પાનાનાં પુસ્તકો આપ્યાં છે. અને આવતી સાલથી તેજ લવાજમમાં ૯૦૦ પાનાનાં પુસ્તકો મળશે. સં. ૧૯૭૯-૮૦. નાં પુસ્તકો શીલીકમાં ત્રુટક હોવાથી નામો આપ્યાં નથી.

સં. ૧૯૮૧-૮૨ બે વર્ષના લવાજમ રૂ. ૫) પોસ્ટ ખર્ચ જુદો—

	પૃષ્ટ	કિંમત
સં. ૧૯૮૧ નાં પુસ્તકો—		
૧ સિદ્ધસેન દિવાકર અને વિક્રમના સમયનુ હિંદ	૩૦૪	૧-૮-૦
૨ શ્રી સમેશ્વરા પાર્શ્વનાથ ચરિત્ર	૨૫૬	૧-૮-૦
૩ શ્રી કેશી મુનિ અને પ્રદેશી રાજા	૧૦૦	૦-૬-૦
	૬૬૦	૩-૬-૦
પૃષ્ટ ૫૧૦ સં. ૧૯૮૧ નાં સમજવા —		
સં. ૧૯૮૨ નાં પુસ્તકો		
ગઈ સાલમાં વધુ અપાયેલાં ઉપર જણાવેલાં પૃષ્ટ—	૧૫૦	૦-૮-૦
૧ જૈનોના મહાન રત્નો	૧૬૦	૧-૦-૦
૨ શ્રી બપ્પભટ્ટસૂરિ અને આમરાજા ભા. ૧ લો	૨૬૦	૧-૮-૦
૩ મહાન સંપ્રતિ અને જૈનધર્મનો દિગવિજય.	૩૦૦	૧-૮-૦
	૮૭૦	૪-૮-૦

આવતા વર્ષની સં. ૧૯૮૩ નાં પુસ્તકોની યોજના.

૧ શ્રી બપ્પભટ્ટસૂરિ અને આમરાજા ભા. ૨
૨ જગડુશા કે જગતનો પોષણહાર
૩ ત્રીજા પુસ્તકનો નિર્ણય હવે થશે.

(આ ત્રણ પુસ્તકો લગભગ ૯૦૦ પૃષ્ઠમાં મળશે.)

અમારાં બીજાં નિત્યનાં ઉપયોગી પુસ્તકો—
તેમજ પ્રભાવના કરવા લાયક સસ્તાં પુસ્તકો—

	કિંમત	સોના કસના
૧ પર્વતિથિ વિગેરેના ચૈત્યવંદનાદિનો સંગ્રહ.(સાધ્વીજી લાભશ્રીજીવાળું.)	૧-૪-૦	
૨ શ્રી આદિનાથ ચરિત્ર ભાષાંતર પાકું રેશમી પુંઠું. (વાંચન માળાના ગ્રાહકોને અપાયેલું.)	૧-૮-૦	
૩ આત્મવીરની કથાઓ	૦-૫-૦	૨૦-૦-૦
૪ જૈન નિત્ય પાઠ સંગ્રહ (નવસ્મરણ ઉપરાંત બીજા સ્તોત્રો છંદો સાથે)	૦-૨-૦	૧૦-૦-૦
૫ વિજય શેઠ અને વિજયા શેઠાણી.	૦-૪-૦	૧૨-૮-૦
૬ ઇલાયચી કુમાર	૦-૩-૦	૧૦-૦-૦
૭ અરણિક મુનિ	૦-૩-૦	૧૦-૦-૦
૮ જૈન નિત્ય પ્રાતઃસ્મરમાળા	૦-૨-૦	૮-૦-૦
૯ સનાત્ર પૂજા શ્રી દેવચંદ્રજી કૃત. તથા અષ્ટપ્રકારી પુજાના દોહા પં. શ્રી વી. રંગવિજયજી કૃત	૦-૨-૦	૮-૦-૦
૧૦ પાંચ પર્વની અનુપૂર્વી	૦-૧-૬	૬-૦-૦
૧૧ પુણ્ય પ્રકાશનું સ્તવન	૦-૧-૦	૫-૦-૦
૧૨ રત્નાકર પચ્ચીશી.	૦-૦-૬	૨-૮-૦

લખો:—જૈન સસ્તી વાંચનમાળા.
રાધનપુરી બજાર—ભાવનગર.